ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો
લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ
સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૪-૩-૨૦૨૨ શુક્રવાર AHMEDABAD SINCE-1991

કરન્સી માર્કેટ	
US.ડોલર	૭૫.૮૭
પાઉન્ડ	૧૦૧.૪૯
યુરો	૮૪.૧૪
સઉદી રિયાલ	૨૦.૧૮
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૫૩,૨૫૦.૦૦
ચાંદી (૧ કિલો)	૬૭,૩૦૦

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૧ અંક-૨૧૪ ● ૩૦ રજબ હિજરી ૧૪૪૩ ● 4 MARCH- 2022 ● PAGES 12 ● ₹ ૬.૦૦

યુક્રેનમાં અમારી વિરૂદ્ધ લડનારા રાષ્ટ્રવાદીઓ સામે જંગ ચાલુ રહેશે

રશિયા યુક્રેનમાં પોતાના લક્ષ્યાંક પૂરા કરશે : પુતિન

રશિયાએ પશ્ચિમી દેશો પર પરમાણુ યુદ્ધની ઉશ્કેરણી કરવાનો આરોપ લગાવ્યો : રશિયાએ બોમ્બમારો કરતાં પ્રથમ મોટું શહેર ખેરસોન ગુમાવ્યું : યુક્રેનની કબૂલાત

(એજન્સી) મોસ્કો, તા.૩

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેનમાં પોતાના હુમલાના આઠમા દિવસ સુધી બોમ્બમારો અને મિસાઈલ મારામાં વધારો કર્યા બાદ ગુરૂવારે જણાવ્યું હતું કે, તે યુક્રેનમાં પોતાના લક્ષ્યાંક પૂરા કરશે. ઉલ્લેખનીય છે કે, રશિયાએ હવે યુક્રેનના મુખ્ય શહેરો કીવ અને ખારકીવની ચારે તરફથી ઘેરાબંધી કરી છે. પુતિને જણાવ્યું હતું કે, તેઓ યુક્રેનમાં રહેતા રાષ્ટ્રવાદીઓ વિરૂદ્ધ પોતાનો ઉદ્ધાન ચાલુ રાખશે. આ દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું છે કે, બંને દેશો વચ્ચે મંત્રણાનું મુખ્યબિંદુ તીવ્ર રહેશે. યુક્રેને આખરે પોતાનું મોટું શહેર ખેરસોન રશિયા પાસે ગુમાવ્યું

છે. આ બાજુ રશિયાના સૈન્ય અભિયાનથી પ્રભાવિત યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત કાઢવા માટે અભિયાન ચાલુ છે.

૫. યુક્રેનના રાષ્ટ્રપતિએ આ દરમિયાન કહ્યું છે કે, રશિયા યુક્રેનના લોકો, દેશ અને ઈતિહાસને મિટાવવા માગે છે. તેણે યુક્રેનના બીજા મોટા શહેર ખારકીવમાં રશિયાએ ભારે બોમ્બમારો ચાલુ રાખ્યો છે જેમાં પોલીસ અને યુનિવર્સિટી ઈમારતોને પણ તબાહ કરી નાખી છે.

૬. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે પશ્ચિમી દેશો પર પરમાણુ યુદ્ધની ઉશ્કેરણી કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, હું એ દર્શવવા માગું છું કે, એ પશ્ચિમી રાજકીય માથા છે જેઓ પરમાણુ યુદ્ધની ઉશ્કેરણી કરી રહ્યા છે અને આ કામ રશિયાના લોકોનું નથી.

૭. યુરોપિયન યુનિયન યુક્રેન છોડીને આવેલા લોકોને અપનાવવા માટે ઝડપથી સુરક્ષા અંગે વિચારણા કરી રહ્યું છે. અત્યારસુધી યુક્રેનમાંથી ૧૦ લાખ લોકો ભાગી ગયા છે. આ લોકોને રોમાનિયામાં માનવીય શરણ આપવાની વિચારણા છે.

૮. યુરોપિયન યુનિયને રશિયા પર શક્તિશાળી પ્રતિબંધો લગાવ્યા છે પરંતુ યુદ્ધના આઠમા દિવસે પણ રશિયા આક્રમણમાં આગળ વધી રહ્યું છે.

૯. આંતરરાષ્ટ્રીય ક્રિમીનલ કોર્ટના મુખ્ય પ્રોસેક્યુટરે કહ્યું કે, તેમની કચેરીને ૩૯ દેશો તરફથી સમર્થન મળ્યા બાદ યુક્રેનમાં સંભવિત યુદ્ધ અપરાધની પ્રક્રીયા ઝડપી બનાવાશે.

૧૦. રશિયા તરફથી કરાયેલા દાવા પર હવે ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું કે યુક્રેની ઓથોરિટીની મદદથી ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી ભારતના કોઈ વિદ્યાર્થીને બંધક બનાવ્યાની જાણકારી મળી નથી.

મંત્રણા માટે તૈયારી બતાવતા રશિયાનો હુમલા રોકવાનો ઈન્કાર, યુક્રેની રાષ્ટ્રપતિ ઝેલેંસ્કી પણ કીવ નહીં છોડવા મક્કમ, ખારકીવ પર રશિયાનો ભારે બોમ્બમારો, યુક્રેનમાંથી લાખો લોકોનું સ્થળાંતર

હોવાનું સ્વીકાર્યું છે જ્યારે રશિયાએ તેના મોટા શહેરો પર ભારે બોમ્બમારો કર્યો છે. બીજી તરફ ભારતે પોતાની એરફોર્સને ઉતારીને યુદ્ધગ્રસ્ત દેશમાંથી પોતાના નાગરિકોને બચાવવાનું કામ ઝડપી બનાવ્યું છે.

આ અંગે ૧૦ મહત્વના મુદ્દા

૧. રશિયા અને યુક્રેન વચ્ચે થઈ રહેલા ભયંકર યુદ્ધનો આજે આઠમો દિવસ છે. રશિયાની સેનાએ યુક્રેનના દક્ષિણી શહેર ખેરસોન ઉપર પણ કબજો જમાવી લીધો છે. એક અઠવાડિયા પહેલાં રશિયા દ્વારા આક્રમણ શરૂ કરાયા બાદ આ સૌથી મોટી સફળતા મનાય છે.

૨. મારિયોપોલ સિટી કાઉન્સિલે આરોપ લગાવ્યો છે કે, રશિયા સતત બોમ્બમારો કરી રહ્યું છે અને નાગરિકોના મોત થઈ રહ્યા છે જેઓ ભોજન અને પાણી વિના રહે છે.

૩. કીવના મેયર વિટાલી ક્લિસ્ટકોએ કહ્યું કે, કીવની સ્થિતિ મુશ્કેલ છે પરંત અંકુશમાં છે. તેમણે કહ્યું કે, રશિયાન મિસાઈલો આખી રાત શહેરમાં ત્રાટકી પણ કોઈ જાનહાનિ નથી થઈ.

૪. યુદ્ધ વચ્ચે રશિયા અને યુક્રેન આજે વાતચીત કરી શકે છે. આ માટે રશિયાનું પ્રતિનિધિમંડળ બેલારૂસ-પોલેન્ડ પહોંચ્યુ

યુક્રેનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓ અંગેની અરજી પર સુનાવણી કરતાં CJI રમન્નાએ પૂછયું : "શું અમે પુતિનને યુદ્ધ રોકવાનું કહી શકીએ ?"

(એજન્સી) તા.૩

ગુરૂવારે યુક્રેનમાં ફસાયેલી એક ભારતીય વિદ્યાર્થિનીની મદદ માટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપવા અંગેની અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે અરજદાર વિદ્યાર્થિનીના વકીલને કહ્યું હતું કે, યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ત્યાં ફસાઈ ગયેલા ભારતીય નાગરિકો અને વિદ્યાર્થીઓ મુદ્દે અમે દુઃખ અનુભવીએ છીએ. પરંતુ અમે રશિયાના રાષ્ટ્રપતિને યુદ્ધ બંધ કરવાનો નિર્દેશ ન આપી શકીએ. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એન.વી. રમન્ના, જસ્ટિસ એ.એસ. બોપન્ના અને જસ્ટિસ હીમા કોહલીની બેંચે કહ્યું હતું કે, "આ મુદ્દે કોર્ટ શું કરી શકે છે ? શું અમે યુદ્ધ બંધ કરવા માટે રશિયાના રાષ્ટ્રપતિને નિર્દેશ આપી શકીએ ?" આ અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ભારત સરકાર યુક્રેનના કેટલાક ચોક્કસ વિસ્તારમાંથી જ નાગરિકોને બહાર કાઢવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું હતું કે, યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓ પ્રત્યે અમે સહાનુભૂતિ ધરાવીએ છીએ. બેંચે આ પણ કહ્યું હતું કે, તે આ મુદ્દે એટર્ની જનરલનો અભિપ્રાય માંગશે.

સુપ્રીમ કોર્ટે એટર્ની જનરલને યુક્રેનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવા મુદ્દે કેન્દ્ર સરકાર સાથે ચર્ચા કરવા કહ્યું

(એજન્સી) તા.૩

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે એટર્ની જનરલ કે.કે. વેણુગોપાલને કહ્યું હતું કે, તે તેમના પદનો ઉપયોગ કરી કેન્દ્ર સરકારને યુક્રેનની સરહદે ખોરાક, પાણી અને પૈસા વગર ફસાઈ ગયેલા ભારતીય વિદ્યાર્થીઓની મદદ કરવા અપીલ કરે. સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણીના જવાબમાં વેણુગોપાલે કહ્યું હતું કે, વડાપ્રધાન મોદી આ મુદ્દે રશિયા અને યુક્રેનના રાષ્ટ્રપતિઓ સાથે વાતચીત કરી ચૂકયા છે. ભારત સરકારના એક મંત્રી રોમાનિયામાં છે અને તે ત્યાં ભારતીયોને સ્વદેશ પરત મોકલવાની કામગીરીમાં મદદ કરી રહ્યા છે, જે ભારતીયો યુક્રેનની સરહદ પાર કરી તેના પાડોશી દેશોમાં પહોંચી ચૂકયા છે. તેમને સહાય આપવામાં આવી રહી છે, તેમજ વિમાન મારફતે સ્વદેશ મોકલવામાં આવી રહ્યા છે.

યુક્રેન-રશિયા વચ્ચે 'માનવીય કોરિડોર' માટે સહમતી

યુક્રેનની સતત યુદ્ધવિરામની માગણી વચ્ચે રશિયાએ લશ્કરી માળખા નષ્ટ કરવા સૈન્ય કાર્યવાહી ચાલુ રાખવાનો નિર્ધાર વ્યક્ત કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા. ૩

યુક્રેન અને રશિયા વચ્ચે બેલારૂસમાં બીજા તબક્કાની વાતચીત શરૂ થઈ હતી અને બંને દેશો નાગરિકોને બહાર કાઢવા માટે કોરિડોર અંગે સહમત થયા છે જ્યારે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને કહ્યું કે, સૈન્યએ સફળતા મેળવી છે જે યુદ્ધ બીજા અઠવાડિયામાં પ્રવેશી ગયું છે અને બધું યોજના મુજબ થઈ રહ્યું છે. નાગરિકોને બરબાદ થયેલા અથવા બોમ્બમારાથી છિન્ન ભિન્ન થયેલા ગામો અને શહેરોમાંથી નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે માનવીય કોરિડોર બનાવવા રશિયા અને યુક્રેન મંત્રણા દરમિયાન સહમત થયા હતા. બીજી તરફ યુક્રેન સતત તાત્કાલિક યુદ્ધવિરામની માગ કરતું રહ્યું હતું તેમ રાષ્ટ્રપતિના સલાહકાર મિખાઈલો પોડોલ્યાકે કહ્યું હતું. આ પહેલાં રશિયાના વિદેશ પ્રધાન સર્ગેઈ લાવરોવે કહ્યું હતું કે, મોસ્કો યુક્રેનમાં લડાઈને સમાપ્ત કરવા વાટાઘાટો માટે તૈયાર છે પરંતુ યુક્રેનના લશ્કરી માળખાઓને નષ્ટ કરવા માટે લશ્કરી કાર્યવાહી ચાલુ રાખશે. યુક્રેને જણાવ્યું હતું કે, રશિયાના યુક્રેન પર આક્રમણ દરમિયાન તેના શહેર ચેર્નીહીવમાં એક રહેણાંક વિસ્તારમાં ૨૨ નાગરિકોની લાશો મળી છે. બચાવ દળો કામ કરી રહ્યા છે ત્યારે હજુ પણ વધુ નાગરિકોની લાશો મળવાની પૂરી સંભાવના છે.

રશિયા કિંમત ચૂકવશે, અમે બધું પુનઃસ્થાપિત કરીશું : યુક્રેનના રાષ્ટ્રપતિ

(એજન્સી) કીવ, તા. ૩

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેંસ્કીએ ગુરૂવારે જણાવ્યું હતું કે, તેમના દેશ પર આક્રમણ બદલ રશિયા કિંમત ચૂકવશે જ્યારે રશિયન સેનાએ ભયાનક મિસાઈલ અને રોકેટ હુમલા દ્વારા યુક્રેનના મહત્વના શહેરોને ચારે તરફથી ઘેરવાનું ચાલુ રાખ્યું છે.

આ અંગે ૧૦ મહત્વના મુદ્દા

૧. ઝેલેંસ્કીએ કહ્યું કે, યુદ્ધ પછી અમે બધું જ પુનઃસ્થાપિત કરીશું જ્યારે તેમણે એવું પણ કહ્યું કે, જ્યારે રશિયા સમગ્ર યુક્રેન પર કબજો જમાવવાનો પ્રયાસ કરશે ત્યારે અમે તેનો જોરદાર સામનો કરીશું. અમારી પાસે અમારી આઝાદી સિવાય હારવા માટે કશું જ નથી. તેમણે એવું પણ કહ્યું કે, યુક્રેનને દરરોજ આંતરરાષ્ટ્રીય સાથીઓ પાસેથી હથિયારોનો પુરવઠો મળે છે.

૨. એક વીડિયો નિવેદનમાં તેમણે કહ્યું કે, અમે દરેક ઘર, દરેક શેરી, દરેક શહેર ફરીથી વસાવીશું અને રશિયાને કહેવા માગીએ છીએ કે, વળતર અને યોગદાનનો શબ્દ શીખો. તમે અમારા રાજ્ય વિરૂદ્ધ, સમગ્ર યુક્રેન વિરૂદ્ધ જે કાંઈ કર્યું છે તેના માટે વળતર આપવું પડશે.

૩. આ દરમિયાન રશિયાના વિદેશ પ્રધાન સર્ગેઈ લાવરોવે પશ્ચિમી દેશો પર પરમાણુ યુદ્ધના ઉન્માદનો આરોપ લગાવ્યો છે અને કહ્યું છે કે, આ માટે રશિયા નહીં પરંતુ પશ્ચિમી દેશો જવાબદાર છે. પરમાણુ હથિયારોનો પશ્ચિમી રાજકારણનો વિચાર છે.

૪. રશિયાના દળોએ બ્લેક સી પર પોર્ટ ધરાવતા ખેરસોન શહેર પર કબજો કર્યો છે જે યુક્રેનનું પ્રથમ મોટું શહેર છે. આ ઉપરાંત મારિયોપોલ શહેરમાં પણ રશિયન સેના ઘૂસી ગઈ છે જ્યાં લોકો લાઈટ અને પાણી વિના રહે છે.

૫. યુક્રેનમાંથી અત્યારસુધી ૧૦ લાખથી વધુ લોકો પલાયન કરી ચૂક્યા છે. રશિયાએ કીવ, ખારકીવ અને મારિયોપોલ જેવા યુક્રેની શહેરોમાંથી નાગરિકોને માનવીય ધોરણે માર્ગ આપવાની જાહેરાત કરી છે.

૬. રશિયા દ્વારા યુક્રેનના શહેરો પર બોમ્બ અને મિસાઈલમારો કરતાં લોકોએ બંકરોમાં છૂપાવવું પડ્યું છે જે અંગે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કથિત યુદ્ધ અપરાધની તપાસ શરૂ કરાઈ છે.

૭. યુરોપિયન યુનિયન યુક્રેન છોડીને આવેલા લોકોને અપનાવવા માટે ઝડપથી સુરક્ષા અંગે વિચારણા કરી રહ્યું છે. અત્યારસુધી યુક્રેનમાંથી ૧૦ લાખ લોકો ભાગી ગયા છે. આ લોકોને રોમાનિયામાં માનવીય શરણ આપવાની વિચારણા છે.

૮. યુદ્ધના આઠમા દિવસે રશિયા દ્વારા યુક્રેનના શહેરો પર આક્રમણ ચાલુ રાખતાં આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો ઉપરાંત યુરોપિયન યુનિયન દ્વારા પણ બીજા પ્રતિબંધો લદાયા છે.

૯. ભારત સરકારે કહ્યું છે કે, યુક્રેનમાં હજુ પણ ૮,૦૦૦ જેટલા ભારતીય વિદ્યાર્થીઓ ફસાયેલા છે. તે પોતાના નાગરિકોને પાડોશી દેશોની સરહદેથી બચાવવામાં લાગેલી છે.

૧૦. ભારત સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં રશિયા વિરૂદ્ધ મતદાનની પ્રક્રિયામાંથી અલગ રહ્યું હતું જ્યાં રશિયાને સૈન્ય અભિયાન સમાપ્ત કરવાની માગણીના ઠરાવ પર ૧૪૧ મતોનું સમર્થન મળ્યું હતું.

રશિયાએ યુક્રેનનાં કીવનું સેન્ટ્રલ રેલવે સ્ટેશન ઉડાવી દીધું

હુમલો ત્યારે કરવામાં આવ્યો છે જ્યારે લોકોને સ્ટેશનેથી બચાવવામાં આવી રહ્યા હતા

(એજન્સી) મોસ્કો, તા.૩

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ હવે ખતરનાક તબક્કે પહોંચી ગયું છે. રશિયન સેનાએ યુક્રેનની રાજધાની કીવને ચારે બાજુથી ઘેરી લીધું છે. રશિયાની સેના પણ યુરોપના સૌથી મોટા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ તરફ આગળ વધી રહી છે. રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો આજે આઠમો દિવસ છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ પણ યુક્રેનમાંથી રશિયન સૈનિકોને હટાવવાનો ઠરાવ પસાર કર્યો છે. દરમિયાન આજે બંને દેશો વચ્ચે બીજા રાઉન્ડની વાતચીત પણ યોજાવાની છે. વ્લાદિમીર પુતિનની સેનાએ રાજધાની કિવને ઘેરી લીધું છે. સતત બોમ્બ ધડાકા થઈ રહ્યા છે. રશિયન સેનાએ કિવના સેન્ટ્રલ રેલ્વે સ્ટેશનને ઉડાવી દીધું. આ હુમલો ત્યારે કરવામાં આવ્યો છે જ્યારે લોકોને સ્ટેશનથી બચાવવામાં આવી રહ્યા હતા. તે જ સમયે, રશિયન સેનાએ ખેરસનને પણ કબજે કરી લીધો છે. હુમલાની સાથે સાથે શાંતિના પ્રયાસો પણ ચાલી રહ્યા છે. બંને દેશોના ટોચના અધિકારીઓ બેલારૂસ-પોલેન્ડ સરહદ પર બેઠક કરી રહ્યા છે. આ પહેલા યુક્રેને માંગ કરી છે કે વૈશ્વિક ઈન્ટરનેટ પર રશિયા પર પણ પ્રતિબંધ લગાવવો જોઈએ, જેથી તેના જુઠ્ઠાણાનો પ્રચાર બંધ થાય. યુદ્ધના કારણે યુક્રેન છોડીને જતા નાગરિકોની સંખ્યા ૧૦ લાખને વટાવી ગઈ છે. આ માત્ર સાત દિવસમાં થયું. યુએનએચસીઆરનું કહેવું છે કે યુક્રેનની ૨ ટકા વસ્તી એક સપ્તાહમાં જતી રહી છે. યુક્રેનિયન પોર્ટ પર હાજર બાંગ્લાદેશી જહાજ પણ રશિયન મિસાઈલ હુમલાની ઝપેટમાં આવી ગયું છે. યુક્રેનિયન મીડિયા અનુસાર, આમાં બાંગ્લાદેશી ક્રૂ મેમ્બરનું પણ મોત થયું છે. આ જહાજનું નામ બંગલાર સમરિદ્ધ છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ કહ્યું છે કે રશિયા પાસે માત્ર ચાર મિત્રો છે. આમાં ઉત્તર કોરિયા, ઈરીટ્રિયા, સીરિયા અને બેલારૂસનું નામ આવ્યું છે. ચારેય લોકોએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં રશિયા વિરૂદ્ધ પ્રસ્તાવના વિરોધમાં મતદાન કર્યું હતું. આ પ્રસ્તાવમાં યુક્રેનમાંથી રશિયન સેના હટાવવાની વાત કહેવામાં આવી હતી.

મદીના મુનવ્વરા સાઉદી ખજૂર
હોલસેલાના ભાવે, ડોર ટુ ડોર ડિલીવરી કુરિયર મારફતે
દરેક ભાવ Per kg કુરિયર ચાર્જ અલગથી

અજવા જમ્બો	1050	સુગઈ રેગ્યુલર	350
અજવા (એ) રેગ્યુલર	780	ખુદરી જમ્બો	455
અજવા સ્મોલ	585	ખુદરી રેગ્યુલર	325
અમ્બર જમ્બો	1040	કલ્મી જમ્બો	610
અમ્બર રેગ્યુલર	780	કલ્મી રેગ્યુલર	495
મજદુલ મદિના	845	કલ્મી સ્મોલ	365
મબરૂમ જમ્બો	945	કલ્મી એકસ્ટ્રા સ્મોલ	260
મબરૂમ રેગ્યુલર	780	કલ્મી રેડ	235
મબરૂમ (બી)	585	મશરૂક	350
સુગઈ જમ્બો	520	રાબીયા	235

zam zam water 5 Ltr. is available
મીનીમમ ઓર્ડર 1kg 5kg પર 1kg ફ્રી
DELUXE
MEDICAL & GENERAL STORE
Kaku kunj Co-Op.H.S.Ltd., Nesbit Road, Mazgaon, Mumbai-400 010.
Mo : 8879639749 7738102974

યુક્રેનથી પલાયન કરવામાં વિદ્યાર્થીઓની મદદ કરવામાં નિષ્ફળ રહેલી ભારત સરકારની વાલીઓએ આકરી ઝાટકણી કાઢી, તેની વિરૂદ્ધ ઝુંબેશ શરૂ કરી

એક જાણીતા મીડિયા સાથેની વાતચીતમાં સંજય સહેગલે કહ્યું કે, હું દિલ્હીમાં દ્વારકા ખાતે રહું છું, મારી દીકરી સિમરન ૪૦ વિદ્યાર્થીઓ સાથે પોલ્તાવામાં અભ્યાસ કરતી હતી, તેમને હંગેરીની સરહદે પહોંચવા માટે જાતે જ બસની વ્યવસ્થા કરવાનું કહી દેવાયું, તેઓ આખી રાત ઝીરો ટેમ્પરેચરમાં રસ્તાઓ પર કાપવા મજબૂર થયા, ભારતીય સ્ટાફના સભ્યોએ પણ ત્યાં કોઈ મદદ પહોંચાડી નથી

(એજન્સી) તા.૩

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ છે ત્યારે ત્યાંથી ભારતીય નાગરિકો અને ભારતીય વિદ્યાર્થીઓને પાછા લાવવા માટે સરકાર પ્રયાસો કરવાના મોટા દાવા કરી રહી છે પરંતુ ત્યાંથી પાછા ફરનારા વિદ્યાર્થીઓએ સરકારના દાવાઓની પોલ ખોલી નાખી છે.

ત્યાંથી પાછા આવનારા અનેક વિદ્યાર્થીઓએ સરકાર દ્વારા કોઈ પ્રયાસ નહીં કરવામાં આવી રહ્યા હોવાનો દાવો કર્યો છે. આ વિદ્યાર્થીઓના માતા-પિતાએ પણ મોદી સરકારની આકરી ઝાટકણી કાઢી છે. તેઓનું કહેવું છે કે, યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં સરકાર તરફથી કોઈ મદદ કરાઈ રહી જ નથી.

ત્યાંના ભારતીય દૂતાવાસના અધિકારીઓ પણ ટેલિફોનિક વાતચીતમાં કોઈ માહિતી ન હોવાની જ વાતો કહે છે અને વિદ્યાર્થીઓને બોર્ડર એરિયા સુધી જેમ તેમ કરીને પહોંચવા કહી દે છે. તેમના માટે કોઈ વ્યવસ્થા કરી રહ્યા નથી. જ્યારે ભારતીય મીડિયા દ્વારા સરકાર એવા દાવાઓ કરી રહી છે કે, ઓપરેશન ગંગા

મારફતે તમામ વિદ્યાર્થીઓને બચાવી લાવવા મરણિયા પ્રયાસો કરી રહી છે.

યુક્રેનમાં મેડિકલનો અભ્યાસ કરવા ગયેલા વિદ્યાર્થીઓના માતાએ સરકારના સમર્થનમાં કોઈ ટિપ્પણી કરી નથી. એક જાણીતા મીડિયા સાથેની વાતચીતમાં સંજય સહેગલે કહ્યું કે, હું દિલ્હીમાં દ્વારકા ખાતે રહું છું. મારી દીકરી સિમરન ૪૦ વિદ્યાર્થીઓ સાથે પોલ્તાવામાં અભ્યાસ કરતી હતી. તેમને હંગેરીની સરહદે પહોંચવા માટે જાતે જ બસની વ્યવસ્થા કરવાનું કહી દેવાયું. તેઓ આખી રાત ઝીરો ટેમ્પરેચરમાં રસ્તાઓ પર કાપવા મજબૂર થયા. ભારતીય સ્ટાફના સભ્યોએ પણ ત્યાં કોઈ મદદ પહોંચાડી નથી.

રશિયા-યુક્રેન યુદ્ધનો આઠમો દિવસ

રશિયન સેનાના મેજર જનરલ રેન્કના અધિકારીનું મોત થયું

બંને દેશો દ્વારા એક-બીજાની ખુવારીના દાવા, યુક્રેન વતી યુદ્ધમાં સેના જ નહીં ૨૦ હજારથી વધુ લોકો ભાગ લઈ રહ્યા છે

(એજન્સી) કીવ/મોસ્કો, તા.૩

રશિયન સેના યુક્રેનમાં ભીષણ યુદ્ધ લડી રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં રશિયન મિસાઈલોએ કીવ અને ખાર્કિવને નષ્ટ કરી નાખ્યું છે. યુક્રેનનું ખેરસન શહેર હવે રશિયાના કબજા હેઠળ છે. પરંતુ આ લડાઈમાં યુક્રેનની સાથે રશિયાને પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. સમાચાર આવી રહ્યા છે કે આ યુદ્ધમાં રશિયન મેજર જનરલ રેક્નના અધિકારી આંદ્રે સુખોવેત્સ્કીનું મોત થયું છે. યુક્રેન વતી આ યુદ્ધમાં માત્ર સેના જ નહીં પરંતુ ૨૦ હજારથી વધુ લોકો ભાગ લઈ રહ્યા છે, જેમને ઝેલેન્સકીએ હથિયાર આપ્યા છે. ઈસ્ટર્ન યુરોપ મીડિયા પ્લેટફોર્મ નેક્સ્ટાએ આ દાવો કર્યો છે કે મેજર જનરલ આન્દ્રે સુખોવેત્સ્કીનું મૃત્યુ થયું છે. તેઓ રશિયન રેક્નના પ્રથમ ઉચ્ચ અધિકારી છે અને પુતિનની સેના માટે મોટો ફટકો છે. ગયા ગુરૂવારે શરૂ થયેલા યુદ્ધને હવે આઠ દિવસ વીતી ગયા છે. દેખીતી રીતે આ લડાઈ પુતિને કલ્પના કરી હતી તે રીતે થઈ નથી. બંને સેના એકબીજાને ગંભીર ઈજા પહોંચાડવાનો દાવો કરી રહી છે. બુધવારે, રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૪૯૮ યુક્રેનિયન સૈનિકો માર્યા ગયા છે અને ૧૫૯૭ ઘાયલ થયા છે. મેજર જનરલ ઈગોર કોનાશેક્રોવે એવા અહેવાલોને ફગાવી દીધા હતા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે રશિયાને ભારે નુકસાન થયું છે. મેજર દ્વારા

શેર કરાયેલા આંકડા રશિયન સંરક્ષણ મંત્રાલયના આંકડા કરતા ઘણા વધારે હતા. કોનાશેક્રોવે જણાવ્યું હતું કે ૨,૮૭૦૨થી વધુ સૈનિકો માર્યા ગયા હતા અને લગભગ ૩,૭૦૦ ઘાયલ થયા હતા, જ્યારે ૫૭૨ અન્યને કેદ કરી લેવામાં આવ્યા હતા. અગાઉ, વિવિધ પશ્ચિમી દેશોની ગુપ્તચર એજન્સીઓ પાસેથી મળેલી માહિતીના આધારે, એક વરિષ્ઠ ગુપ્તચર અધિકારીએ દાવો કર્યો હતો કે આ યુદ્ધમાં અત્યાર સુધીમાં પાંચ હજારથી વધુ રશિયન સૈનિકોને બંધક બનાવવામાં આવ્યા છે અથવા માર્યા ગયા છે. અધિકારીએ જણાવ્યું કે યુક્રેનિયન દળોએ મોટી સંખ્યામાં રશિયન એરક્રાફ્ટ, ટેક્ર અને કેટલીક સંરક્ષણ પ્રણાલીઓને તોડી પાડી. સોમવારથી રશિયન સેનાએ ખારકીવ અને કીવ પર ભારે હથિયારોનો ઉપયોગ શરૂ કરી દીધો છે.

ભારતના ધ્વજને માથે રાખીને રેલવે સ્ટેશન તરફ દોડતા રહ્યા, પરંતુ તેનો કોઈ ફાયદો થયો નહીં

યુક્રેનમાં ભારતીયોને ટ્રેનો, બંકરોમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા : કર્ણાટકના વિદ્યાર્થીએ મદદ માટે અપીલ કરી

યુક્રેનના લોકો ભારતીય વિદ્યાર્થીઓને કહી રહ્યા છે કે, ભારત તેમને સમર્થન નથી આપી રહ્યું તો તેઓએ શા માટે તેમને મદદ કરવી જોઈએ ? અમે દૂતાવાસનો સંપર્ક કરી રહ્યા છીએ, પરંતુ કોઈ પ્રતિસાદ મળતો નથી : કર્ણાટકના વિદ્યાર્થી

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૩

યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી વધુ ચિંતાજનક સમાચાર આવી રહ્યા છે. ખાર્કિવ પ્રદેશમાં ફસાયેલા કર્ણાટકના વિદ્યાર્થીઓએ કહ્યું છે કે, સ્થાનિક યુક્રેનિયન સત્તાવાળાઓ અને સૈન્ય ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલો કરી રહ્યા છે અને તેમના પર બંદૂકો તાકી રહ્યા છે. કર્ણાટકના ચિક્કાબલ્લાપુર જિલ્લાની હર્ષિતા, જે યુક્રેનમાં અભ્યાસ કરી રહી છે, તે હજુ પણ ખાર્કિવમાં અટવાયેલા વિદ્યાર્થીઓમાંથી એક છે. તેણીએ મીડિયા સાથે વાત કરી કે તેઓ જે અગ્નિપરીક્ષાનો સામનો કરી રહ્યા છે. તેણીએ કહ્યું કે, પ્રદેશમાંથી લોકોને બહાર કાઢવા માટે ગોઠવવામાં આવેલી ટ્રેનોમાં ભારતીય વિદ્યાર્થીઓને ચઢવાની મંજૂરી આપવામાં આવી નથી. 'ભારતીય વિદ્યાર્થીઓને ટ્રેનમાંથી બહાર ધકેલી દેવામાં આવે છે, જો પૂછપરછ કરવામાં આવે તો તેમના પર હુમલો કરવામાં આવે છે અને તેમના પર બંદૂકો તાકી દેવામાં આવે છે,' તેણીએ જણાવ્યું હતું. જ્યારે ટ્રેનો પ્લેટફોર્મ પર આવે છે, ત્યારે દરવાજા બંધ હોય છે. તેઓ ફક્ત યુક્રેનિયનોને જ ટ્રેનમાં ચઢવા દે છે. તેણીએ કહ્યું કે, ભારતીય વિદ્યાર્થીઓ પાસેથી ટ્રેનમાં ચઢવા માથાદીઠ ૧૦૦થી ૨૦૦ ડોલર લેવામાં આવી રહ્યા હતા અને ચૂકવણી કર્યા પછી પણ ભારતીયોને મંજૂરી આપવામાં આવી ન હતી.

'અમે પાંચથી છ દિવસ બંકરમાં રહ્યા. જ્યારે અમને ખબર પડી કે ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે, અમે ૧૧ કિ.મી. સુધી ચાલ્યા. પરંતુ, ટ્રેન સ્ટેશન પર પહોંચ્યા પછી પણ ટ્રેનમાં બેસવા દીધા નહીં. તેણીએ કહ્યું કે, તેઓ દૂતાવાસનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ તેઓ મળી રહ્યા નથી. 'ટ્રેન સ્ટેશન પર અધિકારીઓ દ્વારા ભારતીયો પર અત્યાચાર ગુજારવામાં આવે છે, ટ્રેનમાં ભારતીય વિદ્યાર્થીઓને ધક્કો મારીને બહાર કાઢવામાં આવ્યા હતા. એવી ઘણી ઘટનાઓ છે જેમાં ભારતીયોને બંકરો છોડવા માટે કહેવામાં આવ્યું હતું. યુક્રેનના લોકો ભારતીય વિદ્યાર્થીઓને કહી રહ્યા છે કે, ભારત તેમને સમર્થન નથી આપી રહ્યું અને તેઓએ શા માટે તેમને મદદ કરવી જોઈએ ? હર્ષિતાએ કહ્યું. અમે ભારતના ધ્વજને માથે રાખીને રેલવે સ્ટેશન તરફ દોડતા રહ્યા, પરંતુ તેનો કોઈ ફાયદો થયો નહીં.

યુક્રેનના સૈનિકોએ અમારી સાથે ગેરવર્તણૂક કરી રાજસ્થાન પાછા ફરેલા વિદ્યાર્થીઓની આપવીતી

(એજન્સી) તા.૩

રશિયા અને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે કેન્દ્ર અને રાજ્ય સરકારો ભારતીય નાગરિકોની દેશમાં વાપસી માટે સતત પ્રયાસો કરી રહી છે. જ્યારે કેન્દ્ર સરકાર ઓપરેશન ગંગા દ્વારા યુક્રેનમાંથી નાગરિકોને બહાર કાઢી રહી છે, ત્યારે રાજસ્થાન સરકાર પણ તેના નાગરિકો માટે વિદેશ મંત્રાલય સાથે સંકલન સ્થાપિત કરી રહી છે, તે જ સમયે તંગ પરિસ્થિતિ (રશિયા-યુક્રેન કટોકટી) વચ્ચે ત્યાં ફસાયેલા રાજસ્થાની વિદ્યાર્થીઓ સરકારની મદદથી તેમના ઘરે પરત ફર્યા હતા. આ એપિસોડમાં રાજસ્થાનના વધુ ૮ વિદ્યાર્થીઓ ગુરૂવારે યુક્રેનથી ભારત પહોંચ્યા, જેમનું જયપુર એરપોર્ટ પર રાજસ્થાનના ઉદ્યોગ મંત્રી શકુંતલા રાવત અને સીકરના બીજેપી સાંસદ સ્વામી સુમેદાનંદે સ્વાગત કર્યું. તમામ વિદ્યાર્થીઓએ સલામત રીતે વતન પરત ફરવા બદલ ભારત સરકાર અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો, તે જ સમયે, વિદ્યાર્થીઓએ યુક્રેનની સ્થિતિ વિશે જણાવ્યું અને યુક્રેનના સૈનિકો પર તેમની સાથે ગેરવર્તન કરવાનો આરોપ પણ લગાવ્યો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, યુક્રેનથી જયપુર પહોંચેલી MBBSની વિદ્યાર્થિની ટીનાકુમારે જણાવ્યું કે, યુક્રેનિયન સૈનિકોએ બોર્ડર પર તેમની સાથે ખરાબ વર્તન કર્યું અને તેમને સરહદ પાર કરતી વખતે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. તેણે કહ્યું કે, તેણે ત્રણ દિવસ સુધી સતત મુસાફરી કરી અને આરોપ લગાવ્યો કે અમારા પર ટિયર ગેસના શેલ પણ છોડવામાં આવ્યા હતા. આ સિવાય ત્યાં પણ સતત ગોળીબાર થઈ રહ્યો હતો. ટીનાએ કહ્યું કે, બોર્ડર પરનો ગેટ માત્ર ૧૦ મિનિટ માટે ખોલવામાં આવ્યો હતો જે દરમિયાન ભાગદોડ મચી ગઈ હતી અને માત્ર થોડા વિદ્યાર્થીઓ જ તેમાં પ્રવેશી શક્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે, યુક્રેન સરહદ પર સ્થિતિ ખૂબ જ ખરાબ છે. બીજી તરફ યુક્રેનથી પરત આવેલા MBBSના વિદ્યાર્થી અક્ષય સોનીએ આરોપ લગાવ્યો છે કે, ભારતીય દૂતાવાસના અધિકારીઓએ અમને મદદ કરી નથી. સોનીએ કહ્યું કે, અમે એમ્બેસીના હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ પરંતુ કોઈ જવાબ મળ્યો નથી. તેણે કહ્યું કે, અમે મિત્રો પોતાના પૈસાથી બસ ભાડે કરીને બોર્ડર પર પહોંચ્યા. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, રોમાનિયામાં સત્તાવાળાઓ દ્વારા અમારી સાથે સારૂં વર્તન કરવામાં આવ્યું હતું અને અમારા ભોજન અને અન્ય સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવી હતી.

હિન્દુત્વ નેતા મિલિંદ એકબોટે અને અન્ય ૨૦ લોકો પર બે સમુદાયો વચ્ચે વૈમનસ્ય ફેલાવવાના પ્રયાસ કરવા બદલ FIR દાખલ કરવામાં આવી

ન્યુઝ પોઈન્ટ

હિંમતપૂર્વક ફરિયાદ કરવાને બદલે સસ્તી પ્રસિદ્ધિ મેળવવા ફક્ત આવેદનપત્ર આપી ફોટા પડાવાય છે. ખરેખર જો આ રીતે કાયદાકીય સહાયથી ફરિયાદ થાય તો દેશના નાગરિકોમાં ભાગલા પડાવનારા તત્ત્વો અંકુશમાં આવી શકે.

(એજન્સી) તા.૩

ફરાસખાના પોલીસે બે સમુદાયો વચ્ચે સાંપ્રદાયિક અણબનાવ ફેલાવવા સંબંધિત કેસના સંબંધમાં જમણેરી હિન્દુત્વના નેતા મિલિંદ એકબોટે અને અન્ય ૨૦ વ્યક્તિઓ સામે ગુનો નોંધ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, કસ્બા પેઠમાં પુણ્યેશ્વર મહાદેવ મંદિર નજીક મંદિરના બાંધકામ પર કોર્ટનો સ્ટે હોવા છતાં એકબોટે અને અન્ય આરોપીઓએ બાંધકામ ચાલુ હોવાનું બહાનું કરીને નાગરિકોને ગેરમાર્ગે દોર્યા હતા અને મહા-આરતી કરી હતી. આ ઉપરાંત, જમણેરી નેતા અને તેમના સમર્થકોએ શાંતિ ભંગ કરવા અને બે સમુદાયો વચ્ચે વૈમનસ્ય ફેલાવવાના હેતુથી ઉશ્કેરણીજનક પેમ્ફલેટ્સનું વિતરણ અન કર્યું હતું. એકબોટે જમણેરી ઉગ્રવાદી સંગઠન સમસ્ત હિંદુ અઘાડીના પ્રમુખ છે અને છત્રપતિ શિવાજી મહારાજ દ્વારા ખાન અફઝલની હત્યાના પ્રસંગે ૧૯ ડિસેમ્બરના રોજ નટુબાગ મેદાન ખાતે જાહેર કાર્યક્રમ દરમિયાન કથિત રીતે ઉશ્કેરણીજનક ભાષણ આપવા બદલ વિવાદાસ્પદ દ્રષ્ટા કાલીચરણ મહારાજ સાથે ખડક પોલીસે તેમની વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે, આરોપીઓએ સોશિયલ મીડિયા પર ખોટી માહિતી ફેલાવી હતી અને મહાશિવરાત્રીના અવસર પર કસ્બા પેઠના પવલે ચોક ખાતે વિવાદિત સ્થળ પર મહા આરતી કરી હતી. આ કેસમાં અન્ય આરોપીઓની ઓળખ કસ્બા પેઠના રહેવાસી સુનિલ સદાશિવ તાંબટ (૫૩), ગુરૂવાર પેઠના રહેવાસી સ્વપ્નિલ અરૂણ નાઈક (૩૬), મંગલવાર પેઠના રહેવાસી મુકુંદ મારૂતરાવ પટોલે (૬૨), રેવન્યુ કોલોની, શિવાજીનગરમાં રહેતા રમાકાંત એકબોટે (૬૦), શુક્રવાર પેઠના રહેવાસી યોગેશ ભાલચંદ્ર વાલ્હેકર (૪૧), નવી પેઠના રહેવાસી કુણાલ રામક્રિશા કાંબલે (૩૯), રવિન્દ્ર રાજેન્દ્ર નાનાવરે (૩૩) પાર્વતી દર્શન, સંતોષ કમલાકર અંગોલકર (૪૪), ધનકવાડી નિવાસી, ધરૂદત્ત વસંત શિંદે (૫૨), સહકારનગર નિવાસી, ધનંજય મારૂતિ ગાયકવાડ (૫૧), સદાશિવ પેઠ નિવાસી, પ્રશાંત પ્રકાશ કાંબલે (૨) મંગલવાર પેઠ, કસ્બા પેઠના રહેવાસી દેવીસિંહ મોહનસિંહ દશાના (૧૮), વિશ્વજીત જ્ઞાનદેવ ભીસે (૨૩), હમાલ નગર, માર્કેટયાર્ડના રહેવાસી, આકાશ પ્રભાકર માને (૧૯), ચવાણનગર, પદ્માવતી, પાર્થ જયપ્રકાશ (૨૧)), આદિત્ય સંતોષ રાજપૂત (૧૮), મિલિંદ એકબોટે (૬૫), નંદકિશોર એકબોટે તરીકે કરવામાં આવી છે અને વૈભવ વાળાને પોલીસે નોટિસ પાઠવીને છોડી મૂક્યા હતા. ફરાસખાના પોલીસે તેમના અહેવાલમાં જણાવ્યું હતું કે, આરોપીઓએ હિંદુ સમુદાયને અપીલ કરવા, ધાર્મિક મંડળ માટે લોકોને એકઠા કરવાના હેતુથી સોશિયલ મીડિયા પર વિભાજનકારી અને સાંપ્રદાયિક આરોપો ધરાવતા સંદેશાઓ, વીડિયો અને આમંત્રણ કાર્ડ પ્રસારિત કર્યા હતા. આ ઘટના બાદ જેટી સીપી (કાયદો અને વ્યવસ્થા) રવીન્દ્ર શિસવે, એડ સીપી (વેસ્ટ) રાજેન્દ્ર દહલે, ડીસીપી (ઝોન I) પ્રિયંકા નરનાવરે, એસીપી સતીશ ગોવેકર, વરિષ્ઠ પોલીસ ઈન્સ્પેક્ટર રાજેન્દ્ર લાંડગે અને પોલીસ ઈન્સ્પેક્ટર શબ્બીર સૈયદે ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. CP રાજેન્દ્ર દહલેએ જણાવ્યું હતું કે, અમે મિલિંદ એકબોટે અને અન્ય લોકો સામે જાહેર શાંતિને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરવા બદલ કેસ દાખલ કર્યો છે અને આ કેસમાં તપાસ ચાલુ છે. તેમણે સોશિયલ મીડિયા પર ઉશ્કેરણીજનક પેમ્ફલેટ્સ પ્રસારિત કર્યા અને ખોટી માહિતી ફેલાવવામાં સામેલ હતા જેના દ્વારા સમુદાયો વચ્ચે તિરાડ ઊભી થઈ શકે છે. શિવાજીનગર સ્થિત એકબોટે ભીમા કોરેગાંવના મુખ્ય આરોપીઓ અપિકી એક છે જેમની સામે ૧ જાન્યુઆરી, ૨૦૧૮ ના રોજ ભીમા કોરેગાંવની લડાઈની દ્વિશતાબ્દી ઉજવણી પ્રસંગે દલિતો અને હિંદુત્વ જૂથો વચ્ચે થયેલી અથડામણોને ઉશ્કેરવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં તેને જામીન મળી ગયા હતા. માર્ચ ૨૦૨૧માં કલમ ૧૫૩, ૧૫૩ (એ), ૧૫૩ (બી), ૨૯૫ (એ), ૫૦૦, ૫૦૧, ૫૦૨, ૧૨૦ (બી) અને ૫૦૫ (૧)(સી), ૫૦૫ (૨) હેઠળનો કેસ અને અન્ય ઘણી સંબંધિત કલમો સાથે પુણેના કોંધવા પોલીસ સ્ટેશનમાં તેમની વિરૂદ્ધ કોંધવાને 'મિની પાકિસ્તાન' તરીકે ઓળખાતા મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારને સંબોધિત કર્યા પછી સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાના ઈરાદા સાથે વીડિયો બનાવવા બદલ તેની વિરૂદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી હતી. એકબોટેએ પૂણે મ્યુનિસિપલ કોર્પોરેશન (PMC) દ્વારા કોંધવામાં હજ હાઉસના નિર્માણનો વિરોધ દર્શાવતા વીડિયોમાં ઉશ્કેરણીજનક નિવેદન આપ્યું હતું. ભાજપના આ પૂર્વ કોર્પોરેટર ગૌરક્ષાના પ્રખર સમર્થક તરીકે પણ જાણીતા છે.

ભારતીય એમ્બેસી યોગ્ય એડવાઈઝરી જાહેર કરવામાં નિષ્ફળ જતાં યુક્રેનમાં હજારો ભારતીય વિદ્યાર્થીઓ રઝળવા મજબૂર

વિદ્યાર્થીઓ તેમની મૂંઝવણ અને વ્યથા વીડિયો મારફતે સોશિયલ મીડિયા પર વ્યક્ત કરી રહ્યા છે, તેઓ ટીમએસઓ ઈન્ડિયા પર આ પોસ્ટ મૂકી રહ્યા છે, બસ અને ટ્રેનો હાઉસફૂલ થઈ ચૂકી છે અને તેમાં વિદેશી વિદ્યાર્થીઓને પ્રાથમિકતા અપાઈ રહી નથી, ભારતીય વિદ્યાર્થીઓ સાથે મારપીટ થઈ રહી છે અને તેમને લાતો મારવામાં આવી રહી છે, અનેક લોકો હજુ પણ બંકરોમાં જ ફસાયેલા છે, ખારકીવમાં જ ૧૨૦૦ વિદ્યાર્થીઓ ફસાયેલા છે

(એજન્સી) તા.૩

૧ માર્ચના રોજ રશિયાએ યુક્રેનના ખારકીવ પર હુમલા કરવાની શરૂઆત કરી હતી. જ્યારે ભારતના હજુ પણ હજારો લોકો અને વિદ્યાર્થીઓ ત્યાં ફસાયેલા છે. વિદ્યાર્થીઓ કોલેજના કેમ્પસમાં જ બંકરોમાં ફસાયા છે અને તેઓને સરહદ સુધી મુસાફરી કરવાની પણ છૂટ અપાઈ રહી નથી. છેલ્લી ઘડીએ રઝળી પડેલા વિદ્યાર્થીઓએ લાગણીસભર મેસેજ વાઈરલ કર્યો હતો. જ્યારે આ મામલે પત્રકારોએ આ વિદ્યાર્થીઓના વાલીઓ અને મિત્રો તથા પરિજનો સાથે વાતચીત કરી તો તેઓએ તેમના બાળકો અને પરિજનો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ભારતીય દૂતાવાસે ત્યાં તમામ વિદ્યાર્થીઓએ નજીકના રેલવે સ્ટેશને પહોંચી જવાની સલાહ આપી દીધી છે. ત્યાં વધુ નાટક થઈ રહ્યા છે. ત્યાં લોકોને તેમની રાષ્ટ્રીયતાના આધારે જ જવાની મંજૂરી આપવામાં આવી રહી છે. ભારતીય મહિલા કે છોકરીઓને ટ્રેનમાં બેસવા દેવાય છે જ્યારે છોકરાઓને ના પાડી દેવાય છે. વિદ્યાર્થીઓ તેમની મુંઝવણ અને વ્યથા વીડિયો મારફતે સોશિયલ મીડિયા પર વ્યક્ત કરી રહ્યા છે. તેઓ ટીમએસઓઈન્ડિયા પર આ પોસ્ટ મૂકી રહ્યા છે. બસ અને ટ્રેનો હાઉસફૂ થઈ ચૂકી છે અને તેમાં વિદેશી વિદ્યાર્થીઓને પ્રાથમિકતા અપાઈ રહી નથી. ભારતીય વિદ્યાર્થીઓ સાથે મારપીટ થઈ રહી છે અને તેમને લાતો મારવામાં આવી રહી છે.

ભાજપ નેતાએ યુક્રેન કોલ કર્યાનો ડોળ રચ્યો, કોંગ્રેસે ફ્લોપ સ્ટંટ ગણાવ્યો

સોશિયલ મીડિયા પર વીડિયો કોલ વાયરલ થતાં રંજના બઘેલે કહ્યું કે, આ તો ભૂલથી રોંગ નંબર લાગી ગયો હતો

(એજન્સી) તા.૩

હજારો ભારતીય વિદ્યાર્થીઓ હજુ પણ યુક્રેનમાં અટવાયેલા છે અને તેમના પરિવારજનોને ચિંતા છે કે, તેઓ સુરક્ષિત પરત ફરે. આ બધા વચ્ચે મામલો ચૂંટણી સુધી પહોંચી ગયો છે. શાસક પક્ષના નેતાઓ પહેલેથી જ 'ઓપરેશન ગંગા'ના વખાણ કરી રહ્યા છે.

આ દરમિયાન મધ્યપ્રદેશના પૂર્વ કેબિનેટ મંત્રી અને ધાર જિલ્લાના ભાજપ નેતા રંજના બઘેલનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે વીડિયો કોલ કરીને કોઈને ખાતરી આપતી જોવા મળી રહી છે કે, તેને યુક્રેનથી જલ્દી ઘરે લાવવામાં આવશે. પરંતુ કોંગ્રેસ આરોપ લગાવ્યો છે કે, બઘેલ ખરેખર જે વ્યક્તિનો આભાર માની રહ્યા હતા તે ધાર જિલ્લાના ગંધવાનીમાં પોલીસ સ્ટેશનનો ઈન્ચાર્જ હતો અને સ્થાનિક પત્રકાર હરિ ઓમ માલવિયાના ફોનથી આ વીડિયો કોલ કરવામાં આવ્યો હતો. ૩૮ સેકન્ડના વાયરલ વીડિયોમાં બઘેલને કહેતા સાંભળી શકાય છે હેલો, હું પૂર્વ મંત્રી છું, મધ્યપ્રદેશથી. તમારો ખૂબ-ખૂબ આભાર, તમે બાળકોની સંભાળ રાખો છો, ચિંતા કરશો નહીં, તમે બધા આવશો. વિપક્ષનું કહેવું છે કે, બઘેલ સ્થાનિક પત્રકાર અને પોલીસ અધિકારી સાથે વાત કરી રહ્યા હતા, યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થિની નહીં, રંજના બઘેલ સ્પષ્ટ કહી રહી છે કે, 'કોંગ્રેસના આઈટી સેલે ખોટો વીડિયો વાયરલ કર્યો છે. આ વીડિયો વાયરલ કરનાર વ્યક્તિ ગંધવાણીના આઈટી સેલનો

કોંગ્રેસી પદાધિકારી છે, જે ગેરકાયદેસર ધંધો કરે છે. વીડિયો કોણે મૂક્યો તે ખબર નથી ? વીડિયોમાં હું હરિઓમ ચોએલ સાથે વાત કરી રહી હતી. તેણે કહ્યું દીદી, આ સૈનિકો રક્ષણ કરી રહ્યા છે, ફોન ડિસ્કનેક્ટ થઈ ગયો, પછી બીજે ક્યાંક વીડિયો કોલ આવ્યો, મને જરાય ખબર નહોતી, મેં વીડિયો વાયરલ કર્યો નથી. બઘેલની વાત ગંધવાણીના પત્રકાર હરિઓમ અને મણવરના થાનેદાર નીરજ બિરથારે સાથે થઈ હતી, કોંગ્રેસને મજાક કરવાનો મોકો મળ્યો છે, કોંગ્રેસ પ્રવક્તા નરેન્દ્ર સલુજાએ કહ્યું કે, ભાજપ આના પર રાજનીતિ કરી રહી છે તે ખૂબ જ શરમજનક બાબત છે, પૂર્વ મંત્રી રંજના બઘેલ જેની સાથે વાત કરી રહ્યા છીએ તે એક સ્થાનિક પત્રકાર છે, જે વ્યક્તિ આભાર માને છે તે મણવરમાં તૈનાત પોલીસકર્મી છે, તમે જનતાને કેવી રીતે મૂર્ખ બનાવી રહ્યા છો, પત્રકારને યુક્રેનનો બાળક કહી રહ્યા છે, ત્યાં તૈનાત ટીઆઈને સુરક્ષા કર્મી. આ પ્રકારનું જૂઠ્ઠાણું ફેલાવવાનું કામ ભાજપનું છે, ભાજપ ખોટી રાજનીતિ કરે છે, આ તેમનું સત્ય છે.

'રોમાનિયાથી અમને ફ્લાઈટમાં બેસાડવા એને 'એરલિફ્ટ' કેવી રીતે કહી શકાય ?' : વિદ્યાર્થીઓએ સરકારને વેધક પ્રશ્ન કર્યો

અમે જ્યારે યુક્રેનમાં હતા ત્યારે અમને મદદની જરૂર હતી : વિદ્યાર્થીઓએ ભારતીય દૂતાવાસની હેલ્પલાઈન પર મળેલા વિરોધાભાસી સૂચનો, યુદ્ધ વચ્ચે કડકડતી ઠંડીમાં લાંબી મુસાફરી અને સરહદ પર અનેક દિવસો સુધી ખોરાક-પાણી વગર રહેવા જેવી યાતનાઓનું વર્ણન કર્યું

(એજન્સી) તા.૩

ભારત સરકારના ઓપરેશન ગંગા હેઠળ યુક્રેનથી ભારતમાં પરત આવેલા વિદ્યાર્થીઓની દલીલ હતી કે રોમાનિયા અને અન્ય શાંતિપૂર્ણ દેશોમાંથી લોકોને ભારતમાં પરત લઈ આવવું એ 'નિષ્કાષન' કહી શકાય નહીં અને જ્યારે તેઓ યુક્રેનમાં હતા ત્યારે તેઓને સાચી અને યોગ્ય મદદની જરૂર હતી. તેઓએ એનડીટીવીને કહ્યું હતું કે, ભારતીય દૂતાવાસની હેલ્પલાઈન પર વિરોધાભાસી સલાહ આપવામાં આવતી હતી, આ યુદ્ધ વચ્ચે ઠંડીમાં લાંબી મજલ કાપવી, ખોરાક કે પાણી વિના સરહદ પર દિવસો સુધી રાહ જોવી અને તેને પાર કરવી તે ખરેખર અમારા માટે મુશ્કેલી હતી. અમને ફ્રી ફ્લાઈટ્સ જોઈતી નથી. અમારે સરહદ સુધી પહોંચવા અને તેને પાર કરવા માટે મદદની જરૂર છે. જ્યાં યુક્રેનિયન નૌકાદળના બેઝ પર રશિયન દળો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો તેવા વિસ્તાર ઓડેસાથી પરત આવનાર એક વિદ્યાર્થીએ કહ્યું કે, 'હવે અમે અહીં સલામત વિસ્તારમાં આવી ગયા છીએ અને અહીંથી લઈ જવાને સ્થળાંતર કહેવામાં આવે છે. મને ખબર નથી કે તમે બધા મારી સાથે સહમત થશે કે નહીં, પણ મને એક વાત કહો. અમને રોમાનિયાથી ફ્લાઈટમાં પાછા લાવવામાં આવ્યા છે, જે એક સુરક્ષિત દેશ છે, તો તમે આને કેવી રીતે બહાર કાઢવાનું કહી શકો છો ? તમારે અમને યુક્રેનમાં સુરક્ષા પૂરી પાડવી જોઈતી હતી. અમે એવા શહેરમાં હતા જે ખૂબ જ જોખમી હતું. અમને માર્ગદર્શન આપવા માટે દૂતાવાસમાંથી કોઈ અમારી સાથે હોવું જોઈએ પણ તેવું કંઈ પણ કરવામાં આવ્યું ન હતું. વિદ્યાર્થીઓને માત્ર એટલું જ કહેવામાં આવ્યું હતું કે તમે બસ પકડો અને યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી નીકળી જાઓ. જે હેલ્પલાઈન સેટ કરવામાં આવી છે તે વિશે પૂછતાં, તેણીએ કહ્યું કે, તેનાથી મૂંઝવણમાં વધારો થયો છે. તમે અહીં દરેકને પૂછો. તેઓ ફોન ઉપાડશે અને ૧૦ અલગ-અલગ લોકોને ૧૦ જુદી-જુદી વાત કહે છે. અંતે, જો તમે ઘણા બધા પ્રશ્નો પૂછશો, તો તેઓ કહેશે 'માફ કરશો સર, અમારી પાસે આ વિશે વધુ માહિતી નથી'. તેણીએ કહ્યું કે, અમને મફત ફ્લાઈટ્સ નથી જોઈતી. પછી અન્ય વિદ્યાર્થીઓને પણ અમે પૂછ્યું કે, શું તમને મફત ફ્લાઈટ્સ જોઈએ છે કે, સરહદ સુધી પહોંચવામાં મદદ જોઈએ છે ? તો દરેક વિદ્યાર્થીઓએ 'સરહદ સુધી પહોંચવું' મહત્ત્વનું ગણાવ્યું હતું. એક વિદ્યાર્થીએ કહ્યું કે, તેઓએ બોર્ડર સુધી પગે ચાલીને આવવું પડ્યું હતું ૧૦ કલાક ચાલ્યા પછી ત્યાં બે દિવસ રાહ જોઈ હતી. રાત્રે કરફ્યુ હતો. આખો દિવસ વિસ્ફોટ થતાં હતા. તેમણે કહ્યું કે, સરહદ પર આવવું અને તેને ઓળંગવું એ અમારા માટે વાસ્તવિક સમસ્યાઓ હતી. અમને અહીંથી વિમાનથી આવવામાં કોઈ સમસ્યા નથી. તમે અમને વિમાનમાં પાછા લઈ આવીને માત્ર તમારી જાતને પ્રસિદ્ધિ આપી રહ્યા છો, તે કોઈ મોટી વાત નથી. સેનાએ યુક્રેનમાં કાર્ગો ફ્લાઈટ ઉતારવી જોઈતી હતી અને બાળકોને લાવવાની જરૂર હતી. ગઈકાલે સરકારની એડવાઈઝરીએ, તેમને રશિયન ઓપરેશનના સ્કેલિંગ પહેલા તરત જ ખાર્કિવ છોડવા માટે કહેતા, આ મામલો વધુ વણસી ગયો હતો. તેમણે કહ્યું કે, છેલ્લી ક્ષણે આવી માહિતી શા માટે ? જ્યારે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હતી ? અમારા એક સાથીદારનું મૃત્યુ થયું હતું અને ત્યાં ખૂબ જ તણાવ હતો. અમે સરકારને વારંવાર વિનંતી કરી રહ્યા છીએ કે અમને ફ્રી ફ્લાઈટ્સ જોઈતી નથી. માત્ર અમને સરહદ પર પહોંચવામાં મદદ કરો.

યુદ્ધ વચ્ચે પણ પ્રેમની કહાનીઓ જીવંત

રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે કપલે કર્યા હોસ્પિટલમાં જ લગ્ન

રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે ડોક્ટરોની જોડી હોસ્પિટલની અંદર સાથે જીવવા અને મરવાની પ્રતિજ્ઞા લઈ રહી છે

(એજન્સી) મોસ્કો, તા.૩

રશિયા-યુક્રેન યુદ્ધના સમાચારની તમામ તસવીરો સામે આવી રહી છે. કેટલાક તસવીરો તમને રડાવશે અને કેટલીક તમને વિચારવા મજબૂર કરી દેશે. આ દરમિયાન એક તસવીર સામે આવી છે જે ચર્ચામાં છે. આ વીડિયો હોસ્પિટલની અંદરનો છે, જ્યાં એક યુવાન યુગલ તેમના યુનિફોર્મમાં લગ્ન કરી રહ્યું છે. લગ્ન કરનાર વર-કન્યા વ્યવસાયે ડોક્ટર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આ વીડિયો મીડિયા આઉટલેટ નેક્સ્ટા Nexta દ્વારા શેર કરવામાં આવ્યો છે, જેમાં યુવા ડોક્ટરોની જોડી હોસ્પિટલની અંદર સાથે જીવવા અને મરવાની પ્રતિજ્ઞા લઈ રહી છે. ટ્વિટર પર વિડિયો શેર કરતાં લખ્યું છે. કીવમાં ડોક્ટરોએ હોસ્પિટલમાં જ લગ્ન કરવાનો નિર્ણય કર્યો. વાયરલ થઈ રહેલા વીડિયોને જોઈને તમે ઈમોશનલ થઈ જશો. જ્યારે કીવમાં દરેક જગ્યાએ બોમ્બ અને મિસાઈલો ફાયરિંગ થઈ રહી છે, તે દરમિયાન આ યુગલ, હાથમાં હાથ નાખીને, સાથે જીવવા અને મરવાની પ્રતિજ્ઞા લઈ રહ્યા છે. તેની સામે ઊભેલો એક માણસ લગ્નની વિધિ કરાવી રહ્યો છે. તેમની બાજુમાં એક મહિલા અને હોસ્પિટલના કેટલાક અન્ય લોકો પણ જોવા મળે છે. લગ્ન સમારોહ પૂર્ણ થયા પછી, દરેક યુગલને અભિનંદન આપી રહ્યા છે. નવ દંપતીને લોકો કોમેન્ટ્સમાં અભિનંદન પાઠવી રહ્યાં છે અને વહેલી તકે યુદ્ધના અંતની પ્રાર્થના કરી રહ્યાં છે. યુક્રેનની આ પહેલી તસવીર નથી. ગયા અઠવાડિયે, રશિયન હવાઈ હુમલો થયા પછી રાજધાની કીવમાં એક યુગલે તે જ સમયે લગ્ન કર્યાં હતાં. દેશની સ્થિતિ જોઈને આ કપલ લગ્નના થોડા કલાકો બાદ હાથમાં બંદૂક લઈને સ્થાનિક પ્રાદેશિક સંરક્ષણ કેન્દ્ર પહોંચ્યા હતા. તેઓએ કહ્યું કે તેઓ તેમના ભવિષ્યને વિષે જાણતા નથી, પરંતુ તેઓ એકસાથે મરી તો શકે છે.

ગ્રાઉન્ડ ઝીરો : ખારકીવથી પોલેન્ડ, બોમ્બમારા અને હેરાનગતિ વચ્ચે ભારતીય વિદ્યાર્થીઓની સાહસપૂર્ણ હિજરત

(એજન્સી) તા.૩

પોતાના ખભાઓ પર વજન ઊંચકીને યુક્રેનથી પોલેન્ડના બુદોમેર્જ ખાતે ચાલીને હિજરત કરનારા ૫૦ જેટલા ભારતીય વિદ્યાર્થીઓએ બોમ્બમારા અને હેરાનગતિ વચ્ચે તેમની સાહસપૂર્ણ હિજરતની વ્યથા વર્ણવી હતી. તેઓએ કહ્યું કે, ખારકીવથી અમે પોલેન્ડ સુધી કઈ રીતે પહોંચ્યા તે ભગવાન જ જાણે છે. જો કે, અમને ઠેક પોલેન્ડમાં ભારતીય એમ્બેસીની બસ જોવા મળી હતી જે અમને રેઝસઝોવ લઈ ગઈ હતી. અનેક લોકોએ યુક્રેનમાં કોઈપણ પ્રકારની ભારતીય સહાય ન મળવા બદલ ભારે નારાજગી વ્યક્ત કરી હતી. તમામ લોકોના અનુભવ અને આપવીતી લગભગ છેલ્લા ૬ દિવસની સમાન જ હતી. ખારકીવમાં આવેલી વી.એન.કરાઝીન મેડિકલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વૈષ્ણવી નામની વિદ્યાર્થિનીએ જણાવ્યું કે, હું જ્યારે ટ્રેન પકડવા જઈ રહી હતી ત્યારે મારાથી થોડાક જ અંતરે બોમ્બ ધડાકો થયો હતો. આખું રેલવે સ્ટેશન હચમચી ગયું હતું. અમે અમારા બેગ વડે અમારા માથાને ઢાંકી લીધા હતા. અમને એવો ભય હતો કે એ બોમ્બ અમારા માથે આવીને ના પડે. વૈષ્ણવી કહે છે કે, અમે ૭૦ જેટલા લોકો ૮ કિ.મી. સુધી ચાલીને ખારકીવમાંથી પસાર થયા હતા. અમને કોઈપણ પ્રકારની મદદ મળી નહોતી. સાહિલ નામનો વધુ એક વિદ્યાર્થી કહે છે કે, અમે ખરેખર સાહસી નિર્ણય લીધો હતો કે ચાલીને ત્યાંથી નીકળી જઈએ. પણ આ નિર્ણય અમારા માટે ઘાતક સાબિત થઈ શકે તેમ હતો. યુદ્ધગ્રસ્ત યુક્રેનથી પોતાનો જીવ બચાવીને ઘરે પહોંચેલી એક ભારતીય વિદ્યાર્થિનીએ પોતાની આપવીતીનું વર્ણન કર્યું હતું કે યુક્રેનના સૈનિકોએ પોલેન્ડમાં પ્રવેશતા પહેલા વિચિત્ર વર્તન કરીને તેના જેવા અનેક મેડિકલ વિદ્યાર્થીઓને માનસિક રીતે હેરાન કર્યા હતા. વિદ્યાર્થીના જણાવ્યા અનુસાર, પોતાનો જીવ બચાવવા અને ભારત પરત ફરવાનો પ્રયાસ કરી રહેલા વિદ્યાર્થીઓને તે કઠપુતળીની જેમ વાપરતા હતા. આ સૈનિકો ક્યારેક હસવા અને ક્યારેક તાળીઓ પાડવા માટે કહેતા હતા. આ વિદ્યાર્થી યુક્રેનની ટેર્નોપિલ નેશનલ મેડિકલ યુનિવર્સિટીમાં એમબીબીએસનો અભ્યાસ કરી રહ્યો છે. તેમણે ઈન્દોરના દેવી અહલ્યાબાઈ હોલકર એરપોર્ટ પર પત્રકારોને જણાવ્યું હતું કે, અમે ૫૦-૬૦ મેડિકલ વિદ્યાર્થીઓએ ૨૬ ફેબ્રુઆરીએ ટેર્નોપિલ શહેરથી પોલેન્ડના બહારના વિસ્તારમાં પહોંચવા માટે ભાડે બસની વ્યવસ્થા કરી હતી. પરંતુ રસ્તામાં ભારે ટ્રાફિક જામ અને અફરા-તફરીના કારણે અમને આ બોર્ડરથી ૪૫ કિલોમીટર દૂર ઉતારી દેવામાં આવ્યા હતા. વિદ્યાર્થીએ જણાવ્યું કે, મેડિકલ સ્ટુડન્ટ્સ હાડ થીજવતી ઠંડીનો સામનો કરીને પગપાળા ચાલીને પોલેન્ડ બોર્ડર પર પહોંચ્યા, પરંતુ ત્યાં તૈનાત યુક્રેનિયન સૈનિકોએ તેમને તરત જ બોર્ડર ચોકી પાર કરવાની મંજૂરી આપી ન હતી. વિદ્યાર્થીએ યાદ કરતા કહ્યું કે, યુક્રેનિયન સૈનિકો અમને કઠપુતળીની જેમ ટ્રીટ કરતા અને ક્યારેક ઊભા રહેવા માટે કહેતા હતા, ક્યારેક બેસવા માટે કહેતા. તેમણે અમને તાળીઓ પાડવા અને હસવાનું પણ કહ્યું.

'હવે આ ગુલાબનું શું કરવું ?' : યુક્રેનથી પરત આવેલા ભારતીય વિદ્યાર્થીએ કેન્દ્રની ઝાટકણી કાઢી

'હવે જ્યારે અમે અહીં છીએ, તો અમને આ ગુલાબ આપવામાં આવી રહ્યું છે, એનો શું અર્થ છે ? અમે આનું શું કરીશું ? જો અમારી સાથે ત્યાં કંઈપણ અણબનાવ બન્યો હોત તો અમારા પરિવારો શું કરતા, સરકારે યોગ્ય સમયે પગલાં લીધા હોત તો આટલી સમસ્યાઓનો સામનો કરવો પડતો નહીં

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી પાછા ફરેલા એક ભારતીય વિદ્યાર્થીએ આજે સરકારની આકરી ટીકા કરી અને કહ્યું કે, જ્યારે નાગરિકોને સંઘર્ષના ક્ષેત્રમાંથી બચાવવા માટે સમયસર પગલાં લેવામાં આવ્યા નથી ત્યારે ફૂલોનું વિતરણ કરવા જેવી હરકતો અર્થહીન છે. બિહારના મોતિહારીના રહેવાસી દિવ્યાંશુસિંહ યુક્રેનમાં લડાઈ શરૂ થયા બાદ હંગેરી ગયા હતા. આજે બપોરે તેઓ દિલ્હી પહોંચ્યા હતા અને ગુલાબ આપીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમને પૂછવામાં આવ્યું કે શું તેમને યુક્રેનમાં ભારતીય દૂતાવાસ તરફથી મદદ મળી છે, તેમણે NDTVને કહ્યું, 'હંગેરીમાં સરહદ પાર કર્યા પછી જ અમને મદદ મળી, તે પહેલાં કોઈ મદદ મળી ન હતી. અમે જે પણ કર્યું, અમે અમારી જાતે જ કર્યું. અમે દસ લોકોનું એક જૂથ બનાવ્યું અને ખીચોખીચ ભરેલી ટ્રેનમાં ચઢ્યા હતા.' એ વાત સાચી છે કે, પોલેન્ડ બોર્ડર પર કેટલાક વિદ્યાર્થીઓને હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો, તે માટે આપણી સરકાર જવાબદાર છે. જો તેણે યોગ્ય સમયે પગલાં લીધાં હોત, તો અમને આટલી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો ન હોત. દિલ્હીમાં ઉતર્યા પછી તેને આપવામાં આવેલ ગુલાબને પકડીને ભારતીય વિદ્યાર્થીએ કહ્યું, 'હવે જ્યારે અમે અહીં છીએ, તો અમને આ ગુલાબ આપવામાં આવી રહ્યું છે. એનો શું અર્થ છે ? અમે આનું શું કરીશું ? જો અમારી સાથે ત્યાં કંઈપણ અણબનાવ બન્યો હોત તો અમારા પરિવારો શું કરતા ?

ભારતીય મુસ્લિમોનો નરસંહાર શરૂ થઈ ગયો છે : વૈશ્વિક સંમેલનમાં નિષ્ણાતનો દાવો

ઈન્ડિયા ઓન ધ બ્રિક : પ્રિવેન્ટીંગ જિનોસાઈડ નામની ત્રણ દિવસીય વૈશ્વિક સમિટમાં નિષ્ણાતોએ કહ્યું કે ભારત માત્ર નરસંહારની અણી પર નથી, બલ્કે તેની પ્રક્રિયા અગાઉથી જ શરૂ થઈ ચૂકી છે

(એજન્સી) તા.૩

જ્યારે કટ્ટર હિન્દુવાદી પુજારી યતિ નરસિંહાનંદે એપ્રિલ મહિનામાં ભારતના તમામ મુસ્લિમો પર હુમલા કરવા અને તેમને મારી નાખવા માટે એક ખુલ્લું આહવાન કર્યું, તો આ કોઈ સામાન્ય ભાષણ નહોતું, બલ્કે આ એક નરસંહારનું નિશ્ચિત આહવાન હતું. કેનેડિયન બિન નફાકારક સંસ્થા સેંટિનલ પ્રોજેકટ આ સહભાગીઓમાંથી એક અને એકિઝકયુટીવ ડાયરેકટર ક્રિશ્ટોફર ટકવુડે કહ્યું હતું કે દેશમાં નરસંહારને રોકવો મુશ્કેલ છે કારણ કે નેતાઓ અપરાધી છે અને બીજા અપરાધીઓના રક્ષક બંને છે દેશમાં મુસ્લિમો પ્રત્યે વધતી દુશ્મનાવટ અને અસંહિષ્ણુતાને જોતા, જિનોસાઈડ વોચના અધ્યક્ષ ડો. ગ્રેગરી સ્ટેન્ટને જેમણે રવાંડા નરસંહારની ભવિષ્યવાણી (આગાહી) કરી હતી, તેમણે વારંવાર ચેતવણી આપી છે કે જો કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો ભારતમાં પણ કંઈક આવું જ થઈ શકે છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં દેશમાં વધતા કોમવાદી તણાવ અને વધતી તંગદિલી વચ્ચે ઉત્તરપ્રદેશ સહિતના વિવિધ રાજયોમાં ચૂંટણી યોજાઈ રહી છે. મુસ્લિમોના સંદર્ભમાં લઘુમતીઓ પ્રત્યે દ્વેષની ઘટનાઓમાં વધારો થયો છે. સોશિયલ મીડિયા પર ભાષણો, હિંસક કાર્યવાહીઓ વગેરે સહિતના ધૃણાસ્પદ અપરાધોની ઘટનાઓ અને અહેવાલો સામે આવી રહ્યા છે. અનુભવી અને પીઢ માનવાધિકારના વકીલ મીતાલી જૈને બિનજવાબદારી વ્યવહાર કરવા બદલ સોશિયલ મીડિયાની દિગ્ગજ કંપની ફેસબુકની ખેંચતાણ કરી છે. તેમણે કહ્યું હતું કે, અમે ફેસબુકને અન્ય લોકો દ્વારા શરમજનક ભાષાની કેટલાક ગંભીર અભિવ્યકિતઓને દુર કરવા અથવા ડી-પ્લેટફોર્મ કરવામાં અર્થપૂર્ણ કાર્યવાહી કરતા જોઈ નથી, દાખલા તરીકે હિન્દુ પુજારી, એમ તેમણે કહ્યું હતું. તેમણે કહ્યું કે તાજેતરમાંથી હિજાબ

વિવાદનો મુદ્દો જેમાં મુસ્લિમ યુવતીઓને હિજાબ પહેરવાથી શાળા અને કોલેજમાં પ્રવેશ પ્રતિબંધિત કરવામાં આવી રહ્યો છે, તે નિર્લજજ ભાષાના આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે અને આગામી ભવિષ્યમાં પણ આ પ્રકારની પેટર્ન જોવા મળી શકે છે. પત્રકાર કૌશિક રાજે કહ્યું છે કે વર્તમાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં લિંચિંગ અને મુસ્લિમ વિરોધી હિંસા વધી રહી છે અને આ હવે એક દૈનિક પ્રવૃતિ બની ગઈ છે. સરકારની પ્રતિક્રિયા તો એવી હતી કે ઉ.પ્ર.માં મોહમ્મદ અખલાકના લિંચિંગ બાદ તેઓએ હત્યારાઓને નોકરી ઓફર કરી હતી. તેમણે કહ્યું મુસ્લિમો ઉપરાંત દલિતો અને આદિવાસીઓને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે યુએસ હોલોકોસ્ટ મેમોરિયલ મ્યુઝિયમના નિકોલ નિડર્લ્હાઈમે કહ્યું, છે કે ભારત સામૂહિક હત્યાના જોખમમાં બીજા સ્થાને આવે છે. જેવું કે સેન્ટર ફોર ધ પ્રિવેન્શન ઓફ જિનોસાઈડ ઓફ ધ હોલોકોસ્ટ મેમોરિયલ મ્યુઝિયમના વાર્ષિક જોખમ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

મુસ્લિમ નરસંહાર પર ભારતીય બૌદ્ધિકો : લેખક અરૂંધતિ રોય અને કાર્યકર અને નોબલ શાંતિ પુરસ્કાર નોમિની હર્ષ મંદર જેવા પ્રમુખ ભારતીય બૌદ્ધિકોએ નિષ્ણાતો દ્વારા આયોજિત ભય અને સાવચેતીના સ્વરનો પડઘો પાડયો હતો. રોયએ તર્ક આપ્યો કે સત્તાધારી પક્ષના રાષ્ટ્રવાદી ઉત્સાહના પરિણામ સ્વરૂપે ભાજપ વિખેરાઈ જશે, પરંતુ હવે નરસંહા વધી રહ્યો છે મંદરે આ હત્યાકાંડ કેવી રીતે થશે તેના વિશે વિગતવાર માહિતી આપી હતી અને ચર્ચા કરી હતી કે કેવી રીતે ઓનલાઈન અને જાહેર મેળાવડાઓમાં બીજા અત્યાંતિક જમણેરી સમર્થકોની એક શ્રેણી તેમની નફરત ફેલાવવા અંગે પણ વધુ સ્પષ્ટ છે, ખુલ્લી રીતે બહિષ્કાર અને હકાલપટ્ટી સામૂહિક હત્યાકાંડ, નરસંહાર અને સામૂહિક બળાત્કાર માટે હાકલ કરે છે. આ પ્રકારની ભાવનાઓને શિક્ષણવિશે અને જાહેર બૌદ્ધિક નોમ ચોમ્સ્કીએ પડઘો પાડયો છે, જેમણે દલીલ કરી હતી કે ઈસ્લામો ફોબિયાનું સૌથી ઘાતક સ્વરૂપ હાલમાં ભારતમાં જોવા મળે છે.

યુએને મહાસભામાં રશિયાને યુક્રેનમાંથી સેના પરત ખેંચવા માટે કહ્યું

ભારતે ફરી એકવાર રશિયા વિરૂદ્ધ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં મતદાનમાં ભાગ ના લીધો

ઠરાવને ૧૪૧-૫ મતોથી સમર્થન મળ્યું, ભારત સહિત કુલ ૩૫ દેશ મતદાનથી દૂર રહ્યા

(એજન્સી) વોશિંગ્ટન, તા. ૩

યુક્રેન સામે રશિયાના આક્રમણની સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં નિંદા કરી તેની વિરૂદ્ધ લવાયેલા પ્રસ્તાવમાં ભારતે ફરી એકવાર પોતાની ગેરહાજરી દર્શાવી હતી. મોસ્કો અને કીવ વચ્ચે વધતી કટોકટી પરના ઠરાવો પર યુએનમાં ભારતની એક અઠવાડિયા કરતાં ઓછા સમયમાં ત્રીજી ગેરહાજરી છે. ૧૯૩ સભ્યોની જનરલ એસેમ્બલીએ બુધવારે યુક્રેનના સાર્વભૌમત્વ, સ્વતંત્રતા, એકતા અને પ્રાદેશિક અખંડિતતા માટે તેની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરહદોની અંદર તેની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરવા માટે મતદાન કર્યું હતું અને યુક્રેન સામે રશિયાના આક્રમણની "સૌથી સખત શબ્દોમાં નિંદા" કરી હતી. આ ઠરાવને તરફેણમાં ૧૪૧ મતો, પાંચ મેમ્બર સ્ટેટ્સ વિરોધમાં અને ૩૫ ગેરહાજર સાથે સ્વીકારવામાં આવ્યો હતો. ઠરાવ મંજૂર થતાં જ સામાન્ય સભા તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠી હતી. ઠરાવને સામાન્ય સભામાં સ્વીકારવા માટે ૨/૩ બહુમતી જરૂરી હોય છે. ઠરાવમાં તેના પરમાણુ દળોની તૈયારી વધારવાના રશિયાના નિર્ણયની પણ નિંદા કરવામાં આવી હતી અને યુક્રેન સામે બળના આ "ગેરકાયદેસર ઉપયોગ"માં બેલારૂસની સંડોવણીની નિંદા કરે છે, અને તેને તેની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓનું પાલન કરવા હાકલ કરે છે. ઠરાવ રાજકીય સંવાદ, વાટાઘાટો, મધ્યસ્થી અને અન્ય શાંતિપૂર્ણ માધ્યમો દ્વારા રશિયા અને યુક્રેન વચ્ચેના સંઘર્ષના તાત્કાલિક શાંતિપૂર્ણ નિરાકરણની વિનંતી કરે છે. અફઘાનિસ્તાન, કેનેડા, ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, કુવૈત,

સિંગાપોર, તુર્કી, યુક્રેન, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ સહિત લગભગ ૧૦૦ UN સભ્ય દેશોએ 'યુક્રેન સામે આક્રમકતા' શીર્ષકવાળા ઠરાવને સહ-પ્રાયોજિત કર્યો હતો. ઠરાવમાં માંગ કરવામાં આવી હતી કે રશિયા તરત જ યુક્રેન સામે તેના બળનો ઉપયોગ બંધ કરે અને યુએનના કોઈપણ સભ્ય રાષ્ટ્ર સામે કોઈપણ ગેરકાયદેસર ધમકી અથવા બળના ઉપયોગથી દૂર રહે. નોંધનીય છે કે અગાઉ પણ ભારત યુએન સિક્યુરિટી કાઉન્સિલમાં આ પ્રકારના મતદાન વખતે દૂર રહ્યું હતું. જે અંગે રશિયાએ ભારતના આ વલણની પ્રશંસા કરી હતી. બીજી તરફ યુક્રેને ભારત પાસેથી મદદની આશા રાખી હતી.

યુક્રેનમાં મેડિકલના વિદ્યાર્થીના મૃત્યુથી કર્ણાટકમાં નીટનો વિરોધ વધ્યો

પૂર્વ મુખ્યમંત્રી અને જનતા દળ સેક્યુલરના એચ.ડી. કુમારસ્વામીએ શ્રેણીબદ્ધ ટ્વિટ કરી હતી, તેમણે પણ નીટને મૃત્યુનો ઘંટ ગણાવતો પોતાનો વિરોધ નોંધાવ્યો હતો, તેમણે કહ્યું કે, જે ગરીબ વિદ્યાર્થીઓ મેડિકલ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવવા માગે છે તેઓ માટે નીટ મૃત્યુનો ઘંટ બની ગઈ છે

(એજન્સી) તા.૩

રશિયા અને યુક્રેનના યુદ્ધને કારણે ભારતીય વિદ્યાર્થીના મોતના પડઘા હવે ભારતમાં પડી રહ્યા છે. યુક્રેનના ખારકીવમાં મેડિકલમાં ચોથા વર્ષમાં અભ્યાસ કરનાર નવીન શેખરપ્પાનું મોત ગોળીબાર દરમિયાન થયો હતો. તે કંઈક જમવાનું લેવા માટે બંકરમાંથી બહાર જ આવ્યો હતો અને મોત તેને ગળે ભેટી ગઈ. જો કે તેના મોતથી હવે કર્ણાટકમાં નીટનો વિરોધ વધવા માંડ્યો છે. વિપક્ષ નીટનો વિરોધ કરવા લાગ્યું છે. કન્નડ સંગઠનોએ બુધવારે જ ટ્વિટર પર બેન નીટ નામે હેશટેગ શરૂ કરીને પોતાનો વિરોધ નોંધાવવાની શરૂઆત કરી હતી. પ્રી-યુનિવર્સિટી અભ્યાસમાં આશરે ૯૭ ટકાથી પણ વધુ માર્ક્સ મેળવનાર નવીન કર્ણાટકમાં મેડિકલ સીટ પ્રાપ્ત કરી શક્યો નહોતો. તેના પિતાએ કહ્યું કે ખાનગી કોલેજમાં હું મારા દીકરાને ભણાવી શકું તેવી મારી હેસિયત નહોતી. એટલા માટે જ અમે અમારા દીકરાને યુક્રેન ભણવા માટે મોકલવાનો નિર્ણય કર્યો હતો. પૂર્વ મુખ્યમંત્રી અને જનતા દળ સેક્યુલરના એચ.ડી. કુમારસ્વામીએ શ્રેણીબદ્ધ ટ્વિટ કરી હતી. તેમણે પણ નીટને મૃત્યુનો ઘંટ ગણાવતો પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. તેમણે કહ્યું કે, જે ગરીબ વિદ્યાર્થીઓ મેડિકલ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવવા માગે છે તેઓ માટે નીટ મૃત્યુનો ઘંટ બની ગઈ છે. નવીન જેવા હોશિયાર વિદ્યાર્થીઓ પણ મેડિકલ ક્ષેત્રમાં ભારતમાં

સીટ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહે છે. તેનું કારણ નીટ છે જે શરમજનક બાબત છે. યુક્રેનમાં તેનું મૃત્યુ ભારત માટે અપમાજનક બાબત સાબિત થઈ શકે છે. જયારે કોંગ્રેસના નેતા અને વિપક્ષના લીડર સિદ્ધારમૈયાએ ભાજપ સરકારને વખોડી હતી. યુક્રેનમાંથી ભારતીય વિદ્યાર્થીઓ સુરક્ષિત પાછા લાવી શકવામાં નિષ્ફળ રહેલી મોદી સરકારની તેમણે આકરી ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું કે, નીટનું અમલ કરીને મોદી સરકારને અરાજકતા ફેલાવી દીધી છે.

ફેક્ટ-ચેક : યુક્રેનમાં અટવાઈ ગયા છે એવો 'ઢોંગ' કરવા માટે SP નેતાની પુત્રીની અટકાયત ખરેખર કરવામાં આવી હતી ?

ફેસબૂક પેજની મદદ લઈને, અમે મહેન્દ્ર યાદવના સંપર્કમાં આવ્યા, તેઓ આ યુવતીના પિતા અને એસપીના નેતા છે. Alt News સાથે વાત કરતા મહેન્દ્ર યાદવે કહ્યું કે, 'આ ભાજપ દ્વારા ઊભું કરવામાં આવેલું ષડ્યંત્ર છે. મારી દીકરીએ જ્યારે આ વીડિયો બનાવ્યો હતો ત્યારે તે યુક્રેનમાં ખરેખર ફસાઈ ગઈ હતી. હવે તે ત્યાંથી બહાર નીકળી ગઈ છે અને અત્યારે રોમાનિયામાં છે. સોશિયલ મીડિયા પર ભાજપ દ્વારા નકલી માહિતી શેર કરવામાં આવી રહી છે. હવે વૈશાલીએ એક બીજો વીડિયો પણ જાહેર કર્યો છે જેમાં તે પોતે જ જણાવે છે કે, આ દાવો ખોટો છે. મહેન્દ્ર યાદવે વૈશાલીના સંપર્ક નંબર સાથે અમને આ વીડિયો પણ શેર કર્યો હતો.

(એજન્સી) તા.૩

યુક્રેનમાં રશિયાનું આક્રમક વલણ સતત વધી રહ્યું છે, એ દરમિયાન યુક્રેનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા અનેક વીડિયો સોશિયલ મીડિયા પર બહાર આવ્યા છે, જેમાં તેમના દ્વારા ભારત સરકારને વિનંતી કરવામાં આવી છે કે, તેઓ આ પ્રદેશમાંથી તેઓને બહાર કાઢવામાં મદદ કરે. આવો જ એક વીડિયો વૈશાલી યાદવનો પણ છે, જે કથિત રીતે યુક્રેનમાં ફસાયેલી ભારતીય મેડિકલ સ્ટુડન્ટ છે. વૈશાલીએ એક વીડિયોમાં દાવો કર્યો હતો કે બહાર થઈ રહેલા બોમ્બ ધડાકાને કારણે ઘણા ભારતીય વિદ્યાર્થીઓ એક ફ્લેટમાં છૂપાયેલા છે અને યુક્રેનની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હોવાથી તેઓના બહાર કાઢવાના પ્રયાસો નિરર્થક રહ્યા છે. તેણી કહે છે કે, વિદ્યાર્થીઓને આશા છે કે ભારત સરકાર તેમની મદદ કરશે. બહુવિધ ભાજપ તરફી પ્રચાર હેન્ડલ્સે ટ્વિટર પર તેણીનો આ વીડિયો શેર કર્યો છે જેમાં તેમના દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે, વૈશાલી યુક્રેનમાં પોતે વિદ્યાર્થી હોવાનો 'ડોળ' કરી રહી છે પરંતુ તે વાસ્તવમાં ભારતમાં જ છે. દાવાઓ સૂચવે છે કે, તેણીની યુપી પોલીસ દ્વારા હરદોઈથી અટકાયત કરવામાં આવી હતી અને તેણીએ અને તેના પિતા મહેન્દ્ર યાદવ, જે સમાજવાદી પાર્ટીના નેતા છે તેમના કહેવા પર આ વિડિયો બનાવવાનું સ્વીકાર્યું છે. આ દાવો નીતુસિંહ, નવીનકુમાર જિંદાલ, સુનીલ યાદવ, ડો. રિચા રાજપૂત, અનિલકુમાર અને અન્ય ભાજપના વિવિધ નેતાઓએ ટ્વિટર પર શેર કર્યો છે. અમે ગૂગલ પર કીવર્ડ સર્ચ કર્યું અને ખંઝર સૂત્ર નામના ફેસબુક પેજ દ્વારા અપલોડ કરાયેલ હરદોઈના એસપી રાજેશ દ્વિવેદીનું

નિવેદન મળ્યું હતું. દ્વિવેદીએ વૈશાલીની ધરપકડના દાવાને રદિયો આપ્યો હતો અને કહ્યું હતું કે તેણી હાલમાં રોમાનિયામાં છે. વૈશાલીએ સરકાર પાસેથી મદદ માંગતો વીડિયો બનાવ્યો હતો અને યુપીમાં તેણીની અટકાયત અથવા ધરપકડ કરવામાં આવી હોવાનો દાવો ખોટો છે. ફેસબુક પેજની મદદ લઈને, અમે મહેન્દ્ર યાદવના સંપર્કમાં આવ્યા, તેઓ આ યુવતીના પિતા અને એસપી ના નેતા છે. Alt News સાથે વાત કરતા મહેન્દ્ર યાદવે કહ્યું કે, 'આ ભાજપ દ્વારા ઊભું કરવામાં આવેલું ષડ્યંત્ર છે. મારી દીકરીએ જ્યારે આ વીડિયો બનાવ્યો હતો ત્યારે તે યુક્રેનમાં ખરેખર ફસાઈ ગઈ હતી. હવે તે ત્યાંથી બહાર નીકળી ગઈ છે અને અત્યારે રોમાનિયામાં છે. સોશિયલ મીડિયા પર ભાજપ દ્વારા નકલી માહિતી શેર કરવામાં આવી રહી છે. હવે વૈશાલીએ એક બીજો વીડિયો પણ જાહેર કર્યો છે જેમાં તે પોતે જ જણાવે છે કે, આ દાવો ખોટો છે. મહેન્દ્ર યાદવે વૈશાલીના સંપર્ક નંબર સાથે અમને આ વીડિયો પણ શેર કર્યો હતો. અમે વ્હોટ્સએપ દ્વારા વૈશાલીનો સંપર્ક કર્યો હતો. તેણીએ કહ્યું કે, 'વિરોધી પક્ષોના નેતાઓ મારા પિતા અને એસપીને બદનામ કરવા માટે કંઈ પણ કરી શકે છે. હું ખુશ છું કે આ બધા દાવા ખોટા સાબિત થયા છે અને હું સુરક્ષિત અને સન્માન સાથે ઘરે પરત જઈ રહી છું. વૈશાલીએ અમને એક વીડિયો પણ મોકલ્યો હતો જેમાં તેણે સ્પષ્ટતા કરી હતી કે તેણે આ વાયરલ વીડિયો યુક્રેનમાં શૂટ કર્યો હતો. તે હાલમાં રોમાનિયામાં છે અને ટૂંક સમયમાં ભારતમાં પરત ફરવાની અપેક્ષા રાખે છે. વીડિયોમાં વૈશાલીએ લોકોને દરેક મુદ્દા પર રાજનીતિ ન કરવા અને ગંભીર સંજોગોમાં ફસાયેલા લોકો પ્રત્યે સહાનુભૂતિ રાખવાની પણ વિનંતી કરી છે. અમે વૈશાલીને ૨૪ ફેબ્રુઆરીના રોજ વાયરલ વીડિયો બનાવ્યો હોવાનો પુરાવો શેર કરવા કહ્યું હતું. તેણે અમારી સાથે વીડિયોના મેટાડેટાનો સ્ક્રીનશોટ શેર કર્યો હતો. દૈનિક જાગરણએ તે જ દિવસે તેમની અપીલ પર એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો. અમે વૈશાલીને વોટ્સએપ પર તેનું લાઈવ લોકેશન શેર કરવાનું પણ કહ્યું હતું, જે પુષ્ટિ કરે છે કે, તે ખરેખર રોમાનિયામાં જ છે. એક પ્રાદેશિક સમાચાર પોર્ટલ UttarPradesh.ORGએ પણ અહેવાલ આપ્યો છે કે, વૈશાલીની ધરપકડના દાવા ખોટા છે. આથી, યુક્રેનમાં અટવાયેલી મેડિકલ સ્ટુડન્ટ વૈશાલી યાદવનો એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો અને તે એવા ખોટા દાવા સાથે શેર કરવામાં આવ્યો હતો કે તેણે ભારતને બદનામ કરવા માટે તેના પિતાના કહેવા પર આ વીડિયો બનાવ્યો હતો. તેના પિતા સમાજવાદી પાર્ટીના નેતા છે.

(સૌ: અલ્ટર ન્યૂઝ.કોમ)

ચીને રશિયાને ઓલિમ્પિક્સના અંત સુધી યુક્રેન પર આક્રમણને વિલંબિત કરવાનું કહ્યું હતું : અહેવાલ

અહેવાલ સૂચવે છે કે, વરિષ્ઠ ચીની અધિકારીઓને ગયા અઠવાડિયે આક્રમણની શરૂઆત પહેલાં રશિયાની યુદ્ધ યોજનાઓ અથવા ઈરાદાઓ વિશે અમુક સ્તરનું જ્ઞાન હતું

(એજન્સી) ન્યુયોર્ક, તા.૩

એક પશ્ચિમી ગુપ્તચર અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ચીનના વરિષ્ઠ અધિકારીઓએ ફેબ્રુઆરીની શરૂઆતમાં રશિયાના વરિષ્ઠ અધિકારીઓને કહ્યું હતું કે, બેઈજિંગમાં વિન્ટર ઓલિમ્પિક્સના અંત પહેલા યુક્રેન પર આક્રમણ ન કરે. ન્યુયોર્ક ટાઈમ્સે વરિષ્ઠ બાઈડન વહીવટીતંત્રના અધિકારીઓ અને એક યુરોપિયન અધિકારીને ટાંકીને આ અહેવાલ આપ્યો હતો. અહેવાલ સૂચવે છે કે, વરિષ્ઠ ચીની અધિકારીઓને ગયા અઠવાડિયાના આક્રમણ પહેલા રશિયાની યુદ્ધ યોજનાઓ અથવા ઈરાદાઓ વિશે અમુક સ્તરનું જ્ઞાન હતું. ગયા મહિને ઓલિમ્પિક્સના ઉદ્ઘાટન સમારંભ પહેલાં બેઈજિંગમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરી હતી. એનવાયટીએ અહેવાલ આપ્યો હતો કે, મોસ્કો અને બેઈજિંગે તે સમયે ૫૦૦૦ શબ્દોનું એક નિવેદન જારી કર્યું હતું. જેમાં જાહેર કરવામાં આવ્યું હતું કે, તેમની ભાગીદારીની કોઈ મર્યાદા નથી અને નાટોના વિસ્તરણની નિંદા કરતા ભારપૂર્વક કહ્યું હતું કે, તેઓ સાચી લોકશાહી સાથે નવા વૈશ્વિક આદેશની સ્થાપના કરશે. ચીને ૨૦ ફેબ્રુઆરીએ ઓલિમ્પિક્સના સમાપન સમારંભનું આયોજન કર્યું હતું. બીજા દિવસે પુતિને પૂર્વી યુક્રેનના બળવાખોર નિયંત્રિત વિસ્તારમાં રશિયાના વધુ સૈનિકોના પ્રવેશનો આદેશ આપ્યો હતો. જયારે રાજ્ય ટેલિવિઝને તેમની અને તેમની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ વચ્ચેની એક



બેઠકનું પ્રસારણ કર્યું હતું અને એક લાંબા ભાષણમાં તેમણે કહ્યું હતું કે, યુક્રેન એક અસ્તિત્વમાં રહેલા દેશ તરીકે નહીં પરંતુ રશિયાનો એક ભાગ તરીકે હોવો જોઈએ એનવાઈટીના અહેવાલમાં આમ જણાવવામાં આવ્યું હતું. ઓલિમ્પિક્સ અગાઉ બેઈજિંગમાં તેમની ચર્ચાઓ પહેલા જિનપિંગ અને પુતિન ૩૭ વખત રાષ્ટ્રીય નેતા તરીકે મળ્યા હતા.

બિઝનેસમેન એલેક્સ કોનાનીખિને ઓફર રજૂ કરી

રશિયાના રાષ્ટ્રપતિની ધરપકડ કરનારને ૭.૫ કરોડનું ઈનામ

(એજન્સી) મોસ્કો, તા.૩

રશિયા દ્વારા યુક્રેન પર હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. યુક્રેન પર આક્રમણ કરવાના નિર્ણયના કારણે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વિશ્વમાં એકલા પડી રહ્યા છે. ત્યારે આ બધા વચ્ચે મોસ્કોના પ્રખ્યાત બિઝનેસમેન એલેક્સ કોનાનીખિનએ પુતિનની ધરપકડ કરનારાને કરોડો રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. કોનાનીખિનના કહેવા પ્રમાણે જો કોઈ વ્યક્તિ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ધરપકડ કરશે તો પોતે તેને ૭.૫ કરોડ રૂપિયાનું ઈનામ આપશે. એલેક્સ કોનાનીખિને લિંકડિન પર આ પોસ્ટ કરી છે. આ પોસ્ટની સાથે જ વ્લાદિમીર પુતિનનો ફોટો પણ લગાવ્યો છે અને લખ્યું છે કે, જીવતો કે મરેલો. તેમણે પોસ્ટમાં લખ્યું હતું કે, 'હું વચન આપું છું કે, જે પણ અધિકારી પોતાની બંધારણીય ફરજનું પાલન કરશે તથા પુતિનની એક યુદ્ધ અપરાધી તરીકે રશિયન અને આંતરરાષ્ટ્રીય કાયદા અંતર્ગત ધરપકડ કરશે તેને હું ૧૦ લાખ ડોલર આપીશ.' વધુમાં લખ્યું છે કે, 'પુતિન

રશિયાના રાષ્ટ્રપતિ નથી. તેમણે સ્પેશિયલ ઓપરેશન અંતર્ગત રશિયાના અનેક એપાર્ટમેન્ટ, બિલ્ડિંગ ઉડાવી દીધા. ત્યાર બાદ તેમણે ઈલેકશન ન કરાવ્યા, બંધારણનું ઉલ્લંઘન કર્યું, તેમણે પોતાના વિરોધીઓની હત્યા કરાવી.' એલેક્સ કોનાનીખિને લખ્યું હતું કે, 'રશિયાના નાગરિક હોવાના નાતે આ મારૂં નૈતિક કર્તવ્ય છે કે, રશિયાને નાઝીવાદ અને તેના પ્રભાવમાંથી છુટકારો અપાવવા માટે હું મદદ કરૂં. યુક્રેને આ યુદ્ધમાં એક નાયક તરીકે પુતિન સામે પોતાનો પક્ષ રજૂ કર્યો.' એલેક્સ કોનાનીખિનને પહેલેથી જ રશિયન સરકાર સામે તણાવ રહ્યો છે. ૧૯૯૬માં છપાયેલા વોશિંગ્ટન પોસ્ટના એક આર્ટિકલ પ્રમાણે એલેક્સે મોસ્કો ફિઝિક્સ એન્ડ ટેક્નિકલ ઈન્સ્ટિટ્યુટમાં અભ્યાસ કર્યો, પરંતુ તેમના અભ્યાસ પર પ્રતિબંધ મુકી દેવાયો. ત્યાર બાદ તેમણે સ્ટુડન્ટ કંસ્ટ્રકશન કોઓપરેટિવની શરૂઆત કરી. તેમણે અન્ય કેટલાય બીજા વેપારો પણ કર્યા. તેમાં બેટ્ટિંગ, સ્ટોક્સ અને રિલય એસ્ટેટનો સમાવેશ થાય છે. ૨૫ વર્ષની ઉંમરે પહોંચવા સુધીમાં તેમના પાસે ૧૦૦ ફર્મ હતી.

સુપરવડ પાસે બંધ પડેલી બોગી સાથે બાઈક ટકરાઈ

હુસેનાબાદના બે યુવાન મિત્રો ઐયુબ અને રવિનું અકસ્માતમાં મોત થતા આખું ગામ હિબકે ચડયું

માંગરોળ, તા.૩

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના હુસેનાબાદ ગામના બે ગાઢ મિત્રો ઐયુબ અને રવિ બુધવારે સાંજે બાઈક પર આરેણાથી હુસેનાબાદ પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં બંધ પડેલ બોગી સાથે બાઈક અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પરિણામે બંને મિત્રોનાં મોત નિપજતા આખું હુસેનાબાદ ગામ હિબકે ચડયું હતું.

આ બનાવની મળતી વિગતો મુજબ હુસેનાબાદના બે મિત્રો ઐયુબ મોહમદ કાલવાત ઉ. વ. ૨૧ અને રવિ રણજીત કામરીયા ઉ. વ. ૨૨ આ બંને મિત્રો બાઈક પર બુધવારની સંધ્યાએ કોઈ કામ સબબ આરેણા ગયા હતા. ત્યાંથી રાત્રે ૯ વાગ્યાની આસપાસ બંને મિત્રો બાઈક પર પરત પોતાના ઘરે હુસેનાબાદ ગામે પરત ફરી રહ્યા હતા. એ દરમિયાન

(તસવીર : યુસુફ ચુડલી, માંગરોળ)

સુપરવડ પાસે વળાંક પર બંધ હાલતમાં પડેલી બોગીમાં બાઈક ધડાકાભેર અથડાઈ હતી. પરિણામે ઐયુબને માથાના ભાગે અને તેના મિત્ર રવિને છાતી અને બાવળાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. બંનેને તાત્કાલિક અસરથી માંગરોળ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં ઐયુબને તબીબો દ્વારા મૃત જાહેર કરાયો હતો જ્યારે તેના મિત્ર રવિને વધુ સારવાર માટે રાજકોટ લઈ જવામાં આવ્યો હતો પરંતુ તેનું પણ મોત નીપજ્યું હતું. ભાઈ જેવા બંને જુવાનજોધ મિત્રોના અકાળે મોત થતા આખા ગામમાં માતમ છવાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં પાલિકા પ્રમુખ મોહંમદહુસેન ભાઈ ઝાલા, જમીયત ઉલમા જૂનાગઢ જિલ્લા સેક્રેટરી અ.રજાક ગોસલીયા, હુસેનાબાદ તાલુકા પંચાયત સદસ્ય આહમદભાઈ બતક સહિતના આગેવાનો સરકારી હોસ્પિટલે દોડી આવ્યા હતા. આ બાબતે માંગરોળ પોલીસ દ્વારા પંચનામું કરી આગળની તપાસ હાથ ધરી છે.

સાંસદ મનસુખ વસાવાના વાણી વિલાસના વિરોધમાં

વાગરા મામલતદાર કચેરીના સ્ટાફે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો

વાગરા, તા.૩

ભરૂચ ભાજપના સાંસદ મનસુખ વસાવાએ ગત સપ્તાહે માલોદ ચોકડી નજીક ડમ્પરની અડફેટે ત્રણ લોકોનાં મોત નિપજયા બાદ કરજણના મામલતદાર સામે અશોભનીય વર્તન દાખવી ગાળા-ગાળી કરી હતી જેની વિરૂદ્ધ મામલતદાર એસોસિએશન દ્વારા આંદોલનનું રણસિંગું ફૂંકવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે વાગરા મામલતદાર કચેરીના સ્ટાફે કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી સાંસદના બેફામ વાણી વિલાસનો વિરોધ નોંધાવ્યો હતો. સાંસદ સભ્યએ મામલતદાર વિરૂદ્ધ બિભત્સ

(તસવીર :- સૈયદ અમજદ, વાગરા)

શબ્દોનો પ્રયોગ કર્યાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો જેની રાજય મામલતદાર એસોસિએશને ગંભીર નોંધ લીધી હતી. સાંસદ માફી માંગે કાં તો તેઓની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે માટે અનેક જિલ્લાઓમાં આવેદન આપવામાં આવ્યા હતા. જો કે, આવેદન આપવાને દસ દિવસ જેટલો સમય પસાર થયા બાદ પણ મનસુખ વસાવા વિરૂદ્ધ કોઈ જ કાર્યવાહી હાથ ધરવામાં ન આવતા મામલતદાર એસોસિએશને ઉગ્ર આંદોલન આપવાની દિશામાં ગતિવિધિઓ તેજ બનાવી દીધી છે.

કબ્રસ્તાન ટ્રસ્ટ દ્વારા સરકારી તંત્રને રજૂઆત

મોડાસાના હજીરા વિસ્તારના કબ્રસ્તાનની પાસેના હાઈવે પર દબાણોની ભરમાર

મોડાસા, તા.૩

મોડાસા શહેરના હજીરા વિસ્તારમાંથી પસાર થતા મોડાસા-રાયગઢ-હિંમતનગર સ્ટેટ હાઈવે પર કબ્રસ્તાન પાસે દબાણોની ભરમાર સર્જાઈ છે. સરકારી તંત્રની જરાય ફિકર રાખ્યા વગર દિન-પ્રતિદિન કાચા-પાકા દબાણો વધતા જ જાય છે. અરવલ્લી જિલ્લાનું મોડાસા મુખ્ય મથક હોવાથી જિલ્લા સેવા સદન, કોર્ટ સંકુલ, જિલ્લા પોલીસ વડા કચેરી, આરટીઓ કચેરી સાથે સરકારી કચેરીઓ આવેલી હોવાથી હજારો લોકોની અવર-જવર આ વિસ્તારમાં રહે છે. હજીરા વિસ્તાર મોટા જંકશન તરીકે વિકસ્યું છે. આ જંકશન પાસેથી હિંમતનગર તરફ જતા રાજય ધોરી માર્ગ પર રસ્તાની બંને બાજુ મોટું કબ્રસ્તાન આવેલ છે. આ કબ્રસ્તાનના ટ્રસ્ટીઓ દ્વારા હાઈવે ૭૨ સરકાર નિયમ

મુજબ સરકારની સંપાદિત જગ્યા છોડી વાયર-ફેન્સિંગ કરેલ છે. આ વાયર ફેન્સિંગ હોવા છતાં સરકારની સંપાદિત થયેલ રોડ માર્જિનની જગ્યામાં ઠેર-ઠેર કેબિનો મૂકી દબાણો કરવામાં આવેલા છે. આ દબાણોથી રોડ માર્જિનની જગ્યા પૂરપૂરી દબાઈ જવાથી ટ્રાફિકની અવર-જવર સામે ગંભીર ખતરો પણ ઊભો થયેલ છે. આયે દિન અકસ્માતો પણ થાય છે. અરવલ્લી જિલ્લાથી સાબરકાંઠા જિલ્લાને જોડતો એકમાત્ર હાઈવે હોવાથી ભારે ટ્રાફિકની અવર-જવર પણ રહે છે. કબ્રસ્તાન અને દરગાહ જેવી ધાર્મિક જગ્યાએ અમુક લોકોએ બિન્દાસ્ત ગલ્લાઓ મૂકી દબાણો કરેલા છે. આ દબાણો એકદમ ગેરકાયદેસર છે. આ ગેરકાયદેસર દબાણો દૂર કરી રોડ માર્જિનની જગ્યાને સુરક્ષિત કરવાની તાતી જરૂરિયાત જોતાં હજીરા કબ્રસ્તાન ટ્રસ્ટ દ્વારા અરવલ્લી જિલ્લા કલેકટર તથા માર્ગ અને મકાન વિભાગને ગેરકાયદેસર દબાણો ત્વરીત દૂર કરી દબાણકર્તાઓ સામે યોગ્ય પગલા લેવાની લેખિત રજૂઆત કરવામાં આવી છે.

છોટાઉદેપુર જિલ્લામાં પ્રથમ વાર બોર્ડના

વિદ્યાર્થીઓ માટે કાઉન્સેલિંગ સેન્ટરની શરૂઆત

પાવીજેતપુર, તા.૩

છોટાઉદેપુર જિલ્લાના ધોરણ ૧૦,૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓ માટે સૌપ્રથમ વાર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા કાઉન્સેલિંગ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ૨૮ માર્ચથી શરૂ થનારી બોર્ડ દ્વારા લેવાનાર ધો. ૧૦ અને ૧૨ની જાહેર પરિક્ષા સંદર્ભે કોરોના કાળના માઠા પરિણામ સ્વરૂપે વિદ્યાર્થીઓમાં પરિક્ષાનો ડર, આત્મવિશ્વાસનો અભાવ, યાદ નથી રહેતું, વાંચવું નથી ગમતું આવી અનેક સમસ્યાઓ જોવા મળે છે. જેથી નવ નિયુક્ત જિલ્લા શિક્ષણાધિકારી કિંજલબેન પાચાણીએ વિદ્યાર્થીઓ પુરેપુરા આત્મવિશ્વાસ સાથે અને નિર્ભયપણે પરિક્ષા આપી જવલંત સફળતા મેળવે તેવા ઉમદા હેતુસર વિદ્યાર્થી કાઉન્સેલિંગ સેન્ટર શરૂ કરવામા આવ્યું છે. જેમાં જિલ્લાના કુલ ૧૦ માર્ગદર્શકના નામ અને મોબાઈલ નંબર આપવામાં આવ્યા છે. જે નંબર વિદ્યાર્થી ગમે ત્યારે ફોન કરી માર્ગદર્શન મેળવી શકશે.

ખેડાના વાસણા ખુર્દ ગામનો બનાવ

દૂધ ઉત્પાદક સહકારી મંડળીના માજી સેક્રેટરીએ પાંચ લાખની ઉચાપત કરી

નડિયાદ, તા.૩

ખેડા પંથકના વાસણા ખુર્દ ગામે ઉચાપતના બનાવ સામે આવ્યો છે. આ ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીના માજી સેક્રેટરીએ પોતાના હોદ્દા પર રહીને લાખોની ગોલમાલ આચરતાં ચકચાર જાગી છે.

મળતી માહિતી મુજબ ખેડા તાલુકાના વાસણા ખુર્દ ગામે આવેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન ગામના મફત રતિભાઈ ચૌહાણ સેક્રેટરી તરીકેની ફરજ બજાવતા હતા. આ દરમિયાન તેઓએ મંડળીના વહીવટના રોજમેળાપના નાણાંની ગોલમાલ આચરી હતી. મફત ચૌહાણે મંડળીના સીલકના કુલ રૂપિયા ૫ લાખની ઉચાપત આચરી હતી.

૨૦૧૯ના એપ્રિલ માસમાં ઓડિટ થતાં આ સમગ્ર ઉચાપતનું કૌભાંડ બહાર આવ્યું હતું. આ ઓડીટ વર્ષ ૨૦૨૧મા પૂર્ણ થયું હતું. જેમા ઉપરોક્ત ૫ લાખની ઉચાપતનો પર્દાફાશ થયો હતો. માજી સેક્રેટરી સામે ફોજદારી કાર્યવાહી કરવા પગલા ભરવા આદેશ થતાં ગતરોજ આ મામલે દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેન બાદર ચૌહાણે ઉચાપત આચરનારા માજી સેક્રેટરી મફત ચૌહાણ સામે ખેડા ટાઉન પોલીસમા ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈપીસી ૪૦૯ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી દીધી છે.

ડીસા DNP આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે સાયબર સેમિનાર યોજાયો

ડીએનપી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ડીસા મૂકામે વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાનો સદ્‌ઉપયોગ તથા સાયબર સિક્યુરિટી બાબતે તેમજ ડિજિટલ ટેક્નોલોજીનો સાતત્ય પૂર્ણ ઉપયોગ માટે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને કાયદાકીય માહિતી આપી હતી. **(તસવીર :- જમીલ મેમણ, ડીસા)**

પાંડેસરા પોલીસનું પ્રશંસનીય કામગીરી

ગુમ થયેલા ૧૧૧ બાળકોને શોધી તેમના પરિવારજનો સાથે મિલન કરાવ્યું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨

પાંડેસરા પોલીસે તેમના હદ વિસ્તારમાંથી છેલ્લા ૮ મહિનામાં ગુમ થયેલા ૧૧૧ બાળકોને શોધી કાઢી તેમના પરિવાર સાથે મિલન કરાવી પ્રશંસનીય કામગીરી કરી છે. સુરત પોલીસ શહેરમાં લૂંટફાટ, મર્ડર, અપહરણ અને રેપ સહિતના ગુનાઓ રોકવા તમામ પ્રયાસો કરી રહી છે. ઉપરાંત શહેરમાં ગુમ થતાં બાળકો સાથે પણ કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને તેઓને તાત્કાલિક અસરથી શોધી કાઢી તેના માતા-પિતાને સોંપવા સહિતની કામગીરી પણ કરી રહી છે. પાંડેસરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ઔદ્યોગિક એકમો જેવા વિસ્તારોમાં બાળકો ગુમ થવાના કિસ્સા અવારનવાર બનતા હોય છે છેલ્લા ૮ માસ દરમિયાન પાંડેસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલા બાળકો શોધી કાઢવા પીઆઈ એ.પી.ચૌધરી અને તેમની ટીમે બનાવની ગંભીરતા સમજી તાત્કાલિક સ્થળ પર પહોંચી અલગ-અલગ ટીમો બનાવી હ્યુમન સોર્સિસ તથા ટેક્નિકલ સોર્સિસના આધારે ગુમ થયેલા ૧૧૧ બાળકોને શોધી કાઢી તેમના પરિવાર સાથે મિલન કરાવી પ્રશંસનીય કામગીરી કરી હતી, જેમાં ૫ વર્ષની અંદરના ૬૪ જેટલા બાળકો, ૬થી ૧૦ વર્ષની અંદર ૨૧ બાળકો, ૧૧થી ૧૫ વર્ષની અંદર ૨૧ બાળકો અને ૧૬થી ૧૮ વર્ષની અંદર ૫ બાળકોના સમાવેશ થાય છે.

ગોથાણથી હજીરા વચ્ચે નવી બ્રોડગેજ લાઈન નાંખવા માટે

૧૪ ગામોની ૮૫ હેક્ટરથી વધુ જમીન સંપાદન કરવાની કાર્યવાહીનો ખેડૂત સમાજનો ઉગ્ર વિરોધ

'લડત દરમ્યાન તમારા પર નરેન્દ્ર મોદી કે પછી ગુજરાતના કોઈ નેતાનો ફોન આવે તો પણ ના પાડી દેજો' : જયેશ પટેલ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩

શહેરના ગોથાણ-હજીરા નવી બ્રોડગેજ રેલવે લાઈનના વિરોધમાં આજે યોજાયેલી ખેડૂત સમાજની બેઠકમાં શનિવારથી ઓટલા બેઠક અને ૧૧મી માર્ચે મહારેલીની જાહેરાત કરીને લડતનો પ્રારંભ કર્યો છે.

ગોથાણથી હજીરા વચ્ચે ન્યૂ બ્રોડગેજ રેલવે લાઈન માટે ૧૪ ગામોની ૮૫ હેક્ટરથી વધુ જમીન સંપાદન કરવાની શરૂ થયેલી કાર્યવાહીને લઈને ખેડૂતોમાં ભારે વિરોધ છે. આગામી શનિવારથી ૧૪ ગામોમાં તબક્કાવાર જઈને ઓટલા બેઠક કરવાનું નક્કી કરાયું હતું. આગામી ૧૧મી માર્ચે અલગ-અલગ બે જગ્યા વરિયાવથી ભેંસાણ અને જૂનાગામથી ઈચ્છાપોર રેલી કાઢીને તમામ જિલ્લા કલેક્ટર કચેરી જઈ વાધાઓ રજૂ કરાશે અને જમીન નહીં આપવાના નિર્ણયની જાણ કરાશે.

જમીન સંપાદન માટે ખેતરમાં માપણી કરવા આવનારાને ખેતરમાં ઘૂસવા દેવાશે નહીં

હાલ તો સામાજિક અસર શું થશે તેને લઈને જાહેરનામું બહાર પાડ્યું છે. પરંતુ આગામી દિવસોમાં જાહેરનામું બહાર પાડતા પહેલા ખેતરોમાં જઈને સર્વે કરાશે. સર્વે કર્યા પછી જ જમીન સંપાદન કરવામાં આવશે. જો ખેડૂતો સર્વે કે માપણી જ નહીં કરવા દેશે તો કલમ-૧૧ હેઠળનું જે જાહેરનામું બહાર પડશે તો તે માન્ય ગણાશે નહીં. આથી જમીનની માપણી કરવા કોઈને ખેતરમાં ઘૂસવા નહીં દેવા બેઠકમાં ઠરાવાયું હતું.

હાલમાં કૃભકો કંપનીની રેલવે લાઈન છે, તે રેલવે લાઈનના પાટા પર જ અદાણી, એએમએનએસ કે પછી અન્ય કંપનીઓ માટે ગૂડઝ ટ્રેન દોડાવો. બેઠકમાં ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોની મહામૂલી જમીન અપાશે નહીં. હજીરાના મહાકાય ઉદ્યોગોને રેલવે આપવા માટે જમીન કોડીના ભાવે લઈ લેવા માંગે છે. સરકારે ઉદ્યોગોને ફાયદો કરાવવો છે તો ઉદ્યોગો પાસેથી રૂપિયા લઈને હાલ હયાત રેલવે લાઈનનો ઉપયોગ કરે તો ખેડૂતોને નુકસાન થશે નહીં. તેમણે કહ્યું કે, આ લડત દરમ્યાન તમારા પર નરેન્દ્ર મોદી કે પછી ગુજરાતના કોઈ નેતાનો ફોન આવે તો પણ ના પાડી દેજો. તમને કોઈ પદની લાલચ આપે તો પણ ચોખ્ખી ના પાડશો તો જ જીત થશે. આજની બેઠકમાં ખેડૂતો દ્વારા નક્કી કરાયું હતું કે મહારેલી કાઢીને આપણે જિલ્લા કલેક્ટરને વાંધાઓ આપવા જઈશું. આથી વાંધાઓ આપવા હોય તો કોઈ પણ પરમિશનની જરૂર નથી. જો પોલીસ દ્વારા ખેડૂતો પર કાર્યવાહી કરાશે તો ખેડૂતો જેલભરો આંદોલન કરતા પણ ખચકાશે નહીં.

આણંદમાં મુસ્લિમ વેલ્ફેર ટ્રસ્ટના ઉપક્રમે ૧૨મો સમૂહ લગ્ન સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૩

આણંદ શહેરમાં આણંદ શહેર સુન્ની મુસ્લિમ વેલ્ફેર ટ્રસ્ટના ઉપક્રમે ૧૨મો સમૂહ શાદી સમારોહ યોજાઈ ગયો, જેમાં પાંચ નવ યુગલોએ નિકાહની રસમ અદા કરી સંસારીક જીવનનો પ્રારંભ કર્યો હતો.

આ પ્રસંગે પીરેતરીકત શબ્બીરહુશેન ઉર્ફે કારીબાપુએ તીલાવતે કુર્આનથી સમારોહનો પ્રારંભ કર્યા બાદ ટ્રસ્ટના પ્રમુખ ઐયુબખાન પઠાણે સ્વાગત પ્રવચન કરી મહેમાનોનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે એમબીબીએસનો અભ્યાસ કરી ડૉક્ટરની પદવી પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીની ડૉ.હન્ના મહેબુબભાઈ કેળાવાળાનું તેમજ રાષ્ટ્રપતિ ચંદ્રક પ્રાપ્ત કરનાર એએસઆઈ મહંમદ યુસુફ શેખનું શાલ ઓઢાડીને સમાજ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત હાજી રિયાઝુદ્દીન એ કાદરી (નિવૃત્ત ઈન્કમટેક્ષ અધિકારી)એ આજના મોંઘવારીના યુગમાં દેખાદેખીથી દેવા કરીને ભભકાદાર લગ્નોના બદલે સાદગીપૂર્ણ રીતે સરીયત મુજબ નિકાહ કરી બચેલા નાણાંનો સંતાનોના શિક્ષણ માટે તેમજ

(તસવીર :- બુરહાન પઠાણ, આણંદ)

પરિવારના ઉત્થાન માટે ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત આણંદ નગરપાલિકા ના પ્રમુખ રૂપલબેન પટેલે પ્રાસંગિક પ્રવચન કરતા આજના મોંઘવારીના સમયમાં સાદગીભર્યા લગ્નો પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, સાદગીભર્યા સમૂહ લગ્નોમાં ગરીબ અને સામાન્ય વર્ગના લોકોએ ભાગ લેવો જોઈએ, તેઓએ નિકાહ પઢી સંસારીક જીવનનો પ્રારંભ કરનાર નવદંપતીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે પાલિકાના ઉપપ્રમુખ છાયાબા ઝાલા, કારોબારી કમિટીના ચેરમેન સચીન પટેલ, ગુલામઅલી કાસમભાઈ ધાનાણી, જલાલભાઈ જીગરભાઈ ધાનાણી (જે.કે), નિવૃત્ત પીએસઆઈ હાજી હબીબખાન પઠાણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પીરેતરીકત શબ્બીરહુશેન ઉર્ફે કારીબાપુ, પીરે તરીકત સૈયદ ગુલામરસુલ ઉર્ફે જલાલીબાપુ કારંટાવાળા, પીરે તરીકત સૈયદ અબરારહુશેન બાપુ, પીરે તરીકત સૈયદ જાકીરબાપુએ નવદંપતીઓને સુખી લગ્નજીવન માટે દુઆઓ આપી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના ઉપપ્રમુખ યાવરહુશેન ઠાકોરનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ટ્રસ્ટના સ્થાપક મર્હૂમ હાજી મુસ્તુફામિયાં હાસમમિયાં ઠાકોર, દાતા મર્હૂમ જીગરભાઈ કાસમભાઈ ધાનાણી, ટ્રસ્ટના મર્હૂમ બિસ્મિલ્લાખાન એચ.પઠાણે સમૂહ લગ્નના પ્રારંભથી ટ્રસ્ટમાં સેવાઓ આપવા બદલ તેઓને યાદ કરી તેઓ માટે ખાસ દુઆ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ હાજી ઐયુબખાન પઠાણ, ઉપપ્રમુખ યાવરહુશેન ઠાકોર, સેક્રેટરી હાજી મો.સલીમ સમસુદ્દીન મલેક, જોઈન્ટ સેક્રેટરી હાજી ઈનાયતુલ્લા એ.શેખે જહેમત ઉઠાવી હતી.

સુરત મનપાના કર્મચારીનો ચાલુ ફરજ પર આપઘાતનો પ્રયાસ : અધિકારીઓ ત્રાસ આપતા હોવાનો આક્ષેપ

ઉચ્ચ અધિકારીઓના ત્રાસથી મચ્છર મારવાની દવા પી લીધી; સુસાઈડ નોટમાં નોંધ, મેમો, શો-કોઝ નોટિસ આપી માનસિક રીતે હેરાન કરાતો હોવાનો આક્ષેપ મૂકતાં ચકચાર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩

સુરત પાલિકાના વરાછા ઝોનના કર્મચારીએ આપઘાતનો પ્રયાસ કરતા ચર્ચાનો વિષય બન્યો છે. ચાલુ ફરજ પર સુસાઈડ નોટ લખી ઝેરી દવા પી લેનાર પ્રતાપ ડાહ્યાભાઈ પટેલ પ્રાઈમરી હેલ્થ વર્કર હોવાનું સામે આવ્યું છે. મેમો, શો-કોઝ નોટિસ આપી માનસિક રીતે હેરાન કરતા ઉચ્ચઅધિકારીઓના ત્રાસથી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું સુસાઈડ નોટમાં લખ્યું છે. પ્રતાપભાઈને હાલ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ઘટના આજરોજ સવારે ૮ વાગ્યાની છે. પ્રતાપભાઈની સુસાઈડ નોટના આધારે તપાસ ચાલી રહી છે. પોતાની જ ફુલપાડા ઓફિસમાં મચ્છર મારવાની દવા પી લેતા ભાગદોડ મચી ગઈ હતી. સાથી કર્મચારીઓ તાત્કાલિક પ્રતાપભાઈને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તેમની તબિયત સાધારણ હોવાનું જાણવા મળ્યું છે. પરિવારે કહ્યું હતું કે, પ્રતાપભાઈ ૨૫ વર્ષથી કામ કરી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી એમના વિસ્તારમાં મેલેરિયાના કેસ નહીં હોવા છતાં ખોટા કેસ બનાવવાના પેપર પર સહી કરાવવા ત્રાસ આપી રહ્યા હતા. વધુમાં જાણવા મળ્યું હતું કે, સુસાઈડ નોટમાં પ્રતાપભાઈએ નાયબ આરોગ્ય અધિકારી એ.પી. ભટ્ટ, જંતુનાશક અધિકારી જે.ડી. પટેલ, એસએસઆઈ રમીલાબેન ગામીતના માનસિક ત્રાસને લઈ આપઘાતનો પ્રયાસ કરી રહ્યો હોવાનો ઉલ્લેખ કરતા તપાસ ચાલી રહી છે. સુસાઈડ નોટમાં પ્રતાપભાઈએ જણાવ્યું છે કે, ત્રણેય ઉપરી અધિકારીઓ પાલિકાને નુકસાન પહોંચાડવાનું કામ કરી રહ્યા છે. નોંધ, મેમો, શો-કોઝ નોટિસ, ભેદભાવ રાખી રહ્યા છે. કોઈ કારણ વગર ચાર્જશીટ આપી કે અપાવી ખોટા રિપોર્ટ કરી મને ફસાવવા માંગે છે. એટલું જ નહીં પણ મને જ ટાર્ગેટ બનાવી રહ્યા છે. આ ત્રણેય અધિકારીઓના માનસિક ત્રાસથી આપઘાત કરવાના હેતુથી મચ્છર મારવાની દવા પીધી છે.

કરજણ પોલીસ

મથકમાં મહિલા સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ

પાલેજ, તા.૩

વડોદરા જિલ્લાના કરજણ પોલીસ મથકમાં મહિલા સુરક્ષા સેતુ અંતર્ગત મહિલા સુરક્ષા સમિતિની એક બેઠક કરજણ નગર સહિત તાલુકાના ગ્રામીણ વિસ્તારની સુરક્ષા સમિતિની મહિલાઓની હાજરીમાં યોજાઈ હતી. આયોજિત બેઠકમાં મહિલાઓની સમસ્યાઓ વિશે વિસ્તૃત છણાવટ સાથે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકનો મુખ્ય હેતુ સાંપ્રત આધુનિક યુગમાં મહિલાઓ પર જે અત્યાચારો થાય છે. એ માટેનો હતો. આયોજિત બેઠકમાં કુમુદ બેન જે. પટેલ, હિનાબેન પટેલ, વિલાસ બેન નટુભાઈ, અર્ચના બેન ઠાકોર તેમજ મહિલા મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

વાજપેયી બેંકેબલ યોજના અંતર્ગત રૂા.૧.૧૫ લાખની સહાય મેળવી

માત્ર સાતમું પાસ ખેડબ્રહ્માની મહિલા વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવી આર્થિક રીતે સદ્ધર બની

મારા જેવી ૧૦ જેટલી બહેનોને રોજગારી આપું છું : કાંતાબેન

હિંમતનગર, તા.૩

ખેડબ્રહ્માના વતની કાંતાબેન હિંમતભાઈ પંચાલને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર થકી વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત ૧.૧૫ લાખની આર્થિક સહાય મળવાથી કાપડ વેપાર, સીવણક્લાસ, બ્યુટીપાર્લર, ભરતગુંથણ અને વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવીને આર્થિક રીતે પગભર બન્યા છે. કાંતાબેન જણાવે છે કે, મારૂં પિયર કચ્છમાં છે અને ત્યાં હું ધોરણ સાત સુધીનો અભ્યાસ કર્યો છે. પોતાના પિયર કચ્છમાંથી ભરતગુંથણનું કામ શીખી હતી. લગ્ન પછી અહિં સંસ્થા દ્વારા ચાલતા સીવણ ક્લાસમાં મહિલાઓને સીવણ શીખવાડીને પોતાનું ગુજરાન ચલાવતી હતી. આ કાર્ય કરતા કરતા મને સ્વતંત્ર રીતે સીવણક્લાસ શરૂ કરવાનો વિચાર આવ્યો. પરંતુ આ સીવણ ક્લાસ શરૂ કરવા માટે મારી આર્થિક સ્થિતિ સધ્ધર ન હોતી. જેથી મને મારા ઓળખીતા દ્વારા જિલ્લા ઉદ્યોગ કેંદ્ર હિંમતનગરની મુલાકાત લેવા અંગે માહિતી મળી. જેથી હું જિલ્લા ઉદ્યોગ કેંદ્ર ખાતે ત્યાંના અધિકારીઓને મળી મારા વિચાર રજૂ કર્યો અને ત્યાંથી મને ખુબ સહકાર મળ્યો અને સ્વતંત્ર

(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

સીવણ ક્લાસ માટે રૂા.૧.૧૫ લાખની આર્થિક સહાય મળી હતી. આ ઉપરાંત કાંતાબેન કાપડનો વેપાર, સુતરના હિંચકા બનાવવા, ચંપલ, નાળિયેરીના રેસામાંથી ગણપતિ બનાવવા, શો-પિસની વિવિધ વસ્તુઓ વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવી મહિને ૧૦,૦૦૦/-થી વધુની કમાણી કરે છે. સાથે મારા જેવી બીજી ૧૦ જેટલી બહેનોને રોજગારી આપુ છું. આ બહેનો ઘરે બેઠા મહિને પાંચથી છ હજાર કમાય છે.

MBBSના બાકી રહેલા અભ્યાસ માટે સરકાર ભારતમાં જ કોઈ વ્યવસ્થા ગોઠવે : યુક્રેનથી પરત ફરેલો કાલુપુર પાંચપટ્ટીનો વિદ્યાર્થી અરમાન શેખ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩

રશિયા દ્વારા હાલ યુક્રેન વિરૂદ્ધ યુદ્ધ છેડવામાં આવ્યું છે. યુક્રેનમાં અટવાઈ પડેલા અનેક ભારતીય વિદ્યાર્થીઓ હવે ધીમે-ધીમે ભારત પરત ફરી રહ્યાં છે અને પોતાના યુદ્ધના કડવા અનુભવ તેમજ આપવીતી જણાવી રહ્યાં છે. હાલ આ વિદ્યાર્થીઓને ભારત પરત લાવવા માટે સરકાર દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અમદાવાદ સહિત ગુજરાતના વિદ્યાર્થીઓનો યુક્રેનથી પરત ફરવાનો ક્રમ ચાલુ છે. ત્યારે યુક્રેન એમબીબીએસના અભ્યાસ માટે ગયેલો અરમાન શેખ પણ સહીસલામત અમદાવાદ પોતાના ઘરે પરત ફરતાં પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો. અરમાન શેખનો પરિવાર શહેરના કાલુપુર પાંચપટ્ટીની પાંચખડકીની પોળ ખાતે રહે છે. યુક્રેનથી પરત ફરેલા અરમાન શેખે ગુજરાત ટુડે સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રશિયાના હુમલા બાદ હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. ચારે તરફ અફરાતફરીનો માહોલ હતો. ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નિર્દેશ મુજબ અમે પોલેન્ડ સરહદ તરફ આગળ વધી રહ્યાં હતા. પણ મારા એક સહઅધ્યાયીએ ફોન કરી ગુજરાતના અમારા વિદ્યાર્થીઓના જૂથને જણાવ્યું હતું કે, પોલેન્ડ સરહદે ઘણી લાંબી લાઈન છે. જેથી અમે રોમાનિયા સરહદ તરફ આગળ વધ્યાં હતા. જ્યાંથી ભારતીય એમ્બેસી દ્વારા કરવામાં આવેલી સગવડ મુજબ અમે પહેલાં રાહત કેન્દ્ર અને ત્યારબાદ વિમાન મારફત મુંબઈ એરપોર્ટ ખાતે પહોંચ્યા હતા. મુંબઈમાં ઉતરાણ બાદ સરકારે વ્યવસ્થા કરેલા વાહનમાં સવાર થઈ હું અમદાવાદ મારા ઘરે પહોંચ્યો હતો. અરમાને જણાવ્યું હતું કે, હું યુક્રેનની ટરનોપીલ યુનિવર્સિટીમાં એમબીબીએસનો અભ્યાસ કરતો હતો. છ વર્ષનો અભ્યાસ પૈકી મારા ચાર વર્ષ પૂર્ણ થઈ ગયા છે. હવે બાકી રહેલા બે વર્ષ માટે મુંઝવણ પેદા થઈ છે. ત્યારે અન્ય વિદ્યાર્થીઓની જેમ મારી પણ એવી જ રજૂઆત છે કે, સરકાર ભારતમાં જ અમારા અધૂરા રહેલા અભ્યાસને પૂર્ણ કરવા માટે કોઈ વ્યવસ્થા ગોઠવે તો સારૂં થાય. કેમ કે, હાલના સમયને જોતા પરત જવાના કોઈ સંજોગો દેખાઈ રહ્યાં નથી. અરમાન શેખના પિતા જાવેદ ગુલામ મોહીયુદ્દીન શેખે ગુજરાત ટુડે સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અમારો પુત્ર સલામત રીતે પરત ફર્યો તેની અમને ખુશી છે. અમે હવે મોટો હાશકારો અનુભવ્યો છે. જો કે આર્થિક સંકડામણનો સામનો કરી પુત્રને ભણવા માટે યુક્રેન મોકલ્યો હતો. ત્યારે હાલની સ્થિતિને જોતા ભવિષ્ય માટે ચિંતા જન્મી છે. અમે દુઆ કરીએ છીએ કે, યુક્રેનમાં ફસાયેલા ગુજરાત સહિતના ભારતના અન્ય વિદ્યાર્થીઓ પણ સલામત રીતે પોતાના ઘરે પરત ફરે.

અરમાન શેખ MBBSના અભ્યાસ માટે યુક્રેન ગયો હતો, ચાર વર્ષનો અભ્યાસ પૂર્ણ કર્યો પણ હવે બાકી રહેલા બે વર્ષ માટે ભારે મૂંઝવણ

અમે ખાસ દુઆ કરીએ છીએ કે, યુક્રેનમાં ફસાયેલા ગુજરાત સહિતના અન્ય ભારતીય વિદ્યાર્થીઓ પણ સલામત રીતે પોતાના ઘરે પરત ફરે : અરમાનના પિતા જાવેદ શેખ

પ્રાથમિક સ્કૂલોના પ્રશ્નપત્રો હવે ઓનલાઈન નહી મૂકવાનો નિર્ણય

GCERT દ્વારા અગાઉ વેબસાઈટ અને સોશિયલ મીડિયામાં પણ પ્રશ્નપત્રો મોકલાતા હતા

ઓનલાઈન શિક્ષણ બંધ થતાં હવે સ્કૂલોને પ્રશ્નપત્રો માત્ર ઈ-મેઈલ દ્વારા જ મોકલવામાં આવશે

કસોટી પહેલા પ્રશ્નપત્રો કે જવાબો સોશિયલ મીડિયામાં ફરતા હશે તો ગુનો દાખલ કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં સત્રાંત કસોટી અને સામયિક મુલ્યાંકન કસોટીના પ્રશ્નપત્રો રાજ્ય કક્ષાએ તૈયાર કરવામાં આવતા હોય છે. જોકે, હવે સ્કૂલો જ્યારે ઓનલાઈન બંધ થઈ ગઈ છે ત્યારે આ કસોટીના પ્રશ્નપત્રો પણ ઓનલાઈન માધ્યમમાં ન મુકવાનો નિર્ણય લેવાયો છે. અગાઉ વેબસાઈટ તેમજ સોશિયલ મિડીયા માધ્યમથી આ પેપરો આપવામાં આવતા હતા. પરંતુ હવે સ્કૂલોને માત્ર ઈ-મેઈલ દ્વારા જ પ્રશ્નપત્રો મળશે. પરીક્ષા પહેલા જો પ્રશ્નપત્રો કે જવાબો સોશિયલ મિડીયામાં ફરતા હશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે પણ જીસીઈઆરટી દ્વારા ડીઈઓ અને ડીપીઈઓને સુચના આપી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકાર દ્વારા નિયત થયા મુજબ સત્રાંત કસોટીઓ તેમજ સામયિક મુલ્યાંકન કસોટીઓ રાજ્ય કક્ષાએ તૈયાર કરીને જિલ્લાની પ્રાથમિક શાળાઓને મોકલવામાં આવે છે. કોવિડ-૧૯ના કારણે જૂલાઈ-૨૦૨૦થી જાન્યુઆરી-૨૦૨૨ સુધી સામયિક મુલ્યાંકન કસોટીઓનું અમલીકરણ ઓનલાઈન તેમજ વિદ્યાર્થીઓને ઘરે હાર્ડ કોપી મોકલીને કરાવવામાં આવતું હતું. જેથી સ્વાભાવિક રીતે જ

વિદ્યાર્થીઓ ઘરે રહીને પણ પોતાની અનુકુળતાએ આ કસોટીઓ વેબસાઈટ, પાઠ્ય પુસ્તકોમાં આપેલા ક્યુઆર કોડ, સોશિયલ મિડીયા વગરે દ્વારા મેળવી શકે તેવું આયોજન કરવામાં આવેલું હતું. હાલ શાળામાં વિદ્યાર્થીઓનું પ્રત્યક્ષ શિક્ષણકાર્ય શરૂ થઈ ચુક્યું છે અને ઓનલાઈન શિક્ષણકાર્ય બંધ કરવામાં આવ્યું છે. જેથી દર સપ્તાહે યોજવામાં આવતી સામયિક મુલ્યાંકન કસોટી શાળાકક્ષાએ જ લેવાની થાય છે. જેથી હવે કસોટીઓ સોશિયલ મિડીયા પર મુકવાની કોઈ આવશ્યકતા જણાતી ન હોવાનું જીસીઈઆરટીના નિયામકે નોંધ્યું હતું. આ કસોટીઓ જીસીઈઆરટી ખાતેથી જે તે જિલ્લાના ડીઈઓ અને ડીપીઈઓ કચેરી ખાતે અધિકૃત મેઈલ આઈડી પર મોકલવામાં આવે છે. જેથી હવે આ કસોટીના પ્રશ્નપત્રો જિલ્લામાંથી પણ સંબંધિત શાળાઓ સુધી માત્ર ઓફિશીયલ મેઈલ આઈડી દ્વારા જ પહોંચે અને જાહેર સોશિયલ મિડીયા પર ફરતી ન થાય તેમજ કસોટીની ગોપનીયતા જળવાઈ રહે તેની ખાસ તકેદારી રાખવા માટે જીસીઈઆરટીના નિયામક દ્વારા અધિકારીઓને સુચના આપી છે. કસોટી અમલી થયા પહેલા તેની ગોપનીયતા જાળવવા અને જિલ્લામાંથી કસોટીઓ યુટ્યુબ કે અન્ય જાહેર માધ્યમોમાં ફરતી ન થાય તે જોવાની જવાબદારી પણ અધિકારીઓની રહેશે તેમ જણાવાયું છે. જિલ્લાના શિક્ષક કે અન્ય કોઈ વ્યક્તિ કે સંસ્થા કસોટીઓ કે તેના જવાબો પ્રસારિત કરે તો તેમની ગોપનીયતાનો ભંગ તેમજ કોપી રાઈટ ભંગ અને અન્ય ગુનાઓ બદલ કાયદેસરની કાર્યવાહી કરવા માટે પણ અધિકારીઓને તાકીદ કરી હોવાનું જાણવા મળે છે.

ત્રણ બસો મારફત ગાંધીનગર આવી પહોંચેલ છાત્રોનું ભાવભીનું સ્વાગત કરાયું

યુક્રેનમાં ફસાયેલા ગુજરાતના વધુ ૧૦૭ વિદ્યાર્થીઓ હેમખેમ પરત ફર્યા

આપણા રાષ્ટ્રનો ધ્વજ આ કપરી સ્થિતિમાં અમારી ઓળખ બની ગયો : વિદ્યાર્થીઓ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩

યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓની ત્રીજી બેચ ગુજરાત પહોંચી છે. ગાંધીનગરમાં બસ દ્વારા પહોંચેલા વિદ્યાર્થીઓનું ભાવભીનુ સ્વાગત કરાયુ હતું. તો બીજી તરફ વિદ્યાર્થીઓને જોઈને માતાપિતા ભાવુક થઈ ગયા હતા, અને લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. જેમ જેમ વિદ્યાર્થીઓ બસમાંથી ઉતરતા ગયા, તેમ તેમ માતાપિતા તેમને ભેટીને વળગી પડ્યા હતા. ગુલાબ આપીને તેમનુ સ્વાગત કરાયુ હતું.

કુલ ત્રાણ બસ ભરીને વિદ્યાર્થીઓ યુક્રેનથી આવ્યા હતા. જેમાં ૧૦૭ વિદ્યાર્થીઓ ગુજરાત પહોંચ્યા હતા.વિદ્યાર્થીઓના હાથમાં તિરંગો જોવા મળ્યો હતો. તેઓ યુક્રેનથી બસમાં બેસ્યા ત્યારે પણ તેમના હાથમાં તિરંગો હતો. તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓએ ભારત સરકારનો આભાર માન્યો હતો. યુક્રેનથી આવનારા ૧૦૭ વધુ ગુજરાતી વિદ્યાર્થીઓને ૩ બસમાં ગુજરાતમાં લાવવામાં આવ્યા હતા. ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ ગુલાબનું ફૂલ આપી સ્વાગત કર્યું હતુ. દરેક વિદ્યાર્થીઓના ચેહરા પર ડરની સાથે વતન પરત ફરવાનો આનંદ જોવા મળ્યો હતો. ખૂબ મુશ્કેલીઓનો સામનો કરીને તેઓ મોતના મુખમાંથી બહાર આવ્યા હતા. પરત ફરેલા વિદ્યાર્થીઓ ભારતીય હોવાનું ગર્વ અનુભવી રહ્યા છે. સાથે જ કહ્યું કે, ભારતીય હતા માટે જ યુક્રેનમાં સુરક્ષિત હતા.

એક વિદ્યાર્થીએ કહ્યું કે, અમે સાત દિવસનો સંઘર્ષ કરીને અમે પરત આવ્યા છીએ. ત્યાં અમને ખાવાપીવાની કોઈ વ્યવસ્થા ન હતી. બસની આગળ ભારતનો ધ્વજ લાગ્યો હતો તેથી અમને સરળતાથી જવા દેવાયા હતા. અમે એક દિવસમાં ૫૦ કિમી ચાલ્યા હતા. ત્યાં ટેન્ટ પણ ન હતો, અમે રોડ પર બેસીને ખાવાનું ખાધુ હતું. બીજા દેશના વિદ્યાર્થીઓ પણ ભારતનો ફ્લેગ લગાવીને આગળ જઈ રહ્યા હતા, જેથી તેમને પણ કોઈ તકલીફ ન થાય. તેમણે એવું પણ કહ્યું કે, આપણા રાષ્ટ્રનો રાષ્ટ્રધ્વજ આ કપરી પરિસ્થિતિમાં અમારા માટેની ઓળખ બની ગયો હતો. કેટલાક માતાપિતાએ એવી ખુશી વ્યક્ત કરી કે, માત્ર અમારો જ દીકરો નહિ, પણ બધાના સંતાનો પાછા આવ્યા તેની અમને ખુશી છે.

યુક્રેન-રશિયા વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ અનુસંધાને ઈન્ડિયન એમ્બેસીએ ભારતીય નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી

અમદાવાદ, તા.૩

યુક્રેન-રશિયા વચ્ચેની વર્તમાન પરિસ્થિતિમાં ભારતીય નાગરિકો માટે ઈન્ડિયન એમ્બેસીએ જાહેર કરેલી એડવાઈઝરી મુજબ યુક્રેનની મુશ્કેલ પરિસ્થિતિને સંપૂર્ણપણે સમજતા યુક્રેનમાં ઈન્ડિયન એમ્બેસીના મિશને ભારતીય નાગરિકોને સલાહ આપી છે કે જયારે તેઓ મુસાફરીના નિયંત્રણોમાં કે કર્ફ્યુમાં રાહત હોય ત્યારે તેઓ જૂથ માટે ઉપલબ્ધ વિકલ્પોનો ઉપયોગ કરે. ભારતીય નાગરીકો પોલેન્ડમાં પ્રમાણમાં ઝડપી એન્ટ્રી માટે બ્યુબોમિઅરઝ બોર્ડર ચેક-પોઈન્ટમાં વહેલા મુસાફરી કરી શકે છે. તેમજ વૈકલ્પિક રીતે, તેમને હંગેરી અથવા રોમાનિયા દ્વારા પરિવહન કરવા માટે દક્ષિણ મુસાફરી કરવાની સલાહ આપવામાં આવે છે. ભારતીય નાગરીકોએ ગીચ વિસ્તાર વાળા શેહિની-મેડીકા સરહદ ક્રોસને ટાળવું. પોલેન્ડમાં ભારતના દુતાવાસમાં મેડીકા અને બુડમિર્ઝ બોર્ડર ચેક-પોઈન્ટમાં જમાવટ કરાયેલા અધિકારીઓ છે અને ભારતની તેમની મુસાફરીને સરળ બનાવતા હોઈ તેઓનો સંપર્ક કરવો હિતાવહ છે. જે ભારતીય નાગરિક અન્ય કોઈ સરહદ પાર કરતી વખતે પોલેન્ડમાં પ્રવેશ કરે ત્યારે સ્થળે હાજર ભારતીય અધિકારીઓને મળે અથવા ત્યાંથી સીધા જ હોટલ Prezydencki, ઉલમાં મુસાફરી કરી શકે છે. Podwislocze 48 Rzeszowમાં તેમના રોકાણ માટે બધી ગોઠવણો કરવામાં આવી છે અને ત્યાંથી ઓપરેશન ગંગા ફ્લાઈટ્સ નિયમિતપણે સંચાલિત થઈ રહી છે. જો ભારતીય વિદ્યાર્થી પાસે ભંડોળ ન હોય તો, દૂતાવાસ દ્વારા હોટલમાં પરિવહન ખર્ચ ચૂકવવામાં આવશે.

ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા અનુસંધાને ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર જાહેર કરાયા

વિદ્યાર્થીઓ-વાલીઓ તેમજ શાળાઓને માર્ગદર્શન માટે ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૪ માર્ચથી ૧૨ એપ્રિલ ૨૦૨૨ સુધી કાર્યરત રહેશે

અમદાવાદ, તા.૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા આગામી ૨૮ માર્ચ ૨૦૨૨થી શરૂ થતી ધોરણ - ૧૦ અને ધોરણ - ૧૨ની બોર્ડની જાહેર પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ વાલીઓ તેમજ શાળાઓને માર્ગદર્શન માટે આપેલી ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૪ માર્ચ થી ૧૨ એપ્રિલ ૨૦૨૨ સુધી કાર્યરત રહેશે. આ હેલ્પલાઈનમાં એક્સપર્ટ, કાઉન્સેલર તેમજ સાયકોલોજીસ્ટ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ છે અને આ હેલ્પલાઈનનો સમય ૧૦:૦૦ થી સાંજે ૬:૩૦ સુધીનો રહેશે.

ગુજરાતમાં લઘુમતીઓ માટે ૧૧.૫ ટકા વસ્તી સામે રાજ્ય સરકાર દ્વારા બજેટમાં માત્ર ૦.૦૩૩ ટકાની ફાળવણી

બજેટ ગુજરાતના લઘુમતીઓ માટે નિરાશાજનક : માઈનોરિટી કોઓર્ડિનેશન કમિટીનો ભેદભાવનો આરોપ

અમદાવાદ, તા.૩

ગુજરાત સરકાર દ્વારા ગુરૂવારે રાજ્યનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. દર વખતની જેમ આ વખતે પણ બજેટના નામે લઘુમતી સમુદાયની મજાક ઉડાવવામાં આવી હોય તેમ ૧૧.૫ ટકા વસ્તી સામે ૦.૦૩૩ ટકા બજેટ ફાળવણી કરવામાં આવી હતી, એમ માઈનોરિટી કોઓર્ડિનેશન કમિટી ગુજરાતે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું. બજેટમાં લઘુમીતઓના કલ્યાણ માટે વિશેષ રીતે કોઈ ફાળવણી નહીં કરવામાં આવી હોવાની ફરિયાદ ઉઠી છે. રાજ્યમાં લઘુમતીઓની કુલ વસ્તી સામે મોટા ભાગના લોકો પછાત છે, જેથી બજેટમાં તેમની માટે વિશેષ જોગવાઈની આવશ્યકતા કરવાની જરૂર હતી. આજે ગુજરાત સરકાર દ્વારા વિધાનસભામાં ૨૦૨૨-૨૩ નું બજેટ વિત્ત મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના પાછલા વર્ષ ૨૦૨૧-૨૨નું બજેટ ૨૨૭૦૨૯ કરોડ હતું જ્યારે આ વર્ષ ૨૦૨૨-૨૩ માટે ૨૪૩૯૬૫ કરોડ રૂપિયા પ્રસ્તાવિત કરવામાં આવેલ છે, પાછલા વર્ષની તુલનામાં આ વર્ષે ૧૬,૯૩૬ કરોડના વધારો કરવામાં આવેલ છે. એમ માઈનોરિટી કોઓર્ડિનેશન કમિટીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું. જ્યારે બજેટમાં વંચિત વર્ગ અને સમાજના સાથે સંકડાયેલા વિભાગને જોઈયે તે સ્પષ્ટ થાય છે કે, આ સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસમાં ખરેખર નથી માનતી. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગમાં આવેલ લઘુમતીઓનું કલ્યાણ માટે બજેટ ગયા વર્ષે બજેટ અનુમાન ૭૧૬૧.૩૧ લાખ હતા અને વિભાગની બેદરકારીના કારણે સુધારેલા અંદાજ ૪૯૬૧.૩૧ લાખ થયું. આ વર્ષે સરકાર દ્વારા ૮૦૫૮.૬૭ લાખનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યા છે. આ રાશી કુલ બજેટ ના માત્ર ૦.૦૩૩ ટકા છે. ગુજરાતમાં ૧૧.૫ ટકા લઘુમતીઓની વસ્તી છે અને તે ખૂબ જ પછાત છે. આ બાબત જોઈને સ્પષ્ટ થાય છે કે સરકાર લઘુમતીઓ સાથે ભેદભાવ કરે છે અને આ સમુદાયના વિકાસમાં અડચણ ઊભો કરે છે, એમ માઈનોરિટી કોઅર્ડિનેશન કમિટી ગુજરાતે જણાવ્યું હતું માયનોરિટી કોઓર્ડીનેશન કમિટી (MCC) આ બજેટને ભેદભાવ પૂર્ણ માને છે અને માંગ કરે છે કે, પછાત સમાજને ઉપર તરફ લાવવાની વિશેષ જોગવાઈ મુજબ બજેટના ઓછામાં ઓછા ૧૦ ટકા વસ્તી અનુસાર રાજ્ય બજેટમાં ફાળવવામાં આવે.

ત્રીજી લહેર હવે શાંત પડવાના આરે

રાજ્યમાં કોરોનાના નવા ૧૨૮ કેસ નોંધાયા

● એક્ટિવ કેસની સંખ્યા ૧૨૫૦ ● રિકવરી રેટ વધીને ૯૯.૦૦ ટકા થયો

અમદાવાદ, તા.૩

રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેર હવે શાંત પડવાના આરે છે. નવા કેસમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે તો રિકવરી રેટ પણ વધી રહ્યો છે. બીજી તરફ એક્ટિવ કેસ પણ ઝડપથી ઘટી રહ્યા છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૨૮ કેસ સામે આવ્યા હતા. તો બીજી તરફ ૩૦૫ દર્દીઓ રિકવર પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૦,૮૫૦ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાથી સાજા થવાનો દર પણ સુધરીને ૯૯.૦૦ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીના કુલ ૯૮,૯૫૮ ડોઝ આપવામાં આવ્યા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૨૫૦ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૨ નાગરિકો વેન્ટીલેટર પર છે. જ્યારે ૧૨૩૮ નાગરિકો સ્ટેબલ છે. ૧૨,૧૦,૮૫૦ નાગરિકો સ્ટેબલ થઈ ચુક્યાં છે. ૧૦૯૩૪ નાગરિકોનાં અત્યાર સુધીમાં મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૧ વ્યક્તિનું મોત નિપજ્યું છે. જેમાં એક મોત સુરતમાં થયું છે. રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૮૪૬૨ ને રસીનો પ્રથમ જ્યારે ૩૧૬૫૪ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૮ વર્ષના નાગરિકો પૈકી ૧૮૯૭ ને પ્રથમ જ્યારે ૪૧૯૩૧ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫૨૧૪ ને પ્રિકોર્શન ડોઝ અપાયા હતા. આ પ્રકારે કુલ ૯૮,૯૫૮ કુલ ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૦,૩૧,૯૩,૭૮૪ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

આપત્તિ દરમ્યાન સલામતી અને સુરક્ષા માટે

સીબીઆરએનડી બંકર્સ લોન્ચ કરાયા

રાસાયણિક, જૈવિક, રેડિયોલોજિકલ અને પરમાણુ આપત્તિની વાસ્તવિક કટોકટી સમયે સીબીઆરએનડી બંકર ઉપયોગી થઈ પડશે

અમદાવાદ, તા.૩

આજના આ યંત્ર સંચાલિત યુગમાં કુદરતી આપત્તિઓની સાથે-સાથે અનેક માનવ સર્જિત આફતો આવવાની શક્યતાઓ છે. હાલ વર્તમાન સમયમાં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની પરિસ્થિતિએ સલામતી અને સુરક્ષાની અનેક ચિંતાઓ વધારી દીધી છે. ત્યારે આવા કટોકટીના સમયે માનવ, પ્રાણીઓ અને કૃષિ જીવની આરોગ્ય સંભાળ, સલામતી અને સુરક્ષા માટે કામ કરતી માનવતાવાદી સંસ્થા સર્કલે આપત્તિ દરમિયાન માનવ જીવનની સલામતી અને સુરક્ષા માટે કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ, ન્યુક્લિયર ડિફેન્સ (સીબીઆરએનડી) બંકર લોન્ચ કરવાની જાહેરાત કરી હતી. સીબીઆરએનડી બંકર્સ સીબીઆરએનડી ડિફેન્સ રિસર્ચ દ્વારા વિકસાવવામાં આવ્યું છે, જે સર્કલના નેજા હેઠળનું ઓનલાઈન ટેલિમેડિસિન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (ઓટીઆરઆઈ)નો એક વિભાગ છે. ઓનલાઈન ટેલિમેડિસિન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (ઓટીઆરઆઈ) એ એક ખાનગી, સ્વરનિર્ભર સંશોધન સંસ્થા છે, જે સોમચંદ ડોસાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, ઈન્ડિયા નામની સ્વૈચ્છિક સંસ્થાના સહયોગમાં છેલ્લા ૩૦ વર્ષથી કાર્યરત છે. ઓટીઆરઆઈ વિવિધ વિષયો પર સુરક્ષા અને આરોગ્યસંભાળના પ્રોજેક્ટ્સ વિકસાવી રહ્યું છે. ખાસ કરીને ટેલિ-હેલ્થકેર ક્ષેત્રે, ટેલિમેડિસિનનો ઉપયોગ માત્ર માનવજાત પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેનો ઉપયોગ પ્રાણીઓ, પક્ષીઓ, કૃષિ-પાક મેનેજમેન્ટ માટે પણ થાય છે. સંશોધનનો પ્રથમ અને બીજો તબક્કો પૂર્ણ થયો છે અને વાણિજ્યિક પ્રોજેક્ટ્સ થોડાં વર્ષોથી કાર્યરત છે અને તે ભારત અને દુનિયાભરના લોકોને લાભ પ્રદાન કરે છે. સીબીઆરએનડી બંકર્સના લોન્ચિંગની જાહેરાત કરતાં, ઓનલાઈન ટેલિમેડિસિન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને સોમચંદ ડોસાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ (એસડીસીટી)ના ડિવિઝન, સીબીઆરએનડી ડિફેન્સ રિસર્ચના ચેરમેન અને વરિષ્ઠ વૈજ્ઞાનિક રાગેશ એમ શાહે જણાવ્યું હતું કે, રાસાયણિક જૈવિક રેડિયોલોજિકલ અને પરમાણુ આપત્તિની વાસ્તવિક કટોકટી સમયે સીબીઆરએનડી બંકર ઉપયોગી થઈ પડશે કારણકે અમે વરિષ્ઠ નાગરિકો, શારીરિક રીતે વિકલાંગ દિવ્યાંગો, મહિલાઓ, બાળકો માટે એસઓએસ સુરક્ષા અને ટેલિ-હેલ્થ સિસ્ટમ વિકસાવી છે, જેમાં વપરાશકર્તાઓએ કટોકટીના સમયે તાત્કાલિક સુરક્ષા અને તબીબી સહાય મેળવવા માટે એસઓએસ બટન દબાવવું પડશે. એસઓએસ સિસ્ટમની પુરતી જાણકારીને કારણે કટોકટી અથવા આપત્તિના સમયે પ્રતિસાદ આપવો સરળ બને છે.' આ અંગે વાત કરતાં તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, 'નાના અને મધ્યમ કદના બંકરોનું ઉત્પાદન ગુજરાતમાં થશે અને સમગ્ર વિશ્વમાં તેનું પરિવહન કરવામાં આવશે, જેમાંથી ૨૦ ટકા અમે જરૂર પડશે ત્યારે આપણા દેશ માટે અનામત રાખીશું.' ઓટીઆરઆઈ અગાઉ સીબીઆરએનડી ટેકનોલોજી પર કામ કરી ચૂકી છે, જે વિશિષ્ટ અને દેશની સૌથી મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજી છે, અને સમગ્ર સમાજ માટે સૌથી મહત્ત્વપૂર્ણ છે. કોમ્બેટ સિસ્ટમ કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ એન્ડ ન્યુક્લિયર ડિફેન્સ સિસ્ટમ (સીબીઆરએનડી) જે તેના પ્રકારની પ્રથમ ન્યુક્લિયર રેડિયેશન મોનિટરિંગ, બાયોલોજિકલ સ્કેનિંગ અને સર્વેલન્સ, કોમ્બેટ સિસ્ટમ સાથે ટેલિ-હેલ્થકેર અને રિહેબિલિટેશન ટેકનોલોજી સાથેની દેખરેખ રાખે છે અને તે વાસ્તવિક સીબીઆરએનડી આપત્તિઓના સમયે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેણે જાન્યુઆરી, ૨૦૧૫થી તમામ મોડ્યુલો સાથે કામ કરવાનું શરૂ કરી દીધું છે.

અકસ્માતના બહાને આંગડિયાના રૂા. ૨૮ લાખની લૂંટ ચલાવનારો આરોપી રોકડા રૂા. ૧૪ લાખ સાથે ઝડપાયો

લૂંટમાં રાજ્ય બહારના અન્ય આરોપીઓ પણ સામેલ હોવાનો ખૂલાસો થતાં તેમને ઝડપી પાડવા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ટીમો બનાવાઈ

લગભગ એક સપ્તાહ પહેલાં આંબાવાડી ખાતે લૂંટના ગુનાને આયોજનબદ્ધ રીતે અંજામ આપી આરોપીઓ નાસી છૂટયા હતા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૩

આંગડિયા લૂંટ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી હતી. ગણતરીના દિવસોમાં જ ક્રાઈમ બ્રાન્ચે અકસ્માતના બહાને રૂા. ૨૮ લાખની લૂંટ ચલાવવાના કેસમાં એક આરોપીની ધરપકડ કરી હતી. આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તેની પાસેથી રૂા. ૧૪ લાખ કબ્જે લેવામાં આવ્યા હતા. જો કે આરોપીની પૂછપરછમાં કેસ સંબંધિત અન્ય કેટલાક મહત્વના ખુલાસા થયા હતા. જેથી હવે તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. આરોપીની પૂછપરછમાં એવું જાણવા મળ્યું હતું કે, લૂંટના આ ગુનાને અંજામ આપવા માટે અન્ય રાજ્યોમાંથી આરોપીઓને બોલાવવામાં આવ્યા હતા. આયોજનબદ્ધ રીતે લૂંટનો આ ગુનો આચરવામાં આવ્યો હતો. લગભગ એક અઠવાડિયા પહેલા અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં પાંજરાપોળ પાસે આંગડિયા પેઢીના કર્મચારી સાથે ગાડી અથડાવી ઝઘડો કરવામાં આવ્યો હતો. અકસ્માતને બહાને રૂા. ૨૮ લાખની લૂંટ ચલાવી લૂંટારૂઓ ફરાર થઈ ગયા હતા. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જેના પગલે એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા યોજવામાં આવેલી પત્રકાર પરિષદમાં જણાવવામાં આવ્યું હતું કે, આરોપીનું નામ અજય ઉર્ફે અજુબા ગાગડેકર છે. જેની પાસેથી રોકડા રૂા. ૧૪ લાખ કબ્જે કરવામાં આવ્યા હતા. ૨૪મી ફેબ્રુઆરીના રોજ અજય અને તેના સાથીઓએ આંગડિયા પેઢીના કર્મચારીની ગાડી સાથે ઈરાદપૂર્વક પોતાની ગાડી અથડાવી અકસ્માતનું તરકટ રચ્યું હતું. ત્યારબાદ યોજના મુજબ ઝઘડો કરી રૂા. ૨૮ લાખની લૂંટ ચલાવવામાં આવી હતી. આ લૂંટમાં જલગાંવનો અજય અને અન્ય બે સાગરીતો સામેલ હોવાનું પણ જાણવા મળ્યું હતું. ગુનો આચરવા માટે જે બાઈકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે પણ જલગાંવથી લાવવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવેલા આરોપીએ સ્વીકાર્યું હતું કે, લૂંટની રકમમાંથી તેને રૂા. ૧૪ લાખ મળ્યા હતા. જ્યારે બીજા રૂા. ૧૪ લાખ જલગાંવના આરોપીઓ પોતાના હિસ્સા તરીકે લઈ ગયા હતા. રાજ્ય બહારના આરોપીઓને ઝડપી પાડવા અન્ય ત્રાણ ટીમો કાર્યરત હોવાનું જાણવા મળ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચ દ્વાર ઝડપી પાડવામાં આવેલો આરોપી અજય ઉર્ફે અજુબા ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને શહેરના જુદા જુદા પોલીસ સ્ટેશનમાં તેની સામે ગંભીર પ્રકારના ગુના નોંધાયેલા છે.

રાજ્યમાં ગેરકાયદેસર વિદેશ જનારાઓના એજન્ટોનું ડીંગુચા સાથે જોડાણ

● પોલીસ વધુ પુરાવા એકત્ર કરવાની દિશામાં ● યુએસ મોકલતાં ૨૦માંથી ૧૮ એજન્ટ ડીંગુચા ગામના

અમદાવાદ, તા.૩

રાજ્યમાં વિદેશ જવાની ઘેલછા વધારે પ્રમાણમાં છે ત્યારે કેનેડામાં પટેલ પરિવારના ચાર સભ્યોના મૃત્યુ બાદ ડીંગુચા શબ્દ કાને પડતાં જ ગુજરાતમાં લગભગ દરેક વ્યક્તિના મગજમાં ઝબકારો થશે કે આ એ જ ગામ છે જ્યાંના પટેલ પરિવારના બે બાળકો સહિત ચાર સભ્યો ગેરકાયદે રીતે યુએસમાં ઘૂસવા જતાં કેનેડાની બોર્ડર પર થીજીને મૃત્યુ પામ્યા હતા. આ ઘટના બહાર આવ્યા પછી રાજ્યમાંથી લોકોને ગેરકાયદે રીતે યુએસ મોકલતાં એજન્ટોનો પર્દાફાશ કરવા માટે પોલીસ તપાસ ચલાવી રહી છે. તપાસ બાદ આ ગામની બદનામીમાં વધારો કરતી માહિતી પ્રાપ્ત થઈ છે. ગેરકાયદે ઈમિગ્રેશન થકી લોકોને યુએસ મોકલતાં ૨૦માંથી ૧૮ એજન્ટ્સ ડીંગુચા ગામના છે. એક સિનિયર પોલીસ ઓફિસરે કહ્યું, માનવ તસ્કરોની શોધખોળ દરમિયાન અમે ગુજરાતમાંથી આઠ એજન્ટોને ઝડપ્યા છે જેમણે લોકોને મેક્સિકો અથવા કેનેડાના રૂટ થકી ગેરકાયદે રીતે યુએસ મોકલ્યા છે. આ આરોપીઓના કોલ રેકોર્ડ ચકાસતી વખતે ૨૦ અન્ય એજન્ટોની વિગતો મળી જેમણે લોકોને ગેરકાયદે રીતે યુએસ મોકલ્યા હતા. આ ૨૦માંથી ૧૮ શખ્સો ડીંગુચાના હતા. મહેસાણા તરફ જતાં આવતું ગાંધીનગર જિલ્લાનું છેલ્લું ગામ એટલે ડીંગુચા અને અહીં NRI હોવાને સફળતાનો માપદંડ ગણવામાં આવે છે. આ ગામની વસ્તી લગભગ ૭૦૦૦ છે અને તેમાંથી અડધોઅડધ વસ્તી યુએસ, ઓસ્ટ્રેલિયા અથવા કેનેડા જેવા દેશોમાં જઈને વસી છે. અહીંના મોટાભાગના યુવાનો વિદેશમાં જઈને વસવા માટે કોઈપણ કિંમત ચૂકવવા તૈયાર છે. જો વિદેશ ના જઈ શકે તો તેઓ એજન્ટ બની જાય છે અને આંતરરાષ્ટ્રીય ટ્રાવેલ અંગે કુશળતા કેળવી લે છે જેથી તેઓ ડીંગુચા અને આસપાસના ગામો માટે આવકનો સ્રોત બની શકે. સિનિયર પોલીસકર્મીએ વધુમાં કહ્યું, 'એજન્ટોને ટ્રેસ કરતાં તેમના તાર આ ગામ સુધી જોડાયેલા હોવાનું જાણવા મળ્યું. આ એજન્ટોએ તેમના ક્લાયન્ટ્સને મેક્સિકો અને કેનેડા બંને રૂટ થકી યુએસ મોકલ્યા હતા અને આ બંને રૂટ ખૂબ જોખમી છે. મેક્સિકોનો રસ્તો ખૂબ જોખમી અને મુશ્કેલીઓથી ભરેલો છે, જ્યારે કેનેડાવાળા રસ્તે લોકોને કેટલાય કિલોમીટર ચાલીને અજાણી જગ્યાઓમાંથી પસાર થવું પડે છે અને તે પણ ખરાબમાં ખરાબ હવામાનમાં. એટલું જ નહીં ખૂબ ગતિથી વાતા પવનો અને બરફના નાના-નાના ટુકડા પણ જોડે વાગે છે. પોલીસના જણાવ્યા અનુસાર, તમામ એજન્ટોએ નકલી દસ્તાવેજો બનાવીને લોકોને યુએસ મોકલ્યા હતા. "આ એજન્ટોની સામે છેતરપિંડી અને ફોર્જરીના ગુના દાખલ કરવામાં આવી શકે છે. જો કે હજી સુધી અમે કોઈની ધરપકડ નથી કરી કારણકે કેસને વધુ મજબૂત બનાવવા અમે પુરાવા એકત્ર કરી રહ્યા છીએ", તેમ તેમણે ઉમેર્યું. આ શખ્સોની ધરપકડના લીધે તપાસ વધુ ઊંડી બનશે અને ભારતમાંથી દિલ્હી અને મુંબઈ જેવા સ્થળોએ રહેલા એજન્ટો તેમજ યુએસ અને કેનેડામાં પણ છુપાઈને બેઠેલા એજન્ટોની ભાળ મળશે. ૧૯ જાન્યુઆરીએ કેનેડાની પોલીસને ૩૫ વર્ષીય જગદીશ પટેલ, ૩૩ વર્ષીય પત્ની વૈશાલી અને તેમના સંતાનો ૧૨ વર્ષીય દીકરી વિહંગા અને ૩ વર્ષીય દીકરો ધાર્મિક બરફમાં દટાયેલા મળી આવ્યા હતા. આ ચારેય યુએસની બોર્ડરથી માત્ર ૧૨ મીટર દૂર હતા. રિપોર્ટ પ્રમાણે, મૂળ ડીંગુચાનો આ પરિવાર ભારતીયોના એક મોટા સમુદાયથી છૂટો પડી ગયો હતો. બાકીનું ગ્રુપ માઈનસ ૩૫ ડિગ્રી તાપમાનમાં ચાલીને યુએસ પહોંચી ગયા હતા જ્યારે આ ચાર જણા મૃત્યુ પામ્યા. કેનેડા પોલીસને આ મૃતદેહો મળ્યા બાદ ગુજરાત પોલીસ અને રાજ્યની અન્ય તપાસ એજન્સીઓએ માનવ તસ્કરોની શોધ આદરી હતી. આ પટેલ પરિવાર છેવાડાના શહેર એમરસન સુધી કેવી રીતે પહોંચ્યો, કોણ તેમને ત્યાં સુધી લઈ ગયું તે યુએસ અને કેનેડાની તપાસ એજન્સીઓ હજી પણ શોધી રહી છે.

યુક્રેન-રશિયા યુદ્ધ વિવાદમાં એકપણ મુસ્લિમ દેશે અમેરિકાને સમર્થન આપ્યું નથી, ઈઝરાયેલ પણ સાવચેતીપૂર્વક પગલાં લઈ રહ્યું છે

(એજન્સી) તા.૩

વિશ્વ સમુદાય એક તરફ યુનાઈટેડ સ્ટેટ્સ અને તેના નાટો સાથીઓ અને બીજી તરફ રશિયા વચ્ચેના તીવ્ર તણાવને લઈને આઘાતમાં છે અને શીત યુદ્ધ યુગ પછી લશ્કરી મુકાબલાએ સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું છે. આઘાતજનક એ છે કે તે એક બિન-અવરોધિત સંઘર્ષ બની ગયો છે કારણ કે સપાટીની નીચે સ્થિત છુપાયેલા વંશીય અને ધાર્મિક પૂર્વગ્રહો પશ્ચિમી વિશ્વમાં સપાટી પર આવી ગયા છે. યુરોપિયન દેશોમાં યુક્રેનના શરણાર્થીઓ માટે ખુલ્લા દરવાજા રાખવાની નીતિ શા માટે જરૂરી છે તેની ખુલ્લેઆમ ચર્ચા કરતી પશ્ચિમી ટીવી ચેનલોની મનોરંજક દૃષ્ટિ આધુનિકતાની નીચે ભૂગર્ભ સાંસ્કૃતિક ક્રોસ પ્રવાહોને રેખાંકિત કરે છે.

પશ્ચિમી પત્રકારોએ જુસ્સાથી દલીલ કરે છે કે આ શરણાર્થીઓ મુસ્લિમ દેશોના માનવો જેવા નથી જેઓ આશ્રય મેળવવા યુરોપના દરવાજા ખખડાવે છે, પરંતુ આ યુક્રેનિયન શરણાર્થીઓ ખ્રિસ્તીઓ છે. જ્યારે આઘાતજનક સમય આવે છે ત્યારે યુરોપિયનોની સંસ્કૃતિ અને આધુનિકતાની તેમની સાચી છબી સામે આવી જાય છે અને માનવ સ્વભાવ તેની નગ્ન ક્રૂરતા સાથે સપાટી પર આવે છે અને આ શિક્ષણ કે સંપત્તિની વાત નથી.

આપણે જોયું છે કે એન્ટોનિયો મેન્યુઅલ ડી ઓલિવિરા ગુટેરેસ પણ આજકાલ બદલાયેલા લાગે છે. તે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ તરીકે પોર્ટુગલના પશ્ચિમી અને રોમન કેથોલિકની જેમ વધુ વર્તે છે. ડેગ હેમરસ્કજોલ્ડ પછી, ગુટેરેસ યુએનના એવા પ્રથમ સેક્રેટરી-જનરલ છે જેમણે સુરક્ષા પરિષદના સ્થાયી સભ્ય સાથે પણ અથડામણ કરી છે અથવા, વધુ સ્પષ્ટ રીતે કહીએ તો, UNSC સભ્યોમાંથી એક સાથે બીજા વિરુદ્ધ સંપૂર્ણ રીતે વર્તન કર્યું છે. યુ.એસ. સાથે હેમરસ્કજોલ્ડની અથડામણ વ્યક્તિગત ન હતી, પરંતુ સિદ્ધાંતો અને વિચારધારા પર હતી. જ્યારે, ગુટેરેસના હેતુઓ શંકાસ્પદ છે. શું તે સંયોગ છે કે વિશ્વમાં જ્યાં પણ પશ્ચિમી હિતો દાવ પર હોય ત્યાં મુશ્કેલીના સ્થળોમાં તેમના વિશેષ પ્રતિનિધિઓ - પછી તે મ્યાનમાર, સોમાલિયા, સુદાન, અફઘાનિસ્તાન અથવા વેનેઝુએલા હોય - પશ્ચિમી દેશોમાંથી નામાંકિત થાય છે ? અલબત્ત, ગુટેરેસ તેની પોતાની સંસ્થાને બદનામ કરી રહ્યા છે જ્યાં મોટા ભાગના દેશો બિન-પશ્ચિમ વિશ્વના છે.

એક પણ મુસ્લિમ દેશે રશિયા સાથેના મુકાબલામાં વોશિંગ્ટનને સમર્થન આપ્યું નથી. જો કે તેઓ ત્રીજા વિશ્વ યુદ્ધમાં હિસ્સેદાર છે, તેઓ તેના વિશે વિચારવાનું પસંદ કરતા નથી. આ બાબતનું મુખ્ય કારણ એ છે કે તેઓ માને છે કે આ ખ્રિસ્તી દેશોનું બીજું ધર્મયુદ્ધ છે જે મૂલ્યો અને 'નિયમો-આધારિત' તરીકે ગણવામાં આવે છે જેનો તેઓએ ઘણી વાર અનુભવ કર્યો છે. તેઓ જુએ છે કે પશ્ચિમી દેશો સદીઓથી યુરોપિયન ઈતિહાસમાં સ્થાનિક રીતે તેમના પાશવી યુદ્ધો તરફ પાછા ફર્યા છે. જો અહેવાલો માનવામાં આવે તો, સઉદી અરેબિયાએ OPEC+ તરીકે ઓળખાતા રશિયા સાથેના તેના ઊર્જા જોડાણને તોડવા માટે બાઈડેન એડમિનિસ્ટ્રેશનની વિનંતીઓ પર ધ્યાન આપવાનો ઈન્કાર કર્યો છે, જે વિશ્વના તેલ બજારમાં પુરવઠાની સ્થિતિને યોગ્ય બનાવે છે. સઉદી અરેબિયાના હરીફ ઈરાન અને સીરિયાએ ખુલ્લેઆમ રશિયાને સમર્થન આપ્યું છે. તુર્કીએ રશિયા અને યુક્રેન વચ્ચે મધ્યસ્થી કરવાની ઓફર કરી હતી અને ખરેખર બેલારુસમાં મંત્રણા ગોઠવવામાં તેનો હાથ હતો.

જો કે, ઈઝરાયેલે યુએસને યુક્રેનમાં તેની ડોમ મિસાઈલ સંરક્ષણ પ્રણાલીને સ્થાનાંતરિત કરતા અટકાવી હતી, જે હાલના સંઘર્ષમાં એક ગેમ ચેન્જર બની શકે છે. આ દર્શાવે છે કે તે રશિયા વિરુદ્ધ કાર્યવાહી કરવા ઈચ્છતા નથી ! વોશિંગ્ટન અને તેલ અવીવ બંનેએ તાજેતરમાં મીડિયા દ્વારા તેની જાહેરાત ન થઈ ત્યાં સુધી આ વિવાદને શાંત રાખ્યો હતો. એ પછી યુક્રેન અંગે સુરક્ષા પરિષદમાં તેના ઠરાવને સહ-સ્પોન્સર કરવા માટે ઈઝરાયેલ પાસેથી સમર્થન મેળવવા માટે બાઈડેન વહીવટીતંત્ર દ્વારા વિનંતી કરવામાં આવી હતી. ઈઝરાયેલે ના પાડી હતી ! અને અમેરિકાએ પોતાની નારાજગી જાહેર કરી હતી. તે પછી, મોસ્કોમાં રશિયન વિદેશ મંત્રાલયમાં વાતચીતમાં, ઈઝરાયેલના રાજદૂતને દેખીતી રીતે રશિયન પક્ષ દ્વારા પૂછવામાં આવ્યું હતું કે શું તેમના દેશને યુક્રેનમાં શું ચાલી રહ્યું છે તેની જાણ નથી - જ્યાં સત્તાના નાઝી જૂથો પશ્ચિમી દેશોના સમર્થન સાથે કામ કરે છે. ઈઝરાયેલ ચોક્કસ આ પરિસ્થિતિથી સારી રીતે વાકેફ હશે. ઈઝરાયેલ માટે યુક્રેન અન્ય દેશ જેવું નથી. તે એ

દેશ છે જ્યાં સપ્ટેમ્બર ૧૯૪૧ના અંતમાં આક્રમણકારી નાઝી સૈન્ય અને જર્મન પોલીસ એકમો અને તેમના સહાયકોએ બીજા વિશ્વ યુદ્ધનું સૌથી મોટું નરસંહાર આચર્યું હતું ત્યારે ભયાનક હત્યાકાંડો થયા હતા.

યુક્રેનની રાજધાની કીવની બહાર બેબીનયાર (બાબી યાર) નામના કોતરમાં આ થયું હતું. હોલોકોસ્ટ એન્સાયક્લોપેડિયા અનુસાર, ૧૯૪૩માં સોવિયેટ્સે કિવ પર ફરીથી કબજો મેળવ્યો તે પહેલા સુધી જર્મનોએ આ હત્યા સ્થળ પર સામૂહિક હત્યાઓ કરવાનું ચાલુ રાખ્યું હતું. આ સમયગાળા દરમિયાન, જર્મનોએ યહૂદીઓ તેમજ રોમા, યુક્રેનિયન નાગરિકો અને સોવિયેત યુદ્ધકેદીઓની હત્યાઓ કરી હતી. યુદ્ધ પછીના દાયકાઓમાં, બેબીનયાર બીજા વિશ્વયુદ્ધ અને સોવિયેત યુનિયનમાં હોલોકોસ્ટની યાદમાં સંઘર્ષનું પ્રતીક હતું. રશિયન ડિમાર્ચ પર ઈઝરાયેલી રાજદૂતની પ્રતિક્રિયા અમે ક્યારેય જાણી શકીશું નહીં, પરંતુ મોસ્કોને એક સુખદ આશ્ચર્ય થયું જ્યારે ઈઝરાયેલના વડાપ્રધાન નફ્તાલી બેનેટે રવિવારે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને યુક્રેન પર મધ્યસ્થી કરવાની ઓફર કરી હતી. રશિયન રીડઆઉટે સંક્ષિપ્તમાં કહ્યું કે, નફ્તાલી બેનેટે લશ્કરી કાર્યવાહીને રોકવા માટે ઈઝરાયેલની મધ્યસ્થી સેવાઓ ઓફર કરી હતી. પુતિને બેનેટને ડોનબાસનો બચાવ કરવા માટેના વિશેષ લશ્કરી ઓપરેશન વિશે માહિતી આપી હતી અને સમજાવ્યું હતું કે મોસ્કો કીવના પ્રતિનિધિઓ સાથે વાતચીત માટે તૈયાર છે, જેમણે અત્યાર સુધી અસંગત અભિગમ દર્શાવ્યો છે અને હજુ સુધી આ તકનો ઉપયોગ કર્યો નથી.

ઈઝરાયેલ પોતે એક નાજુક પરિસ્થિતિમાં છે. યુ.એસ.એ ઈઝરાયેલનો નજીકનો સાથી છે અને બેનેટ તેના પુરોગામી બેન્જામિન નેતન્યાહુથી વિપરીત બાઈડેન વહીવટીતંત્ર સાથેના મતભેદો અને વિવાદો ન થવા દેવા માટે સાવચેતીપૂર્વક આગળ વધી રહ્યા છે. બીજી બાજુ, ઈઝરાયેલનો રશિયા સાથે ખૂબ જ ખાસ સંબંધ છે તે હકીકતની દૃષ્ટિએ કે તેણે પણ નાઝી આક્રમણકારોના હાથે ખૂબ જ સહન કર્યું હતું. છેવટે, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૨૦ મિલિયનથી વધુ સોવિયેત નાગરિકો મૃત્યુ પામ્યા હતા. એ જ રીતે, ઈઝરાયેલ તીવ્રપણે સભાન છે કે રશિયા એવા સમયે ફાસીવાદ સામેની ઝુંબેશ માટે પ્રતિબદ્ધ છે જ્યારે પશ્ચિમી વિશ્વ તેના તરફ પીઠ ફેરવી ચૂક્યું છે અને તેણે માત્ર આગળ વધવાનું જ નહીં, પણ યુરોપિયન સમાજોમાં નાઝી વિચારધારાના પુનઃપ્રાપ્તિને સ્વીકારવાનું નક્કી કર્યું છે. ચોક્કસ રીતે, યુક્રેનમાં નિયો-નાઝીઓ સાથે જર્મનીની સંડોવણીની ઈઝરાયેલી ગુમચરોને જાણ હોવી જોઈએ. પણ ઈઝરાયેલ પોતાની મેળે શું કરી શકે ? ઈઝરાયેલ અને રશિયા બંને માટે આ એક પીડાદાયક વાસ્તવિકતા છે કે પશ્ચિમી રાજકીય ઈકોસિસ્ટમમાં નાઝી વિચારધારા હવે નિંદનીય નથી.

શું તે આશ્ચર્યજનક નથી કે ત્રણમાંથી બે અબ્રાહમિક ધર્મો ખ્રિસ્તી વિશ્વમાં યુદ્ધને લઈને વિવાદમાં છે ? યુક્રેન પરની કટોકટી ખરેખર વિચિત્ર છે. યુએઈ, પશ્ચિમ એશિયાના ક્ષેત્રમાં યુએસનો કટ્ટર સાથી છે, પરંતુ તાજેતરના દિવસોમાં યુએન સુરક્ષા પરિષદમાં રશિયાની નિંદા કરતા યુએસ-પ્રાયોજિત ઠરાવોમાં તે બે વાર દૂર રહ્યું છે. ગુટેરેસે યુક્રેન અંગે આજે યુએનજીએના વિશેષ સત્રમાં યુએસ માટે માર્શલિંગ સમર્થનનો વ્યક્તિગત હવાલો લીધો છે. અમેરિકન રાજદ્વારીઓ સિવાય જો યુએનના સભ્યોનો મોટો હિસ્સો હજી પણ દૂર રહેવાનું પસંદ કરે છે, તો તે ગુટેરેસ માટે વ્યક્તિગત રીતે મોટો ફટકો હશે. જો આવું થાય તો શું તે પદ છોડી દેશે ? અલબત્ત, તેવી અપેક્ષા રાખવી ખોટી છે. અમેરિકનો તેમને બીજી મુદત માટે જાળવી રાખવા ઈચ્છે છે, અને તેમને જવા દેશે નહીં. **(સૌ. : ધ સિટિઝન.ઈન)**

ઈઝરાયેલના કબજાવાળા દળોએ વેસ્ટ બેંકમાં દસ પેલેસ્ટીનીઓને ગોળી મારી ઘાયલ કર્યા

(એજન્સી) ગાઝા, તા.૩

એનાદોલુ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલી કબજાવાળા દળોએ શુક્રવારે કબજા હેઠળના પેલેસ્ટીની પશ્ચિમ કાંઠાના ઘણા વિસ્તારોમાં દસ પેલેસ્ટીની દેખાવકારોને ગોળી મારીને ઘાયલ કર્યા છે. ઈઝરાયેલી કબજેદાર દળોએ કબજા હેઠળના પશ્ચિમ કાંઠાના શહેર નેબ્લસની બહારના વિસ્તારમાં આવેલા બૈતા, કર્યુત અને બેટદાજાન ગામોમાં વ્યવસાય વિરોધી દેખાવો દરમિયાન ઓછામાં ઓછા ૨૨ પેલેસ્ટીનીઓને ઈજા પહોંચાડી હતી.

પેલેસ્ટીની રેડ ક્રેસન્ટ સોસાયટી (પીઆરસીએસ) એ અહેવાલ આપ્યો છે કે બેટદાજાનમાં પાંચ અને બેતામાં એક પેલેસ્ટીની ઘાયલ થયા છે. દરમિયાન, PRCSએ અહેવાલ આપ્યો કે જ્યારે ઈઝરાયેલી કબજાવાળા દળોએ કર્યુતમાં પેલેસ્ટીની દેખાવકારો પર ગોળીબાર કર્યો અને ટીયર ગેસ ફેંક્યો ત્યારે છ દેખાવકારો ઘાયલ થયા હતા. PRCS મુજબ, પૂર્વીય કલકિલિયાના કફ કદ્દૌમમાં કબજા વિરોધી

પ્રદર્શનો પર ઈઝરાયેલી કબજાની કાર્યવાહીમાં અન્ય ત્રણ પેલેસ્ટિનિયન ઘાયલ થયા હતા.

દેખાવકારોને ગોળી મારવા અને ઘાયલ કરવા ઉપરાંત, ઈઝરાયેલી કબજાવાળા દળોએ ૨૫ વર્ષીય પેલેસ્ટીની યુવક મોહમ્મદ અકેલનું અપહરણ કર્યું, તેને માર માર્યો અને તેની અટકાયત કરી.

હેબ્રોનમાં, ઈબ્રાહિમી મસ્જિદમાં નરસંહારની ૨૮મી વર્ષગાંઠની યાદમાં કૂચ કરતી વખતે ઈઝરાયેલી કબજાવાળા દળો દ્વારા તેમના પર ફેંકવામાં આવેલા ટીયર ગેસને કારણે દસેક પેલેસ્ટીનીઓ ગૂંગળામણનો ભોગ બન્યા હતા.

૨૫ ફેબ્રુઆરી, ૧૯૯૪ના રોજ, ઉગ્રવાદી વસાહતી બરૂચ ગોલ્ડસ્ટેઈન સવારની નમાઝ દરમિયાન ઈબ્રાહિમી મસ્જિદમાં ઘૂસી ગયો અને ઉપાસકો પર ગોળીબાર કર્યો, જેમાં ૨૯ લોકો માર્યા ગયા અને ૧૦૦થી વધુ ઘાયલ થયા હતા.

બેનેટ, લેપિડે અમેરિકા સમક્ષ માથું ઝુકાવી દીધું છે : નેતાન્યાહુ

જેરૂસલેમ, તા.૩

ઈઝરાયેલના વિપક્ષ નેતા બેન્જામિન નેતાન્યાહુએ ગઈકાલે ઈરાન અને વિશ્વ શક્તિઓ વચ્ચેના સંભવિત પરમાણુ કરાર સામે પગલાં લેવામાં નિષ્ફળ રહેવા બદલ ઈઝરાયેલ સરકારને વખોડી કાઢી હતી. નેતાન્યાહુએ જણાવ્યું હતું કે, ઈરાન સાથેના પરમાણુ કરાર સામે ઈઝરાયેલની સરકાર પરમાણુ કરારની દિશામાં આગળ વધવા માટે કોઈ પગલાં લેતી નથી ટૂંક સમયમાં એક કરાર આવનાર છે જે ઈરાનને અમારી વિરૂદ્ધ પરમાણુ શસ્ત્રો મેળવવા માટે વધુ સક્ષમ બનાવશે. નેતાન્યાહુએ નેસેટની વેબસાઈટ પર જણાવ્યા મુજબ કહ્યું કે, બેનેટ અને લૈપિડ કશું કહેતા પણ નથી અને કંઈ કરતા પણ નથી. બેનેટ અને લેપિડ વિશ્વના લોકોના અભિપ્રાય માટે લડી રહ્યા નથી તેઓ યુ.એસ.કોંગ્રેસને એકત્ર કરી રહ્યા નથી. તેઓ US સામે માથું નમાવી રહ્યા છે. નેતાન્યાહુએ આગળ ઉમેર્યું કે, જ્યારે

અસ્તિત્વનો મુદ્દો હોય ત્યારે ઈઝરાયેલના વડાપ્રધાને 'ના' કહેતા શીખવું પડશે પરંતુ બેનેટ અને લેપિડે હામી ભરી દીધી છે અને ખતરનાક સોદા સામે માથું ઝુકાવી દીધું છે જે ઈરાનને આપણા દુશ્મનોને હથિયાર આપવા, આપણી વિરૂદ્ધ આતંકવાદ વધારવા અને આપણને નષ્ટ કરી દેવાના ઈરાદા સાથે પરમાણુ બોમ્બનો એક શસ્ત્રાગાર બનાવવા માટે એક મોટો સોદો કરવાની તક આપે છે તેમણે સરકારની અનુસરણ અને આજ્ઞાપાલન નીતિની નિંદા કરી છે.

પ્રોફેસરની ઈઝરાયેલની ટીકા પર અમેરિકાની યુનિવર્સિટીએ ૫૦,૦૦,૦૦૦ ડોલરનું દાન પરત કર્યું

ગાઝા, તા.૩

અમેરિકાની યુનિવર્સિટીએ ઈઝરાયેલ સ્ટડીઝ પ્રોગ્રામને ૫ મિલિયન ડોલરનું દાન પરત કર્યું છે કારણ કે દાતાઓને જાણવા મળ્યું કે, ગયા વર્ષે પેલેસ્ટીનીઓ પર ઈઝરાયેલના હુમલાઓની ટીકા કરનાર વિદ્વાને આ પ્રોગ્રામનું નેતૃત્વ કર્યું છે. ઈઝરાયેલના જાણીતા વિદ્વાન લિઓરા આર.હાલ્પરિનની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમનો હેતુ પ્રોગ્રામને બનાવેલ સંખ્યાબંધ ઘટકોને ભંડોળ પૂરું પાડવાનો હતો. યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટનના ઈઝરાયેલ સ્ટડીઝ પ્રોગ્રામને ૫ મિલિયન ડોલરનું ભંડોળ આપવામાં આવ્યું હતું. જો કે તે ભંડોળ પાછું ખેંચી લેવામાં આવ્યું હતું કે, દાતા બેકી બેનરોયાને જાણવા મળ્યું કે જેરૂસલેમમાં પાડોશી પેલેસ્ટીની ચોરી

કરવાના યહૂદી વસાહતીઓના પ્રયાસ વિરૂદ્ધના દેખાવો સામે ઈઝરાયેલી પ્રતિક્રિયાની ઝાટકણી કાઢતા એક પત્રમાં અન્ય વિદ્વાનો સહિત હાલ્પરિને હસ્તાક્ષર કર્યા હતા. પત્રમાં તેઓએ જણાવ્યું હતું કે, તેઓ ગાઝામાં ઈઝરાયેલી સરકાર અને તેના સુરક્ષાદળો દ્વારા કરવામાં આવી રહેલી હિંસા શેખ જર્રાહ અને પૂર્વ જેરૂસલેમના અન્ય પાડોશના પેલેસ્ટીની રહેવાસીઓની હકાલપટ્ટી, વેસ્ટ બેંક, પૂર્વ જેરૂસલેમ, યહૂદી-અરબ શહેરો અને ઈઝરાયેલમાં પેલેસ્ટીની ગામ અને શહેરોમાં નાગરિકો વિરૂદ્ધના તેમના દમનની નિંદા કરે છે. તેમણે મોટાભાગના યહૂદી હુમલાખોરો દ્વારા ભોગવવામાં આવતી સજા સામે ગુસ્સો પણ વ્યકત કર્યો હતો. ત્યારબાદ બેનરોયાએ યુનિવર્સિટી સાથે મિટિંગની માંગ કરી જેના કારણે હાલ્પરિનને પ્રોગ્રામના અધ્યક્ષ પદેથી હટાવી દેવામાં આવ્યા. જો કે તેણી હજુ પણ સંસ્થામાં હોદ્દો ધરાવે છે અને દાતાને ૫ મિલિયન ડોલર પરત કરવામાં આવ્યા છે.

યુક્રેન પર રશિયાનું આક્રમણ ઈતિહાસ સુધારણા અને માનવતાનું રક્ષણ છે : અસદ

સીરિયામાં રશિયન આક્રમણને સમર્થન જાહેર કરનાર સૌ પ્રથમ અસદ શાસન હતું

(એજન્સી) દમાસ્કસ, તા.૩

સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ-અસદે યુક્રેન પર રશિયાના આક્રમણને સમર્થન આપતા કહ્યું છે કે તેનાથી માત્ર મોસ્કોને જ નહીં પરંતુ સમગ્ર માનવજાતને ફાયદો થયો છે. ગઈકાલે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ટેલિફોન પર વાતચીત દરમ્યાન અસદે જણાવ્યું હતું કે યુક્રેન પર રશિયન આક્રમણ એ માત્ર સ્વબચાવ કરતું નથી પરંતુ તે વિશ્વ માનવતા અને ન્યાયના સિદ્ધાંતોનો બચાવ કરે છે. તેમણે ઉમેર્યું હતું કે રશિયન ફેડરેશન વિશ્વને એક પાઠ ભણાવશે કે મહાસત્તાઓ માત્ર તેમની લશ્કરી તાકાતથી મહાન નથી પરંતુ કાયદા ઉચ્ચ નૈતિકતા અને

માનવતાવાદી સિદ્ધાંતોના આદરથી મહાન બને છે. અસદનો ફોન કોલ એ સમર્થનને વધુ મજબૂત બનાવશે જેમાં સીરિયા એ માન્યતાના આધારે રશિયન ફેડરેશન સાથે ઊભું છે કે તેની સ્થિતિ સાચી છે અને કારણ કે નાટોના વિસ્તરણવાદનો સામનો કરવો એ રશિયાનો અધિકાર છે. એ વાતની પુષ્ટિ કરે છે. ફોન કોલ બાદ સીરિયાના રાષ્ટ્રપતિના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે તેમણે રશિયાના આક્રમણને સોવિયેત સંઘના પતન પછી ઈતિહાસમાં સુધારો અને વૈશ્વિક વ્યવસ્થામાં સંતુલન પુનઃસ્થાપિત ગણાવ્યું. સીરિયામાં દાયકા લાંબા સંઘર્ષ દરમ્યાન રશિયાએ સીરિયાને વિરોધ સામે અસદ શાસનને મદદ કરવા માટે દેશમાં લશ્કરી હસ્તક્ષેપ કર્યો છે ત્યારથી દમાસ્કસે મોસ્કો સાથે અત્યંત ગાઢ સંબંધો કેળવ્યા છે અને પ્રદેશ અને વિદેશમાં તેની મહત્ત્વાકાંક્ષાઓને સમર્થન આપ્યું છે.

અમેરિકાએ ચોરાયેલી ૯ કલાકૃતિઓ જોર્ડનને પરત કરી

(એજન્સી) જોર્ડન, તા.૩

જોર્ડને મધ્ય પૂર્વમાંથી પ્રાચીન વસ્તુઓની દાણચોરી સામે લડવાના પ્રયાસોને આગળ વધારીને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી ચોરાયેલી નવ કલાકૃતિઓ પરત મેળવી છે. જોર્ડન ન્યૂઝ એજન્સી (પેટ્રા) અનુસાર, હાથ ધરવામાં આવેલા હસ્તાંતરણમાં પાષાણ યુગની પથ્થરની પ્રાણીઓની મૂર્તિઓ, કબરો, એક માનવ પ્રતિમા, કાંસાની જગ અને તાંબાની વેદીનો સમાવેશ થાય છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ હોમલેન્ડ સિક્યુરિટી, ન્યૂયોર્ક હોમલેન્ડ સિક્યુરિટી ઈન્વેસ્ટિગેશન ઑફિસ અને ન્યૂયોર્ક ડિસ્ટ્રિક્ટ એટર્ની ઑફિસ દ્વારા જોર્ડનના પ્રવાસન અને પ્રાચીનકાળના મંત્રાલયના સહયોગથી સંયુક્ત ઓપરેશનમાં ન્યૂયોર્કમાં પ્રાચીન વસ્તુઓના સંગ્રાહકર્તાઓ પાસેથી કલાકૃતિઓ મળી આવી હતી. જોર્ડનની રાજધાની, અમાનમાં એન્ટિક્વિટીઝ બિલ્ડિંગના જનરલ ડિપાર્ટમેન્ટમાં કલાકૃતિઓની સોંપણી કરવામાં આવી એ સમયે પ્રવાસન અને પ્રાચીન વસ્તુઓના મંત્રી નાયફ અલ-ફાયઝ અને અમાનના અમેરિકન રાજદૂત હેનરી વૂસ્ટર, મેનહટનમાં આસિસ્ટન્ટ ડિસ્ટ્રિક્ટ એટર્ની, મેથ્યુ બોગડાનોસ પણ હાજર હતા. અલ-ફૈઝે જણાવ્યું હતું કે "સાંસ્કૃતિક અને માનવીય વારસો સમગ્ર માનવતા માટે વારસો ગણવામાં આવે છે અને તે એક જૂથથી બીજા સુધી મર્યાદિત નથી."તેમણે ઉમેર્યું હતું

કે "જોર્ડનને ચોરાયેલી કલાકૃતિઓ પરત કરવી એ એક મહત્વપૂર્ણ ઐતિહાસિક ઘટના છે, કારણ કે તે ૨૦૧૯માં યુનાઈટેડ સ્ટેટ્સ અને જોર્ડન વચ્ચે પૂર્ણ થયેલ સાંસ્કૃતિક વારસો સંરક્ષણ કરારની શરતોના અમલીકરણમાં જોર્ડનની પ્રાચીન વસ્તુઓનો પ્રથમ સમૂહ છે." કલાકૃતિઓનું વળતર એવા સમયે આવ્યું છે જ્યારે વોશિંગ્ટન અને અન્ય પશ્ચિમી દેશો તાજેતરના વર્ષોમાં મધ્યપૂર્વમાં ઘણી ચોરાયેલી અને દાણચોરી કરાયેલી પ્રાચીન વસ્તુઓ પરત કરી રહ્યા છે.

યુક્રેને ઈઝરાયેલને શરણાર્થીઓને પાછા કાઢવાનું બંધ કરવા જણાવ્યું

(એજન્સી) તેલ અવીવ, તા.૩

તેલ અવીવમાં સ્થિત યુક્રેનના રાજદૂત યેવજેની કોર્નીચુકે જણાવ્યું હતું કે તેઓ નિરાશ થયા છે કારણ કે ઈઝરાયેલ તેમના દેશમાં યુદ્ધમાંથી બચીને આવેલા શરણાર્થીઓને સ્વીકારી રહ્યું નથી. અખબારી સંમેલનમાં કાર્નીચુકે કહ્યું હતું કે છેલ્લા છ દિવસોમાં વિશ્વના વિવિધ દેશોમાંથી આવેલા ડઝનબંધ શરણાર્થીઓને ઈઝરાયેલે દૂર કરી દીધા હતા અને એરપોર્ટ પરથી તેમને પરત મોકલી દેવામાં આવ્યા જ્યાંથી તેઓ આવ્યા હતા. કોર્નીચુકે કહ્યું હતું કે અમે ગેરકાયદેસર કામદારો વિશે વાત નથી કરી રહ્યા, અમે તદ્દન વિપરીત મુદ્દા વિશે વાત કરી રહ્યા છીએ. અમને શાંતિની જરૂર છે અને અમે તમામ પાસાઓમાં ઈઝરાયેલનું સમર્થન માંગીએ છીએ. આ કઠોર સમયમાં પણ અમને ઈઝરાયેલના ટેકાની જરૂર છે.



તેમણે યુક્રેનને માનવતાવાદી સહાય મોકલવા બદલ ઈઝરાયેલનો આભાર માન્યો હતો જેમાં ૧૦૦ ટન જેટલી દવાઓ, તંબુ, ઊંઘવાની બેગ્ઝ, કોટ અને ધાબળાનો સમાવેશ થાય છે. હિબ્રુ મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે ત્રણ વિમાનો ભરીને સહાય મોકલવામાં આવી હતી. જે પોલેન્ડના પાટનગર વોરસોમાં પહેલાંથી જ પહોંચી ગઈ હતી જ્યાંથી તેમને ટ્રકોમાં યુક્રેન મોકલવામાં આવશે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ....

ગુજરાત ટુડે

શુક્રવાર ૪ માર્ચ ૨૦૨૨
૩૦ રજબ હિજરી ૧૪૪૩
ફાગણ સુદ બીજ સંવત ૨૦૭૮

યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓની કફોડી હાલત માટે જવાબદાર કોણ ???!!

યુક્રેન પર રશિયાના આક્રમણ શરૂ થયાને એક અઠવાડિયું તો થઈ પણ ગયું છે. રશિયાનું સૈન્ય યુક્રેનના પાટનગર કીવ પર કબજો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. બંને પક્ષો તરફથી ભારે તોપમારા વચ્ચે લોકોના જીવનું જોખમ સર્જાયું છે. આમાં અત્યાર સુધી બંને પક્ષના સેંકડો લોકો માર્યા ગયા છે. ભારતથી યુક્રેન અભ્યાસ કરવા ગયેલ એક ભારતીય વિદ્યાર્થી નવીન શેખરપ્પા પણ આ તોપમારોનો શિકાર બની ગયો હતો. ભારતના હજારો વિદ્યાર્થી ત્યાં આગળ ફસાયેલા છે. તેમની સંખ્યા લગભગ ૨૦ હજાર દર્શાવવામાં આવી રહી છે. જેમાંથી લગભગ બે હજારને ભારત પરત લાવી શકાયા છે. હવે ભારત સરકારે ત્યાથી ભારતના વિદ્યાર્થીઓને પરત લાવવા માટેના અભિયાનને વધુ તીવ્ર બનાવ્યું છે. યુક્રેનની સરહદ પર અડીને આવેલા ચાર રાજ્યોમાં ભારત સરકારના ચાર વરિષ્ઠ મંત્રીઓ પણ પહોંચી ગયા છે. જેમને મુશ્કેલીગ્રસ્ત વિદ્યાર્થીઓની મદદ કરવા માટે મોકલવામાં આવ્યા છે. પરંતુ ત્યાં આગળ જે પ્રકારની સ્થિતિ છે તેને જોતા એવું શકય નથી લાગતું કે બધા વિદ્યાર્થીઓને સરળતાથી યુક્રેનથી બહાર કાઢી લેવામાં આવશે. આમાં હજુ સમય લાગશે પરંતુ એક ભારતીય વિદ્યાર્થીના મોતના પગલે સ્વાભાવિક રૂપે ભારત સરકાર પર દબાણ વધી ગયું છે. જો કે યુદ્ધની શરૂઆત અગાઉ જ યુક્રેને બહારના દેશોના લોકોને કહી દીધું હતું કે તેઓ પોતાના વતન પરત ફરી જાય. ઘણા દેશોએ પોતાના નાગરિકોને ક્યારનાયય ત્યાંથી ખસેડી પણ લીધા છે. પરંતુ ત્યાં આગળ ફસાયેલ વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી. જે વિદ્યાર્થીઓ રાબેતા મુજબના ભાડા કરતા અનેક ગણી વધુ કિંમત પર ટિકિટ ખરીદી શકયા, તે તો આવી પહોંચ્યા છે, પરંતુ બાકી હજુ પણ ત્યાં જ ફસાયેલા છે. તમામ વિદ્યાર્થીઓ માટે પોતાના નાણાં ખર્ચીને આટલી મોંઘી ટિકિટ ખરીદવી શકય નથી. પછી ભારત સરકાર તેમને આશ્વાસન આપતી રહી હતી કે જે જ્યાં છે ત્યાં જ રહે. તેમને કોઈ ખતરો નથી પરંતુ સ્થિતિ આટલી ભયજનક થઈ જશે તેના વિશે તેને કદાચ અનુમાન ન હતું. યુદ્ધ ફાટી નીકળવાથી હજારો વિદ્યાર્થીઓએ ભૂગર્ભ રેલવે સ્ટેશનોમાં છુપાઈ જવું પડ્યું હતું. ત્યારબાદ ભારત સરકારે કહ્યું હતું કે વિદ્યાર્થીઓ કોઈ પણ રીતે યુક્રેનની સરહદ પાર કરીને હંગેરી, પોલેન્ડ, રોમાનિયા, સ્લોવાકિયા વગેરે દેશોમાં પહોંચી જાય તો તેમને ત્યાંથી ભારતીય વિમાનો દ્વારા સ્વદેશમાં લાવવામાં આવશે. તેથી વિદ્યાર્થીઓએ યુક્રેન છોડવામાં ઉતાવળ કરી પરંતુ ઉપરોક્ત તે સરહદો પર પહોંચવાના કોઈ સાધનો વાહનો ઉપલબ્ધ નથી. યુદ્ધના કારણે પબ્લિક ટ્રાન્સપોર્ટની ચહેલપહેલ ખૂબ જ ઓછી થઈ ગઈ છે. આ રીતે ઘણા બધા વિદ્યાર્થીઓ જેઓ થોડાક નાણા ખર્ચ કરી શકતા હતા. તેઓએ લાખો રૂપિયા ખર્ચીને સરહદો સુધી પહોંચવાની કોશિશ કરી હતી પરંતુ તે દેશોની સરકારોએ તેમને પ્રવેશની મંજૂરી ન આપી. ત્યાંની પોલીસે વિદ્યાર્થીઓને માર પણ માર્યો. ત્યાંનું હવામાન અને તાપમાન શૂન્ય કરતા ચાર કે પાંચ ડિગ્રી નીચું રહે છે. આવી સ્થિતિમાં ઘણા બધા વિદ્યાર્થીઓને ખુલ્લા આકાશ નીચે સમય પસાર કરવો પડી રહ્યો છે. ઘણા બધા લોકો ભણતર અને રોજગારી માટે બીજા દેશોમાં મજબૂરીવશ જાય છે અને જ્યારે તેઓ ત્યાં જાય છે ત્યારે સરકારની મંજૂરી મેળવી લે છે અને જો તેઓ કોઈપણ સંકટમાં જો ફસાઈ જાય છે તો સંબંધિત દેશની જવાબદારી હોય છે કે તેમને સલામત બહાર કાઢી લે પરંતુ ભારત સરકારે આ બાબતમાં બેદરકારી દાખવી જેના પરિણામે હજારો વિદ્યાર્થીઓને મુશ્કેલી સહન કરવી પડી રહી છે. જે પ્રકારની તસવીરો ત્યાંથી આવી રહી છે અને વિદ્યાર્થીઓ પોતાની જેવી તકલીફનું વર્ણન કરી રહ્યા છે તે ભયજનક છે. આના માટે કોઈ વ્યવહારૂ માર્ગ તાત્કાલિક શોધવાની જરૂર છે.

કેવી રીતે ગુજરાત ૨૦૦૨એ ભારતને વિકૃત અસત્યવાદી રાષ્ટ્રમાં ફેરવ્યું

૨૦૦૨માં ગુજરાત પહેલેથી જ સત્ય-પશ્ચાદ યુગમાં જીવી રહ્યું હતું, વિશ્વએ આ શબ્દનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું તે પહેલાં અને સમગ્ર ભારત જે બનવાનું હતું તેનું ગુજરાત ત્યારે સંકેત હતું.

૨૦૦૨-૨૦૨૨. ૨૦ વર્ષ થઈ ગયા છે; રાષ્ટ્રના જીવનમાં, આ એક ટૂંકો સમય છે. પરંતુ આપણા માટે નશ્વર માનવીઓ, તેનો અર્થ એ છે કે એક પેઢીનું અવસાન, તેમની યાદોને તેમની સાથે તેમની કબરોમાં લઈ જવી; આ પેઢી માટે એવા યુગનું આગમન, જેના માટે તેઓ જાણતા નથી કે આ યાદો સાથે શું કરવું; અને નવી પેઢીનો જન્મ, જે તેની બિલકુલ યાદ વિના ઉછરી રહી છે.

અલબત્ત, આપણે ૨૦૦૨ના ગુજરાતની વાત કરી રહ્યા છીએ; મુસ્લિમો વિરુદ્ધ નરસંહાર વિશે. પરંતુ જ્યારે આપણે તેના વિશે વાત કરીએ છીએ, ત્યારે આપણે ૧૯૯૨ અને બાબરી મસ્જિદની શહીદીને પણ યાદ રાખવાની જરૂર છે.

૧૯૯૨એ ૨૦૦૨ને જન્મ આપ્યો. મસ્જિદની શહીદીને હિંદુઓના સ્વયંસ્ફુરિત ભાવનાત્મક વિસ્ફોટ તરીકે માફ કરવામાં આવ્યું જેની સામે મસ્જિદ ટકી શકી ન હતી; મધ્યયુગીન સમયથી કેટલીક માનવામાં આવતી ક્રિયાની પ્રતિક્રિયા. ક્રિયા ? બાબર અથવા તેના માણસો દ્વારા જ્યાં કથિત રીતે રામનો જન્મ થયો હતો તે સ્થળે મંદિર તોડીને મસ્જિદનું નિર્માણ.

તેવી જ રીતે, ૨૦૦૨માં ગુજરાતમાં મુસ્લિમો વિરુદ્ધ નરસંહારને ગોધરામાં મુસ્લિમો દ્વારા કરાયેલી કથિત કાર્યવાહીની પ્રતિક્રિયા તરીકે કાયદેસર બનાવવાની માંગ કરવામાં આવી હતી. અહીંની કાર્યવાહી સાબરમતી એક્સપ્રેસના કોચ નંબર ૬ને સળગાવવાની હતી, જે 'રામ સેવકો'ને લઈને અયોધ્યા ગયા હતા, જ્યાં તોડી પાડવામાં આવેલી મસ્જિદનો કાટમાળ કામચલાઉ રામ મંદિરની આસપાસ પડેલો હતો તે સ્થળની મુલાકાત લેવા ગયા હતા. કોચમાં લાગેલી આગમાં ૫૯ લોકોનાં મોત થયા હતા.

કોચને મુસ્લિમોએ સળગાવી દીધો હોવાના નિષ્કર્ષ પર પહોંચવા માટે કોઈ તપાસની જરૂર નહોતી. મુસ્લિમો સામે સામૂહિક હિંસા શરૂ કરવા આગમાં ૫૯ હિંદુઓના મૃત્યુનો ઉપયોગ કરવા માટે એક ઝીણવટભરી યોજના ઘડવામાં આવી હતી. મૃતકોના મૃતદેહો, તેમના પરિવારજનોને સોંપવાને બદલે, વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) નેતાઓને અમદાવાદમાં એક સરઘસમાં ફેરવવા માટે આપવામાં આવ્યા હતા.

અને પછી, જે ધાર્યું હતું તે વાસ્તવિકતામાં ફેરવાયું. મુસ્લિમ વિસ્તારો, ઘરો, ધંધાકીય સંસ્થાઓ પર હુમલા, લૂંટ, સળગાવી, નાશ કરવામાં આવ્યા. મુસ્લિમ મહિલાઓ પર બળાત્કાર; મુસ્લિમોને અપંગ બનાવવામાં આવ્યા અને મારી નાખવામાં આવ્યા અને પછી તેમનું સામૂહિક વિસ્થાપન શરૂ થયું.

આ પેટર્ન ૨૦૦૭માં ઓડિશાના કંધમાલની દૂરની જમીનમાં પુનરાવર્તિત થવાની હતી. ક્રિયા ? અજાણ્યા હત્યારાઓએ સાધુના રૂપમાં નફરત ફેલાવનાર લક્ષ્મનાનંદ સરસ્વતીની ગોળી મારીને હત્યા કરી હતી. તેનું પાર્થિવ દેહ, ફરી, વીએચપીના સભ્યોને સોંપવામાં આવ્યું, કંધમાલના ગામડાઓમાંથી પરેડ કરવામાં આવી. પ્રતિક્રિયા ? લૂંટફાટ, સળગાવવું, ખ્રિસ્તીઓના ઘરો અને ચર્ચોનો વિનાશ; ખ્રિસ્તીઓની કતલ અને પછી, ફરીથી, ખ્રિસ્તીઓનું સામૂહિક વિસ્થાપન.

જ્યારે ગુજરાત હત્યાકાંડ થઈ રહ્યો હતો ત્યારે ગુજરાત સરકાર શું કરી રહી હતી ? આ ઘટનાના બે વર્ષ પછી, સુપ્રીમ કોર્ટે તેના ૨૦૦૪ના ચુકાદામાં લખ્યું: ''જ્યારે બેસ્ટ બેકરી અને નિર્દોષ બાળકો અને મહિલાઓ સળગી રહી હતી ત્યારે આધુનિક જમાનાના 'નીરોઝ' બીજે જોઈ રહ્યા હતા અને કદાચ ગુનેગારોને કેવી રીતે બચાવી શકાય અથવા સુરક્ષિત કરી શકાય તે અંગે વિચારણા કરી રહ્યા હતા.''

તે 'આધુનિક સમયનો નીરો' હત્યાકાંડના ૧૨ વર્ષ પછી ગુજરાતના મુખ્ય પ્રધાનપદેથી ભારતના વડાપ્રધાનપદ સુધી બઢતી પામવાનો હતો. તેમણે, જેમણે 'ક્રિયા અને પ્રતિક્રિયા'ની થિયરી રજૂ કરીને નરસંહારને ન્યાયી ઠેરવ્યો હતો.

તે સમયે, મુખ્ય પ્રધાનને કેવી રીતે અને શા માટે બળી ગયેલા કોચની મુલાકાત લેવાની મંજૂરી આપવામાં આવી હતી તે અંગે કોઈ પ્રશ્ન પૂછવામાં આવ્યો ન હતો, જ્યારે ફોરેન્સિક તપાસ માટે સલામત રાખવા પુરાવા તરીકે તેને કોર્ડન કરી દેવો જોઈએ. આ બળેલા કોચનો તમાશો કેમ બનાવવામાં આવ્યો ? શા માટે ગુજરાતના લોકોને, ખાસ કરીને હિંદુઓને સળગાવવાની સત્યતા જાણવામાં રસ ન હતો, જેના માટે તપાસની જરૂર હતી ? શા માટે તેઓ એક સત્યમાં વિશ્વાસ કરવાનું પસંદ

બળી ગયેલી સાબરમતી એક્સપ્રેસ.

કરે છે જે તેમને પીરસવામાં આવ્યું હતુંઃ કે તેને મુસ્લિમોએ બાળી નાખ્યું હતું અને આ મુસ્લિમોને આ અપરાધ કરવા બદલ પાઠ શીખવવો પડ્યો હતો. વિશ્વ આ શબ્દનો ઉપયોગ કરવાનું શરૂ કરે તે પહેલાથી જ ગુજરાત સત્ય-પશ્ચાદ યુગમાં જીવી રહ્યું હતું.

પાંચ વર્ષ પછી, ૨૦૦૭માં, મને જાણવા મળ્યું કે સત્ય-નિર્માણની આ સંસ્કૃતિ રાજ્યમાં સર્વવ્યાપી બની ગઈ છે. એક ખૂબ જ સુશોભિત વરિષ્ઠ લેખકે મને એવું માનવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો કે મુસ્લિમો એટલા ધૂર્ત છે કે તેઓએ તેમના સુંદર પુરુષોને મોટરસાઇકલ પર મોકલવાનું કાવતરું પણ ઘડ્યું, જેથી તેઓ ભોળી હિંદુ છોકરીઓને તેમની 'પ્રેમ-જાળ'માં ફસાવી શકે. તેઓ, જેઓ તેમના માનવતાવાદ માટે ગુજરાતની બહાર જાણીતા છે, તેઓને ખાતરી હતી કે મુસ્લિમોને આ ગુના માટે સજા કરવાની જરૂર છે.

તેમની થિયરી, જેને પાછળથી 'લવ જેહાદ' તરીકે ઓળખવામાં આવી, તે ગુજરાતમાં વ્યાપક હતી. બાબુ બજરંગી નામનો એક માણસ હતો જેણે પોતાનું જીવન 'ગરીબ હિંદુ છોકરીઓ'ને બચાવવાના મિશન માટે સમર્પિત કર્યું હતું. એક મિત્રએ મને બજરંગી દ્વારા ગુજરાતીમાં એક પત્રિકા આપી જેમાં લખ્યું હતું, ''દરેક ઘરમાં જીવંત બોમ્બ છે. તે કોઈપણ સમયે વિસ્ફોટ કરી શકે છે. આ જીવંત બોમ્બ કોણ છે ? અમારી દીકરીઓ !''

ફ્લેશ બેક

- અપૂર્વાનંદ

આ પત્રિકામાં માતા-પિતાને તેમની દીકરીઓ પર નજર રાખવા પણ કહેવામાં આવ્યું છે. જો તમારી પુત્રી ખોવાઈ જાય તો, તમે બજરંગીની સેવાઓ પર આધાર રાખી શકો છો, જે સંપૂર્ણપણે મફત છે. ''જો તમે એક છોકરીને બચાવો, તો તમે સો ગાયોને બચાવો છો,'' પત્રિકા સમાપ્ત થાય છે, હિન્દુઓને આ બોમ્બ બચાવવાનું શરૂ કરવા માટે અંતે તે આગ્રહ કરે છે.

બજરંગીએ આ ગેરમાર્ગે દોરેલી અને પ્રેમમાં પડી ગયેલી હિંદુ છોકરીઓને બદમાશ અને લફંગાઓના ચુંગાલમાંથી ''બચાવ'' કરવાનો તેના જીવનનો હેતુ બનાવ્યો.

ગુજરાતની મારી મુલાકાત પછી, મેં એપ્રિલ ૨૦૦૭માં તહેલકામાં લખ્યું, ''તમને અમદાવાદની કોલેજોમાં બજરંગીની ચેતવણીવાળા મોટા પોસ્ટરો જોવા મળશે. હિંદુ-મુસ્લિમ લગ્નના અત્યંત દુર્લભ કિસ્સાઓની વાર્તાઓને એક પેટર્નમાં વણવામાં આવી છે. બદમાશ એટલે કે મુસ્લિમોના ટોળાને વધારવા માટે તેમની પોતાની છોકરીઓનો ઉપયોગ કરવામાં આવે છે તે વિચારથી હિન્દુઓનું લોહી ઉકળે છે.''

બજરંગીને નરોડા પાટિયામાં ૯૭ લોકોના નરસંહારમાં ભાગ લેવા બદલ આજીવન જેલની સજા ભોગવવી પડી હતી - એક અમદાવાદ વિસ્તાર જે ૨૦૦૨ના નરસંહારનો ભાગ હતો; એક ગુનો કે જેના માટે ભારતના વર્તમાન વડાપ્રધાનની આગેવાની હેઠળની ગુજરાત સરકારના મંત્રી માયા કોડનાનીને પણ ૨૮ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. તે બંને હવે જેલની બહાર છે; કોડનાનીની સજા રદ કરવામાં આવી છે. આ નવાઈની વાત નથી, કારણ કે તે સમયે સર્વોચ્ચ અદાલત દ્વારા આધુનિક સમયના નીરો તરીકે વર્ણવવામાં આવેલ માણસને તે જ કોર્ટના અન્ય એક સ્વામી દ્વારા 'દ્રષ્ટા' તરીકે બિરદાવવામાં આવ્યો હતો. ભારત જે બનવાનું હતું ત્યારે તે ગુજરાત હતું. ૨૦૧૪ની ચૂંટણીના પરિણામો પછી, એક ગુજરાતી મિત્રએ ટિપ્પણી કરી, ''તમે વિચાર્યું કે માત્ર અમે ગુજરાતીઓ જ બૌદ્ધિક રીતે એટલા ગરીબ છીએ કે અમે તેમને નેતા તરીકે પસંદ કર્યા. જુઓ, તમે અમારા સ્તરે આવી ગયા છો. તે હવે તમારા વડા પ્રધાન છે.'' ૨૦૦૨ માટે ભારતનો જવાબ ૨૦૧૪માં આવ્યો હતો; ૨૦૧૪ની ચૂંટણીનું પરિણામ ૨૦૦૨ વિના શક્ય ન હોત. હું આવું કેમ કહું છું ? કારણ કે ૨૦૦૨ની હિંસા અને આ પહેલા ભારતે મુસ્લિમો અને શીખો સામે સામૂહિક હિંસાના અન્ય કિસ્સાઓ જોયા હતા તે વિશે નાટ્યાત્મક રીતે કંઈક અલગ હતું. રાજ્યના નેતાએ તેના વિશે આટલા બેશરમ ક્યારેય ન હતા. હિંસાને ગુજરાત માટે શરમજનક ગણાવી હતી. તેના જવાબ તરીકે, નરેન્દ્ર મોદીએ ગુજરાત ગૌરવ યાત્રાનું નેતૃત્વ કર્યું; દેખીતી રીતે 'રાજ્યના દુશ્મનો' દ્વારા અપમાનિત કરાયેલ સન્માનને પુનઃસ્થાપિત કરવા. ''એમાં શરમાવાનું શું હતું ?'' તેમણે તેમના લોકોને પૂછ્યું, તે હિંસાના સક્રિય ઇન્કાર તરફ દોરી ગયા. યાત્રા દરમિયાન તેમના ભાષણોમાં, તેમણે તેમના લોકોને વિશ્વાસ અપાવ્યો કે હિંસાની વાર્તા દુશ્મનોનું કાવતરું છે જેઓ ગુજરાતીઓની છબીને કલંકિત કરવા માગે છે.

ગુજરાતીઓને આ બેશરમી, આ જૂઠ ગમતું હતું; તેઓએ તેમનો 'ડિયર લાયર' શોધી કાઢ્યો હતો. એક દાયકા પછી, આપણે તેમને આપણા પોતાના તરીકે સ્વીકારવો પડ્યો.

મોદીએ ગુજરાતી હિંદુઓને ગુનામાં સામેલ કર્યા હતા; તેઓ તેના વિશે જાણતા હતા, તેમાંના ઘણાએ તેમાં ભાગ લીધો હતો, અને તેઓ તેમને કહેતા હતા કે તેઓએ આ કર્યું નથી. તેમનું ભાગ્ય બંધાયેલું હતું.

એક અસત્ય બીજા તરફ દોરી ગયું. ૨૦૦૭માં સુરતમાં આવેલા વિનાશક પૂરની ગુજરાત બહાર સરકારના ગેરવહીવટ માટે ખૂબ ચર્ચા થઈ હતી. મારી જૂની નોંધોમાં મને એક ગુજરાતી હિંદુ સાથેની મારી વાતચીત જોવા મળી.

''શું થોડા મહિના પહેલા સુરતમાં પૂર આવ્યું ન હતું અને શું ગુજરાતના લોકોને તકલીફ ન પડી હતી ?'' મેં મારા ડ્રાઈવરને પૂછ્યું.

''ના, નરેન્દ્રભાઈ બધું સંભાળવા ત્યાં હતા,'' તેણે જવાબ આપ્યો. ''નરેન્દ્રભાઈ નજર રાખતા હોય ત્યારે કઈ રીતે ખોટું થઈ શકે ?''

૨૦૦૨ અને ૨૦૦૭ના જૂઠાણાએ જૂઠને વધુ મોટા જૂઠાણાં ફેલાવવામાં મદદ કરી; આ વખતે ગુજરાત બહાર.

૨૦૧૩માં એવો દાવો કરવામાં આવ્યો હતો કે મોદીએ તે વર્ષમાં ઉત્તરાખંડમાં આવેલા વિનાશક પૂરમાં ફસાયેલા ૧૫,૦૦૦ ગુજરાતીઓને બચાવ્યા હતા. જૂઠાણું તરત જ પકડી પાડવામાં આવ્યું હતું, પરંતુ તે તેના વિશ્વાસીઓના મનમાં સત્ય તરીકે રહેતું હતું. ગોધરા ખાતે ટ્રેન સળગાવવા અંગેનું જૂઠાણું અથવા ત્યાર બાદ મુસ્લિમો સામે થયેલા નરસંહાર વિશે; આતંકવાદીઓ નરેન્દ્ર મોદીના જીવ માટે ગોળીબાર કરે છે તે અંગેનું જૂઠ; ઈશરત જહાંને મારવાના એન્કાઉન્ટર ઓપરેશન વિશે; વાઈબ્રન્ટ ગુજરાત વિશે, ગુજરાતના વિકાસ મોડલ વિશેના જૂઠાણા મોટા અને વધુ મોટા જૂઠાણાં તરફ દોરી ગયા.

તે એક ક્રૂર સંયોગ છે કે ૨૦૦૨ના નરસંહારની વર્ષી પહેલા મુસ્લિમો વિરુદ્ધ નિર્દેશિત અન્ય નરસંહારની વર્ષી આવે છે; પછીથી, ૨૦૨૦માં, દિલ્હીમાં; આ વખતે મોદી માત્ર રાજ્ય જ નહીં સમગ્ર દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. જેમ ગુજરાતી હિંદુઓને ૨૦૦૨માં તત્કાલીન મુખ્યમંત્રી દ્વારા નકારવા માટે દોરવામાં આવ્યા હતા, તેવી જ રીતે ૨૦૨૦ની દિલ્હી હિંસા અંગે પણ મુસ્લિમો પર દોષારોપણ કરીને ભારતીયોને નકારવા માટે દોરવામાં આવી રહ્યા છે.

આપણે ૨૦૨૨માં છીએ કારણ કે આપણે ૨૦૦૨થી આગળ વધવા માંગતા હતા; આપણે તેના પર રહેવા માંગતા ન હતા.

આપણે બિલકીસ બાનોથી થાકી ગયા અને ગુસ્સે થઈ ગયા, જેણે ન્યાય મેળવવામાં ઢીલ ન રાખી. તેણી ૨૦૦૨-૨૦૧૯ સુધી, ગુજરાતથી બોમ્બેથી દિલ્હી સુધી લડી, સુપ્રીમ કોર્ટને તેણીની સાથે થયેલા અન્યાયની વિશાળતાને ઓળખવા માટે દબાણ કર્યું. આપણે નારાજ છીએ કે ઝાકિયા જાફરીએ હજુ પણ ન્યાયની તેની માંગણીથી પીછેહઠ કરી નથી અને ૨૦૦૨માં ગુલબર્ગ સોસાયટીમાં તેના પતિ, એહસાન જાફરીની અને સંખ્યાબંધ મુસ્લિમોની હત્યા તરફ દોરી ગયેલા કાવતરા માટે તે માણસ પર કેસ ચલાવવા માંગે છે. આપણે ૨૦૦૨થી બહુ જલ્દી ભાગી ગયા. જો કે, તે અમને છોડશે નહીં. સામૂહિક રીતે તેની સાથે વ્યવહાર કર્યા વિના, આપણે સમજી શકતા નથી કે આપણે ૨૦૧૪માં જે કર્યું તે શા માટે કર્યું અને ૨૦૧૯માં તેનું પુનરાવર્તન કર્યું, અને શા માટે આપણે હવે વિકૃત અસત્યવાદી રાષ્ટ્રમાં ફેરવાઈ ગયા છીએ.

(લેખક દિલ્હી યુનિવર્સિટીમાં ભણાવે છે.) (સૌ. : ધ વાયર.ઈન)

કોઈપણ યુદ્ધમાં નિશ્ચિત તો હાર અને સંહાર જ હોય છે...

આ વિશ્વે અનેક યુદ્ધો જોયાં છે ને સિલકમાં રક્તપાત જ હાથ આવ્યો છે, તો પણ સત્તાલોભીઓને યુદ્ધનું ખેંચાણ રહ્યાં કરે છે. યુદ્ધ, કદાચ જગતને કોઠે પડી ગયું છે. આખું વિશ્વ શાંતિની અપેક્ષા રાખે છે, પણ તેને યુદ્ધ વગર ચાલતું નથી. ઘણીવાર તો શાંતિ સ્થાપવા અશાંતિનો આશરો લેવાય છે. માણસ ઇતિહાસમાંથી કશું શીખતો નથી તે તેણે અનેક યુદ્ધો લડીને સાબિત કરી આપ્યું છે. બબ્બે વિશ્વયુદ્ધોની કરચો હજી ક્યાંક ખૂંપેલી છે, છતાં ત્રીજા વિશ્વયુદ્ધ તરફ વિશ્વ ખેંચાઈ રહ્યું હોવાનું લાગે છે. અહિંસા આદર્શ છે, પણ જગત હિંસાને પણ આદર્શ તરીકે સ્થાપવા માંગતુ હોય તેમ તે યુદ્ધ માટે સજ્જ થતું રહે છે. અત્યારે અમેરિકા અને રશિયા સામસામે આવી ગયાં છે. બંને સીધાં યુદ્ધમાં તો ન સંડોવાય, પણ યુક્રેનની આડમાં બંને દૂર રહીને બાથ ભીડી રહ્યાં હોય તેમ લાગે છે. યુક્રેન-રશિયા વચ્ચે યુદ્ધ છેડાઈ ચૂક્યું છે અને ગમ્મત એ છે કે યુદ્ધ છેડીને રશિયાએ યુક્રેનને વાટાઘાટ માટે કહ્યું છે. ખરેખર તો એ ઘાંટાઘાંટ પછીની વાટાઘાટ છે. યુક્રેને વાટાઘાટની ના પાડી દેતાં રશિયા ફાટીને ધુમાડે ગયું છે. તેણે વધુ આક્રમક થઈને યુક્રેનની રાજધાની કીવનું નિશાન લીધું છે ને અત્યારે આખી દુનિયા હિંસક આક્રમણનો તમાશો જોઈ રહી છે. અમેરિકા અને નાટો પડખે રહેશે એવી યુક્રેનની આશા ઠગારી નીવડી છે. યુક્રેનને સપોર્ટ બધા દેશોનો છે, પણ કમાલ એ છે કે કોઈ યુદ્ધમાં સાથે નથી. યુક્રેન એકલું પડી ગયું છે અને તેનાં રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર ઝેલેન્સ્કી જાહેર કરતા રહે છે કે તેઓ દેશ છોડીને ક્યાંય જવાના નથી, સાથે જ ભારતના વડાપ્રધાન મોદીને મદદ માટે ટહેલ પણ નાખે છે. ભારતની હાલત સાપે છછુંદર ગળ્યાં જેવી થઈ છે. ન ગળાય, ન કઢાય. યુક્રેનને મદદ કરે તો અમેરિકા ખુશ થાય ને ન કરે તો રશિયા ખુશ થાય. ભારત, અમેરિકા અને રશિયામાંથી કોઈને નારાજ કરી શકે એમ નથી. ભારત બોલે છે ખરું કે આ સમસ્યા રાજદ્વારી રીતે ઉકેલાવી જોઈએ. ભારત યુદ્ધની તરફેણ ન જ કરે, કારણ તેણે યુદ્ધો જોયાં છે ને બરાબર જાણે છે કે યુદ્ધ છેડવા જેવું નહીં, છોડવા જેવું જ હોય છે.

રશિયન પ્રમુખે વર્ષો પહેલાં યુક્રેન સાથે યુદ્ધ કરવાનો મનસૂબો ઘડી રાખેલો. તેનું એક કારણ રશિયાને ભય છે કે યુક્રેન નાટો (એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનિઝેશન) સાથે જોડાઈ જશે તો મૂડીવાદી દખલ ઘરઆંગણે જ વધી જશે. યુક્રેનની ભૌગોલિક રચના એવી છે કે તેનો એક ભાગ રશિયાને અડેલો છે, તો બીજે છેડે પૉલેન્ડ, હંગેરી, રોમાનિયા, સ્લોવાક જેવા છે જે રશિયન છાવણીના સ્વતંત્ર સામ્યવાદી રાષ્ટ્રો છે. યુક્રેનના પણ બે ભાગ છે જેમાંનો પૂર્વ ભાગ પોતાને રશિયાની નજીક માને છે ને પશ્ચિમ ભાગ યુરોપિયન યુનિયનની નજીક પોતાને ગણે છે. પૂર્વ યુક્રેનના ઘણા વિસ્તારો રશિયા સમર્થિત અલગતાવાદીઓના પ્રભાવમાં છે. રશિયાએ અહીં ડોનેત્સ્ક અને લુહાન્સ્કને અલગ દેશો તરીકે માન્યતા આપી છે. ૨૦૧૪માં ક્રિમિયા પર આક્રમણ કરીને તેને રશિયાએ પોતાની સાથે ભેળવી દીધું છે. આ ક્રિમિયા આમ તો ૧૯૫૪માં સોવિયેત સંઘના પ્રમુખ કૃષ્ચેવે યુક્રેનને ભેટ આપ્યું હતું, જેને રશિયાએ પડાવી લીધું. એ રીતે રશિયા ઘટતા જતા સામ્યવાદી પ્રભાવને વિસ્તારવાના પ્રયત્નો કરતું રહે છે, પણ તેને નાટોનો રશિયા તરફનો વિસ્તારવાદી પ્રયત્ન સ્વીકાર્ય નથી. જો યુક્રેન નાટો સાથે જોડાય તો રશિયા નાટો સમર્થિત દેશોથી ઘેરાઈ જાય ને યુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાય તો રશિયાની લશ્કરી તાકાત ટાંચી જ પડે. યુક્રેન નાટો સાથે જોડાયું નથી, પણ જોડાય તો રશિયા એકલું પડે અને રાષ્ટ્રપતિ પુતિન વિશ્વ નેતા બનવા નીકળ્યા હોય તો એકલા કેવી રીતે પડે ? આમ તો નાટોની રચના જ સોવિયેત સંઘની વિસ્તારવાદી નીતિને રોકવા થયેલી. થયેલું એવું કે ૧૯૩૯નાં બીજા વિશ્વયુદ્ધ પછી સોવિયેત સંઘે પૂર્વી યુરોપના વિસ્તારોમાંથી પોતાની સેના હટાવવાની ના પાડી દીધી. ૧૯૪૮માં બર્લિનને પણ ઘેરી લીધું, એટલે અમેરિકાએ ૧૯૪૯માં નાટોની શરૂઆત કરી. શરૂઆતમાં એમાં અમેરિકા સહિત બ્રિટન, ફ્રાંસ, કેનેડા, ઇટાલી જેવા ૧૨ દેશો હતા, અત્યારે એમાં ૩૦ દેશો છે ને યુક્રેનના જોડાવાની શક્યતાએ જ, પુતિનને યુક્રેન પર યુદ્ધ થોપવાની ફરજ પાડી છે. નાટોની નીતિ છે કે તેની સાથે જોડાયેલા દેશો પર કોઈ દેશ હુમલો કરે તો તેનું રક્ષણ એ બધાં જ દેશો કરશે જે તેની સાથે જોડાયેલા છે. હવે યુક્રેન નાટો સાથે જોડાય તો તેને નાટોનું રક્ષણ મળે ને તે સ્થિતિમાં રશિયા તેની સામે ટકી શકે નહીં. સોવિયેત સંઘ તૂટતાં ૧૫ દેશો અલગ પડી ગયા ને એનાં એક ભાગ તરીકે રશિયા અસ્તિત્વમાં આવ્યું. દેખીતું છે કે એમ થતાં તેનો વિસ્તાર ઘટ્યો. એટલે સોવિયેત સંઘ સાથે સંકળાયેલા બીજા દેશો રશિયાની સાથે રહે તેવા પ્રયત્નો રશિયા કરે ને એમાં યુક્રેન કે અન્ય દેશો નાટો સાથે જોડાય તો એ દેશોથી ઘેરાવાનું રશિયાને માફક ન જ આવે તે સમજી શકાય તેવું છે. એટલે તેણે ફિનલેન્ડ અને સ્વીડનને સાફ શબ્દોમાં ધમકી આપી છે કે નાટો સાથે જોડાનારની ખેર નહીં રહે.

યુક્રેન એક તબક્કે યુનાઈટેડ સોવિયેત યુનિયન (યુએસએસઆર)

દૃષ્ટિકોણ

- રવીન્દ્ર પારેખ

સાથે જોડાયેલું હતું. ૧૯૧૭માં રાજાશાહીનો અંત આવ્યો અને સામ્યવાદી શાસન શરૂ થયું તેનાં બે વર્ષ પછી યુક્રેન યુએસએસઆર સાથે જોડાયું, પણ ૧૯૯૧માં યુએસએસઆર ૧૫ દેશોમાં વહેંચાઈ ગયું ને રશિયા અસ્તિત્વમાં આવ્યું. રશિયાથી અલગ થનાર રાષ્ટ્રોમાં યુક્રેન પણ ખરું. તે નાટો સાથે જોડાય તેનો રશિયાને વાંધો છે, કારણ, તે જોડાય તો રશિયાની વિસ્તારની વાત તો બાજુ પર, પણ તેણે સંકોચાવાના દિવસો આવે. એટલે નાટોનો પ્રભાવ દૂર રાખવો જ પડે. એ પ્રભાવ તો જ રોકાય જો યુક્રેન નાટો સાથે જોડાતું અટકે. તેને જોડાતું અટકાવવા રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું છે. આક્રમણ ચાર દિવસથી ચાલે છે ને યુક્રેન તબાહ થઈ રહ્યું છે. આક્રમણ થાય તો અમેરિકા અને નાટો યુક્રેનનાં સમર્થનમાં પડખે ઊભાં રહેશે એવી યુક્રેનનાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સ્કીની ધારણા હતી, પણ તે શરૂઆતમાં ઠગારી નીવડી. નાટો સમર્થિત બધા દેશોએ અને અમેરિકાએ રશિયન આક્રમણનો વિરોધ તો કર્યો, પણ યુદ્ધ તો યુક્રેને પોતાની તાકાત પર જ લડવાનું આવ્યું ને યુક્રેનની હાલત દાંત, નખ કાઢી લીધેલા વાઘ જેવી થઈ છે. રશિયાથી અલગ પડ્યા પછી તેની પાસે ન્યુક્લિયર બોમ્બ હતા. આમ તો રશિયાનું જાણીતું અણુમથક ચેર્નોબિલ પણ યુક્રેનમાં હતું, પણ અમેરિકા અને બ્રિટને યુક્રેનને રક્ષણની ખાતરી આપીને તેને અણુશક્તિ વગરનું કરી નાખ્યું ને હવે ખરેખરું યુદ્ધ સામે આવ્યું છે ત્યારે યુક્રેનની પડખે કોઈ નથી. મોંની વાતો તો ઘણાએ કરી, પણ હાથની તાકાત કોઈની મદદમાં નથી આવી. એટલે જ રશિયાને ફાવતું આવ્યું- આક્રમણ કરવાનું. તેને ખબર હતી કે યુક્રેન પાસે અણુશસ્ત્રો નથી ને હાલ તુરત તો તે એકલું જ છે એટલે તેણે શરૂઆત જ મિસાઈલ્સ ને બોમ્બમારાથી કરી. નાટો એટલે મદદ કરવા તૈયાર ન થયું, કારણ યુક્રેન હજી સુધી તેનું સભ્ય થયું નથી. **સંયુક્ત રાષ્ટ્ર સંઘ આમ પણ વિશ્વશાંતિની વાતો કરે છે, અરે ! તેનો હેતુ જ વિશ્વશાંતિનો છે, પણ તેણેય ક્યાંય સુધી તો કુલડીમાં જ ગોળ ભાંગ્યા કર્યો. સાચું તો એ છે કે અમેરિકા અને નાટો યુક્રેનનો રશિયા સામે ઢાલ તરીકે ઉપયોગ કરી રહ્યા છે. રક્ષણની લાલચ આપીને યુક્રેનને રશિયા સામે તૈયાર કર્યું છે ને નાટો, અમેરિકા અને રશિયા, યુક્રેનના અખાડામાં દુનિયાને ખેલ બતાવી રહ્યાં છે. આખલાઓ લડે ને ઝાડનો ખો નીકળે એવો ખેલ ચાલે છે. યુદ્ધની ખુવારી શરૂ થઈ ગયા પછી પણ અમેરિકા કે સંયુક્ત રાષ્ટ્ર સંઘ મંત્રણા માટે જ ફાંફાં મારતા રહ્યાં છે ને ત્યાં પણ રશિયાએ વીટો વાપરીને બધા દેશોની બોલતી બંધ કરી દીધી છે. ભારતે પોતાનો મત ન આપીને છૂપી રીતે તો રશિયાને જ ટેકો કર્યો છે, પણ યુદ્ધની અસરનો ભોગ બનવાનું ભારતને જ વધારે આવે એમ બને, ખાસ કરીને કાચા તેલની વધી રહેલી કિંમત ભારતને રડાવે એમ લાગે છે. આ ઉપરાંત મોંઘવારી માઝા મૂકે એમ બને. એ તો આમેય માઝા મૂકતી જ રહે છે.**

યુક્રેનને યુદ્ધમાં સંડોવીને ઘણા દેશોએ મદદને નામે હાથ ઊંચા કરી દીધા હતા, તે છતાં ફ્રાંસ અને બ્રિટન સહિત ૨૫ દેશોએ યુક્રેનને હથિયાર આપવાની વાત કરી છે. એ વાતે રશિયા વધારે ભુરાયું થયું છે. પુતિને તો ત્યાં સુધી કહી દીધું છે કે વિશ્વના દેશોની યુક્રેનમાં દખલ વધી કે અમારી સામે લશ્કરી કાર્યવાહી થઈ તો પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરતાં પણ રશિયા અચકાશે નહીં. એની સામે અમેરિકી પ્રમુખ જો બાઈડેને પણ સ્પષ્ટ કરી દીધું છે કે રશિયન અધિકારીઓ, વેપારીઓ, બેન્ક અને ઈકોનોમિક સેક્ટર પર પ્રતિબંધો લાગુ થશે. જે દેશ આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ વર્તે છે તેણે તેમ કરવા બદલ કિંમત ચૂકવવી પડે છે એમાં રશિયા પણ અપવાદ નથી. આમ તો રાજકીય કે આર્થિક પ્રતિબંધો એ ઇતિહાસમાં સૌથી વ્યાપક પ્રતિબંધો છે, પણ આ પ્રતિબંધો ત્રીજા વિશ્વયુદ્ધ તરફ દોરી જાય એમ બને. એટલે અમેરિકા અને તેનાં સહયોગી દેશો અને યુરોપીય દેશો સક્રિય તો થયા છે, પણ આ સક્રિયતાથી ડરવાને બદલે પુતિન વધુ ઝનૂની બન્યા છે ને એ ઝનૂન યુક્રેન પર વધુ જોખમી રીતે પુરવાર થઈ રહ્યું છે. પુતિનનું કહેવું છે કે ૫૦ હજાર રશિયન સૈનિકોનો ભોગ લેવાય કે રાસાયણિક હથિયારોનો ઉપયોગ કરવો પડે તો તેમ કરીને પણ યુક્રેન જીતવું છે, તો યુક્રેનનો પણ દાવો છે કે યુદ્ધમાં રશિયન ૪૩૦૦ સૈનિકો માર્યા ગયા છે અને ૧૪૬ ટેન્ક, ૨૭ ફાઈટર જેટ અને ૨૬ હેલિકોપ્ટરોનો ખાતમો બોલાવી દેવાયો છે. સાચું ખોટું તો એ જાણે, પણ યુક્રેનના હોય કે રશિયાના, મરે છે તે માણસો છે ને એમાંના ઘણા તો એટલા નિર્દોષ હોય છે કે એમને ખબર જ નથી પડતી કે તેઓ કયાં કારણે મરી રહ્યાં છે ! કોઈ પણ યુદ્ધમાં જીતનાર ને મૃત્યુ પામનાર એક નથી. એ કેવી મોટી વિટંબણા છે કે જે જીતે છે તે મરતો નથી ને જે મરે છે તે જીતતો નથી. આમ રશિયાનું યુક્રેન પર વરસવાનું એક માત્ર કારણ એ ભય છે કે તે નાટો સાથે જોડાશે તો તેની સાથેના સંલગ્ન દેશોથી તેને ઘેરાઈ જવાનું થશે. આ ભય યુદ્ધને યુક્રેન પૂરતું સીમિત નહીં રાખે ને જોખમો બીજા દેશો પર વધારે એમ બને. પ્રાર્થના એટલી જ કરવાની રહે કે યુક્રેન ત્રીજા વિશ્વયુદ્ધનું નિમિત્ત ન બને !

કોહલીની ૧૦૦મી ટેસ્ટથી નવી યાત્રાની શરૂઆત કરશે રોહિતની ટીમ ઈન્ડિયા

મોહાલી,તા.૩

વિરાટ કોહલી જ્યાં પોતાની ૧૦૦મી ટેસ્ટમેચને યાદગાર બનાવવાનો પ્રયાસ કરશે ત્યાં રોહિત શર્મા શ્રીલંકા વિરૂદ્ધ શુક્રવારથી અહીયા શરૂ થનારી પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં મોટી જીત સાથે ભારતના ૩૫મી ટેસ્ટ કપ્તાનના રૂપમાં પોતાની ઈનિંગની ધમાકેદાર શરૂઆત કરવા માંગશે. ભારતે ૧૯૩૨માં ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ બાદ અનેક નાયક અને મહાનાયક પેદા કર્યા છે. જેમની વિશેષ સિદ્ધિઓ યાદગાર બની ગઈ પછી તે સુનિલ ગાવસ્કરના ૧૦,૦૦૦ રન હોય અથવા સચિન તેન્ડુલકરની ભાવનાત્મક વિદાય. હવે કોહલી પર બધાની નજર છે. જેની ૧૦૦મી ટેસ્ટ ચર્ચાનો વિષય બની છે. કોહલી પોતાની આ ૧૦૦મી ટેસ્ટને યાદગાર બનાવવવાનો પ્રયાસ કરશે. તે છેલ્લા બે વર્ષથી સદી ફટકારી શક્યો નથી. શ્રીલંકાના બોલિંગ આક્રમણને રમવામાં કોહલીને કોઈપણ જાતની પરેશાની થશે તેવું લાગતું નથી. આ ટેસ્ટમેચથી રોહિતના નેતૃત્વમાં ભારતીય ટીમની નવી યાત્રા પણ શરૂ થશે. રોહિતના સીમિત ઓવરોના ક્રિકેટ ખાસ કરીને આઈપીએલની સફળતાથી બધા વાકેફ છે. જ્યાં તે ધોની જેવા દિગ્ગજોને પડકાર આપતો રહ્યો છે. પણ ટેસ્ટ ક્રિકેટમાં કેપ્ટનશિપ કરવી બિલકુલ અલગ છે. રોહિત હાલ ૩૪ વર્ષનો છે અને એ નક્કી છે કે તે લાંબો સમય આ જવાબદારી નિભાવશે નહીં. આવામાં એ જોવું રસપ્રદ હશે કે તે ભારતીય ક્રિકેટના પરિવર્તનના આ તબક્કાને કેવી રીતે સંભાળે છે. જેની શરૂઆત ચેતેશ્વર પુજારા, અજિંક્ય રહાણે અને ઈશાન્ત શર્મા જેવા દિગ્ગજોને બહાર કરવાથી થઈ છે. ટેસ્ટ ક્રિકેટની પરિસ્થિતિમાં રોહિત શર્માના નેતૃત્વ કૌશલ્યની અસલ પરીક્ષા થશે.

ટેસ્ટ ક્રિકેટમાં આપણે જ્યાં છીએ તેનો શ્રેય વિરાટ કોહલીને જાય છે : રોહિત શર્મા

મોહાલી,તા.૩, ભારતીય કપ્તાન રોહિત શર્માએ ગુરૂવારે પૂર્વ કપ્તાન અને દિગ્ગજ બેટસમેન વિરાટ કોહલીની તેની ૧૦૦મી ટેસ્ટ પહેલા પ્રશંસા કરતા કહ્યું કે આ ફોર્મેટમાં ટીમને સારી સ્થિતિમાં લાવવાનો પૂરો શ્રેય કોહલીને જાય છે. શુક્રવારથી અહીંયા શ્રીલંકા વિરૂદ્ધ શરૂ થઈ રહેલી પ્રથમ ટેસ્ટની સાથે રોહિત ભારતના ટેસ્ટ કપ્તાનના રૂપમાં પોતાની ઈનિંગની શરૂઆત કરશે. ટેસ્ટ કપ્તાનના રૂપમાં મેચ પહેલા પોતાની પ્રથમ પ્રેસ કોન્ફરન્સમાં રોહિતે કહ્યું કે, એક ટીમના રૂપમાં અમે ઘણી સારી સ્થિતિમાં છે. આ ફોર્મેટમાં આપણે જ્યાં છે તેનો પૂરો શ્રેય વિરાટને જાય છે. આટલા વર્ષોમાં તેણે ટેસ્ટ ટીમની સાથે જે કર્યું છે તે જોવામાં શાનદાર હતું. તેણે કહ્યું કે, તેણે જ્યાંથી વસ્તુઓને છોડી છે મારે ત્યાંથી તેને આગળ લઈ જવી પડશે. મારા યોગ્ય ખેલાડીઓ સાથે યોગ્ય વસ્તુઓ કરવી પડશે. હાલ વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં સ્થાન મેળવવાની ભારતની સંભાવના ઘણી પ્રબળ નથી પણ રોહિતે કહ્યું કે, ટીમ સાચી દિશામાં આગળ વધી રહી છે. તેણે કહ્યું કે, ટીમ સારી સ્થિતિમાં છે. હા અમે વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપ ટેબલમાં વચ્ચે ચાલી રહ્યા છે. પણ મને નથી લાગતું કે છેલ્લા બે-ત્રણ વર્ષમાં અમે કંઈ ખોટું કર્યું છે. રોહિતે જ્યારે કોહલીની પ્રશંસા કરી તો એમાં એકબીજા માટેનું સન્માન પણ દેખાયું. તેણે કહ્યું કે કોહલી માટે સફર શાનદાર રહી છે. હવે પોતાની ૧૦૦મી ટેસ્ટ રમવી શાનદાર અનુભવ છે. રોહિતે કહ્યું કે ચોક્કસ રીતે અમે કોહલી માટે આ ટેસ્ટને વિશેષ બનાવવા માંગીએ છીએ. અમે બધા આના માટે તૈયાર છીએ. દર્શકો વિરાટને જોવા મેદાનમાં આવશે આ શાનદાર છે.

શ્રીલંકા વિરૂદ્ધ આજથી પ્રથમ ટેસ્ટનો પ્રારંભ , રોહિત શર્મા આજે ભારતનો ૩૫મો ટેસ્ટ કપ્તાન બનશે, શ્રીલંકાની આ ૩૦૦મી ટેસ્ટ મેચ હશે

શ્રીલંકાએ હજુ સુધી ભારતમાં વિજયનો સ્વાદ ચાખ્યો નથી

શ્રીલંકાની ટીમ અત્યાર સુધી ભારતમાં કોઈ ટેસ્ટ મેચ જીતી શકી નથી. ટીમે અહિંયા રમેલી ૨૦ ટેસ્ટ મેચમાંથી ૧૧માં પરાજય થયો છે. જ્યારે ૯ મેચ ડ્રો થઈ છે. ભારત અને શ્રીલંકા વચ્ચે બે ટેસ્ટ મેચની સિરીઝની પ્રથમ મેચ આવતીકાલથી મોહાલીમાં શરૂ થશે. શ્રીલંકાની આ ૩૦૦મી ટેસ્ટ મેચ હશે. કપ્તાન કરૂણારત્નેએ કહ્યું કે, પોતાના દેશની ૩૦૦મી ટેસ્ટ મેચમાં કેપ્ટનશીપ કરવી શાનદાર અહેસાસ છે. મને આની આશા ન હતી. આ મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. હું શ્રીલંકા માટે સર્વશ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરવાનો પૂરો પ્રયાસ કરીશ. તેણે કહ્યું કે મને ખબર પડી કે, વિરાટની આ ૧૦૦મી ટેસ્ટ છે. બીસીસીઆઈએ ૫૦ ટકા દર્શકોની મંજૂરી આપીને સારો નિર્ણય કર્યો છે. તેણે કહ્યું કે, અમે યુવા ભારતીય ખેલાડીઓ વિરૂદ્ધ રણનીતિ બનાવી છે. અમે તેનો અમલ કરવાનો પ્રયાસ કરીશું.

સીક્યોરિટાઈઝેશન ઍન્ડ રીકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ ઍન્ડ એનફોર્સમેન્ટ ઑફ સીક્યોરિટી ઈન્ટરેસ્ટ ઍક્ટ, 2002 (કાયદો) ની કલમ 13(2) અન્વયે સૂચના

અનુ. નં.	કર્જદાર(રો) નું નામ (ક)	ગીરો મૂકેલી મિલકતની વિગતો (ખ)	એનપીએ તારીખ (ગ)	બાકી રકમ (રૂ.) (ઘ)
1.	લોન એકાઉન્ટ નં. HHLSUA00447967 1. અલ્પુ રામ 2. રાજુ દેવી	પ્લૉટ નં.2, વ્રજધામ-1, વિલેજ ગોડાદ્રા, તાલુકો ચોર્યાસી, જિલ્લો સુરત, સુરત 395010, ગુજરાત	28.01.2022	રૂ. 22,42,916.70/- (રૂપિયા બાવીસ લાખ બેત્તાલીસ હજાર નવસો સોળ અને સીત્તેર પૈસા પૂરાં) 28.01.2022 રોજ
2.	લોન એકાઉન્ટ નં. HHLRAJ00474382 1. હાર્દિક હેમંતભાઈ જોશી 2. વિભૂતિ યુ. જોશી	ફ્લૅટ નં.903, 9મો માળ, એપલ ગ્રીન્સ, વિંગ ચેલો-એ, આર.એસ નં.89પી માધાપર, ઑફ જામનગર હાઈવૅ, રાજકોટ, ગુજરાત 360006	27.01.2022	રૂ. 19,93,341.36/- (રૂપિયા ઓગણીસ લાખ ત્રાણુ હજાર ત્રણસો એકતાલીસ અને છત્રીસ પૈસા પૂરાં) 27.01.2022 રોજ
3.	લોન એકાઉન્ટ નં. HHLSUA00382278 1. નિલેશ જશવંતલાલ ગજ્જર 2. ગજ્જર પ્રિતિ નિલેશભાઈ	ફ્લૅટ નં.205, 2જો માળ, બિલ્ડિંગ નં.કે, હરિકૃષ્ણા રેસિડેન્સી, બ્લૉક નં.338/બી, ગામ ઉમરા, તાલુકો ઓલપાડ, જિલ્લો સુરત, સુરત -394130, ગુજરાત.	25.01.2022	રૂ. 10,05,652.51/- (રૂપિયા દસ લાખ પાંચ હજાર છસો બાવન અને એકાવન પૈસા પૂરાં) 25.01.2022 રોજ
4.	લોન એકાઉન્ટ નં. HHLAHE00231771 1. શર્મા હર્ષદ 2. પ્રદીપકુમાર નંદલાલ શર્મા 3. શર્મા નિલમબેન હર્ષદભાઈ	એફ-403, સમોર રેસિડેન્સી, ઓમ-શાંતિનગર, કૅનલ રોડ, નરોલ, બડિયાદેવ મંદિર પાસે, અમદાવાદ -380009, ગુજરાત.	29.01.2022	રૂ. 8,21,232.72/- (રૂપિયા આઠ લાખ એકવીસ હજાર બસો બત્રીસ અને બોત્તેર પૈસા પૂરાં) 29.01.2022 રોજ
5.	લોન એકાઉન્ટ નં. HHLSUR00431711 1. સંજયભાઈ બી. વેકરિયા 2. વેકરિયા વિલાસબેન સંજયભાઈ	ફ્લેટ નં.106, 1લો માળ, સુવિધા કૉમ્પ્લેક્સ ઑફ સુવિધા (નાના વરાછા) કૉઑપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, મૌજે નાનાવરાછા, સુરત શહેર, સુરત - 395006, ગુજરાત	15.12.2021	રૂ. 9,51,940.77/- (રૂપિયા નવ લાખ એકાવન હજાર નવસો ચાલીસ અને સીત્તોતેર પૈસા પૂરાં) 15.12.2021 રોજ
6.	લોન એકાઉન્ટ નં. HHLSUR00280560 1. પિયુષ દેવજીભાઈ નાસિત 2. દક્ષાબેન પિયુષભાઈ નાસિત	31, સુકન બંગ્લોઝ, સેતુ રેસિડેન્સીની પાસે, કૅનલ રોડ, સરથાણા, સુરત - 395006	31.01.2022	રૂ. 42,84,656.77/- (રૂપિયા બેત્તાલીસ લાખ ચોર્યાસી હજાર છસો છપ્પન અને સીત્તોતેર પૈસા પૂરાં) 31.01.2022 રોજ

આ સાથે જણાવવાનું કે ઉપરોક્ત નામવાળા ધિરાણ લેનાર (રા) લોન અકાઉન્ટમાં નાણાંકીય શિસ્ત જાળવી શકયાનથી અને કંપનીના કામકાજના સામાન્ય શિરસ્તા મુજબ હિસાબના જે ચોપડા તૈયાર કરાય છે તે મુજબ દરેક ધિરાણ લેનાર(રા) ના નામની સામે કોલમ (ઘ) માં દર્શાવાયેલ રકમ બાકી નીકળે છે.

ધિરાણ લેનાર(રા) લોનની રકમની પુનઃ ચુકવણીની બાબતમાં સતત કસુરવાર ઠરતા રહેતા હોવાથી કંપનીએ નિર્ધારિત નિયમો હેઠળ ધિરાણ લેનાર(રા) ના લોન અકાઉન્ટને નૉન પરફાર્મિંગ ઍસેટ (કોલમ (ગ) માં દર્શાવેલા તારીખ પ્રમાણે)તરીકે વર્ગીકૃત કર્યા છે. ધારાની કલમ 13(2) હેઠળ દરેક ધિરાણ લેનારને સતત (નોટિસો) પણ મોકલવામાં આવી છે.

ઉપરોક્ત બાબતના સંદર્ભમાં આ નોટિસ છપાયાની તારીખથી 60 દિવસમાં આજ દિન સુધીના વ્યાજ, ખર્ચ અને બાકી રકમ કોલમ (ઘ) માં દર્શાવ્યા મુજબ ચાર્જીસ સહિત કોલમ ગમાં દર્શાવાયેલ બાકી નીકળતી સમગ્ર રકમ ભરી દઈ પોતાની સંપૂર્ણ જવાબદારી પૂર્ણ કરવા કંપની તેને / તેણીને એલાન કરે છે. જો તેમ નહી થાય તો ઉપર કોલમ (ખ) માં જણાવાયેલ ગિરો મૂકાયેલ અસ્કયામતનો કબજો લેવા કંપની હકદાર રહેશે તેમ જ કંપની કાયદો હેઠળ ઉપલબ્ધ અન્ય પગલાં પણ લઈ શકશે.

કૃપા કરી નોંધ લેશો કે સરફેસી ઍક્ટની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈઓના સંદર્ભમાં, કર્જદાર બાકી નીકળતી સંપૂર્ણ રકમ સીક્યોર્ડ ક્રેડિટર દ્વારા થયેલ બધી જ લાગતો, ચાર્જીસ અને ખર્ચા સહિત સીક્યોર્ડ એસેટ્સના પબ્લિક ઑક્શન, ક્વોટેશનો મગાવીને, પબ્લિક અથવા પ્રાઈવેટ ટ્રીટી પાસેથી ટેન્ડર મગાવીને કરાતા વેચાણની સૂચના પ્રકાશિત થયાની તારીખ સુધી જ વટાવી શકશે. વધુમાં, એ પણ નોંધ લેશો કે જો કર્જદાર ઉપર જણાવેલ કાયદેસર સૂચિત સમય સીમાની અંદર સીક્યોર્ડ એસેટ્સ વટાવવામાં નિષ્ફળ જશે તો કર્જદાર પ્રોપર્ટી (મિલકત) વટાવવા હકદાર ન પણ રહે.

સરફેસી કાયદોની કલમ 13 ની પેટા-કલમ (13) ની જોગવાઈના સંદર્ભમાં, તમે તેના દ્વારા કોઈપણ, તેમના વેચાણમાંથી, વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા (તેમના વ્યવસાયના સામાન્ય કોર્સ સિવાય) સુરક્ષિત લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિ ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત છે.

ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિ. વતી.

સ્થળ : સુરત/ રાજકોટ/ મોરબી/ અમદાવાદ

અધિકૃત અધિકારી

બીસીસીઆઈનો વાર્ષિક કોન્ટ્રાક્ટ : દીપ્તિ અને રાજેશ્વરી ગ્રેડ-એમાં

મુંબઈ,તા.૩, બીસીસીઆઈએ યુવા ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા અને અનુભવી સ્પિનર રાજેશ્વરી ગાયકવાડને ૨૦૨૧-૨૨ સિઝનના વાર્ષિક કોન્ટ્રાક્ટમાં ગ્રેડ-એમાં રાખવાનો નિર્ણય કર્યો છે. ૨૪ વર્ષીય ઓલરાઉન્ડર દીપ્તિએ છેલ્લા કેટલાક સમયમાં સારૂં પ્રદર્શન કર્યું છે. જેના માટે તેને પ્રમોશન મળ્યું છે. આવી જ રીતે કર્ણાટકની રાજેશ્વરીને પોતાના સારા ફોર્મને ધ્યાનમાં રાખીને કોન્ટ્રાક્ટ યાદીમાં ટોપગ્રેડમાં સામેલ કરાઈ છે. જેમાં હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના અને પૂનમ યાદવ પણ સામેલ છે. આ બધા ખેલાડીઓને બીસીસીઆઈ તરફથી વાર્ષિક ૫૦ લાખ રૂપિયા મળશે. જ્યારે ગ્રેડ-બી અને ગ્રેડ-સીના ખેલાડીઓને વાર્ષિક ક્રમશઃ ૩૦ લાખ અને ૧૦ લાખ રૂપિયા મળશે.

ક્યારેય વિચાર્યું ન હતું કે, હું ૧૦૦ ટેસ્ટ રમીશ : કોહલી

મોહાલી,તા.૩

ભારત તરફથી ૧૦૦મી ટેસ્ટ મેચ રમનાર ૧૨મો ખેલાડી બનવાની નજીક ઊભેલ વિરાટ કોહલીએ કહ્યું કે તેણે ક્યારેય વિચાર્યું ન હતું કે, તે આ સિદ્ધિ પ્રાપ્ત કરશે. કોહલીએ ૨૦૧૧માં વેસ્ટ ઈન્ડિઝ વિરૂદ્ધ પદાર્પણ કર્યું હતું. તેણે અત્યાર સુધી સૌથી લાંબા ફોર્મેટમાં ૫૦.૩૯ની એવરેજથી ૭૯૬૨ રન બનાવ્યા છે. કોહલીએ બીસીસીઆઈ દ્વારા જાહેર કરાયેલા વીડિયોમાં કહ્યું કે, પ્રમાણિકતાથી કહ્યું તો મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું ૧૦૦ ટેસ્ટ રમીશ. આ લાંબી સફર રહી છે. આ ૧૦૦ ટેસ્ટ સુધી પહોંચવા દરમ્યાન અમે ઘણું ક્રિકેટ રમ્યા. તેણે કહ્યું કે ઘણું આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમાઈ રહ્યું છે. હું ભાગ્યશાળી છું કે પોતાની ૧૦૦મી ટેસ્ટ રમવા જઈ રહ્યો છું. તેણે કહ્યું કે મેં પોતાની ફિટનેશ માટે ઘણી મહેનત કરી છે. આ મારા માટે, મારા પરિવાર માટે, મારા કોચ માટે મોટી ક્ષણ છે. જેઓ મારા આ સ્તરે પહોંચવાથી ઘણા ખુશ છે.

વિરાટ ૧૦૦ ટેસ્ટ રમનાર ભારતનો ૧૨મો ખેલાડી બનશે, ગાવસ્કર, વેંગસરકર, કપિલ દેવ, તેન્ડુલકર, કુમ્બલે, દ્રવિડ, ગાંગુલી, લક્ષ્મણ, સેહવાગ, હરભજન અને ઈશાન્ત ટેસ્ટની સદી ફટકારી ચૂક્યા છે

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ **અમદાવાદ-૫ (નારોલ)**ના મણીનગર તાલુકાના મોજે ગામ બહેરામપુરાની સીમના **જુના સર્વે નં.૪૪ - અની જમીનનો સમાવેશ ટી.પી.નં.૧૩માં થતા આપવામાં આવેલ ફા.પ્લોટ નં.૨૯ની આશરે ૧૯૧૬.૩૮ ચો.મી.** ની જમીન ઉપર **"બાગમાર પ્લાઝા"**ના નામથી ઓળખાતી સ્કીમના **સેકન્ડ ફ્લોર પર આવેલ દુકાન નં.૨૦૭ જેનું આશરે ક્ષેત્રફળ ૨૧૧.૮૧૩ ચો.ફૂટ યાને ૧૯.૬૭૮ ચો.મી.ના** બાંધકામ વાળી મિલકત **અને સદર સ્કીમની કુલ જમીનમાં વગર વહેંચાયેલ ૧૨-૬૫૬ ચો.મી. ક્ષેત્રફળ જમીન તથા** વગર વહેંચાયેલ રોડ રસ્તાના હકકો, હિતો, સહિતની મિલકત **ઈકબાલહુસેન અબ્દુલરહીમ શેખના માલિકી કબજા ભોગવટાની અને સંપુર્ણ બોજા રહિત આવેલી છે અને મજકુર મિલકતનો દસ્તાવેજ નં.૧૪૮૭ સને ૨૦૧૮માં કરવામાં આવેલ છે તે અસલ દસ્તાવેજ તેમજ તેની રજીસ્ટ્રેશન પહોંચ ક્યાંક ગુમ થયેલ છે એવું અમારા અસીલે જણાવેલ છે** તથા ઉપરોકત જણાવેલ ડોક્યુમેન્ટસ કોઈપણ જગ્યાએ તારણ બોજામાં મુકેલ નથી તેવું અમોને જણાવેલ અને સદરહુ મિલકતના ટાઈટલ સર્ટિફીકેટની માંગણી અમારી પાસે કરેલ છે સદર મિલકત અંગે કોઈપણ ફાઈનાન્સ કંપની કે બેંક અથવા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક હિસ્સો કે બોજો કે અન્ય કોઈપણ રીતે હકક દાવો, પોષાતો હોય તો તેના દસ્તાવેજી પુરાવા નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં નીચેના સરનામે લેખિતમાં જાણ કરવી ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની નોંધ લેવી.

તારીખ : ૩-૩-૨૦૨૨

મારી મારફતે
ઈમરાનહુસેન એ. અજમેરી
એડવોકેટ
ઠે., ઓફિસ નં.૧૦૫,૧૦૬, મોઈન કોમ્પલેક્ષ, જમાલપુર, અમદાવાદ
મોબાઈલ નં.:- ૯૯૦૪૭૭૧૬૪૫

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ

નીચેના દેણદારો અને સહ-દેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ-દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	દેણદાર અને સહ-દેણદારના નામ	૧૩ (૨) મુજબની નોટિસની તારીખ	૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી	મિલકતનું સરનામું
1.	14149943 14366271 33474086 અને 33299868	મિલકત સામે લોન	૧. એમ્બિશન મીકા લિમિટેડ ૨. આનંદ ટીમ્બર માર્ટ ૩. ગોવિંદભાઈ વી. પટેલ ૪. મોંઘીબેન વેલજીભાઈ પટેલ ૫. પ્રહ્લાદ વેલજીભાઈ પટેલ ૬. રમેશકુમાર વેલજીભાઈ પટેલ ૭. વેલજીભાઈ ખેતસીભાઈ પટેલ	૧૯.૦૨.૨૦૦	ભા.રૂા. ૭,૩૯,૩૨,૪૫૪.૮૯/-	**મિલકત ૧ : સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** કાયમી લીઝહોલ્ડ જમીન ક્ષેત્રફળ ૧૧૭૨.૪૯.૦૮ ચો.મી. ૧/૩જો ભાગ સિટી સર્વે નં.૧૨૧૧ લીયુનો રેવન્યુ સર્વે નં.૩૮૧/૨ સાથે પૈકી મોજે (સીમ) સૈજપુર-બોઘા, તા. અસારવા જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૬ (નરોડા) રાજ્ય ગુજરાત અને **આ મુજબ ખૂંટ : પૂર્વ :** સૈજપુર તળાવ અને બાલકૃષ્ણા સોસાયટીનો રોડ, **પશ્ચિમ :** મ્યુનિસિપલ પમ્પિંગ સ્ટેશન, **ઉત્તર :** એલ.કે. શોપિંગ સેન્ટર, **દક્ષિણ :** જયંતિભાઈ કે. પટેલની જમીન **મિલકત ૨ : ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** ટેનામેન્ટ નં.૫૪/૨, ગ્રાઉન્ડ ફ્લોરની જમીન સાથે બાંધકામ ક્ષેત્રફળ ૬૦ ચો.મી. મોહન નગર કો.ઓ.હા.સો.લિ. સોસાયટીમાં, જમીન સર્વે નં.૧૧૭૩ પર બંધાયેલ, ફાઈનલ પ્લોટ નં.૨૪૯ ટીપી સ્કીમ નં.૧ મોજે નરોડા, તા. અસારવા, જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૬ (નરોડા) રાજ્ય ગુજરાત અને **આ મુજબ ખૂંટ : પૂર્વ :** માર્જિનની જમીન અને પછી ગણેશ સોસાયટી, **પશ્ચિમ :** રોડ અન પછી ટેનામેન્ટ નં.૧૪/૨, **ઉત્તર :** માર્જિનની જમીન અને પછી ટેનામેન્ટ નં.૫૩/૨, **દક્ષિણ :** ટેનામેન્ટ નં.૫૫/૨ કોમન વોલ સાથે
2.	32733271	મિલકત સામે લોન	૧. વીરજીભાઈ રામજીભાઈ ચૌધરી ૨. દક્ષાબેન મોંઘજીભાઈ ચૌધરી ૩. મોગાજીભાઈ રામાભાઈ ચૌધરી	૧૯.૦૨.૨૦૦	ભા.રૂા. ૫,૧૯,૫૯૬.૯૧/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** માળખા સાથે ઊભેલ જમીન જે રેસિડેન્શિયલ મિલકત રાણપુર ગ્રામ પંચાયત મિલકત નં.૪૨૪ અને એસેસમેન્ટ સિરિયલ નં.૪૩૪ જૂના ગામતળ, કુલ ક્ષેત્રફળ ૮૦૦.૦૦ ચો.ફૂટ સ્થિત સીમ, ચૌધરીવાસ પાસે, મુ. રાણપુર, તા. સતલાસાણા, જિ. મહેસાણા, રાજ્ય ગુજરાત અને **આ મુજબ ખૂંટ : પૂર્વ :** ખુલ્લી જમીન, **પશ્ચિમ :** રોડ, **ઉત્તર :** ચૌધરી ભેમાજીભાઈ રામજીભાઈનું ઘર, **દક્ષિણ :** વીરજીભાઈ રામજીભાઈ ચૌધરીનું ઘર
3.	14525721	હોમ લોન	૧. કિરણ જે. ચૌધરી ૨. રેખાબાઈ જગન્નાથ ચૌધરી	૧૯.૦૨.૨૦૦	ભા.રૂા. ૧૧,૨૪,૯૫૭.૫૭/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** મિલકત બેરીંગ પ્લોટ નં.એ-૧૦૪ ક્ષેત્રફળ ૪૪.૬૦ ચો.મી. 'ધોરાજીયા પાર્ક', સ્થિત મુ. રેવન્યુ સર્વે નં. ૧૦૯/૨ પૈકી ૧ મોજે ગામ વિજલપોર, તા. જલાલપોર, જિ. નવસારી અને **આ મુજબ ખૂંટ : પૂર્વ :** પ્લોટ નં.એ૮૧-એ, ૮૧, એ/૮૨, એ/૮૩, **પશ્ચિમ :** સોસાયટી રોડ, **ઉત્તર :** પ્લોટ નં.એ/૧૦૩, **દક્ષિણ :** પ્લોટ નં.એ/૧૦૪
4.	29715042 અને 32585001	મિલકત સામે લોન	૧. રવિ શીટ પ્રોસેસર્સ પ્રા.લિ. ૨. સૌરભ નરેન્દ્રભાઈ પટેલ ૩. તુષારકુમાર નરેન્દ્રભાઈ પટેલ	૧૯.૦૨.૨૦૦	ભા.રૂા. ૩,૪૩,૭૫,૩૩૬.૯૫/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** સ્થાવર રેસિડેન્શિયલ મિલકત બિનકૃષિની જમીન ક્ષેત્રફળ ૬૦૦૦ ચો.મી., રેવન્યુ સર્વે નં.૬૮૨ (જૂના નં.૭૦૬), સ્થિત મુ. મોજે/ગામ : નાગલપુર, તા. મહેસાણા, સબ જિ. મહેસાણા, જિ. મહેસાણા અને **આ મુજબ ખૂંટ : પૂર્વ :** રોડ, **પશ્ચિમ :** નવો સર્વે નં.૭૨૦, ૭૨૧, ૭૨૨, ૭૨૩, **ઉત્તર :** સર્વે નં.૬૮૩, **દક્ષિણ :** સર્વે નં. ૬૭૯, ૬૮૧
5.	34602900	મિલકત સામે લોન	૧. તરૂણભાઈ પ્રવિણભાઈ પટેલ ૨. મનીષાબેન તરૂણકુમાર પટેલ ૩. મેહુલકુમાર પ્રવિણભાઈ પટેલ ૪. પ્રવિણભાઈ શંકરભાઈ પટેલ	૧૯.૦૨.૨૦૦	ભા.રૂા. ૪,૫૮,૪૭૩.૬૨/-	**તમામ ભાગ અને હિસ્સાઓ** ગામતળ ઘર નં.૩૫, ક્ષેત્રફળ લગભગ ૧૬૦૦ ચો.ફૂટ સ્થિત મુ. મોજે કીડી ધનસુરા તા. જિ. અરવલ્લી, ગુજરાત અને **આ મુજબ ખૂંટ : પૂર્વ :** પબ્લિક રોડ, **પશ્ચિમ :** ખુલ્લો પ્લોટ, **ઉત્તર :** પટેલ બાબુભાઈ મગનભાઈનું ઘર, **દક્ષિણ :** નાનુ સૈયદમિયાનું ઘર
6.	19425264 અને 10326221	મિલકત સામે લોન	૧. અનંન મશીન ટુલ્સ ૨. અર્ચનાબેન નયનભાઈ મકવાણા ૩. નયન ધીરજલાલ મકવાણા	૧૯.૦૨.૨૦૦	ભા.રૂા. ૨૪,૬૧,૩૪૫.૯૫/-	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** તિરૂપતિ મશીન ટુલ્સ, અતિકા ઈન્ડસ્ટ્રીયલ એરિયા ગલી ન.૪/૭, શિવ શક્તિ આઈસ્ક્રીમ પાસે, ઢેબર રોડ, ઈન્ડસ્ટ્રિયલ શેડ અને ઓફિસ ગ્રાઉન્ડ ફ્લોર કાર્પેટ એરિયા ૭૦-૯૪ ચો.મી. અને રેસિડેન્શિયલ બ્લોક પહેલો માળ, બિલ્ટ અપ એરિયા ૮૩-૦૬ ચો.મી. ઈન્ડસ્ટ્રિયલ-કમ-રેસિડેન્શિલયલ બિલ્ડિંગ બંધાયેલ જમીન વિસ્તાર ૧૫૯-૭૫ ચો.મી. એટલે કે ૧૯૧-૧-૩૬ ચો. વાર પ્લોટ ન.૩૮/એ સ્થિત રાજકોટ, રેવન્યુ સર્વે નં. ૩૩૦-૩૩૧/પી, ટીપીએસ નં.૫, ઓપી નં.૪૫, એફપી નં.૧૪૩, સિટી સર્વે વોર્ડ નં.૮ સબ જિ. અને જિ. રાજકોટ રાજ્ય ગુજરાત અને **આ મુજબ ખૂંટ : ઈન્ડસ્ટ્રિયલ શેડની ખૂંટની વિગતો : પૂર્વ :** અન્યની મિલકત, **પશ્ચિમ :** અન્યની મિલકત, **ઉત્તર :** ૧૨.૦૦ મી. ટીપી રોડ, **દક્ષિણ :** અન્યની મિલકત **ઈન્ડસ્ટ્રિયલ ઓફિસની ખૂંટની વિગતો : પૂર્વ :** અન્ય જગ્યા, રોડ, **પશ્ચિમ :** ૯-૧૦ મી. રોડ, **ઉત્તર :** ૧૨.૦૦ મી. ટીપી રોડ, **દક્ષિણ :** અન્યની મિલકત
7.	27782994 અને 33635033	મિલકત સામે લોન	૧. મારૂતી માર્કેટિંગ ૨. ભાવિશાબેન મહેશભાઈ સુતરિયા ૩. કમલા સર્વિસીસ ૪. મહેશભાઈ લાલાજીભાઈ સુતરિયા	૧૯.૦૨.૨૦૦	ભા.રૂા. ૨,૪૬,૯૦,૦૯૯.૩૩/-	**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** આર.એસ. નં.૫૨/પી પ્લોટ નં.૩૩ માવડી, જીવરાજ પાર્ક અંબિકા ટાઉનશીપ નાનામાવા મેઈન રોડ, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૪, ક્ષેત્રફળ ૫૮૩-૩૩ ચો.મી. અને **આ મુજબ ખૂંટ : પૂર્વ :** પ્લોટ નં.૩૨, **પશ્ચિમ :** પ્લોટ નં.૩૪, **ઉત્તર :** રોડ, **દક્ષિણ :** પ્લોટ નં.૩૬

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

તા.: ૦૪.૦૩.૨૦૨૨
સ્થળ : અમદાવાદ

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

SVC CO-OPERATIVE BANK LTD. (Multi-State Scheduled Bank) ESTD.1906

HUM SE HAI POSSIBLE

RETAIL BANKING | CORPORATE BANKING | INTERNATIONAL BANKING

વસૂલાત વિભાગ,
એસવીસી ટાવર, જવાહરલાલ નહેરૂ રોડ, વાકોલા, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૫૫.
ફોન નં.૭૧૯૯૯૯૭૫/૭૧૯૯૯૯૮૬/૯૭૦/૯૨૮/૯૭૧.

વેચાણ માટે પબ્લિક નોટિસ
''મિલકત જ્યાં છે તે અને જે કંઈ પણ છે તે ધોરણે'' વેચાણ
(મિલકત સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકત મેળવેલ)

દેણદાર/મોર્ગેજરનું નામ :	તા. ૩૧.૦૧.૨૦૨૨ના બાકી રકમ
મેસર્સ એવરફ્લો ટેકનો ટેક્સ લિમિટેડ અગાઉની મેસર્સ સ્કિયોન સ્પિનર્સ પ્રાઈવેટ લિમિટેડ **(મુખ્ય દેણદાર/મોર્ગેજર)** શ્રી રાકેશકુમાર પારસમલજી જૈન **(ડિરેક્ટર/ગેરેન્ટર)** શ્રી હિતેશકુમાર સુરેશકુમાર જૈન **(ડિરેક્ટર ગેરેન્ટર)** શ્રીમતી રિંકુ અમિત શેઠ **(ડિરેક્ટર/ગેરેન્ટર)** શ્રી સુંદરલાલ સંવરલાલ બાગરીયા **(ડિરેક્ટર)** શ્રી પિંકેશ પી. જૈન **(ગેરેન્ટર)** મેસર્સ ઓરા સ્પિનવેલ લિમિટેડ અગાઉની મેસર્સ એવરફ્લો ઈકો ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ લિમિટેડ તરીકે ઓળખાય છે. **(કોર્પોરેટ ગેરેન્ટર)**	**રૂા.૫૯,૦૪,૧૫,૨૬૭.૦૯ (ફક્ત રૂપિયા ઓગણ સાઈઠ કરોડ ચાર લાખ પંદર હજાર બસો સડસઠ અને નવ પૈસા) ૩૧.૦૧.૨૦૨૨ મુજબ સાથે વ્યાજ સુધી ૦૧-૦૨-૨૦૨૨ના કોષ્ટકમાં સૂચવ્યા મુજબ ચુકવણીની તારીખ સુધી અહીં ઉપર છે.**

મિલકતનું સ્થળ અને વિગત	અનામત રકમ (લાખમાં)	નિરીક્ષણની તારીખ અને સમય	અર્નેસ્ટ મની ડિપોઝીટ (લાખમાં)	ટેન્ડર ખુલવાની અને હરાજીની તારીખ અને સમય
૧. રજિસ્ટર્ડ મોર્ગેજ મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ બિન કૃષિ જમીન ધરાવતા હોવાથીઃ એ) પ્લોટ નંબર ૧- બી, ૧૭૩૮ ચોરસ મીટરનું ક્ષેત્રફળ બી) પ્લોટ નંબર ૧- સી, ૨૨૭૦ ચોરસ મીટરનું ક્ષેત્રફળ સી) પ્લોટ નંબર ૧- ડી, ૨૦૯૭ ચોરસ મીટરનું ક્ષેત્રફળ ડી) પ્લોટ નંબર ૧- ઈ, ૧૯૫૦ ચોરસ મીટરનું ક્ષેત્રફળ કુલ ક્ષેત્રફળ ૮૦૫૫ ચોરસ મીટરનું, બધા સાથે મળીને સર્વે નં. ૭૭૫ ગામ મોટાપોંધા, તા. કપરાડા, જિ.વલસાડ, રાજ્ય ગુજરાત-૩૯૬૨૦૧ ઈ) ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડિંગ જેમાં ગ્રાઉન્ડ + પહેલો માળ, ૧૫૦૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળનો સમાવેશ થાય છે, ઉપરોક્ત પ્લોટ નંબર ૧- બી પર બાંધવામાં આવેલ કાર્પેટ વિસ્તાર અને એફ) ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડિંગ જેમાં ગ્રાઉન્ડ + બે માળ, ૧૬૩૨૬ ચોરસ ફૂટ ક્ષેત્રફળનો સમાવેશ થાય છે, જેમાં ઉપરોક્ત પ્લોટ નંબર ૧- સી પર બાંધવામાં આવેલ કાર્પેટ વિસ્તાર અને જી) બીજા કોઈ પણ બાંધકામ ઉપરના પ્લોટ નંબર ૧-બી, ૧-સી, ૧-ડી અને ૧-ઈ પર બાંધવામાં આવશે. અને નીચે પ્રમાણે બંધાયેલાઃ પૂર્વ તરફઃ સર્વે નંબર ૭૭૫નો પ્લોટ નંબર ૧-ડી પશ્ચિમ તરફ : સર્વે નંબર ૭૭૫નો પ્લોટ નંબર ૧-એ દક્ષિણ તરફ : ઓઝર રોડ ઉત્તર તરફ : સર્વે નંબર ૭૭૫નો પ્લોટ નંબર ૨ **કુલ નિર્માણ ક્ષેત્રફળ : ૬૮૫૮ ચોરસ મીટર**	૭૨૯.૦૦	૧૭/૦૩/૨૦૨૨ સવારના ૧૧:૦૦થી બપોરના ૦૨:૦૦	૭.૨૯	૨૫/૦૩/૨૦૨૨ બપોરના ૦૨:૦૦
મશીનરી જેમાં (૧માં ૨) ૫ TFO કમ રિવાઈન્ડિંગ મશીનો બિન ઉપયોગ હાલતમાં	૪૦.૦૦	૧૭/૦૩/૨૦૨૨ સવારના ૧૧:૦૦થી બપોરના ૦૨:૦૦	૪.૦૦	૨૫.૦૩.૨૦૨૨ બપોરના ૦૨:૦૦

શરતો અને નિયમો

૧ વેચાણ આ જાહેરાત અને નિયત ટેન્ડર ફોર્મમાં સામેલ શરતો અને જાહેરખબરની શરતોને આધીન છે. ઉપરોક્ત મિલકતો અને ટેન્ડર ફોર્મની વધુ વિગતો ઉપર દર્શાવેલ સરનામાં ની વાપી બ્રાંચ શાંતિ કોમ્પલેક્સ પ્લોટ નં. પી-૫૦/૧, ગુંજન મેન રોડ જીઆઈડીસી, વાપી અથવા બેંકની કોર્પોરેટ ઓફિસ ખાતેથી મેળવી શકાશે.
૨ ઈચ્છુક બિડરોએ દરેક મિલકત માટે મહોરબંધ ટેન્ડર ફક્ત **અલગ સીલ ટેન્ડર** ફોર્મમાં જ રજૂ કરવા જોઈએ. સીલબંધ કવર સાથે ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે ઓર્ડર સાથે **રૂા.૧૦૦૦/ -** દરેક, બિન-પરતપાત્ર ટેન્ડર ફી અને **''એસવીસી કો-ઓપરેટિવ બેંક લિમિટેડ''**ની તરફેણ, અનુસૂચિત બેંક પર સ્થાવર અને સ્થાવર સ્થાળાંતરીત રકમના ૧૦%ની અર્નેસ્ટ મની ડિપોઝિટ માટે અલગ ડિમાન્ડ ડ્રાફ્ટ/ પે ઓર્ડર છે. મુંબઈ ખાતે સાંજે ૫:૩૦ વાગ્યે, **મુંબઈ** ખાતે કોર્પોરેટ ઓફિસમાં રાખેલ 'ટેન્ડર બોક્સ'માં **૨૪/૦૩/૨૦૨૨**ના રોજ અથવા તે પહેલાં જમા કરાવી દેવું.
૩ ઉપર દર્શાવેલ કાર્યક્રમ અનુસાર ટેન્ડરો **મુંબઇ** ખાતેની કોર્પોરેટ ઓફિસ ખાતે ખોલવામાં આવશે.
૪ સંબંધિત ટેન્ડર કરનારાઓ/બાંહેધરીઓ/સલામતીના માલિકો અથવા તેમના અધિકૃત પ્રતિનિધિઓ ટેન્ડર ખોલતા સમયે હાજર રહી શકે છે. બેંકના અધિકૃત અધિકારી મિલકત માટેના સૌથી વધુ વેચાણ મૂલ્યની અનુભૂતિ માટે બોલીધારકો વચ્ચે આંતર-બોલી કરીને વાટાઘાટોના સંદર્ભમાં નિર્ણય સહિત વેચાણના આચારની સંપૂર્ણ વિવેક હશે. તેથી, તેમને સલાહ આપવામાં આવે છે કે તેઓ પોતે અથવા તેમના યોગ્ય અધિકારીઓ દ્વારા રજૂ થાય.
૫ સફળ બોલીદાતાએ કન્વેન્સ માટે ચૂકવવાપાત્ર ચાર્જ/ફી જેમ કે સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, આકસ્મિક ખર્ચ, ટી.ડી.એસ. પ્રોપર્ટી ડીલની રકમ વગેરે પર ૧% જેટલી લાગુ પડે છે. સફળ બોલી લગાવનાર, જો કોઈ હોય તો તમામ કાયદાકીય લેણાં અને વીજળી ચાર્જ, પાણી ચાર્જ અને જાળવણી ખર્ચ અને બાકીની સેવાઓ, જો કોઈ હોય તો, તે માટે તમામ બાકીની ચૂકવણી પણ કરશે. વેચાણ માટે અપાતી સુરક્ષિત સંપત્તિ/સ્થાવર/જંગમ મિલકતોના સંદર્ભમાં બેંક (સુરક્ષિત સદ્ધર લેણદાર) કોઈપણ પરવાનગી/લાઈસન્સ વગેરે મેળવવા માટે કોઈ જવાબદારી લેતી નથી.
૬ મશીનરી પર લાગુ પડતું જીએસટી ખરીદદારે બેંક પાસે જમા કરવાનું રહેશે.
૭ કોઈપણ કારણ રજૂ કર્યા વિના બધી ઓફર સ્વીકારવા અથવા નકારવાનો બેંકનો અધિકાર છે અને જો તમામ ઓફર નકારી કાઠવામાં આવે તો, કોઈ પણ ટેન્ડર કરનાર/બોલીધારકો સાથે વાટાઘાટો કરવા અથવા તેની સાથે ખાનગી વાટાઘાટો દ્વારા સંપત્તિ(ઓ) વેચવાનો કોઈપણ ટેન્ડર કરનાર/બિડરો અથવા અન્ય પક્ષ/પક્ષોનો અધિકાર નથી.
૮ દેણદારો/ગેરેન્ટરો/મોર્ગેજરોને અહીં નિયમિત ૬ (૨) અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮(૬)ની શરતોની નોંધ લેવાશે કે સુરક્ષિત/ઉપરોક્ત સંપત્તિઓ આ નોટિસ અનુસાર વેચવામાં આવશે. જે માંગની નોટિસ મુજબ બાકી રકમની ભરપાઈ થઈ નથી.
૯ દેણદારો/ગેરેન્ટરો/મોર્ટેજનરોનું ધ્યાન દોરવાનું કે સુરક્ષિત સંપત્તિને છૂટા કરવા માટે ઉપલબ્ધ સમયને ધ્યાનમાં રાખીને કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈઓ અનુસાર પરત મેળવી શકે છે.
૧૦ એસ.વી.સી. સહકારી બેંક લિમિટેડના અધિકૃત અધિકારીએ અગાઉ શામરાવવિઠ્ઠલ સહકારી બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે, સરફેસી અધિનિયમની નીચેની મિલકતો ૧૩/૪ નો ભૌતિક કબજો લીધો છે.
૧૧ વિવાદો, જો કોઈ હોય તો, તે ફક્ત મુંબઈ કોર્ટ્સના અધિકારક્ષેત્રમાં જ રહેશે.
૧૨ **વેચાણની સૂચના અમારી વેબસાઇટ: https://www.svcbank.com/Home/Notice-Of-Sale પર પણ પ્રદર્શિત થાય છે.**

સ્થળ : મુંબઈ
તારીખ : ૦૪/૦૩/૨૦૨૨

રોહન આર. પઈ
અધિકૃત અધિકારી

પુત્રવધૂને સહિયારા પરિવારમાં કાયમી રહેઠાણનો અધિકાર નથી : દિલ્હી હાઈકોર્ટ

(એજન્સી) નવી દિલ્હી,તા.૩

દિલ્હી હાઈકોર્ટે કહ્યું છે કે ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ પુત્રવધૂને સહિયારા પરિવારમાં રહેઠાણનો કાયમી અધિકાર નથી અને તેને શાંતિથી જીવન જીવવાના હકદાર વૃદ્ધ સાસરિયાઓના કહેવાથી બહાર કરવામાં આવી શકે છે. જસ્ટિસ યોગેશ ખન્નાએ ટ્રાયલ કોર્ટના આદેશ વિરુદ્ધ પુત્રવધૂની અપીલની સુનાવણી કરી રહ્યા હતા, જેમાં તેણીને લગ્ન ગૃહમાં રહેવાનો અધિકાર નકારવામાં આવ્યો હતો, તેણે જણાવ્યું હતું કે સંયુક્ત પરિવારના કિસ્સામાં, તેના માલિક પર કોઈ પ્રતિબંધ નથી અને તેની પુત્રવધૂને ઘરમાંથી આ મિલકતમાંથી કાઢી મૂકવા સામે દાવો કરવા માટેનો પુત્રવધૂને અધિકાર નથી અને આ કિસ્સામાં, તે યોગ્ય છે કે જો અપીલકર્તાને તેનો લગ્નભંગ ન થાય ત્યાં સુધી વૈકલ્પિક આવાસ આપવામાં આવે.

ન્યાયાધીશે કહ્યું કે હાલના કેસમાં, બંને સાસરિયાઓ વરિષ્ઠ નાગરિકો છે જેઓ શાંતિથી રહેવાના હકદાર છે અને તેમના પુત્ર અને પુત્રવધૂ વચ્ચેના વૈવાહિક વિખવાદથી ત્રાસી ગયા હોય શકે છે. હું એવો અભિપ્રાય ધરાવું છું, કારણ કે પક્ષકારો વચ્ચે ઘર્ષણયુક્ત સંબંધો અસ્તિત્વમાં છે, તેથી તેમના જીવનના અંતિમ સમયમાં વૃદ્ધ માતાપિતા માટે અપીલકર્તા સાથે રહેવાની સલાહ આપવામાં આવશે નહીં અને તેથી જો વૈકલ્પિક આવાસ પ્રદાન કરવામાં આવે તો તે યોગ્ય પગલું રહેશે. ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટની કલમ ૧૯(૧)(ક) મુજબ અરજદારને આ આદેશ આપવામાં આવ્યો છે. કોર્ટે નોંધ્યું હતું કે પક્ષકારો વચ્ચેના સંબંધોમાં ''સહાનુભૂતિ'' નથી અને અલગ ભાડાના આવાસમાં રહેતા પતિ દ્વારા તેની પત્ની વિરુદ્ધ ફરિયાદ પણ કરવામાં આવી હતી અને તેણે મિલકતમાં કોઈ હકનો દાવો કર્યો નથી. એ સ્વીકાર્ય છે કે, DV કાયદાની કલમ ૧૯ હેઠળ રહેઠાણનો અધિકાર એ સહિયારા ઘરોમાં રહેઠાણનો કાયમી અધિકાર નથી, ખાસ કરીને જ્યારે પુત્રવધૂ અને વૃદ્ધ સસરા અને સાસુના સંબંધો સારા નથી. આ કિસ્સામાં, આ બંને લગભગ ૭૪ અને ૬૯ વર્ષની વયના વરિષ્ઠ નાગરિકો હોવાને કારણે અને તેમના જીવનના અંતિમ તબક્કામાં હોવાને કારણે, તેઓ તેમના પુત્ર અને પુત્રવધૂ વચ્ચેના વૈવાહિક વિખવાદથી ત્રાસી ગયા હોય તો તેઓ અલગ રીતે શાંતિથી જીવવા માટે હકદાર છે. કોર્ટે અરજદારની એ અપીલને ફગાવી દીધી હતી અને પ્રતિવાદી સસરાની બાંયધરી નોંધી હતી કે જ્યાં સુધી તેના પુત્ર સાથેના તેણીના વૈવાહિક સંબંધો અસ્તિત્વમાં હોય ત્યાં સુધી તે અપીલકર્તાને વૈકલ્પિક આવાસ આપશે. પ્રતિવાદી સસરાએ ૨૦૧૬માં ટ્રાયલ કોર્ટ સમક્ષ કબજા માટે દાવો દાખલ કર્યો હતો કારણ કે તે મિલકતના સંપૂર્ણ માલિક છે અને અપીલકર્તા મહિલા, બે સગીર પુત્રીઓની માતા છે તેણીએ દલીલ કરી હતી કે મિલકત સંયુક્ત કુટુંબના ભંડોળમાંથી અને પૈતૃક મિલકતના વેચાણની આવકમાંથી ખરીદવામાં આવી હતી અને તેથી તેણીને પણ ત્યાં રહેવાનો અધિકાર છે. ટ્રાયલ કોર્ટે પ્રતિવાદીની તરફેણમાં કબજાનું હુકમનામું પસાર કર્યું હતું અને જણાવ્યું હતું કે મિલકત પ્રતિવાદીની સ્વ-સંપાદિત મિલકત છે અને અપીલ કરનાર તેણીને ત્યાં રહેવાનો કોઈ અધિકાર નથી.

કેન્દ્રીય એજન્સીઓના ભયને પગલે સપા અને બસપાએ ભાજપ સાથે ગુપ્ત ગઠબંધન કર્યું છે : પ્રિયંકા ગાંધી

સિદ્ધાર્થનગર જિલ્લામાં તેમની પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં મેળાવડાને સંબોધતા કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, ભાજપ લોકોને રોજગારી પૂરી પાડીને આત્મનિર્ભર બનાવવાને બદલે મફત રાશન આપીને લોકોને તેના પર 'નિર્ભર' બનાવી રહી છે

(એજન્સી) લખનૌ, તા.૩

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ મંગળવારે આક્ષેપ કર્યો હતો કે ઉત્તરપ્રદેશમાં છેલ્લા પાંચ વર્ષમાં સમાજવાદી પાર્ટી (સપા) અને બહુજન સમાજ પાર્ટી (બસપા)એ ભાજપ સાથે ચૂંટણી લડી નહોતી. પરંતુ તેના બદલે ભગવા પાર્ટી સાથે કેન્દ્રીય એજન્સીઓના ડરથી ગઠબંધનમાં કામ કર્યું હતું.સિદ્ધાર્થનગર જિલ્લામાં તેમની પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં મેળાવડાને સંબોધતા કોંગ્રેસ નેતાએ કહ્યું હતું કે ભાજપ રોજગારી પૂરી પાડીને લોકોને તેના પર 'નિર્ભર' બનાવી રહી છે. એકમાત્ર કોંગ્રેસ જ છે જે લોકો માટે લડી રહી છે અને સપા, બસપા અને ભાજપના નિશાના પર છે. અ બધા પક્ષો માત્ર જાતિ અને ધર્મના કાર્ડ રમીને ચૂંટણીઓ જીતવા માગે છે. ભાજપે ક્યારેય રોજગારી પૂરી પાડવા, કૃષિ ક્ષેત્રને મજબૂત કરવા વેપારીઓ અને મહિલાઓના સશક્તિકરણ માટે કામ કર્યું નથી. તેમ છતાં તેઓ હજી પણ વિજયનો દાવો કરે છે. તેણીએ પૂછ્યું કે પછી સપા છે જે કહે છે કે તે ભાજપને હરાવી નાખશે પરંતુ હું પૂછવા માંગું છું કે વિશ્વના ઈતિહાસમાં કોઈપણ લડાઈ જો થઈ છે, તો તેમાં લડયા વગર ક્યારેય વિજય મળ્યો છે ? નાગરિકતા સંશોધન અધિનિયમ (સીએએ) અને રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (એનઆરસી)ના વિરોધમાં પ્રદર્શનો દરમ્યાન થયેલા મોતના ઉલ્લેખ ઉપરાંત પ્રિયંકાએ આરોપ લગાવ્યો હતો કે આગ્રામાં દલિત પરિવાર સામે અત્યાચાર તેમજ હાથરસ રેપ અને હત્યા પીડિત પરનો દમન તેમજ તાજેતરની લખીમપુર ખીરી ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો હતો જેમાં કેટલાક ખેડૂતો અને પત્રકારો માર્યા ગયા હતા. પ્રિયંકાએ દાવો કર્યો હતો કે ન તો સપાના પ્રમુખ અખિલેશ યાદવ વિરોધ પ્રદર્શનોમાં તમારી પાસે આવ્યા હતા ન તેમાં ભાગ લીધો હતો. બસપાના સર્વોચ્ચ (માયાવતી)તો તેમના ઘરમાંથી બહાર જ નહોતા નીકળ્યા. બંનેએ માત્ર સોશિયલ મીડિયા પર ટ્વિટ કર્યું હતું. એક માત્ર કોંગ્રેસ જ છે જેણે તેમને યાદ રાખ્યા અને કર્યા. સપા અને બસપા બંને વિરૂદ્ધ લોકોને સાવચેત કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે બંને પાર્ટીઓ એક કરારમાં પ્રવેશી છે. એવી ખોટી છાપમાં ન રહેતા કે તેઓ રાજ્યમાં સરકાર બનાવશે તો ભાજપ સાથે લડશે. તેમની વિરૂદ્ધ પૂછપરછ થશે અને તેમની પાછળ એજન્સી લગાવવામાં આવશે. અને તેમને ફરીથી

હાંસિયામાં ધકેલી દેવાશે. કોંગ્રેસના નેતાએ જનતાને અપીલ કરી હતી કે લોકોના વાસ્તવિક ઉત્થાન માટે જાતિ અને ધર્મથી ઉપર રહીને મત આપજો. પ્રિયંકાએ પૂછ્યું હતું કે જ્યારે તમારી નજીક અત્યાચાર થાય છે તો કોઈ તમને પૂછે છે કે તમે કઈ જાતિ અથવા કયા ધર્મના છો ? શું જ્યારે મોંઘવારી અને બેરોજગારી સર્જાય છે તો શું તે તમારી જાતિ અથવા ધર્મ વિશે પૂછે ? તો પછી કેમ આ રાજકીય પાર્ટીઓના નેતા જાતિ અને ધર્મ વિશે વાત કરે છે ? પ્રિયંકા ગાંધીએ એમ પણ પૂછ્યું હતું કે અન્ય પાર્ટીઓના નેતા કેમ પાકિસ્તાન, આતંકવાદ, બુલડોઝરો, અને રશિયા-યુક્રેન વિશે પણ જાહેર મંચ પરથી વાત કરતા. શું આ બધાથી તમને તમારી આજીવિકા મળે છે તમને તમારા વિકાસમાં સહાય આપે છે. કોઈ પણ રીતે ? તમારી આંખો ખોલો અને જુઓ માત્ર આ લોકો જ છે જેમને આ બધાથી ફાયદો થાય છે. તેમણે આગળ કહ્યું હતું કે ફક્ત તેમની પાર્ટી કોંગ્રેસે લોકોના કલ્યાણ માટે સંઘર્ષ કર્યો છે. માત્ર કોંગ્રેસ તમારા મુદ્દાઓ માટે રસ્તા પર ગઈ છે. કોંગ્રેસે તમને ક્યારેક તમારો ધર્મ અને જાતિ પૂછી નથી. તેણીએ ઉમેર્યું હતું કે તમે લોકોએ જાતિ અને ધર્મના આધારે મત આપીને નેતાઓની ટેવો બગાડી છે. હવે ક્યારે તમે લોકો તેમની આદતને તોડશો. તેઓ જાણે છે કે તમે દરેક ચૂંટણીમાં આ મુદ્દાઓ પર તેમને મત આપશો અને તેથી તેમને લાગે છે કે તેઓએ તમારા માટે કામ કરવાની જરૂર નથી એમ પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું.

ભારતમાં મુસ્લિમ મહિલાઓ તેમની સાથે થતાં ઓનલાઈન દુર્વ્યવહારનો પ્રતિકાર કેવી રીતે કરે છે

(એજનસી) નવી દિલ્હી,તા.૩

ગયા વર્ષે ફેબ્રુઆરીમાં, ૧૭ વર્ષીય આસરા હમીદ રશીદને તેના ઈન્સ્ટાગ્રામ પર સેંકડો સંદેશાઓ આવ્યા હતા જેમાં તેણી સાથે દુર્વ્યવહાર, તેણી પર બળાત્કાર કરવા અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. અસરાએ TwoCircles.netને જણાવ્યું હતું કે, તેઓએ મને માત્ર સોશિયલ મીડિયા પર જ નહીં, પરંતુ મારા અંગત જીવનમાં પણ ધમકીઓ આપી હતી. મને ખબર નથી કે ૧૭ વર્ષની યુવતી સામે સતત બે અઠવાડિયા સુધી નફરતથી ભરપૂર ઝુંબેશ ચાલુ રાખવા માટે કોઈ વ્યક્તિ આટલી બધી નફરત કેવી રીતે કરી શકે છે.

અસરા, એક મુસ્લિમ વિલક્ષણ મહિલા છે, જે પશ્ચિમ બંગાળમાં કાયદાની વિદ્યાર્થિની છે અને તે શાસક પક્ષ અને વધતા હિન્દુ ઉગ્રવાદ સામે અવાજ ઉઠાવી રહી છે. તેના અનુભવો અન્ય મુસ્લિમ મહિલાઓના ઓનલાઈન અનુભવો કરતા અલગ નથી. મુસ્લિમ મહિલાઓનો દુરુપયોગ, અપશબ્દોથી માંડીને મૃત્યુ અને બળાત્કારની ધમકીઓ જેવી સોશિયલ મીડિયા સતામણીનો તેણી અનુભવ કરી રહી છે.

૨૦૨૦માં એમ્નેસ્ટી ઈન્ડિયાના તારણોમાં જોયું કે તેમના વિશ્લેષણ કરાયેલા ૫માંથી ૧ ટ્વીટ્સ દુરુપયોગ અંગે હતી. અન્ય ધર્મની મહિલાઓની સરખામણીમાં મુસ્લિમ મહિલાઓને નોંધપાત્ર રીતે વધુ દુર્વ્યવહારનો સામનો કરવો પડ્યો હતો. મુસ્લિમ મહિલાઓ ૫૫.૫% થી વધુ છે. તેમના દ્વારા અનુભવાયેલી સમસ્યારૂપ અથવા અપમાનજનક સામગ્રીના ૨૬.૪%માં વંશીય/ધાર્મિક અપશબ્દો છે. હાંસિયામાં ધકેલાયેલી જાતિની મહિલાઓને સામાન્ય જાતિની મહિલાઓ કરતાં ૫૯% વધુ જાતિ આધારિત ધમકીઓ મળે છે. ખાસ કરીને મુસ્લિમ સમુદાયની મહિલાઓ માટે જે પ્રકારના શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે તેનો હેતુ ધાર્મિક, વંશીય અપમાન સાથે તેમને ચૂપ કરવાનો છે. જો તેઓ જુએ છે કે તમે સ્પષ્ટ વક્તા છો, તો ઓનલાઈન ઉત્પીડનના કિસ્સામાં, હિન્દુ કટ્ટરવાદીઓ આવી સ્ત્રીઓ સાથે તરત જ દુર્વ્યવહાર કરે છે. મારિયાએ એવી મહિલાઓનો ઈન્ટરવ્યુ લીધો હતો જેઓ જાહેર વ્યક્તિઓ છે અને જ્યારે તેણી એમ્નેસ્ટી ઈન્ડિયા માટે કામ કરતી હતી ત્યારે ઘણી વખત દુષ્ટ ઓનલાઈન ઉત્પીડનનો સામનો કરવો પડ્યો છે.

મારિયાએ ગીથબ બુલી બાઈ એપ્લિકેશનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ઓનલાઈન હિંસા મહિલાઓ માટે ડરામણી છે કારણ કે તે ખૂબ જ વાસ્તવિક ખતરો છે, અને તેનો હેતુ હંમેશા તેઓને મૌન કરવાનો છે, મને મારા કામ અને મારા અંગત અનુભવો પરથી આ જાણવા મળ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર દુર્વ્યવહાર અથવા ઉત્પીડનનો અનુભવ કરતી લગભગ બે-તૃતિયાંશ મહિલાઓએ ૨૦૧૭ના અભ્યાસમાં એમ્નેસ્ટી ઈન્ટરનેશનલને જણાવ્યું હતું કે, ઓનલાઈન દુરુપયોગનો અનુભવ કર્યા પછી તેઓ અપમાનની લાગણી અનુભવે છે. ઘણી સ્ત્રીઓ ફરિયાદ કરે છે કે તેઓ તેમના સમુદાયના પુરુષો તરફથી તેઓને સમર્થન ન મળવાથી નિરાશ થાય છે. એક મુસ્લિમ મહિલા તરીકેની ઓળખને કારણે, ઘણી વખત સમુદાયના પુરુષો સમર્થન આપતા નથી. ઘણા લોકો એકતા ન હોવાથી નિરાશ થાય છે, જેમ કે અમુક વિલક્ષણ સમુદાય, જે બહુમતીવાદી હિંસા સામે તેમને સમર્થન આપતું નથી.

એક મુસ્લિમ મહિલા તરીકે ઘણી વાર દુર્વ્યવહાર કરવામાં આવે છે, અને મુસ્લિમ સમુદાય દ્વારા કોઈ સમર્થન આપવામાં આવતું નથી. એવું લાગે છે કે આપણે બહુમતીવાદના સામાન્ય ખતરા સામે લડવા માટે એકતા સાથે રહેવાની જરૂર છે. Twitterએ કબૂલ્યું છે કે સતત ઉત્પીડન અને દુર્વ્યવહાર દ્વારા આ મહિલાઓ માટે અસુરક્ષિત જગ્યા બની ગઈ છે, પરંતુ તેણે સોશિયલ મીડિયાની જગ્યાઓને વધુ સુરક્ષિત બનાવવાના ઉદ્દેશ્ય ધરાવતી સંસ્થાઓ સાથે કામ કર્યું નથી. ભલે ટ્વિટર પાસે દુરુપયોગ અને નફરતને ઓળખવા માટે માર્ગદર્શિકા છે, અને તેણે વર્ષોથી તેની નીતિઓ અને રિપોર્ટિંગ પ્રક્રિયામાં સુધારો કર્યો છે, ટ્વિટરની નીતિઓ મહિલાઓને ઓનલાઈન હેરાન કરતી માનસિકતાનો સામનો કરવા અને તેને સંબોધવા માટે પૂરતી નથી. અમે તેમને ઘણી વખત આવી લિસ્ટ બનાવવા કહ્યું છે જેથી અમે તેને અપડેટ કરી શકીએ, પરંતુ તેઓએ અમારી આ માંગણી સ્વીકારી નથી. **(સૌ. : ટુ સર્કલ.નેટ)**

ચીને યુક્રેન સાથે મંત્રણા કરી, તે નૈતિક રીતે રશિયાથી વધુ દૂર થઈ રહ્યું છે

(એજન્સી) તા.૩

યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને વધુ ઉન્નત બનતું અટકાવવા માટે બેઈજિંગની ઈચ્છા દર્શાવતા નવીનતમ સંકેતમાં વિદેશ પ્રધાન વાંગ યીએ તેમના યુક્રેનિયન સમકક્ષને એક કોલમાં કહ્યું હે કે ચીન યુક્રેનમાં નાગરિકોને થતા નુકસાન અંગે ''અત્યંત ચિંતિત'' છે. વિદેશ મંત્રાલયની વેબસાઈટ પર પોસ્ટ કરાયેલા નિવેદન અનુસાર વાંગે કહ્યું છે કે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ''યુક્રેન અને રશિયા વચ્ચે સંઘર્ષના ફાટી નીકળવાની નિંદા કરે છે. રશિયાના વ્લાદિમીર પુટિને ગુરુવારે આક્રમણ શરૂ કર્યું ત્યારથી સૌથી વરિષ્ઠ વાંગ અને યુક્રેનિયન વિદેશ પ્રધાન દિમિત્રોકુલેબા વચ્ચેના કોલ પછી આ ટિપ્પણી પ્રકાશિત કરવામાં આવી હતી. વાંગે એ પણ સ્વીકાર્યું કે આ સંઘર્ષ એ ''યુદ્ધ'' છે, રશિયા દ્વારા તેને ''વિશેષ લશ્કરી કાર્યવાહી'' કહેવામાં આવી હતી. કુલેબાએ જણાવ્યું હતું કે યુક્રેન ચીન સાથેના સંચારને મજબૂત કરવા ઈચ્છુક છે અને નિવેદન અનુસાર ''યુદ્ધવિરામની અનુભૂતિ માટે ચીનની મધ્યસ્થી'' માટે આતુર છે.

બેઈજિંગમાં સેન્ટર ફોર ચાઈના એન્ડ ગ્લોબલાઈઝેશન પોલિસી રિસર્ચ ગ્રૂપના સ્થાપક હેનરી વાંગ હુઈઆઓએ જણાવ્યું હતું કે, આ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ ઘટના છે અને ચીન સરકાર યુક્રેનની કટોકટી પર જે રીતે ખૂબ જ ધ્યાન આપી રહી છે તેનો સંકેત આપે છે. જો યુક્રેન અને રશિયા બંને ચીનને મધ્યસ્થી બનવા માટે આમંત્રણ આપે છે, તો ચીન કદાચ તેમાં જોડાશે. યુ.એસ. અને તેના સાથીઓ પ્રતિબંધો લાદી રહ્યા છે અને સૈન્ય આક્રમણ સામે સ્ટેન્ડ લેવા બેઈજિંગ પર દબાણ કરી રહ્યા છે. તાજેતરના દિવસોમાં, શીએ પુતિનને વાટાઘાટો કરવા વિનંતી કરી છે અને ચીનના સંયુક્ત રાષ્ટ્રના રાજદૂતે વિરોધ કરવાને બદલે, સુરક્ષા પરિષદમાં હુમલાની નિંદા કરતા ઠરાવથી દૂર રહ્યું હતું.

વાંગ યી અને કુલેબા વચ્ચેનો કોલ યુક્રેનની રાજધાની કિવ અને અન્ય મોટા શહેરો પર રશિયન સૈન્ય વાહનોના કાફલાના વચ્ચે થયો હતો અને તેઓએ ચેતવણી આપી હતી કે મોસ્કો વસ્તીના કેન્દ્રો પર સામૂહિક બોમ્બમારો કરી શકે છે. ચીને જાહેરમાં યુદ્ધવિરામની હાકલ કરવાનું અથવા યુદ્ધને ''આક્રમણ'' તરીકે વર્ણવવાનું ટાળ્યું છે અને આમ યુએન-બાંયધરીકૃત સાર્વભૌમત્વના ઉલ્લંઘનને બેઈજિંગ વારંવાર સમર્થન કરવાનું વચન આપે છે. ચીને રશિયાની ટીકા કરી નથી, અને તેની સુરક્ષાની ચિંતાઓને સમર્થન આપવાનું ચાલુ રાખ્યું છે અને આ કટોકટી માટે તે યુ.એસ.ને દોષી ઠેરવે છે. ચીન યુક્રેન સાથે અનેક



આર્થિક સંબંધો ધરાવે છે, અને વાંગ યીએ ત્યાં ચીની નાગરિકોની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી હતી, જ્યારે આક્રમણ શરૂ થયું ત્યારે અંદાજિત ૬,૦૦૦ નાગરિકો હતા. બેઈજિંગના સમર્થનને મોસ્કોના આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો માટે આવશ્યક તરીકે જોવામાં આવે છે, જે વિશ્વના વેપાર, નાણાં અને મુસાફરીના વિશાળ હિસ્સામાંથી કાપ મૂકે છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને બેઈજિંગમાં નિયમિત પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, બુધવારે મધ્યાહ્ન સુધી લગભગ ૨,૫૦૦ ચીની નાગરિકોને યુક્રેનમાંથી સ્થાનાંતરિત કરવામાં આવ્યા છે. તેમણે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી સાથે વાત કરશે કે કેમ તે અંગેના પ્રશ્નનો જવાબ આપ્યો ન હતો અને ફક્ત એટલું જ કહ્યું હતું કે કિવ સાથે બેઈજિંગની સંચાર લિંક્સ ખુલ્લી છે. વાંગ યીએ કહ્યું કે ચીન હંમેશા તમામ દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરે છે, અને આ નિવેદન અનુસાર યુક્રેન અને રશિયાને ''વાટાઘાટો દ્વારા સમસ્યાનો ઉકેલ શોધવા'' માટે હાકલ કરી હતી. ચીન ''રાજકીય સમાધાન'' માટે અનુકૂળ તમામ રચનાત્મક આંતરરાષ્ટ્રીય પ્રયાસોને સમર્થન આપે છે. ચીની વિદેશ મંત્રીએ જણાવ્યું હતું કે, જેમ જેમ યુદ્ધ વિસ્તરતું જાય છે, ત્યારે ટોચની અગ્રતા એ છે કે ખાસ કરીને નાગરિકોના નુકસાન અટકાવવા અને માનવતાવાદી સહાયની સલામત અને સમયસર પહોંચની ખાતરી કરવા માટે આ સંઘર્ષને વધતો અટકાવવા અથવા તો તેને નિયંત્રણમાંથી બહાર જતો અટકાવવા માટે પરિસ્થિતિને હળવી કરવી જોઈએ.

ખાનગી ટ્યુશન અને અન્ય વ્યવસાયો કરતાં સરકારી શિક્ષકો વિરૂદ્ધ કાયદા મુજબ શિસ્તભંગના પગલાંઓ લેવા જોઈએ : મદ્રાસ હાઈકોર્ટ

(એજન્સી) તા.૩

મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે સરકારી શાળાના શિક્ષકોને તમિલનાડુ ગવર્નમેન્ટ સર્વન્ટ્સ (સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૬ અને સેવાનો ભંગ કરતા રોકવા માટે ઘણા નિયમો અને નિર્દેશો જારી કર્યા છે. જે શિક્ષકો ખાનગી ટ્યુશન ક્લાસ ચલાવે છે અને અન્ય વ્યવસાય કરે છે તેવા સરકારી શિક્ષકોની કોર્ટે નિંદા કરી છે. કોર્ટે કહ્યું કે, શિક્ષણ સમુદાય તેમની સ્વ-જરૂરિયાતોને સંતોષવા માટે ધ્યાન કેન્દ્રિત કરે છે અને ફરજો અને જવાબદારીઓ પ્રત્યે બેજવાબદાર રહે છે. તેઓ ફક્ત તેમના અધિકારો માટે લડી રહ્યા છે. પરંતુ, હવે સમય આવી ગયો છે કે, અદાલતો આ શિક્ષકો દ્વારા નિભાવવામાં આવતી ફરજો પર ભાર મૂકે અને સામાન્ય રીતે નાગરિક અધિકારો અને ફરજોને અનુરૂપ હોય છે. જ્યારે શિક્ષક હકનો દાવો કરે છે, ત્યારે તેમના પર ફરજોના નિભાવ પર પણ એટલો જ ભાર મૂકવો જોઈએ. પરંતુ, વલણ એ છે કે, ફરજોને મહત્ત્વની ગણવામાં આવતી નથી. કોઈપણ સંજોગોમાં આવી માનસિકતા સ્વીકાર્ય નથી.

નજીકની જગ્યાઓ પર ટ્રાન્સફર કરવા માટે પણ હાઈકોર્ટનો સંપર્ક કરતા શિક્ષકોના વલણને અદાલત અવગણતા કોર્ટે એમ પણ ઉમેર્યું હતું કે એકવાર તેઓ સ્ટેનો વચગાળાનો આદેશ મેળવી લે છે, પછી તેઓ ઘણા વર્ષો સુધી એક જ જગ્યાએ રહેવાનું ચાલુ રાખે છે, જે અન્ય કર્મચારીઓ અને જાહેર વહીવટના અધિકારો માટે હાનિકારક છે. જસ્ટિસ એસ.એમ. સુબ્રમણ્યમે એ પણ અવલોકન કર્યું છે કે, રાજ્યમાં શિક્ષક સંગઠનો શિક્ષણ વિભાગની બાબતોમાં ગેરકાયદેસર રીતે દખલ કરી રહ્યા છે. આ એસોસિએશનો ઉચ્ચ અધિકારીઓ અને રાજકારણીઓ સાથે હાથ મિલાવે છે અને તેમના ધ્યેયો હાંસલ કરવા માટે ભ્રષ્ટ પ્રવૃત્તિઓમાં સામેલ થાય છે. સિંગલ જજની બેન્ચ જસ્ટિસ એસ.એમ. સુબ્રમણ્યમે પ્રિન્સિપલ સેક્રેટરીને નિર્દેશ આપ્યો છે કે, જો શિક્ષકો ખાનગી વ્યવસાય/ટ્યુશન સેન્ટરો, અન્ય પાર્ટ-ટાઈમ રોજગાર વગેરેમાં સામેલ હોય તો તેઓની દેખરેખ રાખવા અને શિસ્તની કાર્યવાહી શરૂ કરવા માટે જિલ્લા સ્તરે વિશેષ ટીમોની રચના કરવી જોઈએ.

સરકારના અગ્ર સચિવ (શાળા શિક્ષણ વિભાગ) અને શાળા શિક્ષણ કમિશનરને સુઓમોટુ કર્યા પછી, ન્યાયાધીશ દ્વારા જારી કરાયેલા અન્ય નિર્દેશોમાં આ સમાવેશ થાય છે.

i) વાલીઓ/વિદ્યાર્થીઓ/સામાન્ય લોકો માટે ટેલિફોન નંબરો/વ્હોટ્સએપ નંબર ઉપલબ્ધ કરાવો જેથી શાળાની અંદર અને બહાર શિક્ષકો દ્વારા કરવામાં આવતી ગેરવર્તણૂક/ગેરકાયદેસરતા અંગે ફરિયાદો કરી શકાય. આ નંબરો તમામ શિક્ષણ વિભાગની કચેરીઓ અને સરકારી શાળાઓ અને સરકારી સહાયિત શાળાઓમાં દર્શાવવામાં આવશે.

ii) અગ્ર સચિવે શિક્ષણ વિભાગના અધિકારીઓને પરિપત્ર/માર્ગદર્શિકા જારી કરવી આવશ્યક છે જેથી કરીને કાર્યપ્રદર્શન/શિક્ષણ પદ્ધતિ/શિક્ષણની ગુણવત્તાના સમયાંતરે મૂલ્યાંકન અને સમીક્ષા તેમજ સુધારણા માટેની સુધારાત્મક પદ્ધતિ અપનાવવી.

iii) જિલ્લા કક્ષાની સમિતિઓની દેખરેખ શિક્ષણ વિભાગના વડા દ્વારા કરવામાં આવશે, જેમની પાસે ક્ષતિ/બેદરકારી બદલ તેમની સામે કાર્યવાહી શરૂ કરવાની સત્તા હશે.

iv) તમિલનાડુ સરકારી નોકર આચાર નિયમો, ૧૯૭૩ના સંદર્ભમાં શિક્ષકો શાળાઓની અંદર/બહાર ગેરવર્તણૂકમાં સંડોવાયેલા હોવાનું જણાયું હોય તેવા કિસ્સામાં વહીવટી બદલીના આદેશો જારી કરવા માટે વિભાગ સ્વતંત્ર હશે અને દેખરેખ માટે તે અસર માટે એક પરિપત્ર બહાર પાડવો જોઈએ.

v) મુખ્ય સચિવને સમગ્ર તમિલનાડુમાં માન્યતા પ્રાપ્ત શિક્ષક સંગઠનોની પ્રવૃત્તિઓ અંગેની માહિતી/ફરિયાદો એકત્રિત કરવા અને તેઓ અધિનિયમની જોગવાઈઓ તેમજ સેવા નિયમોનું ઉલ્લંઘન નથી કરી રહ્યા તેની ખાતરી કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

ઉપરોક્ત નિર્દેશો આપતા, કોર્ટે પ્રતિવાદીઓને ચાર અઠવાડિયામાં અનુપાલન અહેવાલ દાખલ કરવા જણાવ્યું છે. અદાલત માધ્યમિક ધોરણના શિક્ષકની અરજી પર સુનાવણી કરી રહી હતી, જેની ૩૦ કિલોમીટરની ત્રિજ્યામાં અન્ય સ્થાને તેના જીવનસાથીના કામ કરવાના આધારે ટ્રાન્સફર માટેની અરજી ફગાવી દેવામાં આવી હતી. કોર્ટે તેના આદેશમાં એ પણ નોંધ્યું છે કે, સેટેલાઈટ નકશામાં બતાવ્યા પ્રમાણે આ બે સ્થાનો વચ્ચેનો તફાવત ૧૮.૦૭ કિલોમીટર છે અને અરજદાર શિક્ષક દ્વારા દાવો કરવામાં આવ્યો છે તે ૩૦ કિલોમીટરથી વધુનો નથી. કોર્ટે ઉમેર્યું હતું કે, ટ્રાન્સફરના ઓર્ડરમાં માત્ર અસાધારણ સંજોગોમાં જ હસ્તક્ષેપ કરી શકાય છે જેમ કે અધિકારક્ષેત્ર વિના પસાર થયેલો આદેશ અથવા દ્વેષપૂર્ણ આરોપો સાથે અથવા ટ્રાન્સફર શિક્ષાત્મક હોય છે અને તે સ્થાપિત કરવા માટેની સામગ્રી ઉપલબ્ધ હોય છે.

કોર્ટે આદેશ જારી કરતી વખતે શિક્ષણ વિભાગને વધુ સાવધ રહેવા કહ્યું હતું અને કર્મચારીઓને રાહતો અથવા નાણાકીય લાભો આપતી વખતે ભૂલો ટાળવા જણાવ્યું હતું. કોર્ટે અવલોકન કર્યું હતું કે સરકારી આદેશોમાંની વિસંગતતાઓ શિક્ષકોને આવી રિટ પિટિશન ફાઈલ કરવાની અને એવા લાભોનો દાવો કરવાની તક આપે છે જેનો તેઓ હકદાર નથી. વારંવાર તકેદારી તપાસ, ઉચ્ચ અધિકારીઓ અને તેમના પરિવારના સભ્યોની સંપત્તિની વિગતોની ચકાસણી વિભાગ દ્વારા સમયાંતરે કરવામાં આવે છે અને અધિકારીઓની ભ્રષ્ટ પ્રવૃત્તિઓ વિશેની માહિતીની યોગ્ય રીતે તપાસ થવી જોઈએ.

અન્ય અવલોકનો

કોર્ટે ખાનગી શાળાઓની સરખામણીમાં રાજ્યની સરકારી શાળાઓની દયનીય સ્થિતિ અંગે પણ અફસોસ વ્યક્ત કર્યો હતો. શિક્ષકો સારી લાયકાત ધરાવતા હોવા છતાં, કોર્ટે સરકારી શાળાઓમાં અપાતા શિક્ષણની ગુણવત્તા અંગે શંકા વ્યક્ત કરી હતી. સરકારી શાળાના વિદ્યાર્થીઓને ઉચ્ચ ધોરણનું જ્ઞાન અને તેમને આપવામાં આવતું શિક્ષણ ખાનગી શાળાઓની સમકક્ષ હોવું જોઈએ. વિશ્વના અન્ય ભાગોમાં, સરકારી શાળાઓને શ્રેષ્ઠ ગણવામાં આવે છે જ્યારે અહીં સરકારી શાળાઓ તેમના વિકાસ માટે વિશાળ ભંડોળ ખર્ચવા છતાં ખાનગી શાળાઓ કરતાં ઘણી પાછળ રહી ગઈ છે. ન્યાયાધીશે એમ પણ ઉમેર્યું હતું કે, શિક્ષણ વિભાગ આ સંસ્થાઓ પર ખર્ચવામાં આવેલા નાણાં વિશે કરદાતાઓને જવાબ આપવાનો હોય છે. શિક્ષકોમાં ટ્યુશનના વર્ગો અને પાર્ટ-ટાઈમ રોજગાર કેન્સરની જેમ ફેલાઈ રહ્યો છે કારણ કે, તેઓ વધુ પૈસા કમાવવાના હેતુથી લોભ કરે છે. આવા ગેરવર્તણૂકને મંજૂરી આપવાની સ્થિતિમાં, નિઃશંકપણે, સરકાર ફરજોના વધુ સારા પ્રદર્શનની અપેક્ષા રાખી શકતી નથી. રજાઓ અને ફાજલ સમય દરમિયાન શાળાના શિક્ષકોની ખાનગી ટ્યુશન ક્લાસ લેવાની પ્રથાની નિંદા કરતા, કોર્ટે ધ્યાન દોર્યું કે તમિલનાડુ સરકારી નોકરો આચાર નિયમો, ૧૯૭૩નો નિયમ ૮ સરકારી નોકરો દ્વારા ખાનગી વેપાર અથવા રોજગાર પર પ્રતિબંધ મૂકે છે. નિયમ ૮ (૧) (એએ)એ નિયત કરે છે કે, નોકરોએ કોઈપણ અંશકાલિક રોજગાર હાથ ધરવો જોઈએ નહીં. વિદ્યાર્થીઓના માતા-પિતા અથવા સામાન્ય લોકો અથવા કોઈપણ વ્યક્તિ તરફથી કોઈ ફરિયાદ અથવા માહિતીના કિસ્સામાં, સક્ષમ સત્તાધિકારી શિસ્ત અને નિયમોની જોગવાઈઓ દ્વારા આવા શિક્ષકો સામે શિસ્તની કાર્યવાહી કરવા માટે બંધાયેલા છે.

(સૌ.: લાઈવલો.ઈન)

સંસ્કાર સૌરભ

એ ઉચ્ચ પ્રકારની નેકી છે કે માનવી તેના પિતાના મિત્રોને મળે અને તેમની સાથે સદ્‌વ્યવહાર કરે.(હદીસ બોધ)

બોધ વચન

સમજદારી વિનાનો સદ્‌ગુણ એ તલવાર વિનાના બખ્તર જેવો છે. એ પહેરનાર કદાચ બચી શકે પણ તે કોઈનું રક્ષણ ન કરી શકે. - કોલ્ટન

આજની આરસી

૪ માર્ચ શુક્રવાર ૨૦૨૨
૩૦ રજબ હિજરી ૧૪૪૩
ફાગણ સુદ બીજ સંવત ૨૦૭૮
સુબ્હ સાદિક ૫-૪૪
ખત્મે ઝવાલ ૧૨-૫૨
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૫૯
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૪૪

સુરસુરિયું

ચિન્ટુ : ખબર છે, પત્નીઓ છોકરાઓને કેમ મોટા અવાજે ખખડાવે છે ?
પિન્ટુ : ના. કેમ ?
ચિન્ટુ : જેથી પતિઓ પર તેમનો ડર જળવાયેલો રહે.

મહેમદાવાદની છાપરાની પરિણીતાને મરવા મજબૂર કરનાર સાસરિયાઓ સામે ફરિયાદ

દોઢ વર્ષની પુત્રી સાથે માતાએ ટ્રેન નીચે પડતું મૂકી જિંદગી ટૂંકાવી લીધી હતી

નડિયાદ, તા.૩

મહેમદાવાદ તાલુકાના છાપરાની પરિણીતાએ દારૂડિયા પતિ અને સાસુ-સસરાના ત્રાસથી કંટાળી પોતાની વ્હાલસોયી દોઢ વર્ષની દીકરી સાથે ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કર્યો છે, જેમાં માતા-પુત્રીનું મોત નિપજ્યું હતું. આ અંગે મરણજનારના પિતાએ પોતાની પુત્રીને મરવા મજબૂર કરનાર જમાઈ અને વેવાઈ-વેવણ સામે મહેમદાવાદ પોલીસમાં દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામે મોલોકૂવો વિસ્તારમાં રહેતા પંકજભાઈ રાવજીભાઈ જાદવની બે દીકરીઓના લગ્ન વર્ષ ૨૦૧૧માં તાલુકાના છાપરા ગામે કર્યા હતા, જેમાં મોટી દીકરી રમીલા ઉર્ફે મનીષાના લગ્ન છાપરા ગામના મહેશ રાવજીભાઈ ગોહેલ સાથે થયા હતા. જ્યારે નાની દીકરી અલ્પાના લગ્ન મહેશના કાકાના દીકરા સાથે કરાયા હતા. લગ્ન બાદ આણું લઈને આ બંને દીકરીઓ પોત પોતાની સાસરીમાં ગઈ હતી. શરૂઆતના સમયગાળામાં રમીલા ઉર્ફે મનીષાને સારી રીતે રાખતા લગ્નના ત્રણ વર્ષ બાદ તેણીને સારા દિવસો રહ્યા હતા અને તેણીનીએ એક દીકરાને જન્મ આપ્યો હતો જે હાલ પાંચ વર્ષનો છે. આ બાદ રમીલા ઉર્ફે મનીષાના સુખી લગ્ન જીવનમાં ખટરાગ ઊભો થયો હતો.

દીકરાના જન્મ બાદ મહેશ ગોહેલ પોતે કોઈ કામ ધંધો કરતો નહોતો અને દારૂની લતે ચઢી ગયો હતો. આથી રમીલા ઉર્ફે મનીષા આ અંગે ઠપકો કરતા બંને વચ્ચે અવારનવાર ઝઘડાઓ થતાં હતા. આ મામલે અવારનવાર પરિણીતા પોતાના સાસુ સસરાને કહે તો પણ તેના સાસુ સસરા પોતાના પુત્રનું ઉપરાણુ લઈ તેણીની સાથે ઝઘડો કરતા હતા, આમ અવારનવાર રિસાઈને રમીલા ઉર્ફે મનીષા પોતાના પિયરમાં આવતી હતી. જો કે, તેણીના માતા-પિતા સમજાવી પરત સાસરે મોકલતા હતા. આ વચ્ચે રમીલા ઉર્ફે મનીષાને વધુ એક વખત સારા દિવસો રહેતા તેણીએ વર્ષ ૨૦૧૯માં એક દીકરી પ્રિયાને જન્મ આપ્યો હતો. આ બાદ પણ દારૂડિયો પતિ તથા સાસુ સસરા તેણીને ત્રાસ આપતા હોવાની વાતથી પંકજભાઈ જાદવ વાકેફ હતા, પણ ભાણા અને ભાણીનું ભવિષ્યને લઈને પોતાની દીકરીને આશ્વાસન આપી હૂંફ આપતાં હતા. ગત ૨૮મી ફેબ્રુઆરીએ સવારે ઉપરોક્ત કંકાસના કારણે રમીલા ઉર્ફે મનીષાએ જીવન ટૂંકાવવાનો ફેસલો લઈ પોતાની સાસરી છાપરાથી પોતાના દોઢ વર્ષની દીકરી પ્રિયા સાથે નીકળી હતી અને મહેમદાવાદ ટેકરિયા વિસ્તારમાં આવેલ રેલવે ટ્રેક પર પસાર થતી કોઈ ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી દીધો હતો. જો કે, રમીલા ઉર્ફે મનીષાના ઘટનાસ્થળે તો તેમની દોઢ વર્ષની પુત્રી પ્રિયાનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. પીએમ સહિત અંતિમ સંસ્કારની વિધી પતાવી ગતરોજ આ સંદર્ભે પંકજભાઈ જાદવે પોતાના જમાઈ મહેશ ગોહેલ, વેવાઈ રાવજીભાઈ મોહનભાઈ ગોહેલ અને વેવણ કપીલાબેન ગોહેલ (તમામ રહે.છાપરા, તાબે જીભઈપુરા, તા.મહેમદાવાદ) સામે મહેમદાવાદ પોલીસમા દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ ત્રણેય સામે આઈપીસી ૪૯૮(એ),૩૦૬, ૫૦૪, ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી દીધી છે.

સુરત શહેરના નાનપુરા વિસ્તારમાં મિલકત આવેલી છે

૩૮ વર્ષના લાંબા કાનૂની જંગ બાદ મકાનમાલિકે પોતાની મિલકતનો કબજો મેળવ્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩

શહેરના નાનપુરા વિસ્તારમાં આવેલી મિલકત માટે સુરતની સ્થાનિક અદાલતથી માંડી હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ સુધી ૩૮ વર્ષ કાનૂની જંગ લડ્યા બાદ કબજો મળ્યો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના નાનપુરા વિસ્તારમાં આવેલી મિલકતનો ભાડૂત પાસેથી કબજો મેળવવા છેક ૧૯૮૩થી સુરતની સ્થાનિક અદાલતથી માંડીને સર્વોચ્ચ અદાલત સુધી મકાનમાલિકે છેડેલા કાનૂની જંગ બાદ છેક ૩૮ વર્ષ પછી પોતાની મિલકતનો ભાડૂઆત પાસેથી કબજો મેળવવામાં સફળતા મળી હોવાની વિગતો કોર્ટ સંકુલમાંથી સાંપડી છે. નાનપુરાના વોર્ડ નં.૧માં આવેલી સ્વામી ગુણાતિત નગર સોસાયટી દલીચંદ નગરમાં આવેલ મકાન નં.૧૦ ફરિયાદી રમેશચંદ્ર નગીનદાસ વાંકાવાલાના નામે

સ્થાનિક કોર્ટ, હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ સુધી લડત લડી ભાડૂઆત, પેટા ભાડૂઆત પાસેથી મિલકત પાછી મેળવી

ચાલી આવતી હતી. મિલકત તેમણે વલ્લભ દેવરાજભાઈને ભાડે આપી હતી. પરંતુ નિયમિત ભાડું ચૂકવવાને બદલે વિજય બચુભાઈ ભગતને પેટા ભાડે આપી હતી. જેથી ફરિયાદી મિલકત માલિક રમેશચંદ્ર વાંકાવાલાએ મિલકતનો કબજો-ભાડું મેળવવા મૂળ ભાડૂઆત તથા પેટા ભાડૂઆત વિરૂદ્ધ ૧૯૮૩માં સ્મોલ કોઝ કોર્ટમાં દાવો કર્યો હતો. ભાડૂઆત તરફે રજૂઆત થઈ હતી કે, પોતાની માતા સુગરાબેન ઉર્ફે સરોજ બચુભાઈ ભગતે ભાડે રાખી છે જેને ૧૯૯૬માં મકાનમાલિક તરફે કુમાર રામાનાની રજૂઆતો ધ્યાને લઈ કોર્ટે નકારી કાઢીને ભાડૂઆતને મિલકત ખાલી કરી ચઢેલું ભાડું ચૂકવવા હુકમ કર્યો હતો. આ હુકમ સામે ભાડૂઆતે ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં વર્ષ-૨૦૧૦માં અપીલ કરી, તે નકારાતા હાઇકોર્ટમાં અપીલ કરી અને ત્યાંથી પણ નકારી કઢાઈ હતી. જેથી મૂળ મકાનમાલિકે સ્મોલ કોઝ કોર્ટમાં વર્ષ-૨૦૧૧માં દરખાસ્ત દાખલ કરી હતી. જેની સામે ભાડૂઆતોએ વાંધા અરજી અને મનાઈની માંગ કરતા સ્થાનિક અદાલતે નકારી કાઢી નીચલી કોર્ટનો હુકમ કાયમ રાખ્યો હતો, જેની સામે ભાડૂઆતોએ હાઇકોર્ટમાં વર્ષ-૨૦૧૨માં સેકન્ડ અપીલ કરી હતી, તે નકારી કઢાતા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી અને ત્યાં પણ નકારી કાઢીને સુરતની સ્થાનિક અદાલત, હાઇકોર્ટના હુકમને કાયદેસરનો ઠેરવ્યો હતો, આમ ભાડૂઆતો પાસેથી મિલકતનો કબજો મેળવવા મકાનમાલિકે ૩૮ વર્ષનો કાનૂની જંગ ખેલવો પડ્યો છે.

સુરેન્દ્રનગરની ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક સાથે ૭૩.૫૦ લાખની ઉચાપત અંગે પાંચ સામે ફરિયાદ

વઢવાણ, તા.૩

સુરેન્દ્રનગર ડિસ્ટ્રીકટ કો.ઓ.બેંકની દસાડા ખાતેની શાખાના ચાર કર્મચારીઓ સહિત પાંચ વ્યકિત સામે રૂા.૭૩.૫૦ લાખની બેંક સાથે છેતરપિંડી અને ઉચાપત કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે, તેના પગલે સહકારી બેંકિંગ ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે.

ધી સુરેન્દ્રનગર ડિસ્ટ્રકટ કો.ઓપરેટિવ બેંક લીના સીઈઓ રઘુવીરસિંહ રાજેન્દ્રસિંહ પરમારે દસાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે, તેમાં જણાવ્યા મુજબ બેંકની દસાડા શાખામાં ફરજ બજાવતા આસિ. ઈન્સ્પેક્ટર ધર્મેન્દ્રસિંહ જી.પરમાર, બ્રાન્ચ એજન્ટ દીપક, એન.ચૌહાણ, રોજમદાર કલાર્ક કમ પ્યુન તરીકે કામ કરતા સતીષ રમાભાઈ ચાવડા વગેરેએ મળી તા.૧૯/૧૦/૨૦૧૯થી ૧૦/૧૨/૨૦૨૧ સુધીના સમયગાળામાં મેકર અને ચેકરના યુઝર આઈડી અને પાસવર્ડ દુરઉપયોગ કર્યો હતો. તેમજ બેંકિંગ ટ્રાન્ઝેક્શનને લગતા શાખાના દૈનિક તમામ વાઉચર્સ સપ્લીમેન્ટ્રી સાથે ચેક કર્યા વગર એટીએમ કાર્ડ ઈશ્યૂ કરી, વેરિફાઈ કર્યા વગર જાણી જોઈ ઉચાપત કરવાના ઈરાદાથી વાઉચર અને ચેક વગર ખાતેદારના ખાતામાંથી ડેબિટ કરી ટ્રાન્સફરથી અલગ-અલગ ખાતામાંથી રૂા.૭૩,૫૧,૬૦૨ ની રકમની ઉચાપત કરી છે. આરોપીઓએ કુલ ૯૨,૮૫,૨૨૨ની ઉચાપત કરી હતી.

બનાવની જાણ બેંકની વડી કચેરીને કરાયા બાદ તપાસ શરૂ થતાં આરોપી રમાભાઈ ઘનાભાઈ ચાવડા અને સતીષભાઈ ચાવડાએ રૂા.૧૯,૩૩,૬૨૦ પરત જમા કરી દેતા તેની સામે રૂા.૭૩,૫૧,૬૦૨ની ઉચાપતનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. આરોપીઓએ જુદા-જુદા ખાતામાંથી નાણાંની ઉચાપત કરી પોતાના પિતા સાથેના જોઈન્ટ એકાઉન્ટમાં તથા પત્નીના ખાતામાં તથા અજમલભાઈના ડમી એકાઉન્ટમાં રકમ ટ્રાન્સફર કરી ડમી એટીએમ કાર્ડ ઊભા કરી રકમ ઉપાડી ઉચાપત કરી હતી. આ અંગે વડગામના સતીષભાઈ રમાભાઈ ચાવડા, ચોટીલાના ધર્મેન્દ્રસિંહ જી.પરમાર, વઢવાણ મારૂતિ નગર સોસાયટીમાં રહેતા દિપક એન.ચૌહાણ, વડગામના પ્રિતીબેન સતીષભાઈ ચાવડા અને રમાભાઈ ડી.ચાવડા, સામે ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

હિંમતનગર મેડિકલ કોલેજ ખાતે વર્લ્ડ બર્થ ડિફેક્ટ ડેની ઉજવણી કરાઈ

શાળા આરોગ્ય કાર્યક્રમ થકી ૧૩૦ જેટલા જન્મજાત બાળકોને વિના મૂલ્યે સારવાર અપાઈ

હિંમતનગર, તા.૩

હિંમતનગર મેડિકલ કોલેજ ખાતે જિલ્લા કલેક્ટર હિતેષ કોયાની અધ્યક્ષતા અને જિલ્લા વિકાસ અધિકારી દિપેન શાહની ઉપસ્થિતિમાં વિશ્વ જન્મજાત ખામી દિવસ અને વિશ્વ શ્રવણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સાબરકાંઠા જિલ્લા પંચાયત, આરોગ્ય શાખા દ્વારા આયોજીત વિશ્વ જન્મજાત ખામી દિવસ અને વિશ્વ શ્રવણ દિવસની ઉજવણી મેડિકલ કોલેજના ઓડિટોરિયમમાં કરવામાં આવી. જેમાં વર્ષ દરમિયાન હાથ ધરાયેલા શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ ૦થી ૧૮ વર્ષના બાળકો જે જન્મજાત ખામી ધરાવતા હોય તેવા બાળકોને શોધીને તેમની ખામીનું "4D" પ્રમાણે (ડિફેક્ટ એટ બર્થ, ડેફીસીયન્સી, ડીસીઝ અને ડેવેલોપમેન્ટલ ડીલે) સ્ક્રીનીગ-તપાસ કરીને વિનામૂલ્યે સારવાર હાથ ધરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં કલેક્ટર હિતેષ કોયાએ જણાવ્યું હતુ કે શાળા આરોગ્ય કાર્યક્રમ થકી જિલ્લામાં રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK)ની ટીમો દિલ દઈને છેવાડા વિસ્તારના જન્મજાત ખામીવાળા બાળકોને શોધીને તેમની ખામીનું નિવારણ કરવાની સરાહનીય કામગીરી કરે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર જિલ્લાની આર.બી.એસ.કે. ટીમોના આયુષ તબીબ, ફાર્માસિસ્ટ તેમજ એ.એન.એમ. તેમજ જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજના સર્જનો તેમજ ખાનગી હોસ્પિટલના કાન, નાક, ગળાના સર્જનોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત હિંમતનગર, પોશીના અને ઈડરની આર.બી.એસ.કે. ટીમને બેસ્ટ ટીમ તરીકે વિશેષ સન્માનિત કરાઇ હતી. આ કાર્યક્રમમાં જિલ્લાના જન્મજાત ખામી ધરાવતા ૧૦ નાના બાળકોને કિટ વિતરણ કરાયું હતુ ઉલ્લેખનીય છે કે, સાબરકાંઠામાં વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ૧૩૦ જેટલા જન્મજાત બાળકોને વિનામુલ્યે સારવાર આપીને તેમની ખામીનું નિવારણ કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી દિપેન શાહ, જિલ્લા આરોગ્ય અધિકારી રાજેશ પટેલ, બાળરોગ નિષ્ણાત ડો. વી.એ.ગોપલાણી, ઇ.એન.ટી. સર્જન ડો. મહેશ સુથાર, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો.કે.એસ.ચારણ, જિલ્લા આર.સી.એચ.અધિકારી ડો. જયેશ પરમાર, જિલ્લાના પ્રોગ્રામ ઓફિસર તેમજ જિલ્લાની આર.બી.એસ.કે. ટીમોના આયુષ તબીબો ટીમના સભ્યો સહિત "શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ "અંતર્ગત સારવાર મેળવેલ લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા હતા.

પ્રાંતિજનો કર્મ રાવલ યુક્રેનથી હેમખેમ પરત ફરતા પરિવારજનો-મિત્રોમાં ખુશી

(સંવાદદાતા દ્વારા)

પ્રાંતિજ, તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજનો કર્મ ઉર્ફે કુણાલ રાવલ યુક્રેનથી પરત ફરતા પરિવારજનો સહિત પ્રાંતિજ અને તાલુકાના લોકોમાં ખુશી જોવા મળી હતી. તો કર્મના માતા- પિતા દ્વારા ભારત સરકાર અને ગુજરાત સરકાર સહિત તમામ શુભચિંતકોનો આભાર વ્યકત કર્યો હતો.

હાલ રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા સાત દિવસથી ચાલી રહ્યું છે. યુદ્ધને લઈને દેશ સહિત ગુજરાતના જુદાજુદા જિલ્લાઓમાંથી યુક્રેન ખાતે મેડિકલમાં અભ્યાસ કરવા ગયેલ અનેક વિદ્યાર્થીઓ ત્યાં ફસાયા છે. અહીં તેઓના પરિવારજનોના જીવ તાળવે ચોંટયા છે. જો કે, ગોળીબારી, મિસાઈલ હુમલા વચ્ચે ફસાયેલ ભારતીય વિદ્યાર્થીઓને ભારત સરકાર દ્વારા ઓપરેશન ગંગા મિશન હેઠળ યુક્રેનથી પોલેન્ડ અને રોમાનિયા થઈને હેમખેમ ભારત લાવવા પ્રયાસ હાથ ધરાયા છે. જેના ભાગરૂપે જ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતો મેડિકલનો વિદ્યાર્થી કર્મ શભુપ્રસાદ રાવલને પણ અન્ય વિદ્યાર્થીઓની સાથે પરત લાવવામા આવ્યો હતો. જે યુક્રેનથી દિલ્હી અને ત્યાંથી વલ્વૉ બસ દ્વારા ગાંધીનગર ખાતે લાવવામા આવ્યો હતો. ગાંધીનગરથી તેના માતા-પિતાને સોંપવામાં આવ્યો હતો. તો કર્મ રાવલ આજે હેમખેમ પરત આવતા તેના પિતા શંભુપ્રસાદ રાવલ તથા તેની માતા રાજેશ્રીબેન પોતાના દીકરાને સુખરૂપ પરત આવેલો જોતાં તેમની આંખોમાં ખુશીના આશુ છલકાયાં હતા અને પોતાના ઘરે પુત્ર કર્મ આવતા કર્મના મમ્મી જયશ્રીબેન દ્વારા તિલક કરી પુત્રની આરતી ઉતારી હતી. તો કર્મના મોટા બાપુજી સુરેશભાઇ રાવલ તથા મોટીબા જયશ્રીબા, ફોઇ ગીતાબેન તથા ફુઆ, દાદી સહિત પરિવારના સભ્યો ખુશખુશાલ થઈ ગયા હતા. કર્મ રાવલ પોતાના ઘરે હેમખેમ પરત આવતા સગાસંબંધીઓ સહિત મિત્રો દ્વારા પણ કર્મ રાવલના ઘરે આવીને તેના ખબર અંતર પૂછયા હતા. તો પરિવાર દ્વારા પોતાનો કુળદિપક હેમખેમ ઘરે આવતા ભગવાન અને કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકાર નો આભાર માન્યો હતો અને કેક કાપીને આનંદ વ્યક્ત કર્યો હતો. તો પ્રાંતિજ પાલિકાના કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ તથા તેઓના પતિ હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટે કર્મ રાવલના ઘરે પહોંચીને ફુલછડી આપી તેનું સ્વાગત કર્યુ હતું.

સાંસદ વસાવાએ કરજણ મામલતદાર સાથે અભદ્ર વર્તન કરતા

ડીસા મામલતદાર કચેરી ખાતે કર્મીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો

ડીસા, તા.૩

સાંસદ મનસુખ વસાવા દ્વારા કરજણ મામલતદાર સાથે અભદ્ર વર્તન કરતા તેમના વિરોધમાં સમગ્ર ગુજરાતમાં તમામ મામલતદાર કચેરી ખાતે કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો. ભારતીય જનતા પાર્ટીના ભરૂચના સાંસદ મનસુખ વસાવા દ્વારા કરજણ મામલતદાર સાથે જાહેરમાં અભદ્ર વર્તન કરતા સમગ્ર ગુજરાતમાં તમામ મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવતા મામલતદાર તેમજ કર્મચારી ઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આજે સાંસદ વસાવાના અભદ્ર વર્તનને લઈને સમગ્ર ગુજરાતમાં તમામ મામલતદાર કચેરી ખાતે તમામ કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો હતો. ત્યારે ડીસા ખાતે પણ મામલતદાર કચેરી ખાતે મામલતદાર સહિત તમામ કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી સાંસદ મનસુખ વસાવાનો વિરોધ નોંધાવ્યો હતો.

યુક્રેનના ખારકીવમાં ફસાયેલ

અંકલેશ્વરની વિદ્યાર્થિનીના પરિવારની જિલ્લા કલેક્ટરે મુલાકાત લઈ સાંત્વના પાઠવી

(તસવીર - અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૩

યુક્રેનમાં પ્રવર્તમાન યુદ્ધની સ્થિતિને કારણે અતિ સંવેદનશીલ ખારકીવમાં અંકલેશ્વરની એમબીબીએસમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની જીનલ માલીના માતાપિતાની ભરૂચ કલેકટર તુષાર સુમેરાએ મુલાકાત લઇ જાત માહિતી મેળવી સાંત્વના પાઠવી હતી.

ભરૂચના કલેકટર તુષાર સુમેરા તથા અંકલેશ્વરના પ્રાંત અધિકારી નૈતિકા પટેલ દ્વારા અંકલેશ્વરની જીઆઈડીસી વિસ્તારમાં રહેતા નવિનભાઈ માલીના ઘરે પહોંચ્યા હતા અને ત્યાં જઈને તેમણે તેમની પુત્રી જીનલ વિશે માહિતી પ્રાપ્ત કરી હતી. જીનલના પિતા નવિનભાઈ માલીએ વાતચીતમાં પુત્રી જીનલ યુક્રેનના ખારકીવ વિસ્તારમાં આવેલ મેડિકલ યુનિવર્સિટીમાં એમબીબીએસમાં અભ્યાસ કરે છે. ખાડકીવ વિસ્તાર રશિયાથી નજીક છે. મારી દિકરી જીનલ તથા અન્ય વિદ્યાર્થીઓ સાથે હોસ્ટેલના બેઝમેન્ટમાં આશરો લીધેલ છે. અમો સતત ચિંતિત છે, અમો અમારી દિકરી સાથે મોબાઈલ ફોન પર સંપર્કમાં હતા. ભારત સરકાર દ્વારા ઓપરેશન ગંગા હાથ ધરતાં મારી દિકરી જીનલ ખારીકીવથી નિકળી સરકારની એડવાઈઝરી મુજબ સ્થાયી જગ્યાએ પહોંચી ગઈ છે તેવું જણાવ્યું હતું.

કલેક્ટર તુષાર સુમેરાએ જીનલના નવીન માલીને આશ્વાસન આપ્યું હતું અને, ભારત સરકારના ઓપરેશન ગંગા હેઠળ વિદ્યાર્થીઓને સ્વદેશ પરત લાવવા સરકાર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાથી અવગત કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ યુક્રેનમાં રહેલા ભારતીયોને વતન પરત લાવવા સતત પ્રયત્નશીલ છે. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સતત કેન્દ્ર સરકાર સાથે સંપર્કમાં છે. આ માટે ગુજરાત સરકાર પણ પરિવારજનો સાથે છે.

નામ બદલેલ છે.
મારું જૂનું નામ માસ્ટર મુબસ્સીર હનીફભાઈ હતુ જે બદલીને નવુ નામ માસ્ટર મુબસ્સીર હનીફ કર્યુ છે. જેની સર્વે એ નોંધ લેવી.
સરનામુઃ બી-14, શમા પાર્ક સોસાયટી, જંબુસર રોડ, ભરૂચ-392001.

પરિશિષ્ટ IV
જુઓ નિયમ 8(1)
કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,

નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ** ના **(CIN: L65922DL2005PLC136029)** અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **13.09.2021** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદદારો **શુભમકુમાર, શુભમકુમાર ; પ્લોટ નં. 21/22, ભોંયતળીયુ, વિનાયક નગર, પોલીસ કોલોની, બમરોલી રોડ, સુરત - 394221, સુરત, ગુજરાત - 394221, પ્રકાશમોહન ડી. ઉપાધ્યાય ; પ્રતિભા ફેબ્રિક્સ લિ., પ્લોટ નં. 399, જીઆઈડીસી, પાંડેસરા, સુરત - 394221, સુરત, ગુજરાત - 394221, ઉષા પ્રકાશમોહન ઉપાધ્યાય ; પ્લોટ નં. 21/22, ભોંયતળીયુ, વિનાયક નગર, પોલીસ કોલોની, બમરોલી રોડ, સુરત - 394221, સુરત, ગુજરાત - 394221, પ્રકાશમોહન ડી. ઉપાધ્યાય ; પ્લોટ નં. 21/22, ભોંયતળીયુ, વિનાયક નગર, પોલીસ કોલોની, બમરોલી રોડ, સુરત - 394221, સુરત, ગુજરાત - 394221,** ને નોટિસમાં જણાવેલી લોન ખાતું નં. **HHLSUR00438405** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **26.06.2021** થી વ્યાજ દરે **રૂ. 19,67,351.48 (રૂપિયા ઓગણીસ લાખ સડસઠ હજાર ત્રણ સો એકાવન અને અડતાલીસ પૈસા માત્ર)** ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે.

કર્જદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) - રૂલ્સ - 2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા - કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **પ્રતિકાત્મક કબ્જો** તારીખ **28.02.2022** ના રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને કર્જદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકતના સોદામાં પડવું નહી અને જો તે મિલકતને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો **રૂ. 19,67,351.48 (રૂપિયા ઓગણીસ લાખ સડસઠ હજાર ત્રણ સો એકાવન અને અડતાલીસ પૈસા માત્ર) 26.06.2021** ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના હકને આધીન રહેશે.

સુરક્ષીત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

ફ્લેટ નં. સી-502, સ્વસ્તિક તળાવ, માનસરોવર સોસાયટી પાછળ, એસએમસી લેક ગાર્ડન નજીક, આર. એસ. નં. 73, બ્લોક નં. 123, ટી. પી. એસ. નં. 69 (ડીંડોલી - ગોદાદરા), એફ. પી. નં. 111, ડીંડોલી, સુરત, ગુજરાત -394210.

સહી/-
તારીખ : 28.02.2022 **અધિકૃત અધિકારી**
સ્થળ : સુરત **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

પરિશિષ્ટ IV
જુઓ નિયમ 8(1)
કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,

નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ** ના **(CIN: L65922DL2005PLC136029)** અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **03.09.2019** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદદારો **ગૌતમ રામસુમર શ્યામલાલ ઉર્ફે ગૌતમ રામસુમર અને રેખા** ને નોટિસમાં જણાવેલી લોન ખાતું નં. **HHLAME00392238** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **30.08.2019** થી વ્યાજ દરે **રૂ. 15,91,980/- (રૂપિયા પંદર લાખ એકાણું હજાર નવ સો એંસી માત્ર)** ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે.

કર્જદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) - રૂલ્સ - 2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા - કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **કબ્જો** તારીખ **02.03.2022** ના રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને કર્જદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકતના સોદામાં પડવું નહી અને જો તે મિલકતને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો **રૂ. 15,91,980/- (રૂપિયા પંદર લાખ એકાણું હજાર નવ સો એંસી માત્ર) 30.08.2019** ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના હકને આધીન રહેશે.

સુરક્ષીત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

"અમરદીપ રેસિડેન્સી" તરીકે ઓળખાતી રહેણાંક યોજનામાં બ્લોક "એચ" માં (મંજૂર યોજના મુજબ બીજા માળ, ફ્લેટ નં. એચ/1) ત્રીજા માળે ફ્લેટ નં. એચ/304 સુપર બિલ્ટ અપ બાંધકામ વિસ્તાર નો માપન 110 ચો. યાર્ડસ ની બરાબર 91.97 ચો. મીટર્સ, જે જમિન પૈંકી જમિન દક્ષિણ તરફ માપન 9801 ચો. મીટર્સ ના બિન કૃષિ જમિન માપન 14629 ચો. મીટર્સ નો અંતિમ પ્લોટ નં. 41 ના જે ડ્રાફ્ટ ટી પી સ્કિમ નં.99 માં સમાવિષ્ટ છે તેના જમિન બેરીંગ રેવેન્યુ સર્વે નં. 131 માપન 24382 ચો. મીટર્સ પર સ્થિત તેના જમીનનો અવિભાજિત હિસ્સો 28.92 ચો. મીટર્સ ધરાવતો, ગાંધીનગર તાલુકા ચિલોડા (નરોડા), અમદાવાદ - 382330, ગુજરાત ના જિલ્લા પેટા જિલ્લા ગાંધીનગર (અમદાવાદ -6 (નરોડા) ખાતે સ્થિત, જે નીચે મુજબ બંધાયેલ છે -

પૂર્વ : સીડીઓ અને પેસેજ છોડ્યા પછી ફ્લે ટ નં. 301
પશ્ચિમ : માર્જિનલ જગ્યા બ્લોક I છાડ્યા પછી
ઉત્તર : અમરદીપ રેસિડેન્સી નો રોડ
દક્ષિણ : ફ્લેટ નં. એચ/303

સહી/-
તારીખ : 02.03.2022 **અધિકૃત અધિકારી**
સ્થળ : અમદાવાદ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

લોકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા અને સુવિધા મળી રહે તે માટે કટિબદ્ધ હોવાનો દાવો

રાજ્યના આરોગ્ય વિભાગ માટે ૧૨,૨૪૦ કરોડની જોગવાઈ : ત્રણ નવી મેડિકલ કોલેજ શરૂ થશે

વાપીમાં નવી હોસ્પિ. સહિત સીંગરવા, ડીસા, ઊંઝામાં હોસ્પિટલોને અપગ્રેડ કરવા જાહેરાત

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩

સામાજિક અને આર્થિક વિકાસ તેમજ સ્વસ્થ અને સુખી વ્યકિત માટે, આરોગ્ય એક પ્રાથમિક જરૂરિયાત છે. પ્રાથમિક સેવાઓથી માંડી ગંભીર રોગોના કિસ્સામાં લોકોને સહેલાઈથી ગુણવત્તાયુકત આરોગ્ય સેવાઓ મળી રહે તે સરકારની પ્રાથમિકતા છે. જાહેર આરોગ્ય,પરિવાર કલ્યાણ-તબીબી સેવાઓ સંદર્ભે કરાયેલી જોગવાઈ નીચે મુજબ છે.

● કિશોરીઓ તેમજ મહિલાઓને માસિકધર્મ અંગે જાગૃતિ લાવવા અને સેનેટરીપેડ વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવા ૪૫ કરોડની ફાળવણી.

● કિશોરીઓમાં આયર્ન તત્ત્વની ઊણપના કારણે એનીમીયાનું પ્રમાણ જોવા મળે છે. આવનાર સમયમાં માતૃત્વ ધારણ કરનાર આ કિશોરીઓમાં હિમોગ્લોબીનનું મોનીટરીંગ કરવા તેમજ આયર્ન તત્ત્વની ઊણપ દૂર કરવા તેમને આયર્ન સુક્રોઝના ઈન્જેકકશન આપવાની યોજનામાં સમાવેશ કરવા માટે જોગવાઈ ’૫ કરોડ.

● નવજાત શિશુ અને માતાને ઘર સુધી પહોંચાડવા માટે નવા ૯૦ ખિલખિલાટ વાહનો ઉપલબ્ધ કરાવવા માટે જોગવાઈ ’૫ કરોડ.

● સગર્ભા માતાઓ અને બાળકોને પોષણ સહાય આપવા પ્રધાનમંત્રી માતૃવંદના યોજના માટે જોગવાઈ ’૧૫૦ કરોડ.

● પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- મુખ્યમંત્રી અમૃતમ(મા)યોજનામાં રાજ્યના ૮૦ લાખ કરતા વધુ કુટુંબોને ’૫ લાખ સુધીની મફત તબીબી સારવાર માટે આવરી લેવાયેલ છે. આ યોજના માટે જોગવાઈ ’૧૫૫૬ કરોડ.

● ૧૫મા નાણાંપંચ અંતર્ગત આરોગ્ય કેન્દ્રોની માળખાકિય સગવડોના વિકાસ માટે આગામી પાંચ વર્ષમાં ’૩૩૪૧ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. આગામી વર્ષ માટે જોગવાઈ ’૬૨૯ કરોડ.

● સીંગરવા(અમદાવાદ) અને ડીસા(બનાસકાંઠા)ની પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલોને અપગ્રેડ કરી જિલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા માટે ’૩૬ કરોડના આયોજન પૈકી જોગવાઈ ’૮ કરોડ.

● વાપીમાં ૧૦૦ બેડની નવી સબ-ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ બનાવવામાં આવશે.

● ઊંઝા સબ-ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલને અપગ્રેડ કરી ૧૦૦ બેડની હોસ્પિટલ બનાવવામાં આવશે.

- આરોગ્ય સંસ્થાઓ ખાતે ટેલી- રેડીયોલોજી, ટેલી-

દુર્ગમ વિસ્તારો માટે મોટરસાયકલ આધારિત ૫૦ મોબાઈલ હેલ્થ યુનિટ શરૂ કરાશે

આઈ.સી.યુ., ટેલી-મેડિસીન અને ટેલી-મેન્ટલ હેલ્થની સેવાઓ માટે જોગવાઈ ’૨ કરોડ.

● એમ્બ્યુલન્સ સેવાઓનો વ્યાપ વધારવા નવી ૧૦૦ એમ્બ્યુલન્સ વાન અને ૧૦ મોબાઈલ સંજીવની વાન પૂરી પાડવા માટે જોગવાઈ ’૨૨ કરોડ.

● દુર્ગમ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે મોટર સાયકલ આધારિત ૫૦ મોબાઈલ હેલ્થ યુનિટ શરૂ કરવા જોગવાઈ ૨ કરોડ.

● તબીબી શિક્ષણનો વ્યાપ વધારી વધુ ડોકટર્સ ઉપલબ્ધ થાય તે માટે રાજ્યમાં ૩૧ મેડીકલ કોલેજ કાર્યરત છે. હાલ બીજી ૫ મેડીકલ કોલેજો શરૂ કરવાનું કાર્ય પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત બોટાદ, જામખંભાળીયા અને વેરાવળ ખાતે નવી મેડીકલ કોલેજો શરૂ કરવામાં આવશે.

● સુરેન્દ્રનગર ખાતે આયુર્વેદ કોલેજ શરૂ કરવાનું આયોજન છે. જેના માટે જોગવાઈ ૧૨ કરોડ.

● ખોરાક અને ઔષધ નિયમનતંત્ર હેઠળ ટેસ્ટીંગનો વ્યાપ વધારવા સુરત ખાતે નવી લેબોરેટરી સ્થાપવામાં આવશે. જે માટે જોગવાઈ ૩ કરોડ.

જમીઅત ઉલમા ગુજરાત દ્વારા અમદાવાદમાં વધુ સંખ્યામાં દારૂલ કઝા કેન્દ્રો સ્થાપિત કરાશે

અમદાવાદ, તા.૩

આજકાલ નાની નાની વાતોમાં સંબંધીઓ ઝઘડી પડે છે. તેમજ લગ્ન જીવનમાં ભંગાણ પડી જાય છે. તેવી સ્થિતિ ના સર્જાય તે માટે ઈસ્લામમાં દારૂલ કઝાની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યાં તમામ પારિવાહિક સમસ્યાઓ અને મુશ્કેલીઓનો ઉકેલ મળી જાય છે. જમીઅત ઉલમા, ગુજરાતના જનરલ સેક્રેટરી પ્રોફેસર નિસાર અન્સારીની સૂચનાથી સેક્રેટરી મોહમ્મદ અસલમ કુરેશીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આપણા શહેરમાં ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ બોર્ડના માતેહત એક માત્ર દારૂલ કઝા ચાલે છે જ્યાં શરિયતના નિયમો મુજબ અને સૌને સંતોષ મળે એ રીતે વિવાદનો ઉકેલ લાવવામાં આવે છે. પરંતુ લગભગ ૯૦ લાખની વસ્તી ધરાવતા શહેરમાં માત્ર એક જ દારૂલ કઝા પૂરતું ના હોઈ જમીઅત ઉલમા દ્વારા સરખેજ સ્થિત દારૂલ કઝા મુફ્તી નઈમના માર્ગદર્શન હેઠળ અહેમદાબાદ શહેરમાં, પરા વિસ્તારમાં શાહઆલમ અથવા વટવા વિસ્તારમાં અને જુહાપુરા વિસ્તારમાં પણ નવા દારૂલ કઝા કેન્દ્રો શરૂ કરાશે. ઝઘડા કે વિવાદોના ઉકેલ શોધવામાં લોકો ગેરમાર્ગે દોરવાઈને પોલીસ અને કોર્ટનો સમય અને સરકારી નાણાનો બગાડ કરે છે તેમજ સરકારી અદાલતોમાં ભાર વધારે છે. ઉપરાંત પોતાનો સમય અને માનસિક હાલત પણ બગાડી લે છે. આપણા શહેરના સરખેજ રોડ પર સાવન પાર્ટી પ્લોટ સામે બદર દારૂલ કઝા કાર્યરત છે. સરખેજ રોડના દારૂલ કઝાના મુફ્તી નઈમ એક મુલાકાતમાં કહ્યું હતું કે, ગેરમાર્ગે દોરાવાના બદલે લોકો પોતાની સમસ્યાનો ઉકેલ લેવા દારૂલ કઝાનો સંપર્ક કરે. આશા છે કે, રાજ્યના મુસ્લિમો પોતાની પારિવાહિક સમસ્યાઓ કે વિવાદ માટે દારૂકલ કઝાની સેવાઓનો વધુમાં વધુ ફાયદો ઉઠાવશે.

ગાંધીનગર ખાતે વિશ્વ જન્મજાત ખામી અને શ્રવણ દિવસે રાજ્ય સ્તરનો કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, તા.૩

સમગ્ર વિશ્વમાં તા.૩ માર્ચે વિશ્વ જન્મજાત ખામી દિવસ અને વિશ્વ શ્રવણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાત રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ગાંધીનગર તથા વિરમગામ ખાતે રાજ્યકક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે જુદા-જુદા જિલ્લામાં શાળા આરોગ્ય અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (SH-RBSK) અંતર્ગત મોબાઈલ ટીમો દ્વારા રાજ્યભરમાં ૦થી ૧૮ વર્ષના બાળકોનું સ્ક્રીનીંગ-તપાસ કરીને ‘૪ડી’ પ્રમાણે (ડિફેક્ટએટ બર્થ, ડીફીસીયન્સી, ડીસીઝ અને ડેવલોપમેન્ટ ડીલે) શોધીને વિનામૂલ્યે સારવાર કરવામાં આવે છે. તે આર.બી.એસ.કે. મોબાઈલ હેલ્થ ટીમ સાથેના સભ્યોને પ્રમાણપત્રો એનાયત કરીને બિરદાવવામાં આવ્યા હતા. વિશ્વ શ્રવણ દિવસની ઉજવણીને અનુલક્ષીને શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ જન્મજાત બધિરતાવાળા જે બાળકોને કોક્લિયર ઈમ્પ્લાન્ટ કરવામાં આવ્યા હતા તેવા ૫૦થી વધુ બાળકો આ કાર્યક્રમમાં સદભાગી થયા હતા. રાજ્ય સરકારના શાળા આરોગ્ય અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત કોઈપણ નવજાત બાળક જન્મજાત ખામી સાથે જન્મે તો વાલી કે માતા-પિતાની આવક મર્યાદાને ધ્યાને લીધા વિના નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવે છે. વધુમાં ૦થી ૬ વર્ષ સુધીના જન્મજાત બધિર બાળકો માટે કોક્લિયર ઈપ્લાન્ટની સર્જરી વિના મૂલ્યે કરવામાં આવે છે.

સરકારના બજેટ અંગે રૂપાણી-નીતિન પટેલની પ્રતિક્રિયા

આ બજેટને ચૂંટણીલક્ષી કહેવું ખોટું કહેવાશે : સર્વાંગી-સર્વસ્પર્શી બજેટ

● જૂની યોજનાઓ યથાવત રાખી વધુ પ્રજાલક્ષી બનાવાઈ છે : નીતિન પટેલ

● બેરોજગારોના જીવતરમાં ઝેર રેડતું બજેટ; મુસ્લિમો માટે પાયલી પણ નથી : મેવાણી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩

ગુજરાતના નાણા મંત્રી કનુ દેસાઈએ ગુજરાત સરકારનું બજેટ રજૂ કર્યું છે. બજેટ બાદ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પૂર્વ ઉપમુખ્યમંત્રી નિતીન પટેલે પ્રતિક્રિયા આપી બજેટને આવકાર્યુ હતું. જેમાં વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, આ બજેટમાં મહિલા, ગરીબ અને આદિવાસી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. નીતિન પટેલે આ બજેટને સર્વ વિસ્તાર અને જ્ઞાતિ-જાતિને સમાવતુ બજેટ ગણાવ્યું છે.

વિજય રૂપાણીએ બજેટ મુદ્દે કહ્યું કે, આ બજેટ સર્વાંગી, સર્વ સ્પર્શી અને વિકાસલક્ષી બજેટ છે. નવા કરવેરા વગરના બજેટની જનતાને મોટો લાભ થયો છે. પાણીના અભાવે લોકોને સમશ્યા ન થાય એનું ધ્યાન અપાયું તો વૃદ્ધોના પેંશનમાં વધારો કરવામાં આવ્યો છે. ખેડૂતો માટે દિવસે વીજળીની યોજનાને આગળ વધારવા યોજના બનાવવામાં આવી છે. ગિફ્ટ સીટી કાર્યરત બને અને હબ બને એ માટે બજેટમાં ચિંતા કરવામાં આવી છે. ચૂંટણીલક્ષી બજેટ કહેવું ખોટું કહેવાશે તેવી પણ સ્પષ્ટતા પૂર્વ સીએમ વિજય રૂપાણીએ કરી હતી. તો બીજી તરફ બજેટ મુદ્દે પૂર્વ DyCM નીતિન પટેલએ પણ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, જૂની યોજનાઓને યથાવત રાખી વધુ પ્રજાલક્ષી બનાવવામાં આવી છે અને વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ, પેન્શનની યોજનામાં વધારો કરવાની જાહેરાત બજેટમાં કરવામાં આવી છે. નર્મદા સહિતના પ્રોજેકટ માટે જરૂરી રકમ ફાળવાઈ તો નવી મેડિકલ કોલેજોને આગળ વધારવા જૂની હોસ્પિટલને અપગ્રેડ કરવાનું આયોજન કરવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્ય સરકારના બજેટને લઈને કોંગ્રેસ MLA જીગ્નેશ મેવાણીના પ્રહારો કરતા કહ્યું છે કે બેરોજગારોના જીવતરમાં ઝેર રેડતું બજેટ ભાજપ સરકારે રજૂ કર્યું છે. રોજગારી આપવાની વાત નથી, બજેટમાં નોકરીઓનો કોઈ ઉલ્લેખ નહીં, સ્મોલ અને મીડિયમ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝને ઉભો કરવાનો કોઈ ઉલ્લેખ નથી આદિવાસી અને દલિત સમાજનો બજેટમાં ઉલ્લેખ નહીં, મુસ્લિમ સમાજ માટે એક પાયલીનો પણ બજેટમાં ઉલ્લેખ નહીં.

‘હરીત ઘર’ થીમ પર જીટીયુ ખાતે નેશનલ એન્વાર્મેન્ટ યુથ પાર્લામેન્ટનું આયોજન કરાયું

અમદાવાદ,તા.૩

સમગ્ર વિશ્વ કલાઈમેટ ચેન્જનો સામનો કરી રહ્યું છે માનવજાતની બાયોલોજીકલ સાયકલમાં ભંગાણ પડવાના કારણોસર સમગ્ર વિશ્વને કોવિડ-૧૯ જેવી મહામારીનો સામનો કરવાનો સમય આવ્યો છે. આ પ્રકારની વૈશ્વિક સમસ્યા અંગે આજની યુવા પેઢીમાં જાગૃતતા કેળવાય તે હેતુસર તાજેતરમાં એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી (એઆઈયુ) અને પર્યાવરણ સંરક્ષણ ગતિવિધિના સંયુકત ઉપક્રમે દેશની તમામ યુનિવર્સિટીના કુલ ૧૧ રીઝનમાં નેશનલ એન્વાર્મેન્ટ યુથ પાર્લામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) ખાતે સીઝન-પની એન્વાર્મેન્ટ યુથ પાર્લામેન્ટનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાત અને મહારાષ્ટ્રની ૧૧ યુનિવર્સિટીના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો હરીત ઘર થીમ પર યોજાયેલ આ યુથ પાર્લામેન્ટમાં બ્લ્યુ ઈકોનોમી, ગ્રીન હાઉસ ઈફેકટ, સસ્ટેનેબલ હોમ્સ પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ વન્ય જીવ સૃષ્ટિ અને જંગલોનો નાશ થતો અટકાવવા જેવા વિવિધ વિષયો પર વિદ્યાર્થીઓ દ્વારા સ્પીચ અને ગ્રુપ ડિસ્કશન કરીને પર્યાવરણ સંરક્ષણ સંબંધિત તેમના વિચારો રજુ કરવામાં આવ્યા હતા. સમગ્ર ભારતના કુલ ૧૧ પ્રદેશોમાંથી નેશનલ એન્વાર્મેન્ટ યુથ પાર્લામેન્ટમાં પસંદગી પામેલ ટોપ ૧૦ વિદ્યાર્થીઓ આગામી ૧૫ અને ૧૬ એપ્રિલના રોજ સંસદભવન ખાતે પોતાના આઈડીયા રજુ કરશે. જેમાં જીટીયુના ૨ વિદ્યાર્થીઓ વાગ્મીન મહેતા અને શીલ વોરા પણ પસંદગી પામ્યા છે .

સંસ્કાર સૌરભ

એ ઉચ્ચ પ્રકારની નેકી છે કે માનવી તેના પિતાના મિત્રોને મળે અને તેમની સાથે સદ્‌વ્યવહાર કરે.

(હદીસ બોધ)

બોધ વચન

સમજદારી વિનાનો સદ્‌ગુણ એ તલવાર વિનાના બખ્તર જેવો છે. એ પહેરનાર કદાચ બચી શકે પણ તે કોઈનું રક્ષણ ન કરી શકે.

- કોલ્ટન

આજની આરસી

૪ માર્ચ શુક્રવાર ૨૦૨૨
૩૦ રજબ હિજરી ૧૪૪૩
ફાગણ સુદ બીજ સંવત ૨૦૭૮
સુબ્હ સાદિક ૫-૪૪
ખત્મે ઝવાલ ૧૨-૫૨
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૬-૫૯
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૪૪

ગુસપુસિયું

ચિન્ટુ : ખબર છે, પત્નીઓ છોકરાઓને કેમ મોટા અવાજે ખખડાવે છે ?

પિન્ટુ : ના. કેમ ?

ચિન્ટુ : જેથી પતિઓ પર તેમનો ડર જળવાયેલો રહે.

રાજ્યના ૨૦૨૨-૨૩ના બજેટને આવકારતા મુખ્યમંત્રી

રાજ્યના સૌ સમાજના વિકાસને આવરી લેતું આ બજેટ ઐતિહાસિક સિદ્ધ થશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૨૨-૨૩ માટે રજૂ કરેલા બજેટને સંતુલિત, સર્વગ્રાહી, સર્વસમાવેશી અને સૌ સમાજ વર્ગોના ઉન્નત વિકાસની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવતું પ્રજાલક્ષી બજેટ ગણાવ્યું છે. મુખ્યમંત્રીએ ‘બહુજન હિતાય બહુજન સુખાય’ના કેંદ્રીય વિચાર સાથે સમાજના તમામ વર્ગોને આવરી લેતું આ બજેટ ઐતિહાસિક સિદ્ધ થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે, દેશના ગ્રોથ એન્જીન ગુજરાતનું આ બજેટ ખેડૂતો, યુવારોજગારી, સાગરખેડૂ, વનબંધુ, ગરીબો, વંચિતો સહિત સૌ સમાજ-વર્ગોના સર્વગ્રાહી ઉત્થાનની અનેક યોજનાઓ સાથેનું બજેટ છે. તેમણે જણાવ્યું કે, ગત વર્ષ કરતાં ૧૭ હજાર કરોડના વધારા સાથે ૨ લાખ ૪૪ હજાર કરોડનું આ બજેટ ગુજરાતના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું અને કોઇ જ નવા કરવેરા વિનાનું પૂરાંતવાળું આત્મનિર્ભર ભારતના સંકલ્પમાં સૂર પુરાવતું બજેટ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતના યુવાધનને માઈન્ડ ટુ માર્કેટના કન્સેપ્ટથી ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકતા માટે પ્રોત્સાહિત કરવા માટે પાંચ વર્ષ માટે ૩૦૦ કરોડ અને તેમાં આગામી વર્ષે ૬૦ કરોડનું પ્રાવધાન બજેટમાં કરવામાં આવ્યું છે.તેમણે નવસારી જિલ્લામાં પી.એમ. મિત્ર યોજના અન્વયે અદ્યતન સુવિધા ધરાવતો ટેક્ષટાઇલ પાર્ક, મોરબીમાં વૈશ્વિક કક્ષાની સગવડતા વાળા ઈન્ટરનેશનલ સિરામિક પાર્ક, કૌશલ્ય વિકાસ માટે નવું કમિશનરેટ સ્થાપવાના આયોજન અને યુવાનોને તાલીમબદ્ધ કરવા ૫૧ નવા ભવિષ્યલક્ષી અભ્યાસક્રમ શરૂ કરવા માટેની બજેટરી જોગવાઈઓની પ્રશંસા કરી હતી.

૨૫ બિરસામુંડા જ્ઞાનશક્તિ રેસિડેંસિયલ સ્કૂલ ઓફ એક્સલન્સ આદિજાતિ યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતાને વેગ આપવા ૮ નવા એમ.એસ.એમ.ઈ. જી.આઈ.ડી.સી એસ્ટેટની રચના કરવાની જોગવાઇઓ વનબંધુને વિશ્વબંધુ બનાવવાની રાજ્ય સરકારની નેમ પાર પડશે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

અમદાવાદ-જામનગર-ખેડામાં બાગાયતી પાકોના સેન્ટર ઓફ એક્સલન્સ સ્થપાશે

રાજ્યમાં ડ્રેગન ફ્રૂટના વાવેતર માટે પ્રથમવાર ૧૦ કરોડની જોગવાઈ

મધ ક્રાંતિને વેગ આપવા ૧૦ હજાર ખેડૂતોને તેમાં જોડવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩

● રાજ્યના ઈતિહાસના સૌથી મોટા બજેટમાં ગુજરાત સરકારે આજે કમલમ્ માટે પણ અલગ ફાળવણી કરી છે.

● અંદાજપત્રમાં બાગાયત ખાતાની યોજનાઓ માટે જોગવાઇ રૂ. ૩૬૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

● મધ ક્રાંતિને વેગ આપવા રાજ્યના ૧૦ હજાર ખેડૂતોને મધ ઉત્પાદનમાં જોડવા રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરાઈ છે. કોમ્પ્રિહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ હેઠળ જોગવાઇ રૂ. ૭ કરોડ ફાળવાયા છે.

● અમદાવાદ, જામનગર અને ખેડા જિલ્લામાં બાગાયતી પાકોના સેન્ટર ઓફ એક્સેલેન્સ ઊભા કરવા માટે જોગવાઇ રૂ. ૭ કરોડ.

● સૌથી મહત્વની વાત એ છે કે કમલમ્ (ડ્રેગન ફ્રુટ)ના વાવેતર વિસ્તારમાં વધારો થાય તે માટે રૂ. ૧૦ કરોડની પણ જોગવાઈ કરવામાં આવી છે.

ઓરિએન્ટલ વીમા કંપનીને રૂા.૩.૨૨ લાખનો મેડિકલેમ ચૂકવવાનો આદેશ આપતી ગ્રાહક કોર્ટ

અમદાવાદ,તા.૩

અમદાવાદ જિલ્લા ગ્રાહક પંચે ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડને અનિલભાઈ પ્રજાપતિનો રૂા.૩,૨૨,૮૧૧નો મેડિકલેમ મંજૂર કરવાનો આદેશ કર્યો છે. જેને તેણે અગાઉથી અસ્તિત્વ ધરાવતી બીમારી અંગેની કલમનો હવાલો આપીને ફગાવી દીધો હતો. અનિલભાઈ પોતાના અને પોતાના પરિવાર માટે ૨૦૧૩થી ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડની રૂા.૫,૦૦,૦૦૦ની હેપ્પી ફેમિલી ફલોટર પોલિસી (સિલ્વર પ્લાન) ધરાવતા હતા અને ૨૦૧૪-૧૫માં તે રિન્યુ કરાવી હતી. અનિલને ઓગસ્ટ ૨૦૧૪માં નોન-હીલિંગ અલ્સરની ફરિયાદ માટે એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમના માટે તેમણે રાઈટ બુકાલ મ્યુકોસા (ઓરલ કેન્સર)ના એસસીસી માટે સર્જરી કરાવી હતી. રૂા.૩,૫૮,૬૮૭ની રકમના દાવા માટે તેમણે મેડિકલેમ ફાઈલ કર્યો હતો પરંતુ અનેક વખત વિનંતી કરવા છતાં વીમા કંપનીએ ન તો કલેઈમ ચુકવ્યો કે ન તો કોઈ જવાબ આપ્યો હતો. અનિલભાઈએ મદદ માટે કન્ઝયુમર એજયુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર (સીઈઆરસી)નો સંપર્ક સાધ્યો હતો અને સીઈઆરસીએ અનિલભાઈ વતી ડિસ્ટ્રિકટ કમિશન, અમદાવાદમાં ફરિયાદ નોંધાવી હતી. જિલ્લા પંચે અનિલ પ્રજાપતિની તરફેણમાં ચુકાદો આપી ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપનીને ફરિયાદની તારીખથી ૭ ટકા વ્યાજ સાથે રૂા.૩,૨૨,૮૧૧ ચુકવવા આદેશ કર્યો હતો. પોલિસીની શરતો અનુસાર ફરજિયાત સહચુકવણી તરીકે સ્વીકાર્ય દાવાની રકમના ૧૦ ટકા તરીકે રૂા.૩૫,૮૬૭ની કપાત કરવામાં આવી હતી. માનસિક પીડા અને હેરાનગતિના વળતર પેટે રૂા.૫,૦૦૦ અને કેસના ખર્ચ પેટે રૂા.૨,૦૦૦ ચુકવવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

કરોડરજ્જુની શસ્ત્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ બની શકે છે ગેમ ચેન્જર

અમદાવાદ,તા.૩

ઈન્ટ્રા-ઓપ ૩ડી ઈમેજિંગ, અદ્યતન નેવિગેશન સિસ્ટમ અને ઈન્ટ્રા-ઓપ ન્યુરોમોનિટરીંગની ટેકનોલોજીને સક્ષમ બનાવવી એ કુશળ સર્જનો અને ઓટી સ્ટાફ માટે કરોડરજ્જુની શસ્ત્રક્રિયાઓમાં દર્દીના પરિણામોને સુધારવા માટે એક મહાન ટેકો છે. આ અંગે જાણીતા સ્પાઈસ સર્જન ડો. તારક પટેલે જણાવાયું ઈન્ડોસ્પાઈન ખાતે અમે માનીએ છીએ કે ટેકનોલોજી સ્પાઈન સર્જરીના પરિણામોમાં સુધારો કરી શકે છે અને તેથી અમે અમદાવાદની સર્વ પ્રથમ હોસ્પિટલ છીએ જે આ ડિજિટલ ઓપરેશન થીએટર અને લેટેસ્ટ ટેકનોલોજીની મદદથી દર્દીની સારવાર કરે છે. વધતી જતી વરિષ્ઠ વસ્તી, જીવનશૈલી, તણાવપૂર્ણ જીવન, કરોડરજ્જુના આઘાત અને સંભવતઃ આનુવંશિક પરિસ્થિતિઓ સાથે કરોડરજ્જુની શસ્ત્રક્રિયાનો દર વધવાની ધારણા છે. જો સર્જનો અને હોસ્પિટલો કરોડરજ્જુની શસ્ત્રક્રિયા કરાવી રહેલા દર્દીઓના પરિણામો સુધારવા માગતા હોય, તો ટેકનોલોજીને સક્ષમ બનાવવીએ ગેમ ચેન્જર બની શકે છે !

આર્થિક અને સામાજિક વિકાસ અંગેની યોજનાઓ માટે રૂા.૫૦૦ કરોડની જોગવાઈ

રાજ્યના SC-ST, લઘુમતી અને આર્થિક રીતે પછાત છાત્રોને વિવિધ સહાયમાં વધારો

● દિવ્યાંગજનો માટે સાંકેતિક ભાષાની વીડિયોકોલ સહિત નવી હેલ્પલાઈન શરૂ કરાશે

● શિષ્યવૃત્તિ, ગણવેશ, નિભાવ ભથ્થા, મકાન ભાડું, સાધન ખરીદી સહિતની સહાય વધશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩

આજે રજૂ કરાયેલા બજેટમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા આર્થિક અને સામાજિક વિકાસ માટે અમલમાં મૂકાયેલ વિવિધ યોજનાઓ માટે ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

● ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૪૩ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિમાં દરેક સ્તરે રૂા.૨૫૦નો વધારો કરવામાં આવશે.

● પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ, લઘુમતિ અને આર્થિક રીતે પછાત વર્ગના અંદાજે ૩૬ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે હાલ રૂા.૬૦૦ આપવામાં આવે છે. જેમાં રૂા.૩૦૦નો વધારો કરી ગણવેશ સહાય માટે રૂા.૯૦૦ આપવામાં આવશે.

● અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ગ્રાન્ટ -ઈન-એઈડ છાત્રાલય અને આશ્રમશાળામાં રહેતા અંદાજે ૧ લાખ વિદ્યાર્થીઓને નિભાવ ભથ્થાં પેટે માસિક રકમ રૂા.૧૫૦૦ આપવામાં આવે છે જેમાં રૂા.૬૬૦નો વધારો કરી માસિક રકમ રૂા.૨૧૬૦ આપવા માટે જોગવાઈ રૂા.૨૮૮ કરોડ.

● દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ એવા દરેક સ્તરે શિષ્યવૃત્તિમાં રૂા.૫૦૦નો વધારો કરવામાં આવશે.

● ડૉ.સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નટ સહાય યોજનામાં હાલની સહાય રૂા.૧ લાખ આપવામાં આવે છે. જેમાં રૂા.૧.૫ લાખનો માતબર વધારો કરી રૂા.૨ લાખ ૫૦ હજાર સહાય આપવામાં આવશે.

● ગ્રાન્ટ -ઈન-એઈડ છાત્રાલયોનું મકાનભાડું વિદ્યાર્થીદીઠ ગ્રામ્ય વિસ્તારમાં માસિક રૂા.૫૦ માંથી વધારી રૂા.૧૦૦, નગરપાલિકા વિસ્તારમાં માસિક રૂા.૭૦માંથી વધારી રૂા.૧૪૦ અને મહાનગરપાલિકા વિસ્તારમાં માસિક રૂા.૯૦માંથી વધારી રૂા.૧૮૦ કરવામાં આવશે.

● વિકસતી જાતિ માટેની ડે-સ્કોલર અને હોસ્ટેલર માટે અપાતી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં રૂા.૬૦૦થી રૂા.૨૨૦૦ સુધીનો વધારો કરવામાં આવશે.

● અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ માટેની સાધન ખરીદવા હાલ રૂા.૫૦૦૦ સહાય આપવામાં આવે છે જેમાં રૂા.૩૦૦૦નો વધારો કરી રૂા.૮૦૦૦ સહાય આપવામાં આવશે.

● પી.એચ.ડી. જેવા ઉચ્ચ અભ્યાસ કરનારાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સહાય રૂા.૩૦ હજાર આપવામાં આવે છે જેમાં રૂા.૭૦ હજારનો માતબર વધારો કરી રૂા.૧ લાખની સહાય આપવામાં આવશે.

● દિવ્યાંગજનોને ભાવનાત્મક ટેકો આપવા સાંકેતિક ભાષાની વીડિઓ કોલ સહિત રાજ્યકક્ષાની નવી 24 x 7 હેલ્પ લાઈન સુવિધા શરૂ કરવામાં આવશે.

પરિશિષ્ટ IV
જુઓ નિયમ 8(1)
કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,

નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એકટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ** ના (CIN: L65922DL2005PLC136029) અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **13.09.2021** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદદારો **શુભમકુમાર, શુભમકુમાર ; પ્લોટ નં. 21/22, ભોંયતળીયુ, વિનાયક નગર, પોલીસ કોલોની, બમરોલી રોડ, સુરત - 394221, સુરત, ગુજરાત - 394221, પ્રકાશમોહન ડી. ઉપાધ્યાય ; પ્રતિભા ફેબ્રિક્સ લિ., પ્લોટ નં. 399, જીઆઈડીસી, પાંડેસરા, સુરત - 394221, સુરત, ગુજરાત - 394221, ઉષા પ્રકાશમોહન ઉપાધ્યાય ; પ્લોટ નં. 21/22, ભોંયતળીયુ, વિનાયક નગર, પોલીસ કોલોની, બમરોલી રોડ, સુરત - 394221, સુરત, ગુજરાત - 394221, પ્રકાશમોહન ડી. ઉપાધ્યાય ; પ્લોટ નં. 21/22, ભોંયતળીયુ, વિનાયક નગર, પોલીસ કોલોની, બમરોલી રોડ, સુરત - 394221, સુરત, ગુજરાત - 394221,** ને નોટિસમાં જણાવેલી લોન ખાતું નં. **HHLSUR00438405** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **26.06.2021** થી વ્યાજ દરે **રૂ. 19,67,351.48 (રૂપિયા ઓગણીસ લાખ સડસઠ હજાર ત્રણ સો એકાવન અને અડતાલીસ પૈસા માત્ર)** ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે.

કર્દદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) - રૂલ્સ - 2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા - કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **પ્રતિકાત્મક કબ્જો** તારીખ **28.02.2022** ના રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને કર્જદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકતના સોદામાં પડવું નહી અને જો તે મિલકતને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો **રૂ. 19,67,351.48 (રૂપિયા ઓગણીસ લાખ સડસઠ હજાર ત્રણ સો એકાવન અને અડતાલીસ પૈસા માત્ર)** 26.06.2021 ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના હકને આધીન રહેશે.

સુરક્ષીત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

ફ્લેટ નં. સી-502, સ્વસ્તિક તળાવ, માનસરોવર સોસાયટી પાછળ, એસએમસી લેક ગાર્ડન નજીક, આર. એસ. નં. 73, બ્લોક નં. 123, ટી. પી. એસ. નં. 69 (ડીંડોલી - ગોદાદરા), એફ. પી. નં. 111, ડીંડોલી, સુરત, ગુજરાત -394210.

સહી/-

તારીખ : 28.02.2022 **અધિકૃત અધિકારી**
સ્થળ : સુરત **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

પરિશિષ્ટ IV
જુઓ નિયમ 8(1)
કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,

નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એકટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ** ના **(CIN: L65922DL2005PLC136029)** અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **03.09.2019** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદદારો **ગૌતમ રામસુમર શ્યામલાલ ઉર્ફે ગૌતમ રામસુમર અને રેખા** ને નોટિસમાં જણાવેલી લોન ખાતું નં. **HHLAME00392238** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **30.08.2019** થી વ્યાજ દરે **રૂ. 15,91,980/- (રૂપિયા પંદર લાખ એકાણું હજાર નવ સો એંસી માત્ર)** ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે.

કર્દદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) - રૂલ્સ - 2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા - કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **કબ્જો** તારીખ **02.03.2022** ના રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને કર્જદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકતના સોદામાં પડવું નહી અને જો તે મિલકતને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો **રૂ. 15,91,980/- (રૂપિયા પંદર લાખ એકાણું હજાર નવ સો એંસી માત્ર)** 30.08.2019 ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના હકને આધીન રહેશે.

સુરક્ષીત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

“અમરદીપ રેસિડેન્સી” તરીકે ઓળખાતી રહેણાંક યોજનામાં બ્લોક “એચ” માં (મંજૂર યોજના મુજબ બીજા માળ, ફ્લેટ નં. એચ/1) ત્રીજા માળે ફ્લેટ નં. એચ/304 સુપર બિલ્ટ અપ બાંધકામ વિસ્તાર નો માપન 110 ચો. યાર્ડસ ની બરાબર 91.97 ચો. મીટર્સ, જે જમિન પૈકી જમિન દક્ષિણ તરફ માપન 9801 ચો. મીટર્સ ના બિન કૃષિ જમિન માપન 14629 ચો. મીટર્સ નો અંતિમ પ્લોટ નં. 41 ના જે ડ્રાફ્ટ ટી પી સ્કિમ નં.99 માં સમાવિષ્ટ છે તેના જમિન બેરીંગ રેવેન્યુ સર્વે નં. 131 માપન 24382 ચો. મીટર્સ પર સ્થિત તેના જમીનનો અવિભાજિત હિસ્સો 28.92 ચો. મીટર્સ ધરાવતો, ગાંધીનગર તાલુકા ચિલોડા (નરોડા), અમદાવાદ - 382330, ગુજરાત ના જિલ્લા પેટા જિલ્લા ગાંધીનગર (અમદાવાદ -6 (નરોડા) ખાતે સ્થિત, જે નીચે મુજબ બંધાયેલ છે -

પૂર્વ : સીડીઓ અને પેસેજ છોડ્યા પછી ફ્લેટ નં. 301
પશ્ચિમ : માર્જિનલ જગ્યા બ્લોક I છોડ્યા પછી
ઉત્તર : અમરદીપ રેસિડેન્સી નો રોડ
દક્ષિણ : ફ્લેટ નં. એચ/303

સહી/-

તારીખ : 02.03.2022 **અધિકૃત અધિકારી**
સ્થળ : અમદાવાદ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

રશિયા-યુક્રેન યુદ્ધ સમાપ્તિના કોઈ જ એંધાણ નહીં

યુદ્ધના સપ્તાહમાં જ ક્રૂડનો ભાવ બેરલે ૧૧૬ ડોલરે પહોંચ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

રશિયા - યુક્રેન યુદ્ધ સમાપ્ત થવાના કોઈ એંધાણ દેખાતા નથી અને તેના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર વધારો ચાલુ છે. યુદ્ધ અગાઉ ક્રૂડ ૯૪ ડોલરની આસપાસ હતું તે વોર શરૂ થતા જ ૧૦૦ ડોલરને સ્પર્શી ગયું. યુદ્ધના એક અઠવાડિયા પછી ક્રૂડનો ભાવ ૧૧૬ ડોલર થઈ ગયો છે. છેલ્લા એક દિવસમાં ક્રૂડમાં ૫ ડોલરનો જંગી વધારો થયો છે. ભારત જેવા દેશ માટે આ સૌથી મોટી આફત છે જેનું ક્રૂડ ઈમ્પોર્ટનું બિલ આ વર્ષમાં ૧૦૦ અબજ ડોલરને પાર કરી જાય તેવી શક્યતા છે. ક્રૂડના ભાવમાં ગુરુવારે પણ તેજી જારી રહી હતી અને બ્રેન્ડ ક્રૂડ ઓઈલનો ભાવ ૧૧૬ ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયો હતો. હાલમાં ક્રૂડના સપ્લાયને અસર થઈ છે. રશિયા પર ભારે પ્રતિબંધ ઝીંકવામાં આવ્યા હોવાથી સપ્લાયની ચિંતા છે. યુએસ ક્રૂડ સ્ટોક્સ કેટલાક વર્ષોના તળિયે પહોંચ્યા છે. પેટ્રોલિયમની નિકાસ કરતા દેશોના સંગઠન ઓપેકઅને રશિયાએ બુધવારે મિટિંગ કરી હતી. તેમણે માર્ચમાં ઓઈલ ઉત્પાદનમાં ૪ લાખ બેરલનો વધારો કરવાનો નિર્ણય લીધો હતો. ઓઈલની આયાત કરતા દેશોએ ઉત્પાદન

વધારવાની વિનંતી કરી હોવા છતાં ઓઈલ ઉત્પાદક દેશો અત્યારે જંગી ઉત્પાદન કરીને ભાવ નીચે લાવવા માંગતા નથી. બ્રેન્ડ ક્રૂડ ફ્યુચરનો ભાવ ૧૧૬.૮૩ ડોલર હતો જે ઓગસ્ટ ૨૦૧૩ પછી સૌથી ઊંચો ભાવ છે. ભારતીય સમય પ્રમાણે સવારે ૭.૦૦ વવાગ્યે ક્રૂડ ૩.૬૭ ડોલર વધીને ૧૧૬.૬૦ ડોલર પ્રતિ બેરલ હતું. ભારતમાં પાંચ રાજ્યોની ચૂંટણી ચાલી રહી હોવાથી સરકારે હાલમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર કરી દીધા છે. પરંતુ આગામી સપ્તાહે મતદાન પૂર્ણ થતાની સાથે જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો આંચકો આવે તેવી શક્યતા છે. લોકોને અત્યાર સુધીમાં ક્રૂડના ભાવમાં જે વધારો થયો છે તેને ધ્યાનમાં રાખતા બંને ઈંધણના ભાવમાં ઓછામાં ઓછા ૧૦ રૂપિયાનો વધારો કરવો પડે તેમ છે. સરકાર કદાચ ટેક્સ ઘટાડીને થોડી રાહત આપશે તેમ માનવામાં આવે છે. યુએસવેસ્ટ ટેક્સાસ ઈન્ટરમિડિયેટ (ડબ્લ્યુટીઆઈ) ક્રૂડનો ભાવ ૧૧૩.૦૧ ડોલર પ્રતિ બેરલ હતો. ડબ્લ્યુટીઆઈક્રૂડનો ભાવ ૧૧ વર્ષની ટોચ ૧૧૩.૩૧ પ્રતિ બેરલ સુધી જઈ આવ્યો છે. અમેરિકા હાલમાં રશિયા પરના પ્રતિબંધો હળવા કરવાના મૂડમાં નથી, તેના કારણે રશિયન ઓઈલ સપ્લાય ઘટશે. રશિયા એ વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું ઓઈલ ઉત્પાદક દેશ છે જ્યારે ગ્લોબલ માર્કેટમાં તે ઓઈલનું સૌથી મોટું નિકાસકાર છે. ભારત પોતાની જરૂરિયાતના ૮૦ટકા ઓઈલની આયાત કરે છે. ડિસેમ્બરમાં રશિયાનું દૈનિક ઉત્પાદન ૭૮ લાખ બેરલ હતું. ઓઈલના વધતા ભાવ સામે રક્ષણ મેળવવા માટે અમેરિકાએ ઓઈલનો જંગી જથ્થો ઈન્વેન્ટરી તરીકે રાખ્યો છે, પરંતુ હવે ઈન્વેન્ટરીમાં પણ ઘટાડો થયો છે. અમેરિકાનું સ્ટ્રેટેજિક રિઝર્વ ૨૦ વર્ષના તળિયે છે. ઓકલાહોમા ક્રૂડ હબમાં ૨૦૧૮ પછી સૌથી ઓછા ક્રૂડનો જથ્થો છે.

યુપી ચૂંટણીમાં ભાજપને મદદ કરવા માટે યુક્રેનમાં બચાવ કામગીરીમાં મોદી ગંગાનું નામ વટાવે છે

ભારત માટે સંઘર્ષના વિસ્તારોમાંથી તેના નાગરિકોને બહાર કાઢવાનું પ્રથમ વખત કે નવી બાબત નથી

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૩

કર્ણાટક કોંગ્રેસના વિપક્ષી નેતા સિદ્ધારમૈયાએ બુધવારે આરોપ લગાવ્યો કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુદ્ધગ્રસ્ત યુક્રેનમાં બચાવ કામગીરી માટે ગંગાના નામનો પણ ઉપયોગ કરી રહ્યા છે જેથી તે ઉત્તરપ્રદેશની ચાલી રહેલી ચૂંટણી દરમિયાન ભાજપને મદદ કરી શકે. હું આશા રાખું છું કે, ગંગા નદી ભાજપના નેતાઓના પાપોને માફ કરે. ૨૦૧૧માં ૧૫,૦૦૦થી વધુ

છતી થઈ છે. MEA અનુસાર, લગભગ ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ યુક્રેનમાં અભ્યાસ કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આ વર્ષે જાન્યુઆરીની શરૂઆતમાં યુદ્ધ ફાટી નીકળ્યા પછી ફેબ્રુઆરીના અંતમાં લશ્કરી સંઘર્ષ શરૂ થાય ત્યાં સુધી સરકાર પાસે વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે ઘણો સમય હતો. યુક્રેનની આસપાસ રશિયન સૈનિકો નવેમ્બર ૨૦૨૧ની શરૂઆતમાં જ ખડકી દેવાનું શરૂ થયું.

યુક્રેન સંકટ સમયમાં પણ કેન્દ્રમાં ભાજપના નેતાઓ તેમના જનસંપર્કને સુધારવા માટે ઝંપલાવી રહ્યા છે તે જોવું દુર્ભાગ્યપૂર્ણ છે, ભાજપના નેતાઓ દરેક કટોકટીને વધુ પ્રચારની તક માને છે, સિદ્ધારમૈયાનો દાવો રશિયા દ્વારા નવેમ્બર ૨૦૨૧થી આક્રમણ વિશે પૂરતી ચેતવણીઓ અને તોળાઈ રહેલા સંકટના ઘણા સંકેતો હતા, ભારતીય વિદ્યાર્થી નવીનના કમનસીબ મૃત્યુથી ભાજપ સરકારની નબળી તૈયારી અને અસરનું મૂલ્યાંકન કરવામાં વિદેશ મંત્રાલયની નિષ્ફળતા છતી થઈ છે

લોકોને ટૂંકી સૂચના પર લિબિયામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. પરંતુ ભાજપ સરકારની નિષ્ક્રિયતાએ વર્તમાન કટોકટી દરમિયાન યુક્રેનમાં ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષાને જોખમમાં મૂકી દીધી છે. અગાઉની સરકારો જે કરી શકતી હતી તે ભાજપ સરકાર કેમ ન કરી શકી ? જો ભાજપે ઝડપથી કામ કર્યું હોત તો નવીન આજે પણ આપણી વચ્ચે જીવિત હોત અને ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓને આઘાતમાંથી બચાવી શકયા હોત, એમ સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું. યુક્રેન સંકટ સમયમાં પણ કેન્દ્રમાં ભાજપના નેતાઓ તેમના જનસંપર્કને સુધારવા માટે ઝંપલાવી રહ્યા છે તે જોવું દુર્ભાગ્યપૂર્ણ છે. ભાજપના નેતાઓ દરેક કટોકટીને વધુ પ્રચારની તક માને છે, એમ તેમણે દાવો કર્યો હતો.

યુક્રેનમાં ચાલી રહેલી અનિશ્ચિતતા અત્યંત ચિંતાજનક છે, ખાસ કરીને ત્યાં ફસાયેલા ભારતીયોની સુરક્ષા માટે રશિયા દ્વારા નવેમ્બર ૨૦૨૧થી આક્રમણ વિશે પૂરતી ચેતવણીઓ અને તોળાઈ રહેલા સંકટના ઘણા સંકેતો હતા, તેમણે નોંધ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે, રશિયા દ્વારા કરવામાં આવેલા ગોળીબારના કારણે હાવેરીના વતની ભારતીય વિદ્યાર્થી નવીનના કમનસીબ મૃત્યુથી ભાજપ સરકારની નબળી તૈયારી અને અસરનું મૂલ્યાંકન કરવામાં વિદેશ મંત્રાલયની નિષ્ફળતા છતી થઈ છે. MEA અનુસાર, લગભગ ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ યુક્રેનમાં અભ્યાસ કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આ વર્ષે જાન્યુઆરીની શરૂઆતમાં યુદ્ધ ફાટી નીકળ્યા પછી ફેબ્રુઆરીના અંતમાં લશ્કરી સંઘર્ષ શરૂ થાય ત્યાં સુધી સરકાર પાસે વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે ઘણો સમય હતો. યુક્રેનની આસપાસ રશિયન સૈનિકો નવેમ્બર ૨૦૨૧ની શરૂઆતમાં જ ખડકી દેવાનું શરૂ થયું. વિદ્યાર્થીઓને યુક્રેન છોડવા માટે અને તેમને ભારત પાછા લાવવા માટે જરૂરી વ્યવસ્થા કરવા માટે સરકાર દ્વારા શા માટે પ્રતિસાદનો અભાવ હતો ? સરકારે દુશ્મનાવટ ફાટી નીકળ્યા પછી જ પ્રક્રિયા શા માટે શરૂ કરી, સિદ્ધારમૈયાએ પ્રશ્ન કર્યો.

ભારતે ૧૫ ફેબ્રુઆરીએ પ્રથમ એડવાઈઝરી જારી કરીને દેશના વિવિધ ભાગોમાં રહેતા ભારતીયોની વિગતો માંગી હતી, જ્યારે અન્ય ઘણા દેશોએ એક મહિના પહેલા આ કવાયત હાથ ધરી હતી. તેમણે કહ્યું કે, ભારત માટે સંઘર્ષના વિસ્તારોમાંથી તેના નાગરિકોને બહાર કાઢવાનું પ્રથમ વખત કે નવી બાબત નથી.

યુક્રેન પ્રદેશ : મોદી કેવી રીતે પુતિનના આક્રમણને યુપીમાં ચૂંટણીના મુદ્દામાં ફેરવવાનો પ્રયાસ કરી રહ્યા છે

ભાજપે લાંબા સમયથી આ દાવાને આગળ ધપાવ્યો છે અને મત ખેંચવાના માર્ગ તરીકે મોદીને આંતરરાષ્ટ્રીય રાજનેતા તરીકે બતાવવામાં આવે છે

યુક્રેનની કટોકટીએ ભારતીય જનતા પાર્ટીને ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં વોટ મેળવવા માટે બીજી તક આપી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ચૂંટણી રેલીઓમાં, ભાજપના નેતાઓએ અપ્રમાણિત દાવા કર્યા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી સંઘર્ષને કેવી રીતે ઉકેલવો તે અંગે વિશ્વના નેતાઓ દ્વારા સલાહ લેવામાં આવી રહી છે. પાર્ટીના નેતાઓ યુક્રેનમાં ફસાયેલા ૧૮,૦૦૦ કે તેથી વધુ ભારતીય વિદ્યાર્થીઓને પરત લાવવા માટે નવી દિલ્હીના પ્રયાસોને પણ હાઈલાઈટ કરી



રહ્યા છે. જો કે, વિપક્ષી નેતાઓએ યુક્રેનમાં ભારતીય વિદ્યાર્થીઓના વીડિયો શેર કરીને આ દાવાઓનો વિરોધ કર્યો છે, જેમને દેશ છોડવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

યુક્રેન પ્રદેશ

તાજેતરના દિવસોમાં, મોદીએ રશિયા-યુક્રેનિયન યુદ્ધનો ઉપયોગ ઓછામાં ઓછા ચાર વખત ભાષણોમાં કર્યો છે જેમાં મતદારોને ઉત્તર પ્રદેશમાં તેમની પાર્ટીને ફરીથી ચૂંટવાનું કહેવામાં આવ્યું છે. ૨૨ ફેબ્રુઆરીએ એક ચૂંટણી રેલીમાં તેમણે કહ્યું હતું કે દેશો વૈશ્વિક ઉથલપાથલનો સામનો કરી રહ્યા છે અને ભવિષ્ય અનિશ્ચિત લાગે છે. "આવી સ્થિતિમાં ભારતે મજબૂત બનવાની જરૂર છે," તેમણે કહ્યું. "આ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર માનવજાત માટે મહત્વપૂર્ણ છે." એક મોટા દેશ અને ઉત્તર પ્રદેશ જેવા મોટા રાજ્યને ચલાવવાની જવાબદારી એક ખડતલ નેતાને આપવી જોઈએ, મોદીએ દલીલ કરી: "કઠિન સમયમાં કઠિન નેતાઓની જરૂર છે."

રવિવારે બસ્તીમાં એક ચૂંટણી રેલીમાં મોદીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર "ઓપરેશન ગંગા" નામની પહેલ સાથે ફસાયેલા લોકોને ઘરે પાછા ફરવામાં મદદ કરવા માટે શક્ય તેટલું બધું કરી રહી છે - એક નામ જે ચૂંટણીથી ઘેરાયેલા રાજ્યની સૌથી મોટી નદીને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે આ સમય તમામ ભારતીયોને સંદેશ મોકલી રહ્યો છે કે ભારતને શક્તિશાળી અને "આત્મનિર્ભર" અથવા બનવાની જરૂર છે. સોમવારે, મહારાજગંજમાં, યુક્રેનિયન કટોકટી તરફ સંકેત આપતા, તેમણે ભીડને કહ્યું કે વિશ્વ એક પડકારજનક સમયમાંથી પસાર થઈ રહ્યું છે, અને ભારતના સંરક્ષણ મજબૂત કરવાની જરૂર છે. "આ વખતે તમારા મતનું મહત્વ એટલું છે જેટલું સ્થાનિક મુદ્દાઓ માટે છે, જેટલું ભારત અને ઉત્તર પ્રદેશને મજબૂત બનાવવા માટે છે," તેમણે કહ્યું. બુધવારે, રોબર્ટસગંજમાં, તેમણે ફરીથી ઓપરેશન ગંગાને પ્રકાશિત કર્યું. તેમણે દાવો કર્યો કે, "તે ભારતની વધતી તાકાતને કારણે છે કે અમે યુક્રેનમાં ફસાયેલા અમારા નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સક્ષમ છીએ, જેના માટે અમે ઓપરેશન ગંગા ચલાવી રહ્યા છીએ." યુક્રેનથી વિદ્યાર્થીઓને પાછા લાવવામાં સફળતાનો દાવો કરતી નરેન્દ્ર મોદી એપ્લિકેશનનો સ્ક્રીનશોટ.

વિપક્ષ પર પ્રહારો

ભાજપના નેતાઓએ પણ યુક્રેનના મુદ્દાનો ઉપયોગ ઉત્તર પ્રદેશમાં વિપક્ષ પર હુમલો કરવા માટે એક તક્ષા તરીકે કર્યો. તેમની રવિવારની રેલી દરમિયાન, મોદીએ ફરીથી આડકતરી રીતે યુક્રેન સંકટનો ઉલ્લેખ કરીને કહ્યું કે આ અનિશ્ચિત સમયમાં, ભારતના સંરક્ષણ દળોને દર વર્ષે અપગ્રેડ કરવા પડશે. આ કામ એવા લોકો કરી શકતા નથી જેઓ "ઘોર પરિવારવાદી, ઘોર સ્વાર્થી", અત્યંત ભત્રીજાવાદી અને સ્વાર્થી હોય.

મોદી સંભવતઃ ૧૯૮૦ના દાયકામાં બોફોર્સ સંરક્ષણ કૌભાંડમાં સંડોવાયેલી કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી તરફ ઈશારો કરી રહ્યા હતા, જેના પર તેમણે "વંશીય રાજકારણ" આચરવાનો વારંવાર આરોપ મૂક્યો હતો. "જેનો ઈતિહાસ સંરક્ષણ સોદા દરમિયાન કમિશન લેવામાં અને સંરક્ષણ જરૂરિયાતોની અવગણના કરવામાં વ્યસ્ત હતો તે રાષ્ટ્રને મજબૂત બનાવી શકતા નથી," તેમણે દલીલ કરતા કહ્યું કે યુક્રેનિયન કટોકટીએ બતાવ્યું છે કે ભારતને ભાજપ જેવી મજબૂત સરકારની જરૂર છે.

રવિવારે, ઉત્તર પ્રદેશના બલિયામાં એક ચૂંટણી રેલીમાં, કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે કહ્યું કે પહેલા કોઈ ભારતને સાંભળવા માંગતા ન હતા પરંતુ મોદીના નેતૃત્વમાં દરેક વ્યક્તિ સાંભળવા માંગે છે કે ભારત શું કહે છે. તેમણે ઉમેર્યું કે, "રશિયા-યુક્રેન સંકટમાં શાંતિ સુનિશ્ચિત કરવા માટે મોદી જે વિશાળ ભૂમિકા ભજવી રહ્યા છે તેની પ્રશંસા કરવા માટે કોઈ શબ્દો પૂરતા નથી." મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે જૌનપુરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે જ્યારે મોદી "મિશન ગંગા" ચલાવી રહ્યા છે, ત્યારે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ "મિશન દંગા" અથવા તોફાનો ચલાવી રહ્યા છે.યુક્રેનની રાજધાની કીવમાંથી ભાગીને, ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ ભારતના યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હંગેરીના બારાબાસમાં પગપાળા સરહદ પાર કરે છે.

ભારતની તાકાત

પાર્ટીના ઘણા નેતાઓએ મોદીની આગેવાની હેઠળની ભાજપ સરકાર હેઠળ ભારતીય રાજ્યની તાકાત વિશે પણ વાત કરી છે. તેમનો દાવો છે કે સંકટના ઉકેલ માટે દુનિયા મોદી તરફ જોઈ રહી છે.

બલિયામાં ચૂંટણી રેલી દરમિયાન પ્રચાર કરતી વખતે, ભાજપના લોકસભા સભ્ય હેમા માલિનીએ કહ્યું હતું કે વિશ્વભરમાં મોદીનું ખૂબ સન્માન છે. "સમગ્ર વિશ્વ તેમની તરફ જુએ છે", તેણીએ દાવો કર્યો. "દરેક જણ હવે મોદીજીને રશિયા-યુક્રેન યુદ્ધને રોકવા માટે વિનંતી કરી રહ્યું છે કારણ કે તેમને વિશ્વના મોટા નેતા તરીકે ગણવામાં આવે છે."

સોમવારે ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવપ્રસાદ મૌર્યએ દાવો કર્યો હતો કે યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓએ ભારતીય ધ્વજ દર્શાવતા જ રશિયન કે યુક્રેનિયન દળો તેમને નુકસાન પહોંચાડતા નથી. મૌર્યના દાવાથી વિપરીત, જોકે, એક ભારતીય વિદ્યાર્થીની યુક્રેનમાં હત્યા કરવામાં આવી છે. સરહદી ચોકીઓ પર યુક્રેનિયન સત્તાવાળાઓ દ્વારા ભારતીયો સામે વંશીય ભેદભાવના અહેવાલો પણ છે. કેટલાક વીડિયોમાં દર્શાવવામાં આવ્યું છે કે સરહદ અધિકારીઓ દ્વારા ભારતીયો પર હુમલો કરવામાં આવી રહ્યો છે.

વિપક્ષી નેતાઓની પ્રતિક્રિયા

ભાજપના દાવાઓનો પ્રતિકાર કરવામાં આવ્યો નથી.મંગળવારે અખિલેશ યાદવે યુક્રેનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીનો વીડિયો શેર કર્યો હતો જે વીડિયોમાં વિદ્યાર્થીએ કહ્યું કે જ્યારે અન્ય દેશો તેમના નાગરિકોને બહાર કાઢી રહ્યા છે, ત્યારે ભારત સરકાર તેમના માટે કંઈ કરી રહી નથી. યાદવે લખ્યું, "અહીં ભાજપ ચૂંટણીમાં ભારતીયોને બચાવવાના ખોટા વખાણ કરી રહી છે, જ્યારે યુક્રેનમાં સત્ય ભયાનક છે." કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પણ લખનૌના એક વિદ્યાર્થિનીનો વીડિયો શેર કર્યો હતો જે કીવમાં અટવાઈ ગઈ હતી. વીડિયોમાં મહિલાએ કહ્યું કે તે અને તેના મિત્રો સરકારની મદદ વિના યુક્રેનમાં ટકી શકશે નહીં. ગાંધીએ તેમના ટ્વીટમાં કહ્યું, "હું સરકારને વિનંતી કરું છું કે તેઓ જે કરી શકે તે બધું કરે જેથી વિદ્યાર્થીઓ સુરક્ષિત રીતે પાછા ફરે." કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ ટ્વીટ કર્યું હતું કે ભાજપના પ્રચારકો સ્વ-પ્રશંસા કરી રહ્યા છે જ્યારે યુક્રેનમાં હજારો ભારતીય વિદ્યાર્થીઓ ઘરે પાછા ફરવાની રાહ જોઈ રહ્યા છે.

રશિયા-યુક્રેન કટોકટી પર મોદીના કથિત સંકટ નિવારણની સામ્યતાનો ઉપયોગ કરીને એક ટીવી ન્યૂઝ શો એ બતાવ્યું કે મોદી હિંદુ ભગવાન શિવ જેવા છે જે મહાયુદ્ધથી વિશ્વને બચાવે છે.

મોદીની આંતરરાષ્ટ્રીય છબી

આવું પહેલીવાર નથી બન્યું. અગાઉની ચૂંટણીઓમાં પણ, ભાજપે વૈશ્વિક મંચ પર મોદીને એક કઠિન નેતા તરીકે દર્શાવ્યા છે, જેઓ ચીન અને પાકિસ્તાન જેવા ભારતના પડોશીઓ સામે નિર્ણાયક પગલાં લઈ શકે છે અને બિનદસ્તાવેજીકૃત વસાહતીઓ સામે દેશની સરહદો સુરક્ષિત કરી શકે છે. સત્તામાં આવ્યા બાદથી, ભાજપે ઘણીવાર ભારતને વિશ્વગુરુ, વિશ્વના શિક્ષક તરીકે ઓળખાવ્યો છે, એક વાક્ય જેનો ઉપયોગ પક્ષ અને સહાનુભૂતિ ધરાવતા મીડિયા આઉટલેટ્સમાં ઘણા લોકો દ્વારા કરવામાં આવે છે, તે દલીલને રજૂ કરવા માટે કે મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વનું નેતા બન્યું છે.

- ઉમંગ પોદ્દાર (સૌ. : સ્ક્રોલ.ઈન)

ગુજરાત ૨૦૦૨ હત્યાકાંડ અને 'રાષ્ટ્ર' અને 'ધર્મ' નો સિદ્ધાંત

જ્યારે હું આત્મનિરીક્ષણની ભાવનાથી, ૨૦૦૨થી ૨૦૨૦ના વર્ષોમાં લોકોની જવાબદારી વિશે વિચારું છું, ત્યારે મને ખાતરી છે કે, સ્વાતંત્ર્ય ચળવળ પછી પુસ્તકોમાં જે સંતુલન સાચવવામાં આવ્યું હતું તે સાચવવા અથવા ઉમેરવાને બદલે અને બંધારણના ઘડતરમાં, આપણી વૃત્તિ તેને બગાડવાની રહી છે. એક વિચારધારા અને તેના વિકૃત તર્ક આ વલણની આસપાસ વિકાસ પામ્યા છે. આપણામાંના ઘણાએ ગોધરા અને તેના બાદમાં રાજ્યભરમાં બનેલી ઘટનાઓના સમગ્ર ઘટનાક્રમને બે-રાષ્ટ્ર સિદ્ધાંતથી પ્રેરિત ગૃહયુદ્ધ તરીકે જોવાનું પસંદ કર્યું છે, સ્પષ્ટ રીતે આ પ્રશ્ન ફક્ત કાયદાના શાસનનો હતો. તે ક્રિયા અને પ્રતિક્રિયાના ન્યુટનના સિદ્ધાંત વિશે ન હતું, પરંતુ શાસનના ધોરણોને અનુસરીને ચૂંટાયેલી સરકાર વિશે હતું. ટોળાંએ કાયદો હાથમાં લેવો જોઈએ અથવા સત્તામાં રહેલા લોકો આ કવાયતમાં તેમને મદદ કરે છે તે વિશે આ ન હોવું જોઈએ, પરંતુ રાજ્ય દ્વારા કાયદાનું સમર્થન કરવું અને બધા દ્વારા તેનું સન્માન કરવામાં આવે તેની ખાતરી કરવી જોઈએ. પરંતુ શાસન (નિયમ) અને અનુશાસન (શિસ્ત) ને દુશાસન (કુશાસન) અને નિહઃશાસન (નિયમની ગેરહાજરી) દ્વારા તેને ચલાવવામાં આવ્યું હતું.

આનંદની વાત એ છે કે સરકાર વિરુદ્ધ નાગરિકોનો એક વર્ગ બિનસાંપ્રદાયિકતા અને રાષ્ટ્રવાદ પર વ્યર્થ અને ખોટી દલીલોમાં સામેલ થયો હતો. કોઈને અપંગ કરવા, સળગાવવા અને બીજાને મારવા માટે રોકવાની જવાબદારી સરકારની ન હતી ? આપણા પૈકી જેઓ, નાગરિકો તરીકે, આપણી બિનસાંપ્રદાયિક નીતિઓ અને બંધારણીય પરંપરાઓને રેખાંકિત કરવા માંગતા હતા તેઓને રાષ્ટ્રવિરોધી અને આતંકવાદી તરીકે ઓળખવામાં આવ્યા હતા, જ્યારે જેઓ અસંસ્કારી ગુનાઓમાં સંડોવાયેલા હતા તેઓને મહાન રાષ્ટ્રવાદી તરીકે વખાણવામાં આવ્યા હતા. ૧૯૯૫માં, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે જસ્ટિસ જે.એસ. વર્માએ હિંદુત્વને "જીવનનો એક માર્ગ" ગણાવતો ચુકાદો આપ્યો હતો. પરંતુ, રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના વડા તરીકે, જ્યારે તેઓ ૨૦૦૨માં અમદાવાદની મુલાકાતે આવ્યા હતા, ત્યારે તેમણે રાજકારણમાં પ્રેક્ટિસ કરતાં આ જીવનની રીતમાં રહેલા જોખમોની સંપૂર્ણ હદ સમજાઈ ગઈ હશે. તે એક ઐતિહાસિક હકીકત છે કે તેમણે અભૂતપૂર્વ ધોરણે માનવ અધિકારોના ઉલ્લંઘનની સંપૂર્ણ અને ન્યાયી તપાસનો આગ્રહ રાખ્યો હતો.

જો કે, આપણી સંસ્થાઓ પણ મર્યાદાઓથી પીડાય છે. સરકારી વકીલનું કાર્યાલય તે રાજ્ય સત્તાનું એક સાધન હતું, અને ગુજરાતમાં ૨૦૦૨ના કોમી રમખાણોના કેસો સાથે કામ કરતા ઘણા સરકારી વકીલો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વિશ્વ હિન્દુ પરિષદ (VHP) સાથે સંકળાયેલા હતા. જ્યારે રાજ્ય એક વિચારધારા દ્વારા શપથ લે છે અને કોર્ટમાં સરકારી વકીલ વીએચપીના હોય છે, ત્યારે ન્યાયના ભાવિની કલ્પના કરી શકાય છે. આનો અર્થ એ નથી કે ન્યાય બિલકુલ આપવામાં આવ્યો નથી. ન્યાયતંત્રના કોઈ અનાદરનો પ્રશ્ન નથી. માત્ર બંધારણના આધારે આશાઓ રાખનારા કોઈપણ વ્યક્તિ માટે જે બન્યું તે આઘાતજનક હતું. એક નાગરિક તરીકે, આ રાજકીય વાસ્તવિકતાની ૨૦મી વર્ષગાંઠે આ આત્મનિરીક્ષણ સમયે એક અન્ય મુદ્દો પણ ઉલ્લેખનીય છે. જ્યારે કાયદાના શાસનને કોઈ વિચારધારાને આધીન બનાવવામાં આવે છે, ત્યારે આપણા નાગરિકોના નોંધપાત્ર ભાગને વાસ્તવિક અર્થમાં રાજકીય અને વહીવટી પ્રક્રિયાઓમાં ભાગીદારીનો ઈન્કાર કરવામાં આવે છે.

માનવ અધિકાર કાર્યકર્તા જે.એસ. બંદૂકવાલા જેઓ ગયા મહિને ગુજરી ગયા હતા તેમણે ઘણી વાર મને તેમની વેદના વિશે વાત કરી હતી કે મુસ્લિમ યુવાનોએ પહેલા આ અસ્વીકારની વાસ્તવિકતાને સ્વીકારીને તેમની કારકિર્દી બનાવવાની છે. બંદૂકવાલાએ યુ.એસ.માં પરમાણુ ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી, ત્યાં વધુ સંશોધન કરી શક્યા હોત, પરંતુ તેમણે તેમના વતન, વડોદરા પાછા ફરવાનું પસંદ કર્યું હતું. માનવ અધિકારો અને માનવીય ગૌરવ માટે તેમના જીવનભરની લડાઈની સાથે, તેમણે મુસ્લિમ યુવાનોને શિક્ષિત કરવામાં અને વધુ સારા ભવિષ્યના નિર્માણ માટે તેમનો સમય અને શક્તિ ખર્ચી નાખી હતી. પરંતુ સામાન્ય અને સમાન ભાગીદારીનો આ ઈન્કાર, બંદૂકવાલા જેવાઓને નુકસાન પહોંચાડે છે, તે માત્ર મુસ્લિમ યુવાનો માટે કારકિર્દીના વિકલ્પોને મર્યાદિત કરતું નથી, તે આપણા સમાજના એક વર્ગને બિન-નાગરિકોમાં પણ ફેરવે છે.

જ્યારે આપણે અર્થતંત્ર દ્વારા પહેલાથી જ હાંસિયામાં મૂકેલા લોકોમાં ઉમેરીએ છીએ, જેઓને 'વિકાસ' મુદ્દે દૂર કરવામાં આવ્યા છે, તો આપણું રાષ્ટ્ર ખતરનાક દિશામાં આગળ વધી રહ્યું હોય તેવું લાગે છે. આપણા નાગરિક સમાજના ઘટકો તરીકે, આપણું આત્મનિરીક્ષણ કરીને આપણી ચિંતાની સૌથી નબળી કડીઓને મજબૂત કરવાના સંભવિત માર્ગો વિશે વિચારવાનું છે, ભાજપ વિરુદ્ધ કોંગ્રેસ જેવા નાના સમીકરણો વિશે નહીં પણ રાષ્ટ્રીય સુરક્ષા તરીકે એકબીજાના વિચારો સાથે સહમત થવું જરૂરી છે.

જ્યારે આપણે સૌથી મૂળભૂત સ્વ-સ્પષ્ટ સત્યોનો વિચાર કરીએ છીએ, ત્યારે આપણને ખ્યાલ આવે છે કે અહીં બે સંકેતો છે જેના વિશે વર્તમાન શાસનની ખોટી માન્યતા આપણને સાચી સ્વતંત્રતા, લોકોના સાચા સ્વ-શાસનથી દૂર લઈ રહી છે. તે 'રાષ્ટ્ર' અને 'ધર્મ' છે. વર્તમાન શાસકો એ સમજવામાં નિષ્ફળ જાય છે કે એક સંકુચિત મનની તેમની 'રાષ્ટ્ર'ની સમજને લીધે આ દેશ વિભાજિત થયો હતો. આજે જે વિકૃત વ્યાખ્યાનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે તે બધાને આપણાં રાષ્ટ્ર વિશે બહુ ચિંતા નથી. એક ધર્મ અથવા વંશીયતાના આધારે રાષ્ટ્રને ઓળખવાને બદલે, આપણે બંધારણ દ્વારા નિર્ધારિત સીમાઓનું સન્માન કરીને સાથે રહીને વિકાસ કરીને સમગ્ર સમુદાયોના વિઝન તરફ પાછા ફરવાની જરૂર છે, તમે તેને પછી ભલે બંધારણીય રાષ્ટ્રવાદ કે નાગરિક રાષ્ટ્રવાદ કહી શકો છો.

(સૌ. : ધ વાયર.ઈન)

સુરતમાં વ્યાજખોરોની કડક ઉઘરાણીથી ત્રાસી જઈ વિધવાએ ઝેરી દવા પી લીધી

નાણા નહીં આપે તો બાળકોને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩

ચોકબજાર સ્થિત ખાટકીવાડ નજીક રહેતી વિધવા મહિલાએ કોસાડ આવાસ અને હોડી બંગલાના વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાની કોશિષ કરી હતી. વ્યાજખોરો દ્વારા વિધવા પાસે કડક ઉઘરાણી કરી પૈસા નહીં આપે તો તેના બાળકોને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. અઠવા પોલીસે આ અંગે જાણવા જોગ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

ચોકબજાર સ્થિત ખાટકીવાડની પાછળ નવા રોડ ઉપર મેરાજબેન નાસીરભાઈ પઠાણ રહે છે. મહેરાજબેનના પતિનુ છેલ્લા બે વર્ષ પહેલા મોત નિપજ્યું હતું. ત્યારથી વિધવા મેરાજબેન જમવાનું ટિફિન બનાવી પોતાના ત્રણ સંતોનોનું ગુજરાન ચલાવે છે. ત્રણેક દિવસ પહેલા મેરાજબેન પઠાણે પોતાના ઘરમાં ઊંઘની વધુ માત્રામાં ગોળીઓ પી ગયા હતા. જેથી તેમની તબીયત લથડતામાં લોખાત હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની તબિયત સ્થિર છે. હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહેલા મેરાજબાનુએ જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં ત્રણ દીકરા છે. થોડા વર્ષો પહેલા તેમને પૈસાની જરૂરિયાત ઉભી થઈ હતી. જેથી તેઓએ કોસાડ આવાસ ખાતે રહેતા એક જ પરિવારની ભાગીદારીમાં વ્યાજનો ધંધો કરતી મુમ્તાઝબેન, પરવીનબેન અને હોડિબંગલા ખાતે રહેતી પરવીનબાનુની બહેન ખૈરુન્નીશા પાસેથી વ્યાજે નાણા લીધા હતા. મેરાજબેને જેમ તેમ કરી આ ત્રણેય વ્યાજખોર મહિલાઓને વ્યાજે નાણા ચૂકવી દીધા હતા. તેમ છતા વારંવાર મેરાજબેનના ઘરે આવી ઉઘરાણી કરવા લાગ્યા હતા અને પૈસા નહીં આપે તો બાળકોને ઉંચકાવી મારી નાંખવાની ધમકી આપતા હતા. જેથી આ વ્યાજખોર ત્રણેય મહિલાઓના ત્રાસથી બડેખા ચકલા પખાલીવાડ ખાતે રહેતી સુમૈયાબેન પાસેથી વ્યાજે નાણા લીધા હતા અને સુમૈયા પાસેથી લઈને આ ત્રણેય વ્યાજખોર મહિલાઓને વધુ નાણા આપ્યા હતા તેમ છતા ઉઘરાણી ચાલુ રાખી હતી. બીજી તરફ પખાલીવાડની સુમૈયાને પણ નાણા ચૂકવ્યા હતા પરંતુ સુમૈયા દ્વારા પણ ઉઘરાણી કરવામાં આવી રહી છે. આ તમામ વ્યાજખોરોના ત્રાસથી મેરાજબેને ઝેરી દવા ગટગટાવી લીધી હોવાનું જણાવ્યું હતું. અઠવા પોલીસે આ અંગે જાણવા જોગ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી પાટણ જિલ્લાનાં ૧૨ વિદ્યાર્થીઓ પરત ફરતા રાહત

પરત ફરેલા વિદ્યાર્થીઓનાં પરિજનોમાં ખુશીની લાગણી

પાટણ, તા.૩

યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી ભારતીય વિદ્યાર્થીઓને ઓપરેશન ગંગા હેઠળ સરકાર દ્વારા ભારતમાં પરત લાવવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત પાટણના ૧૨ વિદ્યાર્થીઓ મોડી રાત્રે હેમખેમ પોતાના ઘરે આવી પહોંચતા પરિવારજનો અને વાલી માતા-પિતાએ રાહતનો શ્વાસ લીધો હતો. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું છે જેને લઈને યુક્રેનમાં મેડિકલના અભ્યાસ અર્થે ગયેલા ભારતીય વિદ્યાર્થીઓની હાલત કફોડી બની છે. આ વિદ્યાર્થીઓને હેમખેમ પરત લાવવા માટે ભારત સરકાર દ્વારા ઓપરેશન ગંગા શરૂ કરવામાં આવ્યુ છે અને રોજેરોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને પરત લાવવામાં

(તસવીર : ઈલ્યુદ્દીન સૈયદ, પાટણ)

આવી રહ્યા છે ત્યારે ગતરોજ મોડીરાત્રે પાટણ શહેરના ૧૨ જેટલા વિદ્યાર્થીઓ ઈન્ડિયન એમ્બેસી દ્વારા વ્યવસ્થા કરાયેલ સ્પેશ્યલ ફ્લાઈટ મારફતે દિલ્હી પહોંચ્યા હતા અને ત્યાંથી volvo busમાં સિદ્ધપુર અને ત્યાંથી પોતાના ઘરે આવી પહોંચતા સમગ્ર પરિવારમાં ખુશી વ્યાપી હતી. પોતાના દીકરા દીકરીઓને સુરક્ષિત જોઈને માતા-પિતાએ રાહતનો શ્વાસ લીધો હતો. સાથે-સાથે સરકારની આ કામગીરીની વાલીઓએ પણ સરાહના કરી ભારત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. ભારત સરકારની ત્વરિત કામગીરીને કારણે યુક્રેનમાં ફસાયેલા પાટણ સહિત દેશના અન્ય ભાગોના વિદ્યાર્થીઓ હેમખેમ માદરે વતન પરત આવી રહ્યા છે જેને લઈ પરીવારજનો આનંદની અનુભૂતિ કરી રહ્યા છે.

બનાસકાંઠાનો વધુ એક યુવક યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી પરત ફર્યો

યુક્રેનથી પાલનપુરનો યુવક પરત ફરતાં પરિજનોએ ઢોલ-નગારા સાથે કર્યું સ્વાગત

પાલનપુર, તા.૩

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અનેક ભારતીય વિદ્યાર્થીઓ યુક્રેનમાં અટવાયા છે. પાલનપુરનો વધુ એક યુવક યુક્રેનથી પોતાના ઘરે પહોંચતા પરિવારજનોએ ઢોલ નગારા અને ફટાકડા ફોડી આગમન કરાવ્યું હતું.

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અનેક ભારતીય વિદ્યાર્થીઓ યુક્રેનમાં અટવાયા છે. મોટાભાગના વિદ્યાર્થીઓ ભારતથી એમબીબીએસના અભ્યાસ અર્થે યુક્રેન ગયાં હતાં પરંતુ તાજેતરમાં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ સર્જાતાં વિદ્યાર્થીઓ યુક્રેનમાં અટવાતા તેમના પરિવારો અત્યારે ચિંતામય બન્યા છે અને સંતાનોને પરત લાવવા માંગ કરી રહ્યા છે ત્યારે ભારત સરકાર દ્વારા પણ યુક્રેનમાં અટવાયેલા

વિદ્યાર્થીઓને માદરે વતન લાવવા મુહીમ ચલાવાઈ રહી છે તે અંતર્ગત હવે વિદ્યાર્થીઓ પરત ભારત આવી રહ્યા છે ત્યારે આજે બનાસકાંઠાના પાલનપુરના બ્રાહ્મણવાસ વિસ્તારમાં રહેતો સ્મિત જે બે માસ અગાઉ જ યુક્રેન એમબીબીએસના અભ્યાસ અર્થે પહોંચ્યો અને ટૂંકા ગાળામાં જ યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે અટવાયો હતો. જો કે યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે અવારનવાર સ્મિતનો કોન્ટેક્ટ ન થતા પરિવાર ભારે ચિંતામાં હતો અને તેવામાં સ્મિત આજે પરત માદરે વતન આવતા પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો. સ્મિત ઘરે પહોંચ્યો ત્યારે પરિવારના લોકોમાં હરખનાં આંસુ જોવા મળ્યાં તો પરિવાર દ્વારા તેમજ આસપાસના લોકો દ્વારા ઢોલ નગારા તેમજ ફટાકડા સાથે સ્મિતનું આગમન કરાયુ હતું

ભરૂચના સાંસદ મનસુખ વસાવાના વર્તનના વિરોધમાં

ભરૂચ જિલ્લાના મહેસૂલી કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો

ભરૂચ, તા.૩

ભરૂચના સાંસદ મનસુખ વસાવાના વર્તનના વિરોધમાં રાજ્ય સાથે ભરૂચ જિલ્લાની વિવિધ મામલતદાર કચેરી ખાતે કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો. સાંસદએ ઝનોરના ૩ લોકોના અકસ્માતમાં મોત થયા બાદ બીજા દિવસે ઘટનાસ્થળે મામલતદાર, સર્કલ ઓફિસરને અપશબ્દો બોલવાનો વિવાદ હવે ઘેરો બની રહ્યો છે જેના પડઘા ગુજરાતભરમાં પડી રહ્યા છે. કરજણ તાલુકાના માલોદ ગામ નજીક પાલેજ-નારેશ્વર રોડ ઉપર સર્જાયેલા અકસ્માતમાં ભરૂચના ૩ વ્યક્તિઓના મૃત્યુ થવાની ઘટનામાં સ્થળ મુલાકાતે પહોંચેલા ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ મામલતદાર તેમજ મહેસૂલ વિભાગના અધિકારીને ખખડાવ્યા હતા અને તેઓને ગાળો ભાંડી હતી. જો કે, આ અંગે સાંસદે ખુલાસો આપી જણાવ્યું હતું કે, કોઈના મૃત્યુ પર આ અધિકારીઓ હસી રહ્યા હતા. જેથી તેઓનો પિત્તો ગયો હતો. સાંસદના આ વર્તન સામે મામલતદાર કચેરીના કર્મચારીઓ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ગુરૂવારે ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મંડળના નેજા હેઠળ રાજ્યભરના કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો. ગુજરાત સાથે ભરૂચ જિલ્લામાં ભરૂચ, અંકલેશ્વર, વાલિયા સહિતના વિસ્તારમાં કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી હતી. મહેસૂલી કર્મચારીઓ શુક્રવારના રોજ માસ સીએલ પર ઉતરશે. સાંસદ મનસુખ વસાવા માફી માંગેની માંગ સાથે આ વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. બીજી તરફ ભાજપ અને એમપી મનસુખ વસાવાનું મિત્ર મંડળ તેઓના સમર્થનમાં આગળ આવ્યું છે. તેઓ દ્વારા હાલમાં જ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી એમપીના શબ્દો નહીં પણ તેનો ભાવાર્થ પકડવા અને સમજવા રજૂઆત કરાઈ હતી, તો ટ્વિટર ઉપર પણ સ્પોર્ટ મનસુખ વસાવા હાલ ખૂબ જ ટ્રેન્ડ થઈ રહ્યું છે. હવે આગામી દિવસોમાં મહેસૂલ ખાતા અને એમપીનો આ વિવાદ વહીવટી તેમજ રાજકીય રીતે ગુજરાતમાં શુ રંગ લાવે છે તે જોવું રહ્યું.

VVUK મેટ્રિમોનિયલ ટીમ દ્વારા લંડનમાં પણ વધુ એક સફળ કાર્યક્રમ યોજવામાં આવ્યો

લંડન ખાતે અને અગાઉ પ્રેસ્ટનમાં યોજાયેલા આ મેટ્રોમોનિયલ કાર્યક્રમે એ વાતની સાબિતી આપી છે કે, સમાજમાં આ પ્રકારના કાર્યક્રમો યોજવા કેટલા જરૂરી અને અનિવાર્ય છે

અમદાવાદ, તા.૩

પ્રેસ્ટન સંમેલનની નોંધપાત્ર સફળતા બાદ આ પ્રકારના કાર્યક્રમો યોજવા માટેની માંગમાં વધારો થયો હતો. ખાસ કરીને ભરૂચ વ્હોરા એસોસિએશન લંડન (બીવીએએલ)ના ઉપપ્રમુખ અહેમદ નેકીવાલા તરફથી ખાસ અનુરોધ કરવામાં આવ્યો હતો. અહેમદ નેકીવાલા પ્રેસ્ટન ખાતે યોજાયેલ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતા. તેઓ કાર્યક્રમના સંચાલનથી ભારે પ્રભાવિત થયા હતા. વ્યસ્ત જીવનશૈલી અને વ્હોરા સમાજની વસ્તીમાં વધારો થયો હોવાથી બ્રિટનના અન્ય ક્ષેત્રો કરતાં લંડનની અસર વધુ રહે છે. જે સારા જીવનસાથીની પસંદગી કરવા માટે યોગ્ય સ્ટેજ પૂરું પાડે છે. આ વખતે કાર્યક્રમ યોજવા માટે ૨૬મી ફેબ્રુઆરી ૨૦૨૨નો દિવસ અને કુવ્વત-ઉલ-ઈસ્લામ ગર્લ્સ સ્કૂલ, ૧૬ ચોસર રોડ, ફોરેસ્ટ ગેટ, લંડન, ઈ૭૯એનબીની પસંદગી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની આયોજનબદ્ધ રીતે જાહેરાત કરવામાં આવી હતી. યાદી મેલ કરીને, સોશિયલ મીડિયાના માધ્યમથી અને માઉથ ટુ માઉથ જાહેરાત કરીને સમુદાયમાં નોંધપાત્ર જાગૃતિ લાવવામાં આવી હતી. જાહેરાત માટે લગભગ ૧૨ સપ્તાહનો સમય અપાયો હતો. નોંધણી કરવામાં આવી હતી અને કાર્યક્રમના દિવસ માટે અસંખ્ય ઉમેદવારો સાથે સંપર્ક કરી મીટિંગ ગોઠવવામાં આવી હતી. આખી ટીમ દિવસ અને મોડી રાત્રી સુધી કામ કરતી હતી. કાર્યક્રમી તૈયારી કરવા સમયે મેટ્રિમોનિયલના ચેરમેન ઈશાક જર્મન દ્વારા અનુભવી અને ઉચ્ચ કૌશલ્ય ટીમનું નેતૃત્વ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની તૈયારી સમયે ઈશાક જર્મન અને ટીમ દ્વારા લોકો સાથે સંપર્ક કેળવવા ફોન પર કલાકો સુધી મહેનત કરવામાં આવતી હતી.

આ કાર્યક્રમ માટે ૭૫૦ ઉમેદવારોની નોંધણી કરવામાં આવી હતી. લંડન ખાતેનું પ્રમોશન પહેલી જાન્યુઆરી ૨૦૨૨ના રોજથી શરૂ થયું હતું. ૧૮૮ ઉમેદવારોની નોંધણી કરવામાં આવી હતી. લંડન વિસ્તારમાંથી જ ૧૩૨ નોંધણી આવી હતી. જે સંખ્યા દર્શાવે છે કે, ક્ષેત્રમાં આ પ્રકારના કાર્યક્રમો કેટલા જરૂરી છે. વીવીયુકેના આ મેટ્રિમોનિયલ કાર્યક્રમ માટે બોલ્ટન મુસ્લિમ વેલ્ફેર ટ્રસ્ટ હેડલાઈન સ્પોન્સર હતું. શફીભાઈ પટેલ શુક્રવારે વહેલી

સવારે વીવીયુકેની ઓફિસ ખાતે આવી પહોંચ્યા હતા. ખૂબ પ્રચારિત આ સંમેલને સમુદાયમાં પ્રોત્સાહન, સંચાર અને આશા જગાવી હતી. ઉમેદવારો ઉપરાંત તેમના માતા-પિતા અને ભાઈ-બહેનો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા. કુલ લગભગ ૧૯૦ હાજરી હતી.

મૌલાના યુનુસ દુધવાલાએ 'નિકાહ'નું મહત્વ સમજાવતા દસ મિનિટ સુધી વાત કરી હતી. વીવીયુકે મેટ્રોમોનિયલના સભ્ય અબ્બાસ સુફીએ સંપૂર્ણ કાર્યક્રમ અંગે માહિતી આપી હતી. કાઉન્સિલર સલીમ પટેલ અને બશીર પટેલે ટૂંકાળામાં પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ગત કાર્યક્રમો અંગે પણ માહિતી આપવામાં આવી હતી. સવારે ૧૦:૩૦ વાગ્યે નોંધણી શરૂ કરવામાં આવી હતી અને સાંજે ૫:૩૦ વાગ્યા સુધી ૨૨૪ મિટિંગ સંપન્ન થઈ હતી. ઈશાક જર્મન, એમ. ફારૂક, ફઝિલા પટેલ અને ઉસ્માન ચોકવાલાની ચાર ટીમોએ દિવસ દરમ્યાન નેતૃત્વ કર્યું હતું. લંડન ખાતેના સ્વયંસેવકો અને પ્રેસ્ટનથી આવેલા હુસૈન ગુરજી તથા તેમના ભાઈ મુનીરે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. મીડિયા ચેરમેન ઈરફાન બાલાપટેલ, દિલાવર માજીપટેલ, ગુલામ નબીપુરવાલા અને હબીબ ભૂટા તરફથી પણ સહાય કરવામાં આવી હતી. લંડન ખાતે યોજાયેલા આ કાર્યક્રમે એ વાતની સાબિતી આપી છે કે, સમાજમાં આ પ્રકારના કાર્યક્રમો યોજવા કેટલા જરૂરી અને અનિવાર્ય છે. આ મુદ્દે લોકો દ્વારા ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતા અને નવી આશા જન્મતા તથા પ્રયાસોની નોંધ લેવામાં આવતાં ખુશી વ્યક્ત કરવામાં આવી હતી. સમુદાય દ્વારા ભવિષ્યમાં પણ આ પ્રકારના કાર્યક્રમોને સમર્થન આપવામાં આવશે.

કાર્યક્રમમાં હાજર રહેલા સ્વંયસેવકો અને સ્પોન્સરોને પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા. કાર્યક્રમ બાદ ભોજન સમારંભ યોજાયો હતો. ભરૂચી વ્હોરા એસોસિએશન લંડન, સેફ્રોન કીચન અને મૌલાન અબ્દુલાહ દલાલનો તેમજ આતિથ્ય બદલ કુવ્વત-ઉલ-ઈસ્લામ ગર્લ્સ સ્કૂલ કમિટિનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમને સમર્થન આપવા અને સફળ બનાવવા તેમજ ભવિષ્યમાં પણ આ પ્રકારના કાર્યક્રમો યોજવાનું ચાલુ રાખવામાં આવશે તે બદલ પ્રેરણા આપવા ખાસ આભાર માનવામાં આવ્યો હતો.

આંગણવાડી વર્કર દ્વારા આરોગ્ય સંબંધી માહિતી લેવા જતા બાળકના પરિવારજનોએ વાત કરી હતી

સિદ્ધપુરના કાકોશી ગામના માત્ર અઢી માસના બાળકના હૃદયનું ઓપરેશન અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં સફળ રીતે કરાયું

પાટણ,તા.૩

સિદ્ધપુર તાલુકાના કાકોશી ગામના માત્ર અઢી માસના બાળકનું હૃદયનું ઓપરેશન અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં કરવામાં આવ્યું. દેશ જ નહીં પણ સમગ્ર એશિયાની સૌથી જાણીતી અને આધુનિક સુવિધાઓથી યુકત આ હોસ્પિટલમાં આ બાળકના ઓપરેશન સહિતના તમામ ખર્ચ માટે બાળકના પરિવારે એક પણ રૂપિયો ચુકવ્યો નહીં. કાકોશી ખાતે રહેતા ફહદ અસામદીના ઘરે ગત ઓકટોબર મહિનામાં પારણું બંધાયું. એકાદ મહિનાનો સમય વિત્યો હશે ત્યારે બાળક મોહમદના માતા-પિતાને ધ્યાનમાં આવ્યું કે તેને શ્વાસ લેવામાં મુશ્કેલી થઈ રહી છે અને સ્તનપાન કરવામાં પણ. નવજાત શિશુઓના આરોગ્ય સંબંધી માહિતી મેળવતા સમયે આંગણવાડી વર્કરને મોહમદના પરિવારજનોએ આ વાતની જાણ કરી. આંગણવાડી વર્કર દ્વારા માહિતી મળતા જ સિદ્ધપુર રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત કાર્યરત મેડિકલ ઓફિસરે મોહમદના ઘરની મુલાકાત લઈ સિવિલ હોસ્પિટલમાં તપાસ કરાવતા હૃદયની તકલીફ હોવાનું તારણ નીકળ્યું અને મોહમદના પરિવારજનોની ખુશીઓ પર જાણે ગ્રહણ લાગ્યું. આરબીએસકે મેડિકલ ઓફિસર ડો. અપેક્ષા પટેલ જણાવે છે કે, જન્મથી જ હૃદયની તકલીફ સાથે જન્મેલા મોહમદનું વજન પણ ઓછું હતું. અમે રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાએથી જરૂરી મંજુરીઓ લીધા બાદ મોહમદને આરબીએસકે વાનમાં અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે લઈ ગયા. જયાં ૧૫ દિવસ સારવાર હેઠળ રાખી ગત તા.૨૮ ડિસેમ્બરના રોજ મોહમદના હૃદયનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું. જેનો ખર્ચ લગભગ ચારથી પાંચ લાખ રૂપિયા જેટલો થાય છે. મોહમદના પિતા ફહદ અસામદીએ જણાવ્યું કે, હૃદયના ઓપરેશન અને સારવાર સહિતના ખર્ચનો મને અંદાજ પણ નહોતો. ઓછી આવકમાં ગુજરાન ચલાવતો હોવાથી આટલી મોટી રકમ કયાંથી લાવવી એ જ મોટો પ્રશ્ન હતો. પણ મને કહેવામાં આવ્યું કે આ બધો જ ખર્ચ રાજય સરકાર ચૂકવશે. હાલ મોહમદ એકદમ તંદુરસ્ત છે, આંગણવાડી કાર્યકરો દ્વારા તેના સ્વાસ્થ્યની સમયાંતરે તેના શારીરિક વિકાસ સહિતની તપાસ કરવામાં આવે છે. વર્લ્ડ બર્થ ડિફેક્ટ-ડેની ઉજવણી અંતર્ગત પાટણ જિલ્લા પંચાયત ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મોહમદના પિતા ફહદ અસમાદીએ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત કાર્યરત ટીમ અને રાજય સરકારનો જાહેરમાં આભાર માન્યો હતો.

બાળકના ઓપરેશન સહિતનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ચૂકવશે

ધાર્મિક કાર્યક્રમ

નવસારી ખાતે હઝરત અમીરે મિલ્લતના ઉર્સ શરીફની ઉજવણી

નવસારીની ધરતી પર આરામ ફરમાવતા હઝરત સૈયદ અમીરૂદ્દીન જીલાની અલયહિર્રહમાના ઉર્સ શરીફની ઉજવણી સરકારની કોરોના અંગેની ગાઈડલાઈન મુજબ ઉજવણી કરવામાં આવી રહી છે. ખાનકાહે એહલે સુન્નતના ઉપક્રમે આજરોજ ઉર્સની ઉજવણી કરાઈ હતી આવતીકાલે પણ ઉજવણી કરવામાં આવશે.

હઝરત સૈયદ અમીરૂદ્દીન જીલાની કુત્બે સિમલકના ખાનદાનના રોશન ચિરાગ છે જેઓ કબીરૂલ અવલિયા હઝરત સૈયદ અહમદ કબીર રફાઈના અમૂલ્ય વરદાન છે. જેમને એહલે સુન્નત વલ જમાત અમીરે મિલ્લતના હુલામણા નામથી યાદ કરે છે. જેમને વિદ્વાનો અને દાનિશવરો મુફ્તીએ ગુજરાત કહે છે. જેઓ શરીઅત અને તરીકતના ધ્વજધારક અને માર્ગદર્શક હતા. જેઓ જ્ઞાન અને આચરણના સુંદર સંગમ હતા. જેઓ પરહેઝગારી તથા સાદગીના નિચોડ હતા. જેઓ ગુજરાતવાસીઓ માટે પથદર્શક હતા. જેમનું પ્રિય કાર્ય ધર્મજ્ઞાનનો પ્રસાર હતું. જેઓ અશિદ્દાઓ અલલ કુફ્ફારે રોહમાઓ બયનહુમની હુબહુ તસવીર સમા હતા. જેમનો મુખ્ય ધ્યેય દુરાચારીઓનો જાહેર વિરોધ કરવાનો હતો. જેમણે શેરે બેશએ એહલે સુન્નત અલ્લામા હશ્મતઅલી ખાન અલ્યહિર્રહમાની અધ્યક્ષતામાં ઘણા મુનાઝેરા કર્યા. જેમના ઘરે સદીના મહાન વિદ્વાન મુજદ્દીદે આઝમ ઈમામ અહમદરઝા પધાર્યા હતા જેઓ વિદ્વાનોના દરબારની રોનક અને ચાહકોના હૃદયના ધબકાર સમા હતા. આવી અનેક વિશેષતાઓને લીધે હજારો ભાવિકોના દિલો પર રાજ કરનાર સૈયદ અમીરે મિલ્લત અલયહિર્રહમાનો હાલ ૯૩મો વાર્ષિક ઉર્સ હોઈ ખાનકાહે એહલે સુન્નતના ઉપક્રમે તા. આવતીકાલ ૪ માર્ચ ૨૦૨૨ ગુરૂવારના રોજ સરકારની ગાઈડલાઈન મુજબ ઉર્સની ઉજવણી થશે.

રાંદેરની મસ્જિદમાં ૭મીએ દસ્તારબંદી જલ્સાનું આયોજન

રાંદેર મોરાભાગળ ખાતે આવેલા જામેઅહ હુસૈનિયહ મદ્રસામાં ૧૦૮મો દસ્તારબંદી જલ્સાનું આયોજન કરવામાં આવ્યું છે. આ જલ્સાનું આયોજન તા.૭ માર્ચ સોમવારના રોજ સવારે ૯ કલાકે રાંદેર ચુનારવાડ મસ્જિદ ખાતે રાખવામાં આવનાર છે. જેમાં મુખ્ય અતિથિ તરીકે યુપીના જામેઅહ કાસીમીયહ શાહી મુરાદાબાદીના ઉસ્તાદે હદીષ મુહતરમ મુફ્તી મુહમ્મદ સલમાન મન્સુરપુરી સાહબ મ.ઝિ.(નવાસાએ શેખુલ ઈસ્લામ મૌલાના હુસૈન મદની(રહે.) તશરીફ લાવશે.

ભાવનગરમાં હજરત હસનમિંયા મૌલાખૈલા (ર.અ.)ના ઉર્સની ઉજવણી કરાઈ

ભાવનગર શહેરમાં રવાપરી દરવાજા પાસે હજરત હસનમિંયા મૌલાખૈલા પીર (રહે.)નો ઉર્સ ૨૯ રજબના રોજ સાનો શોકતથી ઉજવાયો હતો. આ ઉર્સ પ્રસંગે સાંજે સંદલ શરીફ અને રાત્રે મિલાદ શરીફમાં મોટી સંખ્યામાં અકીદતમંદોએ દરગાહમાં હાજરી આપી હતી. મુબારક ઉર્સ નિમિત્તે ભાવનગર અરબ જમાત તરફથી એક સામાજિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, આયુષ્યમાન કાર્ડ, પોસ્ટ સુકન્યા ખાતુ અને ઈન્ડિયન પોસ્ટ એકાઉન્ટ સહિતના કાર્યો કરી આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભાવનગર અરબ જમાતના પ્રમુખ, કારોબારી સભ્યો, યુવાનો સમાજના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી ઉર્સ અને કેમ્પને સફળ બનાવ્યો હતો.

ચારિત્ર્ય પર શંકા રાખી દંપતી વચ્ચે ઝઘડા થતા હતા

પેટલાદ પંથકમાં પતિએ પત્નીની હત્યા કરી પોતે પણ ઝેર પીધું

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨

પેટલાદ તાલુકાના પંડોળીના લક્ષ્મીપુરા, બાજી ટેકરો મોટી નહેર પાસે રહેતા મહેશભાઈ સોલંકી ઉર્ફે બોડો (ઉ.વ. ૬૦) છેલ્લા ઘણા વર્ષોથી ત્યાં રહે છે. તેઓ તેમની પત્ની મંગુબેન સોલંકી પર ચારીત્ર્ય બાબતે અવારનવાર ઝઘડા કરતા હતા. આને લઈને મંગુબેન ઘણી વખતે તેઓ તેમના પિયરમાં ચાલ્યા જતા હતા. તે છતાં તેમનો પતિ મહેશભાઈ મંગુબેન પર વહેમ રાખીને ત્રાસ આપતો હતો. આજરોજ પણ સ્થાનિકોના જણાવ્યાનુસાર સવારે પતિ-પત્નીનો ઝઘડો થયો હતો. તે છતાં મંગુબેન તેમના ઘરથી દૂર પશુ માટે ચાર લેવા ગયા હતા. ત્યાં તેમનો પતિ મહેશભાઈ સોલંકી આવીને ઝઘડો કર્યો હતો. આ ઝઘડામાં પત્ની મંગુબેનને માથામાં બોથડ પદાર્થ મારીને ઘાયલ કર્યા હતા. લોહીલુહાણ હાલતમાં તેમની પત્નીને ત્યાં છોડીને પોતે પણ ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવની જાણ પેટલાદ રૂરલ પોલીસને કરતા ઘટના સ્થળે ડિવાયએસપી, રૂરલ પીએસઆઈ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પત્નીની લાશનો કબ્જો મેળવીને પેટલાદ સિવિલ હોસ્પિટલ ખાતે પી.એમ. અર્થે મોકલી આપી હતી.

અડાજણમાંથી ગાંજો-ડ્રગ્સ પીવા માટે વપરાતી સ્ટીક્સનો મોટો જથ્થો કબજે

૪.૫૯ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩

અડાજણ હનિપાર્ક રોડ ભુમિ કોમ્પલેક્ષમાં આવેલા મંગલ ટ્રેડર્સ નામના ગોડાઉનમાંથી ગાંજો અને અન્ય ડ્રગ્સ પીવા માટે વપરાતી સ્ટીક્સનો મોટો જથ્થો શહેર પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે ત્યાંથી રૂ.૪.૫૯ લાખના મુદ્દામાલ સાથે મંગલ ટ્રેડર્સના માલિકની ધરપકડ કરી હતી.

પોલીસે ચેકિંગ દરમિયાન અડાજણ હનિપાર્ક રોડ ભુમિ કોમ્પલેક્ષમાં આવેલા મંગલ ટ્રેડર્સ નામના ગોડાઉનમાંથી પોલીસને અલગ-અલગ કંપનીનો ગાંજો તથા અન્ય ડ્રગ્સ પીવા માટે વપરાતી સ્ટીકનો મોટો જથ્થો પકડાયો હતો. પોલીસે આ દુકાનના માલિક હરીવલ્લભ બ્રિજકિશોર અગ્રવાલને ઝડપી પાડ્યો હતો. પોલીસે ગોડાઉનમાંથી કેપ્ટન ગોગા, ગોગા ફ્રી પ્લસ ટીપ્સ, પ્લસ ટીપ્સ,ગો સ્ક્રીન્સ, ગો ટ્વીન્સ, નેચરલ થ્રી પ્રાઈસ સહિતનો રૂ.૪.૫૯ લાખનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે આગળની કામગીરી હાથ ધરી છે.

દિલ્હીના મંત્રીએ સિદ્ધિઓનો ખોટો શ્રેય લીધો : કોંગ્રેસ

લોકોને ગેરમાર્ગે દોરવા બદલ દિલ્હી સરકાર પર હુમલો કરતા ડીપીસીસીના પ્રમુખે કહ્યું હતું કે, ૨૦૧૮થી પેન્શન યાદીમાં કોઈ નવું નામ સામેલ કરવામાં આવ્યો નથી, જો કે શહેરમાં વસ્તી વધી રહી છે

(એજન્સી) નવી દિલ્હી,તા.૩

કોંગ્રેસના રાજ્ય અધ્યક્ષ અનિલ ચૌધરીએ દાવો કર્યો છે કે દિલ્હી સામાજિક કલ્યાણ મંત્રી રાજેન્દ્ર પાલ ગૌત્તમે છેલ્લા આઠ વર્ષોમાં તેમના મંત્રાલયની સિદ્ધિઓ વિશે તેમના અહેવાલમાં તથ્યોની ખોટી રજૂઆત કરી છે. આમાં વૃદ્ધો અને અપંગ વ્યક્તિઓની પેન્શન યોજના અંગે અને બાળ ઉછેર અને વૃદ્ધ આશ્રમોમાં ગુણવત્તાપૂર્વક સુધારા વિશે દાવા કરવામાં આવ્યા છે. દિલ્હી પ્રદેશ કોંગ્રેસ સમિતિ (ડીપીસીસી)ના પ્રમુખ ચૌધરીએ મંગળવારે કહ્યું હતું કે દિલ્હીના મંત્રીએ ખોટો શ્રેય લેવા માટે વિકૃત દાવા કર્યા છે વિધવાઓ અને લાભાર્થીઓ માટે પેન્શનને ભલે ડિજિટલ બનાવી દેવામાં આવ્યા છે પરંતુ તેમને આનાથી કોઈ ફરક પડતો નથી. કારણ કે રકમ તેમની પાસે પહોંચતી નથી. ઘણા કલ્યાણ પેન્શનોને મહિનાઓ માટે વિલંબિત કરવામાં આવ્યા છે. લોકોને ગેરમાર્ગે દોરવા બદલ દિલ્હી સરકાર પર હુમલો કરતા ડીપીસીસીના પ્રમુખે આગળ કહ્યું હતું કે ૨૦૧૮થી પેન્શન યાદીમાં કોઈ નવા નામ સામેલ કરાયો નથી. જો કે શહેરમાં વસ્તી વધી રહી છે. તેમના અનુસાર વિવિધ સામાજિક કલ્યાણ પેન્શન લાભાર્થીઓને કોંગ્રેસના સમયથી વર્ચ્યુઅલ રીતે રોકવામાં આવ્યા છે કારણ કે દિલ્હી સરકારે પેન્શનના વિતરણ અને નવા રેશનકાર્ડની ફાળવણી વગેરેને અટકાવી દીધી છે તેમણે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પેન્શન કવાંટા વધારવા માટે કેબિનેટ બેઠક બોલાવવાની પણ માંગ કરી હતી. કારણ કે હાલમાં ૪.૨૯ લાખ પેન્શનરો છે, ભલે સરકારે સંખ્યાને ૫.૩ લાખ સુધી વધારી દીધી હતી.

પ્રિયંકા ગાંધી વારાણસીના કબીર મઠમાં ત્રણ દિવસ માટે રોકાશે, મોદીને સીધો પડકાર, દલિતોને સંદેશ

ગુરૂવારથી તેમના મત વિસ્તારમાં ત્રણ દિવસીય રોકાણની શરૂઆત કરનારા પીએમ મોદીને સીધો પડકાર ફેંકતા કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ પણ આગામી ત્રણ દિવસો માટે વારાણસી શહેરમાં રોકાવવાનો નિર્ણય લીધો છે

(એજન્સી) વારાણસી, તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેઓએ ગુરૂવારથી તેમના મતક્ષેત્ર વારાણસીમાં ત્રણ દિવસીય રોકાણની શરૂઆત કરી હતી. તેમને સીધો પડકાર ફેંકતા કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પણ આગામી ત્રણ દિવસો માટે શહેરમાં રોકાવવાનો નિર્ણય લીધો છે. કોંગ્રેસ પાર્ટી અનુસાર પ્રિયંકા ગાંધી વારાણસીમાં આવેલા ઐતિહાસિક કબીર મઠ ખાતે રોકાશે અને રાજ્યના પૂર્વાંચલ ક્ષેત્રમાં રેલીઓને સંબોધશે જ્યાં ૭મી માર્ચે મતદાન થવાનું છે. કબીર પંથીઓના આધ્યાત્મિક મુખ્યાલય તરીકે પ્રખ્યાત, આ મઠ ભક્તિ ચળવળના એક અગ્રણી ૧૫મી સદીના સૂફી કવિના જન્મસ્થાન તરીકે આદરણીય માનવામાં આવે છે. કવિ કબીર દાસની કબીર જયંતી દર વર્ષે મઠ ખાતે ઉજવવામાં આવે છે. ભારતમાં જાતિ આધારિત ભેદભાવને નાબૂદ કરવામાં તેના યોગદાન બદલ આ મઠનું ખૂબ જ સન્માન કરવામાં આવે છે. યુપીના નિરીક્ષણોનું માનવું છે કે, મોદીને તેમના વતનમાં પડકાર ફેંકવાના પ્રિયંકા ગાંધીના નિર્ણયથી યુપી વિધાનસભા ચૂંટણીના અંતિમ તબક્કામાં કોંગ્રેસની આશાને નોંધપાત્ર રીતે મજબૂત કરશે. યોજના અનુસાર, આગામી ત્રણ દિવસોમાં પ્રિયંકા ગાંધી વારાણસીમાં ઘણા નાના મેળાવડાનું આયોજન કરશે અને યોજના અનુસાર તેઓએ રોહાનિયાથી શરૂ કરીને વિસ્તૃત ડોર-ટુ-ડોર અભિયાનો હાથ ધરશે. યુપીના નિરીક્ષકોનું કહેવું છે કે, કબીર મઠની તેમની મુલાકાતથી દલિતો અને પછાત વર્ગોને મજબૂત રાજકીય સંદેશ મોકલવામાં આવશે. કારણ કે, આ લોકો કબીરદાસ દ્વારા આગળ વધારવામાં આવેલા સામાજિક ન્યાય અને સમાનતામાં વિશ્વાસ રાખે છે.

"મેં તેમને આશ્રય અને ખોરાક આપ્યો તમે નહીં" : કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને ઠપકો આપતા રોમાનિયાના મેયરનો વીડિયો વાયરલ

(એજન્સી) તા.૩

રોમાનિયાના એક મેયરે કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને ઠપકો આપ્યો હતો. આ ઘટનાનો વીડિયો પણ વાયરલ થયો હતો. ઉલ્લેખનીય છે કે, યુક્રેનમાં યુદ્ધ વચ્ચે ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને પણ પરત લાવવા સિંધિયા રોમાનિયા પહોંચ્યા છે. આ વીડિયોમાં દેખાય છે કે, રોમાનિયાના એક શહેરમાં આવેલા રાહત શિબિરમાં સિંધિયા ભારતીય વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા છે. મેયર તેમના ભાષણને અધવચ્ચે રોકી સિંધિયાને કહે છે કે, વિદ્યાર્થીઓને સ્વદેશ પરત ફરવા અંગેની માહિતી આપો. ભાષણ અધવચ્ચે રોકાતા સિંધિયા મેયરને કહે છે કે, તમે મારા ભાષણ અંગે નિર્ણય ન લઈ શકો. મને આ નક્કી કરવા



દો કે, મારે શું બોલવું જોઈએ. સિંધિયાનો આ જવાબ સાંભળી મેયર ગુસ્સે થતાં કહે છે કે, "મેં આ વિદ્યાર્થીઓને અહીં આશ્રય આપ્યો છે, મેં તેમને ખોરાક આપ્યો છે તમે નહીં." મેયરની આ વાત સાંભળી કેટલાક વિદ્યાર્થીઓ તાળીઓ વગાડે છે." મોદી સરકારના ટીકાકારો આ વીડિયોનો ઉપયોગ કરી ટ્વીટર દ્વારા સરકાર પર નિશાન સાધી રહ્યા છે.

વીડિયો : રશિયાએ સ્પેસ રોકેટમાંથી યુએસ, જાપાનના ધ્વજ હટાવ્યા, ભારતનો તિરંગો જળવાઈ રહ્યો

(એજન્સી) નવીદિલ્હી, તા.૩

રશિયન સરકારની સ્પેસ એજન્સીએ સ્પેસપોર્ટ બાયકોનુર પર એક વિશાળ રોકેટ પર ચિત્રિત યુએસ અને જાપાન સહિતના ઘણા દેશોના ધ્વજ હટાવી દીધા છે પરંતુ ભારતનો ધ્વજ જાળવી રાખ્યો છે. સ્પેસ એજન્સી રોસકોસમોસનું પ્રતિકાત્મક પગલું રશિયાએ ઉત્તર એટલાન્ટિક સંધિ સંગઠન NATOમાં જોડાવાના પૂર્વીય યુરોપીયન રાષ્ટ્રના પ્રયાસો પર યુક્રેન પર આક્રમણ કર્યાના એક અઠવાડિયા પછી આવે છે જે રશિયા અને આ દેશો વચ્ચેના સંબંધોનું નિરૂપણ કરે છે, બાયકોનુર ખાતેના પ્રક્ષેપણોએ નક્કી કર્યું કે કેટલાક દેશોના ધ્વજ વિના, અમારૂં રોકેટ વધુ સુંદર દેખાશે,' રોસકોસમોસના ડિરેક્ટર જનરલ દિમિત્રી ઓલેગોવિચ રોગોઝિને ટ્વિટ કર્યું. આ ટ્વિટમાં એક વીડિયો છે જેમાં સ્પેસપોર્ટ પરના રશિયન કામદારો અન્ય રાષ્ટ્રોના ધ્વજને ભૂંસી નાખતા બતાવે છે. જો કે, ભારતનો ધ્વજ અસ્પૃશ્ય રહે છે. ભારતે ગઈકાલે યુએન જનરલ એસેમ્બલીના ઠરાવથી દૂર રહીને આંતરરાષ્ટ્રીય સમુદાયના તાત્કાલિક યુદ્ધવિરામના આહ્‌વાનને ટેકો આપ્યો હતો જેમાં યુક્રેન સામે રશિયાના આક્રમણની સખત નિંદા કરવામાં આવી હતી. ભારત દ્વારા એક અઠવાડિયા કરતાં પણ ઓછા સમયમાં ત્રીજી વખત બચાવવા માટે રશિયાએ કટોકટી પર તેના વલણ માટે ભારતનો આભાર માન્યો છે.

રશિયા-યુક્રેન યુદ્ધમાં ભારત અત્યાર સુધી તટસ્થ રહ્યું છે

ભારત પર પ્રતિબંધ લાદવા યુએસના સાંસદોની માંગ

અમેરિકાના ડિપ્લોમેટ્‌સનું કહેવું છે કે, બાઈડેન પ્રશાસન પર ભારત પર પ્રતિબંધ માટેનું દબાણ વધી રહ્યું છે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૩

યુક્રેન અને રશિયા વચ્ચેના જંગમાં ભારતે અત્યાર સુધી કોઈનો પક્ષ લીધો નથી. જોકે અમેરિકાને ભારતનું વલણ ગમ્યું નથી અને હવે અમેરિકામાં મનોમંથન શરૂ થયું છે કે, ભારત સાથેના સંબંધોને કઈ દિશામાં લઈ જવા જોઈએ. એવું પણ ચર્ચાઈ રહ્યું છે કે, બાઈડન પ્રશાસન રશિયા પાસેથી ભારતે એસ-૪૦૦ મિસાઈલની ખરીદી કરી છે ત્યારે તેના પર પ્રતિબંધ લાગુ કરવામાં આવે. રશિયા સામે યુએનની સિક્યુરિટી કાઉન્સિલમાં જે પણ પ્રસ્તાવો મુકાયા હતા તેમાં ભારતે મતદાન કર્યું નહતું. જેની સામે અમેરિકાના સત્તાધારી અને વિપક્ષી સાંસદોએ નારાજગી વ્યક્ત કરી છે. સંસદની ચર્ચામાં સાંસદોએ ભારત અને અમેરિકા વચ્ચેના સંરક્ષણ સહયોગનો પણ વારંવાર ઉલ્લેખ કર્યો હતો અને પૂછ્યું હતું કે, આક્રમણખોર રશિયા પર ભારતનું વલણ જાણ્યા બાદ પણ ભારત પર અમેરિકાની સરકાર પ્રતિબંધો લાગુ કરશે કે નહીં. અમેરિકાના ડિપ્લોમેટ્સનું કહેવું છે કે, બાઈડન પ્રશાસન પર ભારત પર પ્રતિબંધનું દબાણ વધી રહ્યું છે. જોકે સરકારે હજી કોઈ નિર્ણય લીધો નથી. અમેરિકા માટે ચીન સાથે બેલેન્સ રાખવા માટે ભારતથી સારો કોઈ બીજો વિકલ્પ નથી. અમરેકિન ડિપ્લોમેટ લુએ કહ્યું છે કે, જો ભારત પર પ્રતિબંધ લગાવાશે તો ભારત અને તેનું જોઈને બીજા દેશો રશિયા પાસેથી હથિયારો ખરીદવા માટે પ્રેરાશે. જોકે મોસ્કો પાસેથી આગામી વર્ષોમાં હથિયારો ખરીદવું મુશ્કેલ બનશે. ઉલ્લેખનીય છે કે, રશિયા સામેના નિંદા પ્રસ્તાવમાં ૩૫ દેશો વોટિંગમાં તટસ્થ રહ્યા હતા અને તેમાં ભારત પણ સામેલ હતું. ભારત માટે રશિયાએ હંમેશા યુએનમાં અગાઉ વીટો વાપર વાપર્યો છે ત્યારે ભારત માટે સ્વાભાવિક છે કે, આ મતદાનમાં રશિયાનો વિરોધ કરવું શક્ય નહોતું.

૪૭ વર્ષના ભારતીય કૂકે મહઝૂઝ ડ્રોમાં ૨૦ કરોડથી વધુ રૂપિયા જીત્યા

(એજન્સી) અબુધાબી, તા.૩

યુએઈમાં કૂક તરીકે કામ કરનારા ૪૭ વર્ષના ભારતીય શખ્સે ૬૬ મહઝૂઝ અઠવાડિક ડ્રોમાં ૧૦ લાખ મિલિયન દિરહમ (૨૦,૬૮,૦૪,૮૧૪ રૂપિયા)ની મોટી રકમ જીતી છે. ડ્રોમાં વિજેતા રામાની લોટરીના લાઈવ ડ્રોમાં છ માંથી પાંચ નંબર મેચ થયા હતા જે ૩, ૧૬, ૧૯, ૨૩ અને ૩૦ હતા, તે ૨૦૨૦થી ટિકિટ ખરીદી રહ્યો હતો. જીતેલી રકમથી રામા યુએઈમાં એક નાની રેસ્ટોરન્ટ ખોલવા માંગે છે અને ભારતમાં અનાથોને દાન કરવા તથા તેનું દેવું ચૂકવવા માંગે છે. રામાએ એક સમાચાર એજન્સીને જણાવ્યું હતું કે, હું જે ખુશી અનુભવી રહ્યો છું તે અવિશ્વસનીય છે. આ જીતેલી રકમથી મારા બાળકો હવે સંઘર્ષ વિનાનું જીવન જીવશે અને કપરો સમય સમાપ્ત થશે. ૩૭ વર્ષથી સતત કામ કર્યા બાદ મારા બાળકો, વાલીઓ અને પત્નીએ જોયા હશે તે દરેક સપના પૂરા થશે તથા અંતે મારૂં જીવન સુખી બનશે. મારૂં નસીબ ચમકાવવા બદલ હું મહઝૂઝનો હંમેશા આભારી રહીશ. આગામી મહઝૂઝ ડ્રો આગામી શનિવારે થશે જે પાંચમી માર્ચે રાતે ૯ વાગે કરાશે.

આર્યન ખાન કેસમાં યોગ્ય કાર્યવાહીનું પાલન કરવામાં આવ્યું ન હતું તે NCB પોતાના અહેવાલમાં સ્વીકારશે ?

(એજન્સી) તા.૩

આર્યન ખાનમાં કેસ ઉપરાંત, દિલ્હીમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની વિશેષ તપાસ ટીમ એનસીબીના વડા એસ.એન. પ્રધાન દ્વારા તેને સોંપવામાં આવેલા અન્ય પાંચ કેસોમાં તેના અહેવાલને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયા કરી રહી છે. સેન્ટ્રલ એન્ટી-નાર્કોટિક્સ એજન્સી સમીર વાનખેડે હેઠળના મુંબઈમાં તેના ઝોનલ યુનિટ દ્વારા કેસોના નબળા સંચાલનને કારણે વિવાદમાં ઘેરાયેલી છે. આ કેસોમાં NCBની તપાસની વિશ્વસનીયતા પર સવાલો ઉઠાવ્યા બાદ દિલ્હીમાં SITને આગળ વધવાનું કહેવામાં આવ્યું હતું. નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટની જોગવાઈઓ હેઠળ ડ્રગ્સનો કબજો, ગુનાહિત કાવતરૂં, ડિજિટલ પુરાવા, વિદેશી જોડાણો, ડ્રગ્સનો વપરાશ અને ડ્રગ્સના સંભવિત વપરાશ સાથે સંકળાયેલી તપાસના છ મુખ્ય મુદ્દાઓ પર SIT તેના તારણો રજૂ કરે તેવી શક્યતા છે.

આ કેસોમાં સૌથી મોટો કેસ આર્યન ખાન ડ્રગ કેસ છે જેમાં બોલિવૂડ અભિનેતા શાહરૂખ ખાનના પુત્રની ધરપકડ કરવામાં આવી હતી અને તેના પર અન્ય આરોપો સાથે ડ્રગ સેવન અને ષડયંત્રનો આરોપ મૂકવામાં આવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે આ કેસની તપાસમાં અમુક પ્રક્રિયાગત આવશ્યકતાઓનું પાલન કરવામાં આવ્યું ન હતું અને અંતિમ અહેવાલમાં આ વિગતો પ્રકાશિત કરવામાં આવે તેવી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આર્યન ખાનના કબજામાંથી કોઈ ડ્રગ મળી આવ્યું ન હતું અને તેથી એવી સંભાવના છે કે આ કેસમાં તેની વિરૂદ્ધ વોટ્સએપ ચેટના પુરાવા તપાસમાં કોઈ મૂલ્ય ધરાવતા નથી. બીજું, ષડયંત્રનો આરોપ પાછળથી ઉમેરવામાં આવ્યો હતો અને તે ધરપકડના મેમોનો ભાગ ન હતો. ત્રીજું, ડ્રગની હેરફેર કરનારાઓને આશ્રય આપવા અને ધિરાણ આપવાના આરોપોનો સામનો કરી રહેલા આર્યન ખાન સામે ડ્રગ્સ કેસમાં વિદેશી લિંકના કોઈ પુરાવા નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉપલબ્ધ પુરાવા અને માહિતીની કાયદેસરતા વિદેશી જોડાણો સ્થાપિત કરવા માટે પૂરતા નથી. અને છેલ્લે, NDPS એક્ટ એજન્સીને વ્યક્તિને જેલમાં રાખવાનો અધિકાર આપતો નથી કારણ કે તેને લાગે છે કે જો તે મુક્ત કરવામાં આવે તો તે ડ્રગ્સનું સેવન કરી શકે છે. ઘણા પ્રારંભિક આરોપો માત્ર અનુમાન પર હોવાથી, કેસ ક્ષીણ થઈ શકે છે. પરંતુ હજુ પણ રાહ જોવાઈ રહી છે કારણ કે SIT એ તેના અહેવાલને અંતિમ સ્વરૂપ આપવાનો ઈન્કાર કર્યો છે. જેમ જેમ મીડિયા અહેવાલો બહાર આવ્યા છે કે એસઆઈટીને આર્યન ખાન પાસે ડ્રગ્સ રાખવાના અથવા કોઈપણ ડ્રગ સિન્ડિકેટમાં તેની સંડોવણી હોવાના કોઈ પુરાવા મળ્યા નથી, તેમ NCBના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ સંજય સિંહે જણાવ્યું હતું કે, આ તપાસ હજી પૂર્ણ થઈ નથી અને આ તબક્કે કંઈપણ કહેવું વહેલું ગણાશે. પરંતુ તેમના આ નિવેદનથી મુંબઈમાં NCBના ઝોનલ યુનિટ દ્વારા કરવામાં કરવામાં આવેલી ક્ષતિઓ નકારી શકાય નહીં. આર્યન ખાન ડ્રગ કેસ NCB માટે મુશ્કેલી બની ગયો હોય તેવું લાગે છે, જે કેસમાં પ્રક્રિયાગત ક્ષતિઓને નકારવા અથવા સ્વીકારવાનું મુશ્કેલ બની રહ્યું છે. NCBએ વાતથી વાકેફ છે કે ફેડરલ એજન્સી દ્વારા નિયુક્ત કરવામાં આવતી તપાસની પદ્ધતિઓ ખૂબ જ પારદર્શક અને મક્કમ હોવી જરૂરી છે, તેથી જ આરોપો અને પ્રતિ-આક્ષેપોની તપાસ માટે SITની રચના કરવામાં આવી હતી. બોમ્બે હાઈકોર્ટે, ગયા વર્ષે ૨૮ ઓક્ટોબરના રોજ આર્યન ખાનને જામીન આપતાં, એમ પણ કહ્યું હતું કે તેમની વિરુદ્ધ કોઈ "ષડયંત્ર" હોવાના કોઈ પુરાવા નથી અને જ્યારે આ તપાસ પૂર્ણ કરશે ત્યારે SIT દ્વારા તે જ પુનરાવર્તિત થવાની સંભાવના છે. એસઆઈટીની તપાસ હેઠળના અન્ય હાઈ-પ્રોફાઈલ કેસોમાં અભિનેત્રી રિયા ચક્રવર્તી સામેનો કેસ છે. ૨૦૨૦માં તેના ફોન પર મળેલી વોટ્સએપ ચેટ્સના આધારે ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે એનસીબી એ અભિનેત્રી અને અન્ય ૩૨ વ્યક્તિઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે, ત્યારે રિયા દ્વારા પોતે ડ્રગ્સના સેવનનો મુદ્દો એક મુશ્કેલ મુદ્દો છે.

NDPS અધિનિયમની કલમ ૨૭ (A) ડ્રગ હેરફેર કરનારાઓને આશ્રય આપવા અને નાણાં પૂરા પાડવા માટે કામ કરે છે અને તે કોઈપણ અને દરેક કિસ્સામાં લાગુ થઈ શકે નહીં. તદુપરાંત, કોઈપણ કિસ્સામાં વસૂલ કરવામાં આવેલ જથ્થો ન્યૂનતમ જથ્થા કરતાં વધુ હોવો જરૂરી છે અને જો અન્ય પુરાવાઓ દ્વારા તેને સમર્થન ન મળે તો WhatsApp ચેટ્સ પર આધારિત પુરાવા અપૂરતા સાબિત થઈ શકે છે. વધુમાં, સિમ કાર્ડ્સ, હાર્ડ ડિસ્ક ડ્રાઈવો અને પેન ડ્રાઈવ જેવા ઈલેક્ટ્રોનિક સ્ટોરેજ મીડિયામાંથી મેળવેલા કોઈપણ પુરાવા સુપ્રીમ કોર્ટ દ્વારા રાખવામાં આવેલ એવિડન્સ એક્ટની કલમ 65A અને 65B હેઠળ શરતોને પૂર્ણ કરવાને આધીન છે. આગામી દિવસોમાં, SIT તપાસના પરિણામો કડક NDPS કાયદા હેઠળના કેસોને હેન્ડલ કરતી વખતે NCB ના વિવિધ એકમો દ્વારા કરવામાં આવનાર સુધારણાની દિશા નક્કી કરશે.

રશિયા-યુક્રેન યુદ્ધ : એક દિવસમાં ૧૫ ફ્લાઈટો મારફતે ૩૦૦૦ ભારતીયોને પરત લાવવામાં આવ્યા : સરકાર

(એજન્સી) તા.૩

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ જણાવ્યું કે, ઓપરેશન ગંગા તેજ ગતિથી આગળ વધી રહ્યું છે. એક દિવસમાં ૧૫ ફ્લાઈટ દ્વારા ૩ હજાર ભારતીયોને પરત લવાયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૩૦ ફ્લાઈટ્સથી ૬૪૦૦ ભારતીયોને પરત લવાયા છે. તેમણે સંકટ દરમિયાન મદદ માટે યુક્રેન અને તેમના પાડોશી દેશોનો આભાર માન્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું કે, આવતીકાલે ૧૫ અને આગામી ૨૪ કલાકમાં ૧૮ ફ્લાઈટ્સ નક્કી છે. રોમાનિયામાં એક નવા સ્થળ યાદીની ઓળખ થઈ ગઈ છે જ્યાં ફ્લાઈટ્સ દ્વારા ભારતીયોને પરત લાવવાના પ્રયાસોને વધારવામાં આવ્યા. તેમણે કહ્યું કે, મંત્રાલયનો પ્રયાસ વધુ ઉડાનો નક્કી કરવાનો છે. વિદેશ મંત્રાલય તરફથી માહિતી આપવામાં આવી છે કે, ભારતીયો માટે ભોજન અને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, આગામી ૨-૩ દિવસમાં અમે વધુ લોકોને પરત લાવીશું. પ્રવક્તાએ જણાવ્યું કે, દુર્ભાગ્યથી યુક્રેનમાં હિંસાના મામલાઓ સામે આવ્યા છે. ભારત સરકાર સતત યુક્રેન અને રશિયાના અધિકારીઓના સંપર્કમાં છે. તેમણે કહ્યું કે, અમને જાણ છે કે, યુક્રેનમાં હજુ પણ હજારો ભારતીય છે. એડવાઈઝરી જાહેર થયા બાદ પણ કેટલાક ભારતીય ખારકીવમાં પણ છે. જે લોકો ખારકીવ નથી છોડી શક્યા, તેમને અપીલ કરી છે કે, તેઓ ટ્રેનથી ખારકીવથી નીકળે.

આરએસએસએ નહીં પરંતુ હિંદુ, મુસ્લિમ, ખ્રીસ્તી અને શીખોએ દેશની સ્વતંત્રતા માટે લડત ચલાવી હતી : સંઘ પરિવાર સામે તેજસ્વી યાદવના પ્રહારો

(એજન્સી) તા.૧૭

રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના નેતા તેજસ્વી યાદવે બુધવારે બિહાર વિધાનસભામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, "સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન હિંદુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ બધા ધર્મના લોકોએ દેશ માટે લડત આપી હતી. પરંતુ આરએસએસ આ લડતમાં સામેલ થયું ન હતું. આરએસએસ તિરંગા પર પણ વિશ્વાસ ધરાવતો નથી. આથી તેમણે નાગપુર સ્થિત તેમના મુખ્યાલયમાં ક્યારેય તિરંગો ફરકાવ્યો નથી. આરએસએસની વિચારધારા ધરાવતા લાલકૃષ્ણ અડવાણી તેમના કોમવાદી ઉદ્દેશો સાથે બિહાર આવ્યા હતા. પરંતુ લાલુ પ્રસાદે ફક્ત તેમના ઉદ્દેશોને નિષ્ફળ જ બનાવ્યા ન હતા. પરંતુ સાથે સાથે અડવાણીની ધરપકડ પણ કરી હતી. અમે લાલુ પ્રસાદની સેનાના સભ્યો છીએ. મુસ્લિમો પાસેથી મતાધિકાર છીનવાની સત્તા કોઈની પાસે નથી." વિધાનસભામાં વિપક્ષના નેતાએ મુસ્લિમોના મતાધિકારને રદ કરવાની માગણી કરનાર ભાજપ નેતા હરીભૂષણ ઠાકુરની પણ ટીકા કરી હતી.

ભારતીયોને યુક્રેનમાં બંધક બનાવાયાનો ભારત સરકારનો ઈન્કાર

(એજન્સી) તા.૩

વિદેશ મંત્રાલયે ગુરૂવારે જણાવ્યું હતું કે, યુક્રેનમાં ભારતીય દૂતાવાસ તેના નાગરિકોના સતત સંપર્કમાં છે અને તેને બંધકની પરિસ્થિતિનો સામનો કરી રહેલા કોઈપણ વિદ્યાર્થીના અહેવાલ મળ્યા નથી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ યુક્રેનમાં ભારતીય વિદ્યાર્થીઓને બંધક બનાવવામાં આવ્યા હોવાના અહેવાલો અંગે મીડિયાના પ્રશ્નો પર આ વાત કહી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું કે, યુક્રેનમાં દૂતાવાસ ભારતીય નાગરિકોના સતત સંપર્કમાં છે. યુક્રેનિયન સત્તાવાળાઓના સહકારમાં બુધવારે કેટલાક વિદ્યાર્થીઓએ ખાર્કિવ છોડી દીધું છે. તેમણે કહ્યું કે, હજુ સુધી અમને કોઈ વિદ્યાર્થીને બંધક બનાવવાની કોઈ માહિતી મળી નથી.રશિયાએ દાવો કર્યો યુક્રેન હવે ભારતીય વિદ્યાર્થીઓને ઢાલ બનાવી રહ્યું છે આ પહેલા બુધવારે રશિયન સંરક્ષણ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું હતું કે, અમારી સેના કિવ અને ખાર્કિવમાંથી ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં મદદ કરી રહી છે, પરંતુ યુક્રેને ભારતીય વિદ્યાર્થીઓને બંધક બનાવી લીધા છે. રશિયાએ દાવો કર્યો હતો કે યુક્રેન હવે ભારતીય વિદ્યાર્થીઓને ઢાલ બનાવી રહ્યું છે. ભારતીય વિદ્યાર્થીઓને ત્યાં રોકવામાં આવ્યા છે. રશિયાએ કહ્યું કે, ખાર્કિવમાંથી ભારતીયોને બહાર કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બાગચીએ કહ્યું કે, અમે યુક્રેનના પ્રશાસનને ખાર્કિવ અને આસપાસના વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓને દેશના પશ્ચિમ ભાગમાં લઈ જવા માટે વિશેષ ટ્રેનની વ્યવસ્થા કરવા વિનંતી કરી છે. બુધવારે રશિયાએ કહ્યું કે, તેની સશસ્ત્ર દળો યુક્રેનિયન શહેર ખાર્કિવમાંથી ભારતીય નાગરિકોને સુરક્ષિત બહાર કાઢવા માટે તમામ જરૂરી પગલાં લેવા માટે તૈયાર છે. ભારતમાં રશિયન દૂતાવાસના એક અધિકારીએ રશિયન સંરક્ષણ મંત્રાલયની બ્રીફિંગની વિગતો શેર કરી હતી. મોસ્કોમાં એક મીડિયા બ્રીફિંગમાં, સંરક્ષણ મંત્રાલયે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, યુક્રેનમાં ભારતીય વિદ્યાર્થીઓના જૂથને બેલ્ગોરોડ જવાની તેમની ઈચ્છા વિરૂદ્ધ ખાર્કિવમાં બળજબરીથી અટકાયતમાં રાખવામાં આવી રહ્યા છે. જો કે, ભારતમાં યુક્રેનના રાજદૂત ઈગોર પોલિખાએ આ આરોપોને ફગાવતા કહ્યું કે, યુક્રેન જે પોતાનું લોહી વહાવી રહ્યું છે, ત્યાં ફસાયેલા વિદેશી વિદ્યાર્થીઓને મદદ કરી રહ્યું છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું કે, અમે આ ક્ષેત્રમાં રશિયા, રોમાનિયા, હંગેરી, સ્લોવાકિયા, મોલ્ડોવા સહિતના અન્ય દેશો સાથે અસરકારક રીતે સંકલન કરી રહ્યા છીએ. છેલ્લા કેટલાક દિવસોમાં યુક્રેનમાંથી મોટી સંખ્યામાં ભારતીય નાગરિકોને બહાર કાઢવામાં આવ્યા છે. બાગચીએ જણાવ્યું હતું કે, અમે આ શક્ય બનાવવા માટે યુક્રેનિયન વહીવટીતંત્રની મદદની પ્રશંસા કરીએ છીએ. તેમણે કહ્યું કે, અમે યુક્રેનના પશ્ચિમમાં તેના પડોશીઓ (દેશો)નો આભાર માનીએ છીએ કે તેઓ ભારતીય નાગરિકોને તેમના દેશમાં પાછા ફરવા દરમિયાન રહેવા અને અન્ય વ્યવસ્થા કરવા માટે પરવાનગી આપે છે.'

યોગી આદિત્યનાથની હિંદુ યુવા વાહિનીના કાર્યકરોએ મમતાના કાફલાને અટકાવ્યો

વારાણસીમાં મારા પર હુમલાનો અર્થ ભાજપ સત્તામાંથી જઈ રહ્યો છે : સમાજવાદી રેલીમાં મમતા બેનરજી ગર્જ્યાં

મારા પર પહેલાં ઘણીવાર હુમલા થયા, ગોળીઓ ચાલી અને માર મરાયો પણ હું ઝુકી નથી, હું ડરપોક નથી, હું યોદ્ધા છું : મમતા, ગંગા આરતી દરમિયાન મમતા ખુરશીને બદલે ઘાટની સીડીઓ પર જ બેસી ગયા

(એજન્સી) લખનૌ, તા.૩

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવના સમર્થનમાં વારાણસી પહોંચેલા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મતવિસ્તાર વારાણસીમાં પહોંચતા જ કટ્ટરવાદી કાર્યકરો દ્વારા તેમનો વિરોધ કરાયો હતો અને સંકેત આપ્યો હતો કે ભાજપ સત્તામાંથી જઈ રહ્યો છે. વારાણસીમાં સભાને સંબોધતાં મમતા બેનરજીએ કહ્યું કે, મારા પર પહેલાં ઘણીવાર હુમલા થયા, ગોળીઓ ચાલી અને માર મરાયો પણ હું ઝુકી નથી. હું ડરપોક નથી, હું યોદ્ધા છું. મમતા બેનરજીની યુપી મુલાકાત તમામ પક્ષો માટે આકર્ષણ બની હતી. વારાણસી અને તેની આસપાસના આઠ મતવિસ્તારોમાં ૭મી માર્ચે સાતમા તબક્કા માટે મતદાન થશે જ્યાં ૨૦૧૭માં ભાજપનો દબદબો રહ્યો હતો.

સમાજવાદી પાર્ટીની સભામાં તૃણમૂલ પ્રમુખે કહ્યું કે, વારાણસીમાં જ્યારે હું આવી ત્યારે ભાજપના કાર્યકરો દ્વારા મારા પર હુમલો કરાયો જે સંકેત છે કે, તેઓ સત્તામાંથી જઈ રહ્યા છે. સમાજવાદી પાર્ટીના પ્રચાર માટે બેનરજી વારાણસી પહોંચતા કટ્ટરવાદી સંગઠન હિંદુ યુવા વાહિનીના કાર્યકરો દ્વારા તેમના પર હુમલો કરાયો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા ઊભું કરાયેલું સંગઠન હિંદુ યુવા વાહિનીના કટ્ટરવાદી કાર્યકરોએ મમતા બેનરજી જ્યારે ગંગા આરતીમાં ભાગ લેવા માટે દશાશ્વમેઘ ઘાટ તરફ જઈ રહ્યા હતા ત્યારે કાળા વાવટા દેખાડ્યા હતા. તેમના કાફલા પાસે કટ્ટરવાદી તત્ત્વો ભેગા થયા અને સૂત્રોચ્ચારો કર્યા ત્યારે મમતા બેનરજી પોતાના

વાહનમાંથી ઉતરી ગયા અને બહાર ઊભા થઈ ગયા હતા. તેઓ દશાશ્વમેઘ ઘાટ પર પહોંચ્યા ત્યારે ગંગા આરતી દરમિયાન તેમણે ખુરશી લેવાનો ઈન્કાર કર્યો અને સીડી પર જ બેસી ગયા હતા. ગયા વર્ષે બંગાળમાં શાનદાર જીત મેળવ્યા પછી ભાજપ વિરૂદ્ધ તમામ વિપક્ષોને એકઠા કરવાનો પ્રયાસ કરતાં મમતા બેનરજીએ અખિલેશ યાદવને સમર્થન આપ્યું છે જેમને તેમણે પ્રાંતના મજબૂત પ્રમુખ ગણાવ્યા અને રાજ્યમાં વિપક્ષના મુખ્ય ચહેરા છે તેવું કહ્યું હતું. યુપી માટે તેમણે સંદેશ આપ્યો કે જો બંગાળ કરી શકે તો યુપી પણ કરી શકે. અખિલેશ યાદવે વારાણસીમાં ગઠબંધન સાથીઓ આરએલડીના જયંત ચૌધરી, મહાન દલના કેશવ દેવ મૌર્ય, અપના દલના નેતા ક્રિશ્ના પટેલ, પ્રગતિશીલ સમાજવાદી પાર્ટીના શિવપાલ યાદવ, જનવાદી પાર્ટીના સંજય ચૌહાણ અને એસબીએસપીના નેતાઓ સાથે ભવ્ય રોડ શો દ્વારા શક્તિ પ્રદર્શન કર્યું હતું. વારાણસીમાં ૩ લાખ મુસ્લિમો ઉપરાંત ૩.૨૫ લાખ વૈશ્ય, ઓબીસી કુર્મી તરીકે સ્થાનિક પટેલ બે લાખ, ૧.૫ લાખ યાદવો, ૧ લાખ ઠાકુર, ૮૦ હજાર દલિતો અને ૭૦ હજાર ઓબીસી મતદારો છે.

'ચીન દરેક સ્તરે ભારતને ઉશ્કેરી રહ્યું છે' સેનેટ પેનલમાં અમેરિકી ડિપ્લોમેટનું નિવેદન

(એજન્સી) તા.૩

ચીન દરેક પ્રસંગે ભારતને ઉશ્કેરી રહ્યું છે અને તેવું જ તે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે કરી રહ્યું છે અને વોશિંગ્ટન ચીનની આ ઉશ્કેરણીને રોકવા માટે ભારતની સંરક્ષણ ક્ષમતાને મજબૂત કરવા માટે પ્રગતિને વેગ આપવા પ્રતિબદ્ધ છે. બાઈડેન વહીવટીતંત્રના એક વરિષ્ઠ અધિકારીએ ધારાસભ્યોને જણાવ્યું હતું કે, બેઈજિંગ દ્વારા પૂર્વી લદ્દાખ સરહદ પર સૈન્ય દળોને નહીં લાવવાના કરારનું ઉલ્લંઘન કર્યા પછી ચીન સાથે ભારતના સંબંધો અત્યારે ખૂબ જ મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. ઉશ્કેરણીજનક રીતે ચીન યુનાઈટેડ સ્ટેટ્સને પડકારી રહ્યું છે, તે જ રીતે તે દરેક પ્રસંગે ભારતને પણ ઉશ્કેરી રહ્યું છે. દક્ષિણ અને મધ્ય ભારત માટેના સહાયક સચિવ ડોનાલ્ડ લુએ સેનેટ સબકમિટીના સભ્યોને કહ્યું કે, ચીને ભારતીય સરહદ પરના હુમલા જેના પરિણામે ૨૦૨૦માં ૨૦ ભારતીય સૈનિકો માર્યા ગયા હતા તેના માટે જવાબદાર રેજિમેન્ટ કમાન્ડરને ઓલિમ્પિક મશાલધારક તરીકે પસંદ કર્યા પછી ભારતે બેઈજિંગ ઓલિમ્પિક ગેમ્સનો રાજદ્વારી બહિષ્કાર કર્યો હતો. બેઈજિંગે તાજેતરમાં નવા ચીનના નકશા પણ પ્રકાશિત કર્યા છે, જેમાં ભારતના અરૂણાચલપ્રદેશના મોટા વિસ્તારો પરના દાવાઓને પુનરાવર્તિત કરવામાં આવ્યા છે, તેના શહેરોના નામને નવા ચાઈનીઝ નામો સાથે બદલવામાં આવ્યા છે.

પેંગોંગ તળાવ વિસ્તારમાં હિંસક અથડામણને પગલે ૫ મે, ૨૦૨૦ના રોજ પૂર્વી લદ્દાખમાં સરહદી વિવાદ ફાટી નીકળ્યો હતો. ૧૫ જૂન, ૨૦૨૦ના રોજ ગલવાન ખીણની અથડામણ પછી વિવાદમાં વધારો થયો હતો. ભારત પૂર્વી લદ્દાખ બોર્ડર સ્ટેન્ડઓફ પર સંપૂર્ણ સ્પષ્ટતા સાથે ચીન સાથે વાટાઘાટોમાં વ્યસ્ત છે અને તે યથાસ્થિતિમાં કોઈપણ ફેરફાર વિના અથવા આ ક્ષેત્રમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી)ને એકપક્ષીય રીતે બદલવાના કોઈપણ પ્રયાસ માટે સંમત થશે નહીં. લુએ સંસદસભ્યોને એમ પણ કહ્યું કે, અમેરિકા તેની સંરક્ષણ ક્ષમતાઓને વધારવા માટે ભારત સાથે કામ કરી રહ્યું છે. અમે અમારી મુખ્ય સંરક્ષણ ભાગીદારીમાં પ્રગતિને વેગ આપવા અને મજબૂત નૌકા સહયોગ, વિસ્તૃત માહિતી અને ગુપ્ત માહિતીની વહેંચણી અને અવકાશ અને સાયબર સ્પેસ જેવા ડોમેન્સમાં સહકાર વધારવા માટે ચીનની ઉશ્કેરણીઓને રોકવાની ભારતની ક્ષમતાને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

મેલબોર્નમાં તાજેતરના ક્વાડ મિનિસ્ટ્રીયલનો ઉલ્લેખ કરતાં લુએ કહ્યું કે, તેઓ ક્વાડ ઘણું પરિપૂર્ણ કરી રહ્યું છે અને મુક્ત ઈન્ડો-પેસિફિકને ટેકો આપવાના તમામ ક્વાડ ભાગીદારોના નિર્ધારથી પ્રભાવિત થયા હતા. ક્વાડ એ યુએસ, ભારત, ઓસ્ટ્રેલિયા અને જાપાનનું ચાર-સદસ્યનું જૂથ છે જે આ ક્ષેત્રમાં ચીનની વધતી જતી દૃઢતા વચ્ચે, મુક્ત, ખુલ્લા અને સમાવિષ્ટ ઈન્ડો-પેસિફિકના સહિયારા વિઝનને આગળ વધારવા માટે રચવામાં આવ્યું છે. લુએ જણાવ્યું હતું કે, ક્વાડ વિશ્વમાં કોવિડ-૧૯ રસીના ૧ બિલિયન ડોઝ પહોંચાડવાના લક્ષ્યને હાંસલ કરવા માટે ઘણી પ્રગતિ કરી રહ્યું છે. યુએસ ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશને ૨૦૨૨ના અંત સુધીમાં કોવિડ-૧૯ રસીના ઓછામાં ઓછા એક બિલિયન ડોઝનું ઉત્પાદન કરવાની ઉત્પાદન ક્ષમતા વિકસાવવા માટે બાયોલોજિકલ ઇ-લિમિટેડને લાંબા ગાળાના ધિરાણમાં USD ૫૦ મિલિયન પ્રદાન કર્યા છે. તેમણે કહ્યું કે, અમે નિર્ણાયક અને ઉભરતી તકનિકો પર ક્વાડમાં ચર્ચાઓ કરી છે અને ગ્રીન શિપિંગ અને સ્વચ્છ હાઈડ્રોજન પહેલ સહિત ઈન્ડો-પેસિફિક પ્રદેશમાં સ્વચ્છ ઊર્જા અને ડીકાર્બોનાઇઝેશનના પ્રયાસોને સમર્થન આપવા માટે સહકાર આપી રહ્યા છીએ. ક્વાડ દરિયાઈ સહયોગ અને સુરક્ષા પર પણ સાથે મળીને કામ કરી રહ્યું છે. અમે દરિયાઈ ક્ષેત્રની જાગરૂકતા પર ડેટા શેર કરી રહ્યા છીએ, અમે સાથે મળીને ગેરકાયદે માછીમારી સામે લડી રહ્યા છીએ અને અમારા ચાર દેશોએ વાર્ષિક મલબાર કવાયતમાં એક જટિલ અને મોટા પાયે નૌકા કવાયત પણ હાથ ધરી છે. તેમણે સેનેટર ટેડ ક્રુઝના એવા આરોપોને નકારી કાઢ્યા હતા કે બાઈડેન એડમિનિસ્ટ્રેશને ક્વાડમાં ચીનનો સામનો કરવાનું ટાળ્યું છે. હું ક્વાડ ચર્ચાઓના દરેક સત્રમાં હતો અને તે ચર્ચાઓના દરેક સત્રમાં, અમારા ત્રણ ક્વાડ ભાગીદારો સાથે અમે ચીનનો સામનો કરવા વિશે વાત કરી હતી. અમે ચીન સામે સુરક્ષા અને સંરક્ષણ પ્રવૃત્તિઓમાં ચીનનો સામનો કરવા માટે સક્ષમ છીએ. અમે કોવિડ રસીઓ સાથે ચીનનો સામનો કરવા વિશે પણ વાત કરી રહ્યા છીએ. નવેમ્બર ૨૦૧૭માં યુ.એસ., ઓસ્ટ્રેલિયા, ભારત અને જાપાને ચીનની વધતી જતી સૈન્ય ગતિવિધિની વચ્ચે ઈન્ડો-પેસિફિકમાં મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગોને કોઈપણ પ્રભાવથી મુક્ત રાખવા માટે નવી વ્યૂહરચના વિકસાવવા માટે ક્વાડની સ્થાપનાના લાંબા સમયથી પડતર પ્રસ્તાવને આકાર આપ્યો હતો.

ચીન લગભગ તમામ વિવાદિત દક્ષિણ ચાઈના સી પર દાવો કરે છે. જો કે, તાઈવાન, ફિલિપાઈન્સ, બ્રુનેઇ, મલેશિયા અને વિયેતનામ તેના અમુક ભાગોનો દાવો કરે છે. બેઈજિંગે દક્ષિણ ચીન સાગરમાં કૃત્રિમ ટાપુઓ અને લશ્કરી સ્થાપનો બનાવ્યા છે. બેઈજિંગ પૂર્વ ચીન સાગરને લઈને જાપાન સાથેના દરિયાઈ વિવાદમાં પણ સામેલ છે.

MVA ધારાસભ્યોના સૂત્રોચ્ચાર વચ્ચે મહારાષ્ટ્રના રાજ્યપાલ બી.એસ. કોશ્યારી ભાષણ અધૂરૂં છોડી વિધાનસભામાંથી ચાલ્યા ગયા

(એજન્સી) તા.૩

મહારાષ્ટ્રની આર્થિક રાજધાની મુંબઈમાં મહારાષ્ટ્ર વિધાનસભાનું બજેટ સત્ર હંગામા સાથે શરૂ થયું. પ્રોટોકોલ મુજબ રાજ્યપાલના અભિભાષણ સાથે બજેટ સત્રની શરૂઆત થાય છે, પરંતુ આજે મહાવિકાસ અઘાડી (MVA)ના ધારાસભ્યોએ 'શિવાજી મહારાજ કી જય'ના નારા લગાવીને સત્રની શરૂઆત કરી હતી. તમને જણાવી દઈએ કે રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીએ થોડા દિવસો પહેલા શિવાજી મહારાજ વિશે વિવાદિત નિવેદન આપ્યું હતું. પરંતુ જ્યારે રાજ્યપાલે સેન્ટ્રલ હોલમાં પોતાનું ભાષણ શરૂ કર્યું, ત્યારે ભાજપ પક્ષે નવાબ મલિક વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને તેમના રાજીનામાની માગણી કરી. આ સૂત્રોચ્ચાર વચ્ચે રાજ્યપાલ પોતાનું સંબોધન પૂરૂં ન કરી શક્યા અને વિધાન ભવન છોડીને ચાલ્યા ગયા.

ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના મંત્રી જયંત પાટીલે ભાજપના ધારાસભ્યોના આ વર્તનને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યું હતું અને તેની સખત નિંદા કરી હતી. તેમણે કહ્યું કે, આ સંપૂર્ણ રીતે મહામહિમ રાજ્યપાલનું અપમાન છે.

બજેટ સત્રની શરૂઆત તેમના ભાષણથી થાય છે, પરંતુ તેમને તેમનું ભાષણ પૂરૂં કરવા દેવામાં આવ્યું ન હતું, આ ખોટી વાત છે, આવું ક્યારેય બન્યું નથી. વરિષ્ઠ પત્રકાર સંજય જોગના જણાવ્યા અનુસાર આવું ક્યારેય બન્યું નથી કે જ્યાં રાજ્યપાલને તેમનું ભાષણ અધૂરૂં છોડવું પડ્યું હોય, હાલમાં રાજ્યના ઈતિહાસમાં આવું પ્રથમવાર બન્યું છે.

અન્ય આઘાતજનક ઘટનાક્રમમાં, શિવસેનાએ રાજ્યપાલ કોશ્યારીની સરખામણી હાથી સાથે કરી. સપ્ટેમ્બર ૨૦૨૧માં શિવસેનાએ સામનાના એક લેખમાં લખ્યું હતું કે, લોકશાહી હાથીના પગ નીચે છે. આ લેખમાં લખવામાં આવ્યું હતું કે, રાજ્યપાલ માત્ર સરકારી પૈસા પર ઉછરેલો સફેદ હાથી નથી, જે રાજ્યોમાં દિલ્હીના શાસક પક્ષોની સરકારો નથી, તે રાજ્યોમાં તેઓ 'દારૂના નશામાં ધૂત નિરંકુશ હાથી'ની ભૂમિકા ભજવે છે અને દિલ્હીમાં બેઠેલા આવા હાથીઓના માહુતોને અંકુશમાં રાખે છે. એ જ હાથીના પગ નીચે લોકશાહીના બંધારણ, કાયદો, રાજકીય સંસ્કૃતિને કચડીને એક અલગ જ શરૂઆત કરવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારનું પ્રથમ તથા ટર્મ પૂર્ણ થઈ રહી હોઈ અંતિમ બજેટમાં કોઈ ખાસ નવી યોજનાઓ કે પ્રલોભનોનો અભાવ !

ગુજરાત સરકારનું કોઈપણ વેરા કે ખાસ રાહતો વિનાનું સામાન્ય બજેટ

બજેટમાં રૂા.૬૬૮ કરોડની પુરાંત દર્શાવનાર સરકારના ગત વર્ષના હિસાબોના અંતે રૂા.૬૮૬૫ કરોડની પુરાંતના દાવા સામે રૂા.૧૬૨ કરોડની ખાધ રહી

વ્યવસાય વેરામાં ફેરફાર કરાતા રૂા.૧૦૮ કરોડની વાર્ષિક રાહત : નર્મદા યોજનાના ખર્ચમાં ૧૭ ટકાનો ઘટાડો કરાયો

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૩

ગુજરાતની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારનું પ્રથમ તથા અંતિમ વાર્ષિક બજેટ આજે વિધાનસભા ગૃહમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈએ રજૂ કર્યું હતું. સરકારની ટર્મ પૂર્ણ થઈ રહી હોઈ ચૂંટણી યોજાવાની હોઈ સરકાર દ્વારા કોઈપણ જાતના નવા કરવેરા કે ખાસ રાહતો વિનાનું સામાન્ય બજેટ આજે રજૂ કરાયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે બજેટનું કદ ૨,૪૩,૯૬૫ કરોડનું રખાયું છે અને તેમાં રૂા.૬૬૮ કરોડની પુરાંત રહેવાનો અંદાજ મુકાયો છે. જો કે માર્ચમાં પૂર્ણ થતા ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષના અંતે હિસાબો પુર્ણ થતા સરકારે રૂા.૬૮૬૫ કરોડની પુરાંત રહેવાનો સુધારેલા અંદાજમાં દાવો કર્યો હતો તેમાં અંતે રૂા.૧૬૧.૯૯ કરોડની ખાધ રહેવા પામી હતી. સરકારે ૧૩ ટકાનો વિકાસ દર હાંસલ કરવાનો અંદાજ પણ મુક્યો છે બજેટમાં પેટ્રોલ-ડીઝલના ભાવવધારા સહિતની હાલની અસહ્ય મોંઘવારીની સ્થિતિમાં સરકાર કોઈ ખાસ રાહત આપવામાંથી નિષ્ફળ રહી છે.

ગુજરાતના નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ આજે રાજ્ય વિધાનસભામાં પેશ કરેલા પોતાના કાર્યકાળના પ્રથમ બજેટમાં પૂરાંત દર્શાવવામાં આવી છે. ગુજરાત વિધાનસભામાં આજે નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ બજેટ રજૂ કર્યું હતું. ૨૦૨૨-૨૩ના નવા નાણાકીય વર્ષના બજેટનું કદ ૨,૪૩,૯૬૫ કરોડનું રાખવામાં આવ્યું છે.

જ્યારે મહેસૂલી પૂરાંત ૧૦૦.૬૬ કરોડ તથા ચોખ્ખો જાહેર હિસાબ ગણતરીમાં લેવાયા બાદ એકંદર પૂરાંત ૬૬૮.૦૯ કરોડની રહેવાનું જાહેર કરવામાં આવ્યું છે. તેઓએ કહ્યું કે, નાણાકીય વ્યવસ્થાપનના માપદંડોમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. છેલ્લા બે દાયકામાં ઉતરોતર વિકાસ સાથે ક્યારેય ઓવરડ્રાફ્ટ લીધા વિના નાણાકીય ફાળવણી કરી છે. કોરોના મહામારીની અર્થતંત્ર પર સંકટના ઓછા ઉતર્યા હતા તેમાંથી બહાર નિકળીને રાજ્યમાં નવા વર્ષે જીએસટીથી (વિકાસ દર) ૧૩ ટકા જેટલો ડબલ ડિજીટમાં પહોંચી જવાની ધારણા છે. બજેટ પેશ કરતા પ્રારંભિક સંબોધનમાં તેઓએ કહ્યું કે, સૌના સાથ અને સૌના વિકાસની પ્રતિબંધતા સાથે સમગ્ર દેશના વિકાસમાં ગુજરાત મચંવનું યોગદાન આપી રહ્યું છે. ગુજરાતમાં ભાજપે શાસનધૂરા સંભાળી ત્યારે રાજ્યનું ઘરગથ્થું ઉત્પાદન ફક્ત સવા લાખ કરોડ હતું. જે બે દાયકામાં ૨૦ લાખ કરોડને વટાવી ગયું છે. રાજ્યની માથાદીઠ આવક આ સમયગાળામાં ૧૯,૮૨૩થી વધીને ૨,૧૪,૮૦૯ પર પહોંચી ગઈ છે. ગૂડ ગવર્નન્સ ઈન્ડેક્સમાં રાષ્ટ્રીયકક્ષાએ ગુજરાત પ્રથમ સ્થાને છે. ૨૮૦જેવી સેવાઓને ડિજિટલ ઓનલાઈન બનાવીને વહીવટી સરળતા સર્જવામાં આવી છે. આ જ રીતે ડાયરેક્ટ બેનીફેટ ટ્રાન્સફર હેઠળ લાભાર્થીઓને ૨૦,૦૦૦ કરોડની રકમ સીધી બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવી છે. તેઓએ ખેતીક્ષેત્ર માટે મહત્વની યોજના જાહેર કરવામાં આવી છે. અહીં ઉપરાંત ઉનાળુ તથા શિયાળુ પાક માટેના ટૂંકી મુદ્દતના ધિરાણમાં વ્યાજ સહાય મળશે. આ જ રીતે માછીમારો પશુપાલકોને પણ ટૂંકી મુદ્દતના ધિરાણ પર વ્યાજ રાહત આપવાની દરખાસ્ત કરી હતી. જેના મારફત ૮૦૦૦થી ૧૦,૦૦૦ કરોડનું ધિરાણ અપાશે. આ ઉપરાંત ગૌશાળા પાંજરાપોળના નિભાવ માટે મુખ્યપ્રધાન ગૌમાતા પોષણ યોજનાની જાહેરાત કરી હતી.

શિક્ષણક્ષેત્રે બાળકો માટે મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. વિશ્વબેંકની સહાયથી ૧૦,૦૦૦ કરોડના ખર્ચો સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. મોર્ડન સ્કૂલનો ૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને લાભ મળશે.

સગર્ભા મહિલાઓ માટે ૧૦૦૦ દિવસ સુધી દર મહિને એક કિલો તુવેરદાળ-ચણા તથા ખાદ્યતેલ આપવાની યોજના પણ જાહેર કરી હતી અને તેના માટે ૪૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણીની જાહેર કરી હતી. પીએમ ગતિશક્તિ કાર્યક્રમ હેઠળ માળખાકીય સુવિધા સુદૃઢ બનાવવામાં આવશે. તેઓએ કહ્યું હતું કે, લોજિસ્ટિક ઈન્ડેક્સમાં ગુજરાત સતત ત્રીજા વર્ષે પ્રથમક્રમે આપ્યું છે. સર્વગ્રાહી વિકાસથી વિદેશી ઈન્વેસ્ટોરનું માનીતું રાજ્ય છે. ૨૦૨૦-૨૧માં દેશનું સૌથી વધુ વિદેશી મૂડી રોકાણ ધરાવતું રાજ્ય બન્યું હતું. ૧.૬૩ લાખ કરોડનું વિદેશી મૂડીરોકાણ આપ્યું હતું જે સમગ્રી દેશના કુલ રોકાણ કરતા ૩૭ ટકા થાય છે. રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ગુજરાતના ગિફ્ટ સિટી ગાંધીનગરમાં ગોલ્ડ સિલ્વર ટ્રેડિંગ માટે દેશનું પહેલું બુલિયન માર્કેટ શરૂ થશે, તેવી જાહેરાત પણ કરી હતી. રાજ્ય સરકાર દ્વારા માત્ર વ્યવસાય વેરામાં ફેરફારના કારણે રૂા.૧૦૮ કરોડની રાહત આપવામાં આવી છે. પ્રથમ વખત બજેટ રજૂ કરતા નાણામંત્રી કનુ દેસાઈ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ માટે આ બજેટ એક પડકાર છે કારણ કે, બજેટમાં એવી કોઈ જાહેરાત નથી કે જેમાં કોઈ મોટી રોજગારીનું સર્જન થાય. આ બજેટમાં જે કોઈ જોગવાઈ કરવામાં આવી છે તેમાં આગળની સરકારો શરૂ કરેલી યોજનાઓને આગળ ધપાવવાની વાત છે. ગત વર્ષની પરમ્પરા અનુસાર રાજ્ય સરકારના બજેટ ૨૦૨૦-૨૩માં સૌથી વધુ નાણાકીય ફાળવણી શિક્ષણ, શહેરી વિકાસ અને ઊર્જા ક્ષેત્રને કરવામાં આવી છે. ગત વર્ષે પણ આ ત્રણ ક્ષેત્રોને સૌથી વધુ નાણાં મળ્યા હતા. રાજ્ય સરકારે જળસંપત્તિ, પાણી પુરવઠો, નર્મદા એમ દરેક ક્ષેત્રે

રાજ્યનું અર્થતંત્ર પાટા પર ચઢી ગયાના દાવા સાથે ૧૩ ટકાનો વિકાસ દર હાંસલ કરવાનો અંદાજ મૂકાયો

નાણાંની ફાળવણી કરી છે પણ રાજ્યમાં દર વર્ષે પાણીની સમસ્યા સર્જાય છે, રાજ્યનો ૬૭ ટકા ભાગ સતત પાણીની ખેંચ સાથે જીવે છે ત્યારે રાજ્યની જીવાદોરી એવા નર્મદા પરિયોજના માટેના ખર્ચમાં ૧૭ ટકાનો ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે. બજેટ ૨૦૨૧-૨૨માં નર્મદા માટે રૂા.૭૩૭૦ કરોડની ફાળવણી સામે આ વર્ષે ફાળવણી ઘટી રૂા.૬૦૯૦ કરોડ કરવામાં આવી છે. આ અંગે રાજ્ય સરકારે કોઈ સ્પષ્ટતા બજેટમાં કરી નથી. આ ઉપરાંત, જળસંપત્તિ માટેની ફાળવણી પણ ત્રણ ટકા ઘટાડી છે. જો કે, પાણી પુરવઠા માટેની જોગવાઈ ૩૭ ટકા વધારી રૂા.૫૪૫૧ કરવામાં આવી છે. એવું બની શકે કે અન્ય ચીજોમાં ઘટાડો કરી તેનો ઉપયોગ હવે પાણી પુરવઠા વિભાગમાં કરવામાં આવશે.

૨૦૨૨-૨૩ના બજેટના અંદાજ

	૨૦૨૨-૨૩ના અંદાજ
(૧) એકત્રિત ફંડ	
મહેસૂલી આવક	૧૮૨૦૪૫.૪૬
મહેસૂલી ખર્ચ	૧૮૧૦૩૯.૬૦
મહેસૂલી હિસાબ પર પુરાંત	(+) ૧૦૦૫.૮૬
મૂડીની આવક	૫૧૨૫૧.૦૦
લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ	૫૯૩૯૪.૦૬
મૂડી હિસાબ પર ખાધ	(-) ૮૧૪૩.૦૬
સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)	(-) ૭૧૩૭.૨૦
(૨) આકસ્મિક ફંડ (ચોખ્ખું)	–
(૩) જાહેર હિસાબ (ચોખ્ખો)	(+) ૭૮૦૫.૨૯
સરવાળો : ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩) (પુરાંત)	(+) ૬૬૮.૦૯

રાજ્યના ૧૫ લાખ કરદાતાઓને મળશે રાહત

૧૨ હજાર સુધીનો પગાર મેળવનારા તમામને પ્રોફેશનલ ટેક્સમાં મુક્તિ

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૩

- ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકારે આજે રજૂ કરેલ અંદાજપત્રમાં ૨૦૨૨-૨૩ માટે નાના કર્મચારીવર્ગને રાહત આપી છે. સરકારે પ્રોફેશનલ ટેક્સમાંથી માફી આપવાની જાહેરાત કરી છે.
- નાણામંત્રી કનુ દેસાઈએ બજેટ સ્પીચના અંતે કહ્યું કે કરવેરાના વર્તમાન માળખામાં કોઈપણ ફેરફાર નહિ કરવામાં આવે અને સામાન્ય જનમાનસના શિરે નવા કોઈપણ કરવેરાની જાહેરાત પણ નહિ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.
- જોકે સામાન્ય પગારદારોને રાહત આપતા સરકારે ૧૨,૦૦૦ સુધીના માસિક પગાર પર પ્રોફેશનલ ટેક્સમાંથી મુક્તિ આપી છે. આનાથી ૧૫ લાખ કરદાતાઓને આ રાહત મળશે.
- પ્રોફેશનલ ટેક્સ નાબૂદ કરાતા સરકારે ૧૯૮ કરોડની આવક જતી કરવી પડશે તેમ પણ તેમણે ઉમેર્યું હતુ.

રાજ્યમાં વીજ વિતરણ સુવિધા અપગ્રેડ કરવા સામે સ્માર્ટ મીટર લગાવાશે

રાજ્યના ખેડૂતોને દિવસે ખેતી માટે વીજળી આપવા ૧૪૦૦ કરોડની જોગવાઈ

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૩

સરકારે આજે રાજ્યના બજેટમાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ રૂા.૧૫,૫૬૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. ખાસ કરીને ખેડૂતોને રાત્રીના બદલે દિવસે ખેતી માટે વીજળી મળી રહે તે માટે 'કિસાન સૂર્યોદય યોજના' અંતર્ગત આંતરમાળખાકીય સગવડોના વિકાસ માટે ૧૪૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત બાકી રહેતા તમામ કૃષિ વિષયક વીજ જોડાણો આપવાની કામગીરી પૂર્ણ કરવામાં માટે ૧૦૪૬ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

દરમિયાન તમામ ગ્રામ પંચાયતોના વોટર વર્કસ માટે વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા માટે ૭૩૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરાવામાં આવી છે. જ્યારે ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવાના હેતુથી રીવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ અંતર્ગત વીજ વિતરણ માટે માળખાકીય સુવિધાઓનું અપગ્રેડેશન અને સ્માર્ટ મીટરની યોજના માટે રૂા.૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વધુ ગુણવત્તાયુક્ત વીજપુરવઠો પૂરો પાડવાના આશયથી રાજ્યમાં ૫૬ નવા સબ સ્ટેશનો આદિજાતિ વિસ્તારોમાં અને ૩૩ સાગરકાંઠા વિસ્તારોમાં સ્થાપવામાં આવશે.

"મજહબ નહીં શીખાતા આપસ મેં બૈર રખના" ઉક્તિને સાર્થક કરતો કિસ્સો

દિલ હૈ હિન્દુસ્તાની : પોલેન્ડના પોસ્ક શહેરમાં રહેતા અંકલેશ્વરના વસીમ શેખે ૬ ભારતીય વિદ્યાર્થીઓને આશરો આપ્યો

કોર્કઝોવા-કેકોવેત્સ બોર્ડર પર પહોંચેલા યુવાનો અંગે જાણકારી મળતાં પોતાના ઘરથી ૫૪૫ કિ.મી. દૂર જઈ તેઓને જમાડી પરત લાવી પોતાના ઘરે રાખી આશરો આપી તેમના પરિવારજનો સાથે વાત કરાવતા હાશકારાની લાગણી

(મુનીર શેખ) અંકલેશ્વર, તા.૩

એક તરફ યુદ્ધ ચાલી રહ્યું છે તેવા સમયે નિરાધાર બનેલ યુક્રેનમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓને અન્ય દેશોમાંથી પણ ભારે આવકાર અને આશ્રય મળી રહ્યો છે. ત્યારે પોલેન્ડમાં રહેતા અંકલેશ્વરના એક મુસ્લિમ યુવાને પણ ૬ ભારતીય યુવાનોને પોતાના ઘરે આશરો આપી ભારતીય તરીકેની ફરજ નિભાવી છે. અંકલેશ્વરના સેલારવાડના વતની વસીમ આશિક શેખ હાલ પોલેન્ડની રાજધાની વર્ષોથી ૧૦૯ કિલોમીટર દૂર પોસ્ક શહેરમાં રહે છે તેઓ 'કબાબ યુ અહેમદા' નામની હોટલ ચલાવે છે રશિયા અને યુક્રેન વચ્ચેના ભીષણ યુદ્ધમાં યુક્રેનમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ ભારે નિરાધાર હાલતમાં મૂકાઈ ગયા છે અને બોર્ડર ક્રોસ કરીને પોલેન્ડ, રોમાનિયા, હંગેરી, સ્લોવેકિયા જેવા દેશોમાં આશ્રય લઈ રહ્યા છે. આવા કપરા સમયમાં ભારતીયો પણ ભારતીયોની મદદ કરવામાં પાછું વળીને જોતા નથી. યુક્રેનની યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ભરૂચના ત્રણ યુવાનો એઝાઝ હુસૈન મુન્સી, ઉવેશ નાકોડા અને કાજી મુજમીલ તથા કીવ નેશનલ યુનિવર્સિટી ઓફ કલ્ચર એન્ડ આર્ટસમાં અભ્યાસ કરતા અમદાવાદના કમલ નયન તથા હૈદરાબાદના સફીર સૈયદ સહિત છ યુવાનો મહા મહેનતે યુક્રેનની બોર્ડર પાર કરીને પોલેન્ડ પહોંચ્યા હતા. કોર્કઝોવા-કેકોવેત્સ બોર્ડર પર પહોંચેલા આ યુવાનો અંગે વસીમ શેખને જાણકારી મળતાં પોતાના ઘરથી ૫૪૫ કિલોમીટર દૂર

તસવીરમાં વસીમ શેખના પિતા વાતચીત કરતાં તથા બીજી તસવીરમાં યુક્રેન ખાતે અભ્યાસ કરતાં અને હાલ પોલેન્ડ ખાતે વસીમ શેખને ત્યાં આશરો લીધેલ વિદ્યાર્થીઓ નજરે પડે છે.

ભરૂચના ત્રણ યુવાનો એઝાઝ હુસૈન મુન્સી, ઉવેશ નાકોડા અને કાજી મુજમીલ તથા કીવ નેશનલ યુનિવર્સિટી ઓફ કલ્ચર એન્ડ આર્ટસમાં અભ્યાસ કરતા અમદાવાદના કમલ નયન તથા હૈદરાબાદના સફીર સૈયદ સહિત છ યુવાનો મહા મહેનતે યુક્રેનની બોર્ડર પાર કરીને પોલેન્ડ પહોંચ્યા હતા. કોર્કઝોવા-કેકોવેત્સ બોર્ડર પર પહોંચેલા આ યુવાનો અંગે વસીમ શેખને જાણકારી મળતાં પોતાના ઘરથી ૫૪૫ કિલોમીટર દૂર હોવા છતાં આ યુવાનોને મદદરૂપ થવા અને લેવા માટે તુરંત જ તેઓ પહોંચી ગયા હતા અને જ્યાં તેઓને જમાડીને યુવાનોને પરત લાવીને પોતાના ઘરે રાખ્યા છે. પોલેન્ડમાં પોતાના વતનના વસીમ શેખનો આશ્રય મળતા તમામ યુવાનો ખૂબ જ રાહતની લાગણી અનુભવી રહ્યા છે. વસીમ શેખને અંકલેશ્વરથી એક મિત્રનો ફોન આવ્યો હતો કે ભરૂચના ત્રણ અને અન્ય શહેરોના પણ યુવાનો બોર્ડર ક્રોસ કરીને આવ્યા છે અને ફસાયા છે એટલે તેઓ શહેરથી ૫૪૫ કિલોમીટર દૂર તેમને લેવા ગયો અને એક ખાલી ઘર હતું એમાં પરત પોસ્ક લાવીને રાખીને તેમના રહેવા-જમવાની સગવડ પણ કરી. આ ઉપરાંત ભારતમાં તેમના તમામના માતા-પિતા સાથે તેમની વાત કરાવી તેમને સાંત્વના પાઠવી હતી. વસીમ શેખે પોતાના ભાઈઓની જેમ રાખી અને માનવતા મહેકાવી છે. તેઓએ પોતાની સાથે થયેલ એક ટેલિફોનિક વાતચીતમાં 'ગુજરાત ટુડે'ના પ્રતિનિધિને જણાવ્યું હતું કે, એક ભારતીય તરીકે આટલું કર્યાનો મને ગર્વ છે. હજુ પણ કોઈ આવી રીતે ફસાયું હશે તો હું તરત એના માટે મદદરૂપ થઈશ. સમગ્ર વિશ્વ હાલ રશિયા યુક્રેન જંગમાં પોતાના દેશના વતનીઓને પરત લાવવામાં રસ નથી બતાવતાં ત્યારે ભારત સરકારની સાથે-સાથે જ યુક્રેનની આસપાસના દેશોમાં રહેતા મૂળ ભારતીય લોકો તરફથી ભારતના વિદ્યાર્થીઓને જે મદદ અને સહાય મળી રહી છે તે ખરેખર પ્રશંસનીય છે અને માનવીય સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ છે.

રાજ્યમાં સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ અંતર્ગત ૪૦ હજાર સ્કૂલો માટે પાંચ વર્ષનો રોડમેપ તૈયાર

રાજ્યની સ્કૂલોમાં પાંચ વર્ષમાં ૧.૫૦ લાખ સ્માર્ટ ક્લાસ તૈયાર કરાશે

- **સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત ૨૦ હજાર સ્કૂલોમાં ૫૦ હજાર નવા વર્ગખંડ, ૨૦ હજાર લેબ બનાવાશે**
- **પ્રોજેક્ટ માટે પાંચ વર્ષમાં રૂા.૧૦ હજાર કરોડનો ખર્ચ કરાશે, ૭૦ લાખ વિદ્યાર્થીઓને લાભ મળશે**

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩

રાજ્યમાં સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ અંતર્ગત પાંચ વર્ષનો રોડમેપ નક્કી કરાયો છે, જેમાં પાંચ વર્ષમાં ૨૦ હજાર સ્કૂલોમાં ઉત્કૃષ્ટ માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવશે. આગામી પાંચ વર્ષમાં આ સ્કૂલોમાં ૫૦ હજાર નવા વર્ગખંડ, ૧.૫૦ લાખ વર્ગખંડોમાં સ્માર્ટ ક્લાસ, ૨૦ હજાર નવી લેબ બનાવવાનું આયોજન કરાયું છે. પાંચ વર્ષ દરમિયાન આ પ્રોજેક્ટ પાછળ રૂા.૧૦ હજાર કરોડનો ખર્ચ કરવાનું નક્કી કરાયું છે. આ પ્રોજેક્ટ થકી રાજ્યના ૭૦ લાખ વિદ્યાર્થીઓને સીધો ફાયદો થશે. પ્રાપ્ત માહિતી અનુસાર, બાળકોના સર્વાંગી વિકાસ થાય તે હેતુથી રાજ્યમાં આવતા પાંચ વર્ષમાં આશરે રૂા.૧૦ હજાર કરોડના ખર્ચે મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હાથ ધરવાનું બજેટમાં નક્કી કરાયું છે. સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટથી આવતા પાંચ વર્ષમાં તમામ ૪૦ હજાર સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને લાભાન્વિત કરવામાં આવશે, તે પૈકી ૨૦ હજાર શાળાઓને ઉત્કૃષ્ટ બનાવવા વિશ્વ કક્ષાના માળખાકીય સુવિધાઓ અને શૈક્ષણિક સવલતો પૂરી પાડવામાં આવશે. આ શાળાઓમાં આવતા પાંચ વર્ષમાં ૫૦ હજાર નવા વર્ગખંડોનું નિર્માણ કરાશે. જ્યારે ૧.૫૦ લાખ વર્ગખંડોમાં સ્માર્ટ ક્લાસની સુવિધા, ૨૦ હજાર નવી કોમ્પ્યુટર લેબ, પાંચ હજાર સ્ટેમ લેબ- ટીકરિંગ લેબ બનાવવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. જેના થકી ૭૦ લાખ વિદ્યાર્થીઓને સીધો ફાયદો થશે. આ યોજના માટે વર્લ્ડ બેંક અને એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા રૂા.૭૫૦૦ કરોડનું ધિરાણ મંજૂર કરવામાં આવેલું છે. સમગ્ર દેશમાં શાળાકીય શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટે આ પ્રકારનો પહેલો પ્રોજેક્ટ છે. આગામી સમયમાં આ પ્રોજેક્ટના કારણે અંદાજે ૧ કરોડથી વધુ વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે.

સૈનિક સ્કૂલની જેમ રક્ષાશક્તિ સ્કૂલ્સની સ્થાપના કરાશે

દેશમાં ચાલતી સૈનિક સ્કૂલની જેમ જ રક્ષાશક્તિ સ્કૂલ્સ સ્થાપવાનું આયોજન કરાયું છે, જેમાં ધો.૬થી ૧૨ના કુલ પાંચ હજાર વિદ્યાર્થીઓનો સમાવેશ કરી શકાશે. આ સ્કૂલનો હેતુ દેશની સંરક્ષણ સેવાઓ પેરા મેલિટરી, પોલીસ, ઈન્ટરનલ સિક્યોરિટી, ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી, ઈન્વેસ્ટિગેશન, ફોરેન્સિક સાયન્સ જેવી સેવાઓ માર્ચે તૈયાર કરવાનો છે. જામનગરની સૈનિક શાળાના ભૌતિક માળખાકીય સુવિધાઓને સુદૃઢ અને અદ્યતન કરવા માટે પણ બજેટમાં જોગવાઈ કરાઈ છે.

સંસ્કૃત શક્તિ ગુરૂકૂળમાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શિક્ષણ અપાશે

રાજ્યમાં સંસ્કૃત ભાષામાં શિક્ષણ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે સામાજિક ભાગીદારીથી ધો.૬થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક શિક્ષણ પૂરું પાડવાના હેતુસર સંસ્કૃત પાઠશાળાઓની સ્થાપના માટે રાજ્ય સરકારની નવી યોજના સંસ્કૃત શક્તિ ગુરૂકૂળ ઘડવામાં આવી છે. આ સંસ્કૃત શક્તિ ગુરૂકૂળ માટેનું તમામ મૂડીરોકણ તથા માળખાકીય સુવિધા માટેનો ખર્ચ પ્રોજેક્ટ પાર્ટનર દ્વારા ઊઠાવવામાં આવશે. સંસ્કૃત સાધના યોજના હેઠળ તમામ હયાત ૩૧ સરકારી અને ગ્રાન્ટેડ સંસ્કૃત પાઠશાળાઓને મજબૂત કરવા અને વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ નિવાસી અભ્યાસ સુનિશ્ચિત કરવાનું આયોજન કરાયું છે.

બિનસચિવાલય કારકુન અને ઓફિસ સહાયકની મોકૂફ રખાયેલી પરીક્ષા હવે ૨૪મીએ યોજાશે

આ અગાઉ ગુજરાત ગૌણ સેવા પસંદગીની પરીક્ષા ત્રણ વખત રદ કરવામાં આવી હતી : ઉમેદવારોની આતુરતાનો અંત

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩

છેલ્લા કેટલાક સમયથી ભરતી પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવારોની આતૂરતાનો હવે અંત આવ્યો છે. અગાઉ મુલતવી રખાયા બાદ હવે આ પરીક્ષા આગામી ૨૪મી એપ્રિલના રોજ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગત ૧૩મી ફેબ્રુઆરીના રોજ યોજાનારી પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. મંડળના ચેરમેન આઈએએસ એ.કે. રાકેશે ટ્વિટ કરી આ અંગે જાણકારી આપી હતી. આ પહેલાં પરીક્ષા મોકૂફ રાખવાને કારણે ઉમેદવારોમાં ભારે નારાજગી વ્યાપી ગઈ હતી. પરીક્ષા રદ કરવાને મુદ્દે ઘણો વિવાદ પણ થયો હતો. સરકારની પણ ટીકા કરવામાં આવી હતી. છેલ્લી ઘડીએ પરીક્ષા રદ કરવામાં આવતાં વિપક્ષ દ્વારા સરકારની ઝાટકણી કાઢવામાં આવી હતી.

ગૌણ સેવા પસંદગી મંડળના પૂર્વ પ્રમુખ અસિત વોરાના કાર્યકાળ દરમ્યાન કામગીરી અંગે ગંભીર પ્રકારના આરોપો થયા હતા. વિવાદ ખાસ્સો વધી જતાં અસિત વોરાને રાજીનામું આપવાની ફરજ પડી હતી. સંકલનના અભાવે અગાઉ બે વખત આ પરીક્ષા રદ કરવામાં આવી હતી. ૩૯૦૧ જગ્યાઓ માટે દસ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપવાના હતા. બે વખત પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. પેપર ફૂટવાને કારણે ભારે હોબાળો થયો હતો. જ્યારે ત્રીજી વખત ચેરમેનના રાજીનામાને કારણે પરીક્ષા મુલતવી રાખવામાં આવી હતી, આમ ત્રણ વખત ગૌણ સેવા પસંદગીની પરીક્ષા રદ થઈ ચૂકી છે. હવે ચોથી વખત તારીખો જાહેર કરવામાં આવી છે. આ પરીક્ષા ૨૦૧૮માં યોજાનાર હતી પણ કોરોનાને કારણે પરીક્ષા પાછળ ઠેલવાઈ હતી.

નવા શૈક્ષણિક વર્ષમાં ૭૫ જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ શરૂ કરાશે

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૫ જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ શરૂ કરવામાં આવશે, જેમાં આગામી ૬થી ૭ વર્ષમાં ૧.૫૦ લાખ તેજસ્વી વિદ્યાર્થીઓને નિવાસી શાળાકીય શિક્ષણ મળશે. ૭૫ સ્કૂલો પૈકી સરકારી શાળાઓના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ૫૦ સ્કૂલ્સ અને આદિજાતિ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે અલાયદી ૨૫ બિરસા મુંડા જ્ઞાનશક્તિ સ્કૂલનો સમાવેશ થાય છે. સરકારી સ્કૂલમાં પાંચ સુધી ભણેલા વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા લઈ ધો.૬માં પ્રવેશ અપાશે. દરવર્ષે ૧૫ હજાર વિદ્યાર્થીઓ પ્રમાણે ૬થી ૭ વર્ષમાં ૧ લાખ બાળકોને ઉત્કૃષ્ટ શિક્ષણ નિઃશુલ્ક મળશે. જ્યારે બિરસા મુંડા સ્કૂલોમાં દરવર્ષે ૭૫૦૦ પ્રમાણે ૫૦ હજારને પ્રવેશ અપાશે.

વ્યાજબી ભાવે કોલસો મલશે

રસ ધરાવતા MSME ઉદ્યોગોને વેસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ અને સાઉથ ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ કંપનીનો કોલસો વ્યાજબી ભાવે મળશે.

South Gujarat Federation of Industries
E-mail : sgfi2021@gmail.com

The Gujarat Coal Coke Traders & Consumers Association
E-mail : gcctca@gmail.com

Kathiawad Coal & Coke Consumers & Traders Association
E-mail : kathicoal@gmail.com

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS